૧૯૭૮

Regd. No. MH. By South 54
Licence No.: 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૧ : અંક : ૧-૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧ મે ૧૯૭૮, સોમવાર
વાર્ષિક લવાજમ રૂ. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦૦-૫૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઇ શાહ

# સ્વ. પંડિત સુખલાલજી સ્મૃતિ અંક



જન્મ : તા. ૮-૧૨-૧૮૮૦ અવસાન : તા. ૨-૩-૧૯૭૮

# તમામ સંકુચિતતાઓથી પર પંડિત સુખલાલજી

માર્ચ, ૧૯૭૮ની બીજી તારીખે રાત્રે આઠ વાગ્યે અમદાવાદની વાડીલાલ સારાભાઈ ઈસ્પિતાલમાં આપણા મહાન તત્ત્વજ્ઞ, વિદ્વાન અને ચિંતક પંડિત સુખલાલજી સંઘવીનું ૯૭ વર્ષની વયે અવસાન થયું. પરિચય ટ્રસ્ટના એ સ્થાપક પ્રમુખ હતા. ૧૯૫૯ માં ટ્રસ્ટની સ્થાપના થઈ ત્યારથી ૧૯૭૦ સુધી તેમણે પ્રમુખ તરીકે અમને સૌને હૂંફ અને માર્ગદર્શન આપ્યું. નેવું વર્ષની વયે શારીરિક અશક્તિને લીધે ટ્રસ્ટમાંથી રાજીનામું આપ્યા પછી પણ 'ગ્રંથ' અને પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ' વિશે અમને ઝીણવટથી પૂછપરછ કરતા અને સલાહસૂચના આપતા. એટલે પરિચય ટ્રસ્ટે તો એના શિરછત્ર ગુમાવ્યા છે.

પંડિતજીનો ખરો પરિચય એક સર્વોત્તમ ભારતીય તરીકે જ આપી શકાય. આપણી પ્રાચીન પરંપરામાં જે ઉત્તમ હોય તે ગ્રહણ કરવું અને આપણા સમાજની સર્વ પ્રકારે ઉન્નતિ કરવા ભવિષ્ય તરફ દષ્ટિ રાખી આજે કામ કરવું એવી એમની દષ્ટિ હતી. પંડિતજી જૈન દર્શનના, અન્ય ભારતીય દર્શનોના અને ઈસ્લામી, ખ્રિસ્તી વગેરે દર્શનોના પણ અભ્યાસી હતા અને તુલનાત્મક દષ્ટિએ વિચાર કરનારા હોવાથી પોતાનું-પારકું એવો ભેદ નહોતા કરતા. સત્ય જ્યાં દેખાય ત્યાં ઓળખી લેતા. એથી ૯૭ વર્ષની વયે પણ ધાર્મિક-સામાજિક બાબતોમાં એમનામાં જે ઉદારદિલી હતી તે વિરલ હતી.

તત્ત્વજ્ઞ, વિદ્વાન અને ચિંતક તરીકે એમના મુખ્ય ગુણો ચિત્તને સાવ મુક્ત રાખીને નિરીક્ષણ અને નિર્ણય કરવાની વૃત્તિ, સાંપ્રદાયિક કે અન્ય કોઈ પણ પ્રકારની સંકુચિતતાનો સંપૂર્ણ અભાવ અને કેવળ સત્યશોધનને જ વરેલી તુલનાત્મક દષ્ટિ હતા. એમનાં માનસિક ઓજારો આવાં શુદ્ધ હતાં એટલે એમણે જે કંઈ સંશોધનો કર્યાં તેના પરિણામે ઉત્તમ કૃતિઓ નીપજી.

એક ચક્ષુવિહીન માણસ, છેક કિશોરાવસ્થાથી શરૂ કરી ૮૦ વર્ષ સુધી અધ્યયન, અધ્યાપન, સંશોધન, સંપાદન અને લેખન કરી શકે એ હકીકત જ ભારત જેવા સામાજિક રીતે પછાત અને સગવડવિહીન દેશમાં તો એક ચમત્કાર ગણવો જોઈએ.

પંડિતજીએ પોતે કહ્યું છે તેમ સોળ વર્ષની વયે બળિયાથી આવેલા અંધાપા પછીના સંજોગો સામે એમની જિજીવિષા પ્રબળ નીવડી. પણ પંડિતજીની આ એષણા સ્થૂલ કે શારીરિક દષ્ટિએ જ જીવતા રહેવાની ન બની રહેતાં માનસિક - ચૈતસિક જીવન જીવવાની બની રહી. આ જિજીવિષા એટલે અત્યંત પ્રબળ ઈચ્છાશક્તિ. એ ઈચ્છાશક્તિએ અશક્ય લાગતાં કામ શક્ય બનાવ્યાં. અત્યંત પ્રતિકૂળ સંજોગોમાં કાશી અને મિથિલા પ્રદેશમાં સંસ્કૃત વ્યાકરણ, સાહિત્ય અને વિવિધ દર્શનોનો અભ્યાસ કર્યો. પંડિતજીની અભ્યાસકથા એક અત્યંત રસપ્રદ નવલકથા જેવી છે. પંડિતજીએ પોતે જુદે જુદે પ્રસંગે એ વિશે લખ્યું છે. એવી માહિતી મળી છે કે એમણે આત્મકથા પણ અમુક વર્ષોની લખાવી છે. એ સાચું હોય તો વહેલામાં વહેલી તકે એ પ્રગટ કરવી જોઈએ.

પંડિતજીના લેખનના મુખ્ય બે પ્રવાહો છે: એક, જૈન અને ભારતીય તત્ત્વજ્ઞાનના ગ્રંથોનું સંશોધન - સંપાદન-વિવેચન તથા તે વિષયમાં સ્વતંત્ર લેખન અને બીજો, સામાજિક - સાંસ્કૃતિક ચિંતનાત્મક લેખો. પહેલા પ્રવાહમાં એમની અભ્યાસપૂત મૌલિક તત્ત્વદષ્ટિ દેખાય છે. એ દષ્ટિ સર્વ ધર્મોમાં પાયાની સમાનતા જોનારી છે સામાજિક-સાંસ્કૃતિક પ્રવાહમાં ક્રાંતિકારી જણાય તેટલી પ્રગતિશીલતા છે.

ગાંધીજીએ સ્થાપેલી વિદ્યાપીઠમાં રહેવાથી, વિદ્યાપીઠમાં રહેતા ગાંધીકુળના ઉત્તમોત્તમ વિચારકોના સંપર્કથી અને ગાંધીજીના પોતાના સાન્નિધ્યથી પંડિતજીની સ્વાભાવિક ઉદાર દષ્ટિને વધુ રાષ્ટ્રીય-સામાજિક વલણ મળ્યું હશે; તો ગાંધીકૂળના ધાર્મિક વિચારોને પંડિતજી જેવા વિદ્વાનની ચિંતનપ્રવૃત્તિથી વધુ પ્રમાણભૂતતા સાંપડી હશે.

સાંપ્રદાયિક વાતાવરણમાં ઉછેર અને પ્રારંભિક અભ્યાસ થયો હોવા છતાં પંડિતજી એ સંકુચિતતામાંથી બહાર નીકળી ગયા. સંસ્કૃતના અભ્યાસ વિના પ્રાકૃતનું જ્ઞાન અધૂરું જ રહેવાનું, ભારતનાં અન્ય દર્શનોના અભ્યાસ વિના જૈન દર્શનનું ખરું રહસ્ય નહિ સમજાવાનું કારણ કે જૈનદર્શન એ ભારતીય દર્શનનો જ ભાગ છે - એવાં મંતવ્યોથી જૈનોને એમણે ચમકાવી મૂક્યા હશે અને ધર્મે જૈન હોવા છતાં એક સત્યશોધક ચિંતકની અદાથી એમણે 'સર્વજ્ઞ' શબ્દનો અર્થ આત્મજ્ઞાની એવો ઘટાવ્યો ત્યારે જૈનોમાં ઊહાપોહ મચી ગયેલો. પણ પંડિતજીએ તો ગાંધીમૂલ્યોને સ્વીકારનારી પરમાનંદ કાપડિયાની સામાજિક પ્રવૃત્તિઓને પણ સક્રિય ટેકો આપી રૂઢિચુસ્ત જૈનોનો ઘણો રોષ વહોરી લીધો. પણ સાચી રાષ્ટ્રીય દષ્ટિથી ઓછી હોય એવી કોઈ સંકુચિત દષ્ટિ એમને સ્વીકાર્ય નહોતી.

પંડિતજી વારંવાર કહેતા કે આપણા ઘણા યે વિદ્વાનો કરતાં પશ્ચિમના કેટલાક વિદ્વાનો ભારતીય દર્શનગ્રંથોને વધુ સ્પષ્ટતાથી સમજાવી શકયા તેનું કારણ એમની તટસ્થ દષ્ટિ હતી. આપણા વિદ્વાનો સાંપ્રદાયિક સંકુચિત દષ્ટિથી પર ન થઈ શકયા એટલે સત્ય ન સમજી શકયા. પંડિતજીની પોતાની વિશેષતા એ હતી કે એ સાંપ્રદાયિકતાથી પર થઈ શક્યા ને સત્ય જોઈ શકયા. **યશવન્ત દોશી**

## લેખાનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક | ચીમનલાલ ચકુભાઈ | ૩ |
| ૨. | પંડિતજી એક જ્યોતિર્મય સરસ્વતીપુત્ર | ઉપાધ્યાય અમર મુનિ | ૩ |
| ૩ | અંધારે નહિ અંધ (કાવ્ય) | ગીતા પરીખ | ૩ |
| ૪. | માનવચિત્તના મુક્તિદાતા | વાડીલાલ ડગલી | ૪ |
| ૫. | વાત્સલ્યમૂર્તિ પંડિતજી | ડૉ. રમણલાલ ચી. શાહ | ૫ |
| ૬. | પંડિતજીના ગ્રંથો | દલસુખ માલવણિયા | ૭ |
| ૭. | સમદર્શી સમન્વયકાર | હરિવલ્લભ ભાયાણી | ૯ |
| ૮. | પૂર્ણપ્રજ્ઞ પંડિત સુખલાલજી | એસ્તેર સોલોમન | ૧૦ |
| ૯. | પંડિત સુખલાલજીની સાથે સાથે | બેચરદાસ દોશી | ૧૧ |
| ૧૦. | પૂજ્ય પંડિતજીનો આંતરવૈભવ | રતિલાલ દીપચંદ દેસાઈ | ૧૨ |
| ૧૧. | સર્વાંગી વિકાસ સાધક પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી | શાહ રતિલાલ મફાભાઈ | ૧૪ |
| ૧૨. | અભિનવ યશોવિજયજી | અમૃતલાલ જૈન | ૧૫ |
| ૧૩. | સમન્વય સાધનાનું મંગલ તીર્થ | ડૉ. હરીશ વ્યાસ | ૧૬ |
| ૧૪. | જીવનમર્મી પંડિતજી | પ્રા. તારાબહેન ર. શાહ | ૧૮ |
| ૧૫. | વાટના દીવા | અનિરુદ્ધ બ્રહ્મ ભટ્ટ | ૧૯ |
| ૧૬. | પંડિત સુખલાલજી દ્રષ્ટિવિહીન દ્રષ્ટા | અગરચંદ નાહટા | ૨૦ |
| ૧૭. | શ્રદ્ધાંજલિ | ઉદયચંદ્ર જૈન | ૨૧ |
| ૧૮. | વિદ્યા વિભૂતિ મહર્ષિ પંડિત સુખલાલજી સાથેના થોડા પ્રસંગો | પંડિત અમૃતલાલ મોહનલાલ ભોજક | ૨૨ |
| ૧૯. | પૂ. પંડિત સુખલાલજીને અંજલિ | ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' | ૨૩ |
| ૨૦. | કુશલદષ્ટા ઋષિનો પ્રભાવ | ડૉ. નગિન જે. શાહ | ૨૪ |
| ૨૧. | પંડિતજી સાથેના કેટલાંક સંસ્મરણો | દુર્લભજી ખેતાણી | ૨૪ |
| ૨૨. | પંડિતજી : એક સાચા સન્યાસી | ... ... ... | ૨૫ |
| ૨૩. | પંડિત સુખલાલજીની સમન્વય દષ્ટિ | છોટાલાલ ત્રિકમલાલ પરીખ | ૨૭ |
| ૨૪. | સદ્પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી | બબલભાઈ મહેતા | ૨૭ |
| ૨૫. | પિતામહાય વિનમ્રા શ્રદ્ધાંજલિ (સંસ્કૃત) | શૈલજા રમણલાલ શાહ | ૨૮ |
| ૨૬. | વિખ્યાત શ્રુતધર | શ્રી વિજયમુનિ શાસ્ત્રી | ૨૮ |

# પ્રાસ્તાવિક

પૂજ્ય પંડિતજીના મુંબઈ જૈન યુવક સંઘ ઉપર અનેક ઉપકારો છે. સંઘને સદા તેમની પ્રેરણા રહી છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા આ પ્રેરણાનું એક ફળ છે. વર્ષો સુધી વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને રહી તેમણે વ્યાખ્યાનમાળાને ગૌરવ આપ્યું. રૂઢિબદ્ધ સાંપ્રદાયિક વિચારોમાંથી બહાર લાવી, સ્વતંત્ર વિચાર કરવાની જૈન સમાજને અને સાથે જૈનેતરોને તક આપી.

આ શ્રદ્ધાંજલિ એક આવા ઋણ સ્વીકારનો એક અલ્પ પ્રયાસ છે.

પંડિતજી જૈનદર્શન અને ભારતીય દર્શનોના પ્રકાંડ વિદ્વાન હતા તે સૌ કોઈ જાણે છે. આ બધા દર્શનોમાં તેમણે સમન્વય શોધ્યો. તેમના કોઈ આદર્શ હોય તો મને લાગે છે આચાર્ય હરિભદ્રસૂરિ હતા. હરિભદ્રસૂરિ ઉપર મુંબઈ યુનિવર્સિટીમાં તેમણે વ્યાખ્યાનો આપ્યા તેમાં હરિભદ્રસૂરિ માટે વિશેષણ તેમણે વાપર્યું છે સમદર્શી – એ વિશેષણ સર્વ રીતે પંડિતજીને પણ લાગુ પડે છે. હરિભદ્રસૂરિના સમયમાં ન હતું એવું એક નવું તત્ત્વ આ સમદર્શિતામાં ઉમેરાયું, તે છે ગાંધી વિચારધારા: આ વિચારધારામાં પંડિતજીએ જૈન દર્શનનું વ્યાપક સ્વરૂપ જોયું એટલું જ નહિ પણ નવું સ્વરૂપ જોયું. ગાંધીજીમાં અહિંસા અને કર્મયોગનો સમન્વય જોવા મળ્યો. પ્રવૃત્તિ-નિવૃત્તિનો સુમેળ જોયો. મહાવીરની અહિંસા માત્ર સાધુઓ માટે જ નહિ પણ સંસારી માટે પણ એટલી જ જરૂરી છે અને શકય છે તે જોવા મળ્યું. પરંપરાગત માન્યતાઓ અને ક્રિયાકાંડો તથા વિધિવિધાનોનો આ નવો અર્થ જોવા મળ્યો.

આ નવા સ્વરૂપને પંડિતજીએ વિનાસંકોચ અને નિર્ભયતાથી સમાજ સમક્ષ તેમની રીતે રજૂ કર્યું.

પંડિતજીની તર્કશુદ્ધ વિચારસરણી મર્મગામી હતી. કોઈ પણ વિષયનો તલસ્પર્શી વિચાર કરવાથી તેમની બુદ્ધિપ્રતિભાથી જૈન દર્શનની વિશાળતા અને વર્તમાન યુગમાં તેની ઉપયુક્તાતા તેમણે બતાવી.

પંડિતજીમાં ઊંડી વિદ્વતા છતાં ખૂબ જિજ્ઞાસા હતી તેથી માત્ર ભારતીય દર્શનો જ નહિ પણ પાશ્ચાત્ય વિદ્વાનોના વિચારોનો પણ તેમણે સારો અભ્યાસ કર્યો. તિવ્ર સ્મરણશકિત અને બુદ્ધિના તેજથી આ બધા વિચારોને તેમણે પચાવ્યા અને અનેક નવા સ્વરૂપે રજૂ કર્યા.

નાની ઉંમરમાં અંધાપો આવ્યો તે કોઈ પણ વ્યકિતને હતાશ કરે તેવું વિઘ્ન હતું. વિદ્યાભ્યાસ માટે પંડિતજીએ જે હાડમારીઓ વેઠી તેનો ખ્યાલ અત્યારે આપણને આવી શકે તેમ નથી. પંડિતજી વિશે મને ભારે આદર હતો એનું એક કારણ એ હતું કે મેં તેમને કોઈ દિવસ નિરાશ થતાં જોયા નથી તેમ કોઈની ટીકા કે ફરિયાદ કરતા સાંભળ્યા નથી. વસ્તુની સારી બાજુ સદા જોવી એ જ એમની પ્રકૃતિ હતી. પંડિતાઈની શુષ્કતા નહિ પણ માનવતાનું વાત્સલ્ય તેમનામાં ભર્યું હતું. અંત ઘડી સુધી બુદ્ધિની સતેજતા અને સ્મૃતિની સ્પષ્ટતા જળવાઈ રહ્યાં હતાં.

મુંબઈ જૈન યુવક સંઘ સદા તેમનો ઋણી રહેશે. તેમનો વારસો પચાવી શકે એટલી શકિત જૈન સમાજે હજી કેળવી નથી.

મુંબઈ જૈન યુવક સંઘ વતી અને મારા વતી હું અંત:કરણપૂર્વક પંડિતજીને શ્રદ્ધાંજલિ અર્પું છું.

૨૫-૪-૭૮.

ચીમનલાલ ચકુભાઈ

# પંડિતજી: એક જયોતિર્મય સરસ્વતીપુત્ર

એક મહાન જ્યોતિર્મય સરસ્વતી પુત્ર, જેને અમે પંડિત સુખલાલજીના સુપ્રિય નામથી સંબોધન કરતા હતા – કરતા રહીશું, તે એકાએક ધરતી છોડીને આકાશમાં આવી રીતે અંતર્ધાન થઈ જશે એવી નજીકના ભવિષ્યમાં કોઈ શંકા ન હતી. એમની સુદીર્ઘ બનતી જતી જીવનયાત્રાએ, એવું એક શ્રદ્ધાનું વાતાવરણ ઉપસ્થિત કર્યું હતું કે જેથી એમ લાગતું હતું કે કદાચ પંડિતજી સો વર્ષ પૂરાં કરશે, એમ થયું હોત તો કેવું સારું થયું હોત! એમના જીવનકાળમાં જ એમની જન્મશતાબ્દી ઉજવવાનું સદ્‌ભાગ્ય જનતાને સાંપડત.

પંડિતજી એમના યુગના જ નહીં; પરંતુ આસપાસના ભૂત તેમ જ ભવિષ્યકાળના અનેક યુગોના દાર્શનિક હતા. એમનું ચિંતન ચર્ચિત-ચર્વણના સ્તરનું નહીં, પરંતુ સત્યના અનેક નવા આયામો ઉદ્‌ભાસિત કરનારું હતું. તેઓ, સામાન્યપણે હોય છે તેમ, રહસ્ય-વાદી દાર્શનિક નહોતા પણ રહસ્ય ભેદી દાર્શનિક હતા. ભય અને પ્રલોભનથી મુકત રહીને એમણે જીવનની અંતિમ ક્ષણ સુધી સત્યની ઉપાસના કરી હતી. પોતાના અંતર્ભાસિત સત્યને પ્રગટ કરવામાં એમણે કદી પણ સંકોચ અનુભવ્યો ન હતો.

પ્રકૃતિપ્રાપ્ત એમની બહારની બન્ને આંખો તો બંધ થઈ ગઈ હતી; પરંતુ અંદરમાં પ્રતિભાની એક એવી વિલક્ષણ દિવ્ય દષ્ટિ એમને મળી હતી કે જેના વડે બૌદ્ધિક ક્ષિતિજનો પ્રત્યેક ખૂણો પ્રકાશમાન બની ગયો. પંડિતજી સાચા અર્થમાં પ્રજ્ઞાચક્ષુ હતા. આ મહામના પ્રજ્ઞાચક્ષુ પુરુષ જૈન જગતમાં જ નહીં, બલકે અખિલ ભારતીય વિદ્વત્તજગતમાં યુગોના યુગો ચિરસ્મરણીય તેમ જ ચિરપ્રણમ્ય રહેશે.

વિક્રમ સંવત ૧૯૯૫માં તેઓ મને આગરામાં મળ્યા હતા: શ્રી દલસુખભાઈ પણ એમની સાથે હતા. ત્યારે એમણે મારા જેવા એક અપ્રસિદ્ધ લઘુ ભિક્ષુને વારાણસી આવવા માટે આત્મીય-તાથી જે સ્નેહપૂર્ણ આગ્રહ કર્યો હતો, એની મધુર સ્મૃતિએ મને અનેકવાર પ્રમોદભાવથી આપ્લાવિત કર્યો છે, એટલું જ નહીં, મારાં ચન્દ્રલોક, ઉત્સર્ગ અપવાદ તથા અગ્નિપરીક્ષા કાંડ પર (આચાર્ય શ્રી તુલસીદાસજીએ લખેલ રામાયણના અગ્નિપરીક્ષા પ્રકરણને કારણે ઊભા થયેલ તોફાની વિવાદ વખતે) શંકરાચાર્યજીને આપેલ વિચારપત્ર વગેરે લેખોની એમણે મુકત મનથી પ્રશંસા કરી હતી; જેમાંથી મને પક્ષમુકત સત્ય લેખન અંગે ઉદાત્ત પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. એમની શોધપૂર્ણ ચિંતન પ્રણાલી પ્રત્યે આદર ધરાવતા અનેક વિશ્રુત મનીષીઓ છે. મને પણ, એમાંના એક હોવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. મને એ કહેવામાં કોઈ સંકોચ નથી કે પંડિતજી અમારા જેવા ઘણા લેખકોના પ્રત્યક્ષ કે પરોક્ષરૂપમાં પ્રેરણાસ્રોત રહ્યા છે.

દિવંગત પંડિતજીને માટે સાચી શ્રદ્ધાંજલિ તેમ જ સ્મરણાં-જલિ એ છે કે એમણે જે સત્યાનુલક્ષી જ્ઞાનની મશાલ પ્રજ્વલિત કરી હતી એને બુઝાવા ન દઈએ. આપણા બધા તરફથી એમાં સદા મુકતચિંતનરૂપ તેલ રેડાતું રહે કે જેથી તે યુગોના યુગો સુધી પ્રજ્વલિત રહે.

ઉપાધ્યાય અમરમુનિ.

[હિન્દી ઉપરથી અનુવાદિત]

## અંધારે નહિ અંધ!

(રાગ બહાર)

અદકેરો આનંદ,
  તમારો અદકેરો આનંદ;
ઝળકે છે તમ અંતરતલમાં,
  દિવ્ય દૃષ્ટિનો છંદ.
      –તમારો અદકેરો આનંદ.
વિલાઇ છે તમ નેણ પરેથી
  જગની ઝાકઝમાળ,
દૂર થઈ પાંપણ–પડદેથી
  ઈંદ્રધનુની જાળ;
આંજે ના તમ નૈન સૂર્ય કે
  શશી, તારલાવૃંદ,
રંગલીલા નિરખો નહીં તોયે
  જરી ન તમને રંજ.
      –તમારો અદકેરો આનંદ.
બિડાયલાં નયણાંએ છોડયો
  તેજ–તિમિરનો ભેદ,
અજવાળે આનંદ ન માણ્યો
  અંધારે નવ ખેદ;
મનમંદિરકેરા દીપકનું
  તેજ નહીં અવ મંદ,
ઝળહળ સઘળું થાય, અહો શા
  અંધારે નહીં અંધ!
      –તમારો અદકેરો આનંદ

(પંડિત સુખલાલજીને ઉદ્દેશીને) –ગીતા પરીખ

# ★ માનવચિત્તના મુક્તિદાતા ★

પંડિત સુખલાલજી સંત કબીર જેવા મૌલિક અને ક્રાંતિકારી ફિલસૂફ હતા. જો કબીરનાં ભજનો ભારતના સંસ્કારી અને બિન-સાંપ્રદાયિક આત્માનો સમૃદ્ધ આવિષ્કાર હોય તો ભારતીય તત્ત્વજ્ઞાન વિષયનાં પંડિત સુખલાલજીનાં પુસ્તકો, ઉપનિષદો અને મૅગ્નાકાર્ટાના સંગમ જેવાં છે. દુન્યવી અને અદુન્યવી સ્વતંત્રતાના એ શોધક હતા.

પંડિતજીનું બીજી માર્ચે અમદાવાદમાં ૯૭ વર્ષની વયે અવસાન થયું. પંડિતજી આધુનિક ભારતના ફિલસૂફોમાં મુઠ્ઠી ઊંચેરા હતા. પંડિતજીનું જીવન અંધાપાની અને ગરીબીની હૃદયદ્રાવક અસહાયતા સામે માનવપુરુષાર્થનો મહાભારત પડકાર હતું.

સુખલાલજીએ ૧૬ વર્ષની કુમળી વયે નેત્રો ગુમાવ્યાં હતાં; પરંતુ સમાજ પરના બોજારૂપ પરોપજીવી બનવાની તેમણે ના પાડી. કિસ્મતનાં અજેય પરિબળો સામે સુખલાલજી વિદ્વાન પંડિત તરીકે બહાર આવ્યા અને તેમણે જગતવ્યાપી કીર્તિ પ્રાપ્ત કરી. તેમની વિદ્વત્તા જેટલી નિર્ભય હતી એટલી જ વેધક હતી. સુખલાલજીને મન માત્ર નિર્ભેળ સત્ય જ જ્ઞાનનું ધ્યેય હતું, એટલે જ માત્ર જૈન ધર્મના પંડિત બની રહેવાને બદલે તેમણે ભારતીય તત્ત્વજ્ઞાનની લગભગ તમામ શાખાઓનું તાર્કિક અને બુદ્ધિગમ્ય અર્થઘટન કર્યું.

સુખલાલજીએ ભારતીય તત્ત્વજ્ઞાનને શાસ્ત્રો અને ધર્મગ્રંથોની જંજીરોમાંથી મુક્ત કર્યું, એટલે જ ગાંધીજી અને રવીન્દ્રનાથ ટાગોરને સુખલાલજી પ્રત્યે મમતા હતી.

હું એક વખત પંડિત સુખલાલજી સાથે ગાંધીજીને મળવા ગયો હતો. અમે ગાંધીજીની વિદાય લીધી ત્યારે સુખલાલજી ભણી આંગળી ચીંધીને તેમણે મને કહ્યું: "છોકરા, એમને છોડતો મા. એ તો આપણી ચાલતી–ફરતી વિદ્યાપીઠ છે."

ગરીબીના અર્થશાસ્ત્રના મારા પહેલા પદાર્થપાઠ હું સુખલાલજીને ચરણે શીખ્યો હતો. એક વખત પંડિતજીને ભારતીય તત્ત્વજ્ઞાનમાં તેમણે આપેલા ફાળા બદલ સુવર્ણચંદ્રક મળ્યો હતો. તરત જ પંડિતજીએ એક કૉલેજિયનને એ સુવર્ણચંદ્રક આપીને કહ્યું: "જા, સોનીને ત્યાં જઈને આ વેચી આવ. એના જે પૈસા આવે તે આદિવાસીઓનું કલ્યાણ કરતી સંસ્થાને આપણે મોકલીશું."

હું જગતમાં જેટલી વિભૂતિઓને મળ્યો છું તે સૌમાં એક માત્ર પંડિતજી સકલ પુરુષ હતા. પંડિતજી માટે સંસ્કૃત વ્યાકરણ, અર્વાચીન કવિતા, રાજ્યનીતિશાસ્ત્રના સિદ્ધાંતો, ભાષાશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર અલગ અલગ જણસો ન હતી, પણ જીવનના અવિભક્ત અંગરૂપ બાબતો હતી.

વડા પ્રધાન મોરારજી દેસાઈએ પંડિતજીને અંજલિ આપતાં કહ્યું હતું કે પંડિત સુખલાલજીના અવસાનથી દેશે ભારતીય વિદ્યાના એક અત્યંત મૌલિક વિદ્વાન અને અસધારણ દાર્શનિક ગુમાવ્યા છે. મોરારજીભાઈની આ અંજલિમાં પંડિતજીના સેંકડો બૌદ્ધિક પ્રશંસકોની લાગણીનો બરાબર પડઘો પડયો છે. મોરારજીભાઈએ કહ્યું હતું કે સુખલાલજીનું જીવન એટલે અંધાપાની લાચારી સામેની ભગીરથ લડતની અમર ગાથા. ગાંધીજીના અંતેવાસી તરીકે સુખલાલજીએ ગુજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરના વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. પંડિતજી પોતાની પાછળ વિદ્યા અને શાણપણનો સમૃદ્ધ વારસો મૂકી ગયા છે. આ ખજાનાનો દેશને કાયમ લાભ મળ્યા કરશે.

પંડિતજી હાડથી ગાંધીવાદી તત્ત્વવેત્તા હતા. ધીંગી અને તડજોડ વિનાની તાર્કિકતા એ તેમનો નિકષ હતો. જૈન મુનિઓ, બૌદ્ધ સાધુઓ અને સનાતની બ્રાહ્મણવાદ સામેની પંડિત સુખલાલજીની લડત ભારતીય તત્ત્વજ્ઞાનના પુનરર્થઘટન ઉપર મંડિત હતી. સુખલાલજીનો એવો દઢ મત હતો કે તમામ મુખ્ય ધર્મોના પરિશીલન અને અધ્યયન વિના ભારતીય તત્ત્વજ્ઞાનને નાણી શકાય નહિ. આ દષ્ટિએ જોઈએ તો, સુખલાલજી મોખરાના ખ્રિસ્તી સંત અને મુસ્લિમ મૌલવી હતા. જગતના જુદા જુદા ધર્મોના ઉપદેશોના તાણાવાણાને ગૂંથીને સુખલાલજીએ એનું મુલાયમ, ટકાઉ પોત બક્ષ્યું. સુખલાલજીના તર્કબદ્ધ અને બૌદ્ધિક પુરુષાર્થને પ્રતાપે ગાંધીવાદને જાગતિક ધર્મોનું અધિકારપૂર્વકનું પીઠબળ સાંપડયું. એક સ્થળે સુખલાલજીએ લખ્યું છે: "વ્યક્તિની બધી શક્તિઓ, સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ એક માત્ર સામાજિક કલ્યાણની દિશામાં યોજાય ત્યારે જ ધર્મ યા સંસ્કૃતિ ચરિતાર્થ થાય છે."

પંડિત સુખલાલજીને હું જોતો ત્યારે સૉક્રેટિસ મારા મનમાં ઝબકી જતા. દલીલબાજીમાં અને તર્કના ઢાલલાકડી જેવા દાવપેચમાં પંડિત ઝળકી ઊઠતા. તેમનું ચિત્ત આકાશ જેવું વિશાળ અને નીતર્યા જળ જેવું સ્વચ્છ હતું તેમના મનને કોઈ લૌકિક તૃષ્ણાનું વળગણ ન હતું. તેમના દેહને વાસનાનો કોઈ વળગાડ ન હતો. આથી તેઓ સાવ નીડર હતા. તેમની નિર્ભીકતા અજોડ હતી. બે જોડી કપડાં અને ગણ્યાંગાઠયાં પુસ્તકો સિવાય તેમની પાસે કોઈ દુન્યવી મિલકત ન હતી. તેમને પોતીકું ઘર ન હતું. તેમના મિત્રો અને પ્રશંસકો તેમને માટે અલગ ઘર બાંધવાનો પ્રસ્તાવ મૂકતા ત્યારે સુખલાલજી કહેતા: "હું જ્યાં બેસું ત્યાં મારું ઘર."

સુખલાલજીએ પોતે કોઈ સંસ્થાઓ સ્થાપી ન હતી; પરંતુ તેઓ કોઈ સંસ્થામાં જોડાતા (ગુજરાત વિદ્યાપીઠ, શાંતિનિકેતન, બનારસ હિંદુ યુનિવર્સિટી વગેરે) ત્યારે એ સંસ્થાને સત્યની નીડર અને અવિરત ખોજનું નવું પરિમાણ પ્રાપ્ત થતું. ખરી વાત તો એ છે કે પંડિતજી પોતે જ એક ચાલતીફરતી સંસ્થા હતા. સંખ્યાબંધ યુનિવર્સિટીઓએ અને શિક્ષણ સંસ્થાઓએ સુખલાલજીને ઉમંગથી ડૉક્ટરેટની માનદ્ ડિગ્રીઓ એનાયત કરી હતી. સાહિત્ય અકાદમીએ સુખલાલજીને, તેમણે ગુજરાતી સાહિત્યમાં આપેલા ફાળા બદલ, એવૉર્ડ આપ્યો હતો. સંસ્કૃત અને હિંદીમાં તેમણે કરેલા યોગદાનની કદર તરીકે તેમને પારિતોષિકો આપવામાં આવ્યાં હતાં. ભારત સરકારે સુખલાલજીને પદ્મભૂષણનો ખિતાબ આપ્યો હતો. પંડિતજી આ બધાથી પર હતા. એમને એવૉર્ડ-બેવૉર્ડની પડી ન હતી. ભારત રત્નના ઈલકાબ કરતાં પણ કોઈ તેજસ્વી તરુણને પોતે પી. એચ. ડી. થવામાં મદદરૂપ થાય તો તેનો તેમને વધુ આનંદ હતો.

સોક્રેટિસની માફક, સુખલાલજી તરુણોમાં વિશેષ પ્રિય હતા. તેમણે સેંકડો તરુણ-તરુણીઓને શિક્ષણ આપ્યું હતું. આ બધાં આજે શિક્ષણને ક્ષેત્રે મહત્ત્વનાં સ્થાન શોભાવી રહ્યાં છે. સુખલાલજીએ એક પણ પુસ્તક લખ્યું ન હોત અને માત્ર મહાવિદ્યાલયોમાં અધ્યાપન કર્યું હોત તો પણ તેમનું નામ આધુનિક ભારતના એક મહાન શિક્ષક તરીકે સાંસ્કૃતિક ઈતિહાસમાં અંકાઈ જાત.

ધાર્મિક રૂઢિદાસો અને ધાર્મિક વિધિઓ પાછળ ધનનો લખલૂટ દુર્વ્યય કરનારા શ્રીમંતો પ્રત્યે પંડિતજીને સૂગ હતી. બાહ્ય આચારને અને ધાર્મિક ક્રિયાકાંડ તથા રૂઢિઓને પંડિતજી વ્યક્તિના વિકાસ માટે તથા સમાજની તંદુરસ્તી માટે બાધક ગણતા હતા. ધર્મ શબ્દ આટલો અળખામણો અને ચીતરી ચઢે તેવો શા માટે બન્યો છે એમ તેઓ વારંવાર પૂછતા હતા. સુખલાલજી કહેતા કે: "જીવનમાંથી મેલ અને નબળાઈ દૂર કરવી અને તેને સ્થાને સર્વાંગીણ સ્વચ્છતા તેમ જ સુમેળથી ભરેલું બળ આણવું એ જ જીવનની સાચી સંસ્કૃતિ છે. આ જ વસ્તુ પ્રાચીન કાળથી દરેક દેશ અને જાતિમાં ધર્મને નામે પ્રસિદ્ધ છે. આપણા દેશમાં સંસ્કૃતિની સાધના હજારો વર્ષ પહેલાંથી શરૂ થયેલી અને આજે પણ ચાલે છે. આ સાધના માટે ભારતનું નામ સુવિખ્યાત છે. તેમ છતાં ધર્મનું નામ સૂગ ઉપજાવનારું થઈ પડયું છે અને તત્ત્વજ્ઞાન એ નકામી કલ્પનાઓમાં ખપવા લાગ્યું છે એનું શું કારણ એ આજનો પ્રશ્ન છે. એનો ઉત્તર ધર્મગુરુ, ધર્મ શિક્ષણ અને ધર્મ સંસ્થાઓની જડતા તેમ જ નિષ્ક્રિયતામાંથી મળી જાય છે."

પંડિત સુખલાલજી ચમત્કારોની વાતોની ચર્ચામાં કદી પડતા નહિ. તેઓ માનતા હતા કે ચમત્કારો ચિત્તને જંજીરોમાં જકડી લે છે. સુખલાલજી ચિત્તને મુક્ત રાખવામાં માનતા હતા. પંડિતજી કહેતા કે માનવચિત્તને સ્વતંત્ર અને મુક્ત રાખવું એ સૌથી મોટો ચમત્કાર છે. મારે મતે પંડિત સુખલાલજીની સિદ્ધિ એ છે કે તેમણે પોતાના દેશજનોનાં ચિત્તને મુક્ત કરવાની પ્રક્રિયામાં અમર ફાળો આપ્યો.

—વાડીલાલ ડગલી

# વાત્સલ્યમૂર્તિ પંડિતજી

પ્રજ્ઞાચક્ષુ પંડિતજી શ્રી સુખલાલજી સંઘવીનું ૯૭ વર્ષની વયે ગુરુવાર તારીખ બીજી માર્ચ ૧૯૭૮ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયું. એમના અવસાનથી ભારતે એક મહાન દાર્શનિક તત્ત્વચિંતક ગુમાવ્યા છે. પંડિતજીનું જીવન એટલે પુરુષાર્થની ભવ્ય ગાથા. સૌરાષ્ટ્રમાં વઢવાણ શહેરના તેઓ વતની. સોળ વર્ષની કિશોર વયે ઈ. સ. ૧૮૯૭માં ઉનાળાના દિવસોમાં તેમને શીતળા નીકળ્યા અને નેત્રજ્યોતિ વિલીન થઈ. દર્શનનું જીવન અદર્શનમાં પલટાઈ ગયું. કિશોરવયે તેઓ તરવરાટવાળા હતા, પરંતુ નેત્ર જતાં તેમની શારીરિક પ્રવૃત્તિ મંદ પડી ગઈ. પોતે ખૂબ મૂંઝવણ અનુભવવા લાગ્યા. જાણે જીવનનો રાહ બદલાઈ ગયો. શું કરવું તે સૂઝતું નહિ. એ નાનકડા ગામમાં બીજી પ્રવૃત્તિ તે શી હોઈ શકે? ધર્મ અને એના ક્રિયાકાંડો તરફ લોકો વાળે અને પોતાને પણ વળવાનું મન થાય એ સ્વાભાવિક છે. પોતે જૈન. જૈન સાધુઓની અવરજવર ચાલુ હોય જ. પોતાના ગામમાં જૈન સાધુઓ આવે, તેમની પાસે જવું, ધાર્મિક અભ્યાસ કરવો અને ક્રિયાકાંડભરી ધર્મપ્રવૃત્તિ કરવી એ તરફ તેઓ દોરવાયા. જૈન સાધુઓ પાસે સમય પણ ઠીક ઠીક હોય અને-અંતરમાં કરુણા પણ હોય એટલે યોગ્ય પાત્ર જણાતાં તેને પ્રેરણા અને માર્ગદર્શન સહજ રીતે આપે. પંડિતજી વખતોવખત જુદા જુદા જૈન સાધુઓના સંપર્કમાં આવ્યા અને એને પરિણામે ધર્મ-શાસ્ત્રોનું અધ્યયન કરવા માટે જરૂરી એવો પ્રાકૃત અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવાની તાલાવેલી તેમને લાગી. પોતે અંધ હતા એટલે બીજી પ્રવૃત્તિ તો ખાસ રહી નહિ. તેથી મળેલા સમયમાં જે કંઈ જાણવા મળે તે ચિત્તમાં ગ્રહણ કરી લેતા અને તેનું વારંવાર સ્મરણ-રટણ કરતા. એક જૈન સાધુ પાસેથી 'રઘુવંશ' ની નકલ આઠ દિવસ માટે મળી તો તેટલા દિવસમાં તેમણે રઘુવંશના દસ સર્ગના શ્લોકો કંઠસ્થ કરી લીધા.

સંસ્કૃત ભાષાના અભ્યાસ માટેની તેમની ભૂખ એ નાનકડા ગામમાં સંતોષાય તેમ નહોતી. તેઓ તે માટે કાશી વિદ્યાભ્યાસ કરવા ગયા. કાશીમાં તેમને ઘણી મુશ્કેલીઓ પડી. ઘણી પરતંત્રતા અનુભવી, પરંતુ ધીરજપૂર્વક તેમણે પોતાની અભ્યાસપ્રવૃત્તિ ચાલુ રાખી. બુદ્ધિની તેજસ્વિતા, તીવ્ર સ્મરણશક્તિ અને સ્વભાવની સરળતાને લીધે પંડિતો પણ તેમને વિદ્યાભ્યાસ પ્રેમથી કરાવતા. તેમણે કાશીમાં સંસ્કૃત ભાષાના અભ્યાસ ઉપરાંત દર્શનશાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યો.

વિદ્યાભ્યાસ પછી વ્યવસાય તરીકે પંડિતજીએ મોટું કાર્ય જે કર્યું તે બનારસ યુનિવર્સિટીમાં પ્રાકૃત અને જૈનધર્મ વિભાગના અધ્યક્ષ તરીકેનું અધ્યાપન કાર્ય છે. આ સમય દરમિયાન તેમણે હિંદી ભાષામાં ઠીક ઠીક લેખન કાર્ય પણ કર્યું.

પંડિતજીએ કેટલોક સમય ગુજરાત વિદ્યાપીઠમાં ગાંધીજી સાથે અને કેટલોક સમય મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં મુનશીજી સાથે રહીને કાર્ય કર્યું. પંડિતજીને એમની વિદ્યાને માટે, એમના ગ્રંથોને માટે સુવર્ણચંદ્રકો, પારિતોષિકો, ડી. લીટ. ની ઉપાધિ વગેરે મળ્યાં, પરંતુ આ બધાં ઔપચારિક સન્માનો હતાં. પંડિતજીએ પોતાના વ્યક્તિત્વ પર એની જરા પણ વિપરીત અસર પડવા દીધી નહીં.

પંડિતજી સાથેનો મારો પરિચય ઈ. સ. ૧૯૪૪થી. એ સમયે હું કૉલેજમાં વિદ્યાર્થી તરીકે દાખલ થયેલો અને મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહેતો. તે સમયે અમારે ધાર્મિક અભ્યાસમાં પંડિતજીએ સંપાદિત કરેલા ગ્રંથ વાચક ઉમાસ્વાતિકૃત 'તત્ત્વાર્થસૂત્ર'નું અધ્યયન કરવાનું હતું. પંડિતજીની સૂક્ષ્મ અને ગહન વિદ્વત્તાનો ત્યારે પહેલો પરિચય થયો. એ જ વર્ષે વિદ્યાલયમાં પંડિતજી કાકાસાહેબ કાલેલકર સાથે મંગળ પ્રવચન માટે પધારેલા. એ સમયે એમનું દર્શન પહેલવહેલું થયેલું, ત્યારે પંડિતજી મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં રહેતા એટલે કોઈ કોઈ વખત હું તેમને મળવા જતો. તેઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રમુખસ્થાને બિરાજતા. કોઈ કોઈ વખત તેમાં પોતે પણ એકાદ વિષય ઉપર પ્રવચન આપતા. તે સાંભળી પંડિતજીની વિદ્વત્તાથી હું ઘણો પ્રભાવિત થયો હતો.

ઈ. સ. ૧૯૫૧માં સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે મેં કાર્ય શરૂ કર્યું અને સાથે સાથે જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિમાં પણ લેવાયો. શ્રી પરમાનંદ કાપડિયા તથા મારા સસરા શ્રી દીપચંદભાઈ શાહ સાથે યુવક સંઘની પ્રવૃત્તિ-ઓને અંગે પંડિતજીને મળવા જવાનું વારંવાર બનતું. એ અરસામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાતી પર્યુષણ વ્યાખ્યાન-માળામાં કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય ઉપર મારે વ્યાખ્યાન આપવાનું આવેલું. પ્રમુખસ્થાનેથી ઉપસંહાર કરતાં પંડિતજીએ પર્યુષણ વ્યાખ્યાતમાળામાં આવા મહાન પૂર્વાચાર્યોને સંભારવા માટે આનંદ વ્યક્ત કર્યો. વ્યાખ્યાન પછી એમણે મને 'ત્રિષષ્ટીશલાકાપુરુષ ચરિત્ર' સંસ્કૃતમાં વાંચી જવા ભલામણ કરેલી. એ પ્રસંગથી પંડિતજી સાથે વધુ નિકટના પરિચયમાં આવવાનું થયેલું. આ સમય દરમિયાન પંડિતજી મુંબઈ છોડી કાયમને માટે અમદાવાદ જઈને વસ્યા હતા.

૧૯૫૫માં એક વર્ષને માટે અમદાવાદમાં શરૂ થતી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્ય કરવાનું મારે માટે નક્કી થયું. એથી એ વર્ષ દરમિયાન અગવડો ઘણી પડી, છતાં, મને સૌથી મોટો લાભ થયો હોય તો તે પંડિતજી અને પ. પૂ. પુણ્ય-વિજયજી મહારાજનાં નિયમિત સંપર્કમાં રહેવાનો અને તેમની પાસેથી પ્રેરણા અને માર્ગદર્શન મેળવવાનો. પંડિતજીના વત્સલ સ્વભાવનો ત્યારે ગાઢ પરિચય થયો.

અમદાવાદ પહોંચતાંની સાથે પંડિતજીને 'સરિતકુંજ' માં એમના નિવાસસ્થાને હું મળવા ગયો. પૂછ્યું, 'કંઈ કામ હોય તો કહો.' પંડિતજીએ કહ્યું: 'સાંજે ફરવા જવું છે, તમને સમય હોય તો આવો.' હું સાંજે પંડિતજીને ફરવા લઈ ગયો. પછી તો રોજ સાંજે એમને ફરવા લઈ જવાનો કાર્યક્રમ નિશ્ચિત બની ગયો. જેમ જેમ સમય વધુ મળતો ગયો તેમ તેમ ફરવા જવાના કાર્યક્રમ ઉપરાંત કલાક-બે કલાક પંડિતજી પાસે બેસીને તેમને જે વાંચવું હોય તે વાંચવાનો કાર્યક્રમ પણ ચાલ્યો. રોજ સાંજે ઘણું ખરું તેઓ હળવું વાંચતા. છાપાંઓ, સામયિકો વગેરે જે આવ્યાં હોય તે એમણે ગોઠવીને રાખ્યાં હોય. એક પછી એક હું લેતો જાઉં પ્રથમ શીર્ષક વાંચી સંભળાવું. જો એ વિષય વાંચવાનો હોય તો તેઓ વાંચવા માટે સૂચન કરતા. 'જન્મભૂમિ', 'પ્રબુદ્ધ જીવન' અને 'સંસ્કૃતિ' એ ત્રણ તેઓ લગભગ આખાં વંચાવતા. એ સમયે પંડિતજી માટે વાંચેલાં પુસ્તકોમાંનાં બે વિશેષ યાદ છે. એક તો મહામહોપાધ્યાય કાણેનું ધર્મશાસ્ત્રના ઈતિહાસ વિષેનું અંગ્રેજી પુસ્તક. એ વાંચવા માટે સાથે અંગ્રેજી શબ્દકોષ લઈને બેસતો. કારણ કે પોતાને ખબર ન હોય તેવો એક પણ અંગ્રેજી શબ્દ પંડિતજી ચૂકવા ન દેતા. અંગ્રેજી ભાષાનો પોતે વ્યવસ્થિત અભ્યાસ કર્યો ન હોવા છતાં, એ ભાષાની તેઓ કેવી સારી જાણકારી ધરાવે છે તેની તે સમયે પ્રતીતિ થતી. બીજું પુસ્તક તે ઈંદુલાલ યાજ્ઞિકની આત્મકથા. તે સમયે નવું જ બહાર પડેલું તે પુસ્તક હતું. એ પુસ્તકમાં આઝાદીની લડતના અને ગાંધીજી સાથેના કેટલાયે જાહેર અને અંગત પ્રસંગોનું તેમ જ ઈંદુલાલના પોતાના અંગત જીવનના એકરારભર્યા કેટલાક પ્રસંગોનું હૃદયસ્પર્શી આલેખન થયું છે. તે વાંચતાં પંડિતજી કેટલીયે વાર અસ્વસ્થ થઈ જતા, આંખમાંથી આંસુ ટપકતાં. કોઈ વાર ગળગળા થઈ જતા અને કહેતા કે, "બસ, હમણાં હવે વાંચવાનું બંધ રાખો."

રજાના દિવસો હોય ત્યારે પંડિતજી પાસે વાંચવા માટે સવારે અથવા બપોરે પણ જતો. એમનો નોકર સરજુ અથવા માધુ અમારા બંને માટે ચા બનાવી લાવતો. જ્યારે ગંભીર વાંચન ચાલતું હોય તે સમયે પંડિતજીને કોઈ મળવા આવ્યું હોય ત્યારે તેઓ લાંબી વાત કરતા નહિ. એકાદ મિનિટમાં પતાવી મને આગળ વાંચવાની સૂચના કરતા, એટલે આવનાર વ્યક્તિ તરત સમજી જતી. વિદ્યાભ્યાસના સમયમાં મુલાકાતીઓ ખલેલ પહોંચાડે તે એમને ગમતું નહિ.

પંડિતજી આંખે જોઈ શકતા ન હતા; પરંતુ 'સરિતકુંજ' મકાનમાં વસવાટને કારણે તેઓ પ્રત્યેક વસ્તુથી એટલા પરિચિત થઈ ગયા હતા કે તેમને ત્યાં બેસવા ઊઠવામાં કે હરવા ફરવામાં કોઈ અડચણ પડતી નહિ. બધું જ પોતાની મેળે કરી લેતા. પ્રત્યેક વસ્તુ કયાં કેટલા અંતરે છે એ એમના ચિત્ત સમક્ષ સ્પષ્ટ રહેતું. એમની શ્રાવણ-શક્તિ ઘણી તીવ્ર હતી. ટેલિફોન પણ જાતે જ લેતા અને વાતચીત કરતા. અવાજને ઓળખી લેવાની તેમની સૂક્ષ્મ ગ્રહણશક્તિ અને સ્મરણ-શક્તિ પણ એટલી જ સતેજ હતી. પંડિતજી પાસે હું જતો ત્યારે મારે મારો પરિચય આપવાની જરૂર પડતી નહિ. મારો અવાજ એ ઓળખી લેતા. કેટલીક વાર અમે બેઠા હોઈએ ત્યારે તેમને મળવા આવનાર કોઈ માણસો બહારથી વાતો કરતા કરતા આવતા હોય તો પંડિતજી તરત કહેતા કે ફલાણાભાઈ આવ્યા લાગે છે. પંડિતજીની

શ્રાવણશક્તિ અને સ્મરણશક્તિ એટલી તીવ્ર હતી કે બૂટ, ચંપલના અવાજ પરથી પણ કોઈ આવ્યું છે તે તેઓ જાણી લેતા.

એકવાર મુંબઈમાં 'તાનસેન' નામનું ચલચિત્ર જોવા પંડિતજી ગયેલા. માત્ર સંવાદો અને ગીતો તેમણે સાંભળેલાં પણ એ ચિત્ર જોઈને પાછા ફર્યા પછી એમણે કેટલા ય પ્રશ્નો કર્યા ત્યારે ચલચિત્ર જોનારા જે વાતો ચૂકી ગયા હતા તે શ્રાવણશક્તિની એકાગ્રતા વડે તેમણે કેવી સરસ રીતે પકડી લીધી હતી તેની પ્રતીતિ થઈ હતી.

૧૯૫૫ - '૫૬માં પંડિતજી પાસે આવનારા મહાનુભાવોમાં સાહિત્ય પરિષદના બંધારણ વગેરેની ચર્ચા માટે આવનારા સ્નેહરશ્મિ, ઉમાશંકરભાઈ અને જયંતી દલાલ મુખ્ય હતા. સાહિત્ય પરિષદના નવેસરથી ઘડાનારા બંધારણની ઘણી વાટાઘાટો પંડિતજીની હાજરીમાં થતી. કેટલીક વાર મતભેદો થતા ત્યારે, ખાસ કરીને જયંતી દલાલ ઉગ્ર બની ગયા હોય ત્યારે, પંડિતજી થોડુંક જ કહેતા અને વાતનું નિરાકરણ થઈ જતું.

પંડિતજી 'બળવાખોર પંડિત' તરીકે જાણીતા હતા. કેટલા યે ધાર્મિક જડ ક્રિયાકાંડો ઉપર એમણે પ્રહારો કરેલા છે; આમ છતાં પંડિતજી માત્ર બુદ્ધિવાદી નહોતા, શ્રદ્ધાના તત્ત્વને પણ તેમના જીવનમાં પૂરો અવકાશ હતો. મને એક પ્રસંગનું બરાબર સ્મરણ છે. ચોમાસાના દિવસો હતા. પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે પંડિતજી મુંબઈ આવવા નીકળતા હતા. હું પંડિતજીને લેવા માટે 'સરિતકુંજ'માં ગયો. તેઓ તૈયાર થયા. મેં ચાલવા માંડયું ત્યાં પંડિતજી કહે, 'એક મિનિટ ઊભા રહો' મને એમ કે કંઈ લેવાનું ભુલાઈ ગયું હશે; પરંતુ પંડિતજીએ મોઢા આગળ હથેળી ધરી નવકાર મંત્ર બોલવાનું શરૂ કર્યું. ત્રણ નવકાર ગણીને એમણે રૂમની બહાર પગ મૂકયો. મેં પંડિતજીને પૂછયું, 'આપ પણ એ રીતે નવકાર ગણો છો?' તેમણે કહ્યું, 'શ્રદ્ધા વગર આપણું જીવન ટકી જ ન શકે. બહારગામ જતાં કે કોઈ સારા કામ માટે જતાં હું હમેશાં મનમાં નવકાર ગણી લઉં છું.'

પંડિતજીએ જયારે પોતાની તબિયત સારી હોવા છતાં પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન છોડયું. ત્યારે મેં એમને પૂછેલું, 'આપે કેમ મુંબઈ વ્યાખ્યાનમાળામાં જવાનું માંડી વાળ્યું?' એમણે એક જ શબ્દમાં ઉત્તર આપ્યો. 'વયોધર્મ', પંડિતજી કહેતા કે આપણા લોકોમાં ઉંમર પ્રમાણે પોતાના ધર્મો બહુ ઓછા માણસો સમજે છે, ખાસ કરીને જાહેર જીવનમાં જે પ્રમાણે આપણી ઉંમર ચાલતી હોય તે પ્રમાણે આપણાં રસ અને પ્રવૃત્તિનાં ક્ષેત્ર બદલવાં જોઈએ.

પંડિતજી મિતભાષી અને મિતાહારી હતા. વાતચીતમાં તેઓ હમેશાં ટૂંકા અને મુદ્દાસર જવાબ આપતા. એ જવાબમાં પણ એમની વિદ્વત્તા ડોકિયું કરી જતી. તત્ત્વજ્ઞાનની ચર્ચા હોય તો એમની બહુ-શ્રુતતાની પ્રતીતિ વાતે વાતે થતી. દરેક ધર્મ અને સંપ્રદાયની કે એના મહાન દાર્શનિકોની વાત થતી હોય ત્યારે તેના ગુણપક્ષે શું શું છે અને એની મર્યાદા કયાં કયાં રહેલી છે તેની સમતોલ વાત પંડિતજી પાસેથી સાંભળવા મળતી. પંડિતજીની સ્મૃતિ ખૂબ સતેજ હતી અને કોઈ પણ વ્યકિત કે ગ્રંથનો સંદર્ભ ઝીણવટથી તરત આપતા.

પંડિતજી મંદ અને મૃદુ અવાજે વાત કરતા. કોઈ વાર ભાર-પૂર્વક વાત કરવી હોય ત્યારે જમણા (કે ડાબા) હાથની તર્જની ઊંચી કરી તે વડે તેઓ તે દર્શાવતા. પંડિતજી એકલા બેઠા હોય અથવા માત્ર સાંભળવાનું ચાલતું હોય ત્યારે એમના જમણા હાથના અંગૂઠા ઉપર તર્જની સતત ફર્યા કરતી હોય, જાણે માળા ફેરવતા ન હોય! ક્યારેક ડાબા હાથમાં પણ એ ક્રિયા ચાલતી હોય અને ક્યારેક તો વળી બંને હાથમાં; ક્યારેક વાતો કરતાં કરતાં પણ ચાલતી હોય. (મુનિ જિનવિજયજીને પણ એવી ટેવ હતી. જીવ અને શિવના મિલનરૂપ એ મુદ્રા અને આંગળી ફેરવવાની એ ક્રિયા હઠયોગની દૃષ્ટિએ દીર્ઘાયુષ્યમાં સહાયરૂપ મનાય છે.)

કિશોરાવસ્થામાં શીતળા થવાને કારણે પંડિતજીના શરીરમાં ગરમી પુષ્કળ રહેતી. આથી ઘરમાં હોય ત્યારે ઘણું ખરું તેઓ ફકત ધોતિયું પહેરીને જ બેસતા. ધોતિયું ખાદીનું અને હમેશાં સ્વચ્છ રહેતું. છાતી ઉપર તેઓ વસ્ત્ર સહન કરી શકતા નહિ. બહાર જવું હોય ત્યારે ખાદીનું સાદું પહેરણ પહેરી લેતા. આજીવન બ્રહ્મચર્યોપાસનાને કારણે પંડિતજીનું શરીર ઓજસ્વી હતું. વૃદ્ધાવસ્થામાં પણ એમના શરીર ઉપર ઉંમરની અસર જણાતી નહિ. અવસાનના મહિના પહેલાં એમને મળવા ગયો હતો ત્યારે પણ તેઓ પથારીમાં બેઠા થયા હતા અને ટટ્ટાર બેઠા હતા.

પંડિતજીના સાન્નિધ્યમાં મને હમેશાં એમના વાત્સલ્યનો અનુ-ભવ થતો. હું અમદાવાદ એક વર્ષ માટે ગયો હતો અને લોજમાં જમતો હતો. એટલે મારી તબિયત માટે તેઓ હમેશાં ફિકર કરતા. એક દિવસ સાંજે ગયો ત્યારે મને કહે આજે નવરંગપુરા બાજુ ફરવા જઈએ. સરિતકુંજથી આશ્રમ રોડ પર સીધા જ અમે ચાલ્યા, ત્યારે રસ્તે આટલાં મકાનો કે વાહનવ્યવહાર નહિ. (આજે તો હવે 'સરિતકુંજ' પણ રહ્યું નથી) રસ્તો આમ શાંત હતો. અમુક અંતરે ચાલ્યા પછી પંડિતજી કહે, 'હવે ડાબી બાજુ વળો' અમે ડાબી બાજુના રસ્તે ચાલ્યા. પંડિતજી પછી કહે, "આપણે અનાજ-કરિયાણાની દુકાન છે ત્યાં જઈએ." પંડિતજી જોઈ શકતા નહિ, પણ કેટલું અંતર કપાયું છે અને કયાં પહોંચ્યા છીએ તેની તેમની સૂઝ ચોકસાઈ ભરેલ હતી. એ દુકાને અમે ગયા. એમના કોઈ સગાની એ દુકાન હતી. પંડિતજીએ બદામ, કાજુ, દ્રાક્ષ, એમ ચાર પાંચ પડીકાં બંધાવ્યાં; પછી મારા હાથમાં આપીને કહે, "રમણભાઈ, આ તમારા માટે બંધાવ્યાં છે. પૈસા આપવાના નથી આપણી ઘરની જ દુકાન છે." પંડિતજીએ શા માટે નવરંગપુરા બાજુ ફરવા જવાનું સૂચન કર્યું હતું તે સમજાયું. એમના આગ્રહને છેવટે વશ થવું પડયું. એમના વાત્સલ્યના સ્પર્શથી મારું હૃદય આર્દ્રભાવે નમી રહ્યું.

પંડિતજીના અવસાનના છએક મહિના પહેલાં મારાં પત્ની સાથે હું મળવા ગયો હતો. વર્ષો જૂનાં મુંબઈનાં સ્મરણો તાજાં કર્યાં. આટલી ઉંમરે પણ એમની સ્મૃતિ સતેજ હતી. અલબત્ત, વાત કરતાં કરતાં ચિત થાકી જતું તો થોડીવાર શાંત રહેતા. અમારાં બંને સંતા-નોને યાદ કર્યાં અને ફરી અમદાવાદ જઈએ તો સંતાનોને લઈ એમને ત્યાં અમારે જવું અને ત્યાં જ જમવાનું રાખવું એવો આગ્રહ કર્યો. કહે, 'અહીં જમવાની બધી વ્યવસ્થા થઈ શકે એમ છે, માટે એ ચિંતા કરશો નહિ."

પંડિતજીએ અમદાવાદને પોતાનું નિવૃત્તિસ્થાન, નિવાસસ્થાન બનાવ્યું તે પછી અમદાવાદ બહાર ખાસ તેઓ ગયા નથી. 'સરિત-કુંજ' માંથી મુનિ જિનવિજયજીના મકાનમાં, 'અનેકાંતવિહાર' માં રહેવા ગયા પછીથી તો ઘરની બહાર પણ ખાસ જતા નહીં, છેલ્લાં કેટલાંક વર્ષોમાં તો અલબત્ત, તબિયતને કારણે પણ તેઓ બહાર નીકળતા નહિ.

પંડિતજીનું જીવન એટલે આજીવન વિદ્યોપાસના અને આજીવન બ્રહ્મચર્યની પણ ઉપાસના. અલ્પપરિગ્રહી, નિસ્વાર્થ, તપોમય, એવું એમનું જીવન. પંડિતજી એટલે જંગમ તીર્થ. ૧૯૫૬માં હું અમદા-વાદ છોડી મુંબઈ પાછો આવ્યો ત્યારથી તે આજ સુધી અમદાવાદ જાઉં ત્યારે પંડિતજીને મળવા જવાનું, વંદનાર્થે જવાનું તો અચૂક રાખ્યું હતું. છેલ્લે એમના અવસાનના ચારેક મહિના પહેલાં એક વખત મળવા ગયેલો ત્યારે મુનિ જિનવિજયજી ત્યાં આવીને રહ્યા હતા. પંડિતજીએ મને કહ્યું, 'મુનિજીને કૅન્સર થયું છે. ડૉક્ટર કહે છે કે હવે એ મહિનાથી વધુ નહિ કાઢે. બહાર સૂતા છે. તમે મળો ત્યારે કૅન્સરની વાત કરતા નહિ.' હું મુનિજી પાસે ગયો. મુનિજી પ્રસન્ન હતા. ગુજરાત વિદ્યાપીઠનાં કેટલાંક સંસ્મરણો મને કહ્યાં. સાથે સાથે કહ્યું, 'બસ હવે તૈયારી થઈ ગઈ છે. થોડા દિવસનો જ મહેમાન છું. મૃત્યુદેવના આગમનની ઉત્સુકતાપૂર્વક રાહ જોઉં છું.' મૃત્યુની વાતે કદાચ મુનિજી અસ્વસ્થ બને એવી ભીતિ હતી, પરંતુ મૃત્યુની વાત એમણે પોતે જ કાઢી અને પ્રસન્નતા-પૂર્વક તેની તૈયારી દર્શાવી. મુનિ જીનવિજયજી જતાં પંડિતજીને એક નિકટના સાથી અને આધારસ્થંભ ગુમાવ્યા જેવું લાગ્યું.

પંડિતજીનું સ્મરણ થતાં ચિત્તપટ પર અનેક સ્મરણો તરવરી રહે છે. 'દર્શન અને ચિંતન', 'તત્ત્વાર્થ સૂત્ર' 'સન્મતિતર્ક' 'ભારતીય વિદ્યા' વગેરે એમના ગ્રંથોનું વાંચન - મનન કરીએ છીએ ત્યારે એમની દાર્શનિક પ્રતિભાની ઝાંખી થાય છે. વિપરીત સંજોગોમાં એમણે કરેલી જીવનસાધના અનન્ય છે. એ માટે ભવિષ્યના ઈતિહાસ-કારો એમને એક વિશિષ્ટ કોટિની મહાન વિભૂતિ તરીકે બિરદાવશે.

એ મહાન વિભૂતિને આપણી હાર્દિક શ્રદ્ધાંજલિ હો!

**ડૉ. રમણલાલ ચી. શાહ**

# પંડિતજીના ગ્રંથો

આયુના સત્તરમે વર્ષે આંખ ગુમાવી તેને પંડિતજીએ 'અંધાપાનો કાળયુગ' કહ્યો છે પણ તે યુગથી તેઓ દીન થયા નહીં; હિંમત હાર્યા નહીં અને વિદ્યાક્ષેત્રે પ્રયાણ કર્યું અને આ યુગના એક તેજસ્વી પ્રજ્ઞાચક્ષુ બની ગયા. વિદ્યા પ્રાપ્ત કરીને સંતુષ્ટ થયા નહીં; પણ અધ્યાપક રૂપે અને સંપાદક- સંશોધક - લેખક રૂપે તેનું વિતરણ કરી જગપ્રસિદ્ધ ભારતીય વિદ્યાના વિદ્વાન બની ગયા. છેલ્લાં વર્ષોમાં તેમના માત્ર દર્શન કરી કૃતાર્થતા અનુભવતા અનેક દેશ-વિદેશના વિદ્વાનો મેં જોયા છે. જ્યારે પૂર્ણ સ્વસ્થ હતા અને વિદ્યાક્ષેત્રે પ્રવૃત્તિશીલ હતા ત્યારે સર્વશ્રી ધર્માનંદ કોશંબી, આચાર્ય નરેન્દ્ર દેવ, રાહુલ સાંકૃત્યાયન જેવા વિદ્વાનો બનારસમાં તેમની પાસે આવી દાર્શનિક ચર્ચા કરતા અને તે ક્ષેત્રે કંઈક નવું પામ્યાના સંતોષ સાથે વિદાય થતા પણ તે કાળે પણ પંડિતજીનો વિદ્યાયોગ સતત ચાલ્યા જ કરતો. બનારસ યુનિવર્સિટીના પ્રાધ્યાપક હોવા છતાં દિગ્ગજ ગણાતા પંડિતો પાસે જઈને તેમના વર્ગમાં સામાન્ય વિદ્યાર્થી બની બેસવામાં તેમને સંકોચ હતો નહીં અને તેમની સામે બેસી માત્ર શ્રોતા રૂપે જ નહીં પણ પ્રબુદ્ધ વિદ્વાનને શોભે એ રીતે જ્યારે તે તે વિષયની ચર્ચા કરતા ત્યારે અન્ય વિદ્યાર્થીઓ અચંબો પામતા, એટલું જ નહીં પણ પ્રાધ્યાપકને પણ ઘડીભર એમ લાગતું કે પોતે જે વિષયમાં નિષ્ણાત છે તેમાં પણ જે પ્રશ્નો કદી ઊઠયા નથી તે આ નવા આગંતુકને ક્યાંથી ઊઠે છે અને તેનું સમાધાન કરવામાં ઘણી વાર પ્રાધ્યાપકોને મૂંઝવણ પણ અનુભવતા મેં જોયા છે. દાર્શનિક પ્રશ્નોની ઝીણામાં ઝીણી વિગતમાં ઊતરવાનું અને તેની તુલના જ નહીં પણ તેના ઈતિહાસમાં ઊતરવાની ટેવ પંડિતજીને હતી અને તેથી તેઓ તે તે પ્રશ્નોના મર્મને પામવામાં કુશળ બની ગયા હતા. તેમની આ કુશળતા તેમનાં લખાણોમાં અને સંપાદિત સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થોમાં છતી થયા વગર રહેતી નથી અને તે તે ગ્રન્થ વાંચનારને તેમની પ્રતિભાનાં દર્શન થાય છે.

તેમનું વ્યાવસાયિક જીવન વિ. સં. ૧૯૬૯માં મુનિરાજોના પ્રાધ્યાપક પદથી શરૂ થયું અને તેમનો આ વ્યવસાય, એમ કહી શકાય કે જીવન પર્યંત ચાલ્યો અને લેખક જીવનની શરૂઆત કેમ કરી તે વિષે તેમની પોતાની નોંધ જોઈએ: તેમના મિત્ર વ્રજલાલજીને મુનિશ્રી કર્પૂરવિજયજીએ કહ્યું કે "તમે હિન્દીમાં સારું લખી શકો છો એટલે હિન્દી જૈન સાહિત્ય તમે તૈયાર કરો ને સુખલાલજી પોતાની અવસ્થા પ્રમાણે લખવા અસમર્થ છે તો તેઓ ભલે ભણાવવા આદિનું કામ કરે." - આ સાંભળીને પંડિતજીને 'ચાનક ચડી' અને સાહિત્ય નિર્માણ ક્ષેત્રે પણ તેમણે ઝંપલાવ્યું. તેમણે પોતાની અંધતાને પોતાના જીવનવિકાસના અવરોધ રૂપે કદી સ્વીકારી નથી અને તેથી દીન થયા નથી. તેમનાં લખાણોમાં તેમનું અંધત્વ કદી આડે આવ્યું નથી. લખાવે છતાં પોતે જ લખતા હોય એવું અસ્ખલિતપણું તેમના લખાણમાં જોઈ શકાય છે. તેમના અંધત્વથી અજાણને કદી એ ભાસ નહીં થાય કે લેખક અંધ છે. આની પાછળ જે પ્રકારનો પરિશ્રમ તેઓ કરતા એ ધ્યાનમાં લેવા જેવો છે.

તેઓ પોતાના અધ્યયનકાળમાં જે કાંઈ વાચક દ્વારા સાંભળતા તેની વાસના પોતાના મનમાં પૂરી રીતે અંકિત થાય એ માટે તેમનો પૂરો પ્રયત્ન રહેતો. આથી આચાર્ય હેમચન્દ્રના વ્યાકરણનો અઢાર હજાર શ્લોક પ્રમાણ ગ્રન્થ તેમને કંઠસ્થ હતો, એટલું જ નહીં પણ જે કોઈ ગ્રન્થનું અધ્યયન તેમણે કર્યું, પછી તે કાવ્ય હોય, અલંકાર હોય કે દર્શનનો ગ્રન્થ હોય, તે કંઠસ્થ જેવો જ બની જતો. આમાં તેમની શકિત ઘણી વેડફાઈ એ તેમણે સ્વીકાર્યું છે પણ તેમની આ કંઠસ્થવિદ્યા જ તેમને પોતાના સંશોધન-સંપાદન- લેખનમાં અત્યંત સહાયભૂત થઈ છે એવો મારો અનુભવ છે. કોઈ પણ દાર્શનિક વિષયમાં જ્યારે લખવું હોય ત્યારે તેના સંદર્ભગ્રન્થોની તાલિકા જ નહીં પણ તેમાં ચર્ચાનો વિષય ક્યા પ્રકરણમાં આવે છે તે પણ તેઓ નિર્દિષ્ટ કરી શકતા. આથી તેમના લેખનની પ્રામાણિકતા જ નહીં પણ તે તે વિષયની સમગ્રતા પણ તેમણે ચર્ચેલા દાર્શનિક વિષયોમાં જોવા મળે છે.

### કર્મગ્રંથો અને પ્રતિક્રમણ સૂત્રોનો હિંદી અનુવાદ

લેખનજીવનમાં પ્રારંભમાં પ્રાકૃતગ્રન્થો, જે સામાન્ય રીતે જૈનોના બધા જ વર્ગને ઉપયોગી છે, તેવા પસંદ કર્યા. તે કાળે કર્મગ્રન્થો, પ્રતિક્રમણ સૂત્ર જેવા ગ્રન્થોનો હિન્દી અનુવાદ તેમણે કર્યો; એને ટપી જાય તેવો અનુવાદ આજે પણ ઉપલબ્ધ નથી. જે કાંઈ છે તેમાં તેની નકલ જોવા મળે છે અને તેવા ગ્રન્થો માટેનું માર્ગદર્શન પણ તેમાંથી પછીના લેખકોએ મેળવ્યું છે. વિશુદ્ધ અનુવાદ અને પારિભાષિક શબ્દોની વ્યાખ્યા ઉપરાંત ઈતિહાસ અને તુલના દષ્ટિએ પ્રસ્તાવનાએ તે કાળે (ઈ. ૧૯૧૭ - ૨૧) પણ તેમણે તેમાં આપી છે, અને તેથી તે કાળના કેટલાક આચાર્યોએ ઈતિહાસ વિષે વાંધો પણ ઉઠાવેલો એવું યાદ છે, પણ તેમણે તે કાળે જે ઈતિહાસ દષ્ટિએ લખ્યું તે આજે પણ સુસંબદ્ધ જ જણાય છે અને તેમાં સંશોધનને અવકાશ નથી તે તેમની સંશોધન દષ્ટિની શાખ પૂરે છે. આ કાર્ય તેમણે આગ્રાની જૈન પુસ્તક પ્રચારક મંડળ સંસ્થાના આશ્રયે બનારસ અને આગ્રામાં રહી કર્યું હતું.

### યોગદર્શન અને યોગવિંશિકા

સામાન્ય જૈનને ઉપયોગી એવા ગ્રન્થો આપીને તેમનો દાર્શનિક આત્મા સંતુષ્ટ થાય એમ ન હતું; એટલે તેમનું ધ્યાન ગ્રન્થો પ્રત્યે ગયું. પ્રારંભ કર્યો યોગદર્શનથી. આ ગ્રન્થના કેટલાંક સૂત્રોની વ્યાખ્યા ઉપાધ્યાય યશોવિજયજીએ કરી હતી. તે આમાં આપવામાં આવી છે. ઉપરાંત જૈન આચાર્ય હરિભદ્ર કૃત યોગવિંશિકાનો પણ તેમાં સમાવેશ કરી વૈદિક અને જૈનયોગ વિષેની જે આસ્થા હતી તે તેમાં નિરૂપવામાં આવી છે.

### ન્યાયાવતાર

ઈ. ૧૯૨૭માં જૈન ન્યાય વિષેના અતિસંક્ષિપ્ત ગ્રન્થ ન્યાયાવતારના ગુજરાતી અનુવાદથી જૈનદર્શનક્ષેત્રે તેમણે પ્રવેશ કર્યો. તેમાં પણ તેની પ્રસ્તાવનામાં જૈન ન્યાયનું સિંહાવલોકન તો કરી જ દીધું છે.

### સન્મતિતર્ક

પણ પછી તો એક એવો ગ્રન્થ તેમણે સંપાદિત કર્યો જેને લીધે તેઓ સમગ્ર દાર્શનિક જગતમાં વિખ્યાત બની ગયા, એ હતો સિદ્ધસેન દિવાકરનો સન્મતિતર્ક અને તેની આચાર્ય અભયદેવ કૃત ટીકા વાદમહાર્ણવ. ટીકા તેના નામ પ્રમાણે ભારતીય દર્શનોમાં જે વિવિધ વાદો ચર્ચાય છે, તેનો સંગ્રહ કરનાર વાદમહાર્ણવ ગ્રન્થ છે, તેમાં શંકા નથી. ભારતમાં બારમી શતાબ્દી સુધીનો જે દાર્શનિક વિકાસ પ્રમેય અને પ્રમાણ વિશે થયો હતો તેનો સમગ્ર ભાવે સમાવેશ અનેકાંતદષ્ટિથી આમાં કરવામાં આવ્યો છે, એટલે એનું સંપાદન - એ મહાભારત કાર્ય હતું પણ તેમણે તે આગ્રામાં ઈ. ૧૯૨૦ માં શરૂ કર્યું અને ગુજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરમાં ૧૯૨૧ - ૩૦ રહી અંતે ૧૯૩૨માં તે પૂરું કર્યું. તેના પાંચ ભાગમાં મૂળ અને ટીકા છે, છઠ્ઠા ભાગમાં મૂળનો ગુજરાતી અનુવાદ અને વિવેચન ઉપરાંત વિસ્તૃત પ્રસ્તાવના છે.

આ ગ્રન્થનું સંપાદન એ મહાભારત કાર્ય હતું એમ જે મેં કહ્યું તે યથાર્થ જ છે. ભાંડારકર ઈન્સ્ટિટયૂટે અનેક હસ્તપ્રતો એકત્ર કરી મહાભારતની પ્રશિષ્ટ વાચના પણ તૈયાર કરી છે તેમાં તેને સરકારી અને બિનસરકારી આર્થિક સહાય ઉપરાંત દેશ - વિદેશના અનેક ખ્યાતનામ વિદ્વાનોનો સહકાર મળ્યો હતો. જ્યારે સન્મતિના સંપાદનમાં પંડિતજીના એક માત્ર સહાયક પં. બેચરદાસજી જ હતા. તેઓ પણ એક સમર્થ વિદ્વાન છે એમાં શંકા નથી. ગાંધીજીને એ ગ્રન્થનું મહત્ત્વ બરાબર મનમાં વસી ગયું હતું અને પ્રથમ ભાગ પ્રકાશિત થયા પછી તે વિષે જે પ્રશંસા થઈ તેથી તેમને એ કાર્યની ઉપયોગિતા સમજાઈ હતી; પરંતુ ગાંધીજીના સાથીઓમાં એવા પણ હતા જેમને સ્વરાજ્યની લડતમાં વળી આવા દાર્શનિક ગ્રન્થના સંપાદનની શી ઉપયોગિતા? - એમ વારંવાર શંકા થતી અને એનો વિરોધ પણ થતો. છતાં ગાંધીજીના આગ્રહને કારણે એ શમી જતો. આમ વિરોધના વાતાવરણ વચ્ચે અને આર્થિક ભીંસમાં એ કામ કરવાનું હતું, છતાં પણ પૂરા ઉત્સાહ અને લગનથી એ કાર્ય પંડિતજીએ પાર પાડયું.

ભારતીય વિદ્યામાં પૌરાણિક સાહિત્યમાં મહાભારતનું સંપાદન એ જેમ એક અત્યંત મહત્ત્વનું કામ થયું છે તે જ રીતે ભારતીય દર્શન વિદ્યામાં સન્મતિતર્કનું પંડિતજીનું સંપાદન એક સીમાસ્તંભ છે, તે કારણે કે આ પૂર્વે ભારતીય દર્શનનો એક પણ ગ્રન્થ એ પ્રકારે સંપાદિત થઈ પ્રકાશિત થયો ન હતો, અને ત્યાર પછી પણ

એ કોટિનો દાર્શનિક ગ્રન્થ સંપાદિત થયો નથી. તેમાં તેમણે ટીકાની પ્રત્યેક પંકિતમાં આવતો વિચાર કે શબ્દરૂપ તે પૂર્વે ક્યા ગ્રન્થમાં આવે છે તે શોધીને આપવા પ્રયત્ન કર્યો છે. એટલું જ નહીં પણ એ વિચાર કે ચર્ચા અન્યત્ર ક્યા ક્યા રૂપે ઉપસ્થિત કરવામાં આવી છે તેની પણ નોંધ સંસ્કૃત ભાષામાં લીધી છે. ઉપરાંત તેમાં આવતા અન્ય ગ્રંથનાં અવતરણોને શોધીને મૂળ સ્થાન આપવા પ્રયત્ન કર્યો છે, એટલું જ નહીં પણ એ અવતરણના જે પાઠભેદો મળતા હોય તે પણ નોંધવામાં આવ્યા છે. ગ્રંથને અંતે અનેક પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે અને છઠ્ઠા ભાગમાં ચર્ચિત સમગ્ર વિષયનું નિરૂપણ ઈતિહાસ અને તુલના દષ્ટિએ કર્યું છે. આ બધું તેમના દાર્શનિક જ્ઞાનની વિશાળતા સૂચવે છે. આ ઉપરાંત મૂળ અને ટીકાના પાઠને શુદ્ધ કરવા માટે તે કાળે ઉપલબ્ધ ૨૭ પ્રતો તેમણે એકત્ર કરી હતી અને તે બધામાં જ્યાં જ્યાં પાઠભેદ મળી આવ્યા એ બધાની નોંધ લઈ મૂળ અને ટીકાકારને અભિમત ક્યો શુદ્ધ પાઠ હોઈ શકે એનો વિચાર કરી એ ગ્રન્થની પ્રશિષ્ટ વાચના પણ પ્રસ્થાપિત કરી આપી છે. આ દષ્ટિએ, આ કાર્યને મેં મહાભારત કામ કહ્યું છે, તેમાં જરાય અતિશયોકિત નથી. પંડિતજી આ ગ્રન્થથી અમર બની ગયા છે એમ કહું તો તેમાં પણ અત્યુકિત નથી.

આમ છતાં તે સંપાદન સર્વથા નિર્દોષ જ છે તેવું તેમણે માન્યું ન હતું. જે કાંઈ સામગ્રી મળી તેને આધારે બની શકે એટલો પ્રયત્ન કરી તેમણે તેને સંશોધિત કર્યો છે. એટલે જ્યારે યુવાન મુનિરાજ શ્રી જંબુવિજયજીએ તેમનું એકાદ બેઅશુદ્ધિઓ તરફ ધ્યાન દોર્યું ત્યારે તેઓ બહુ રાજી થયા હતા. આવા બુદ્ધિમાન મુનિનો ઉપયોગ સંપાદન કાર્યમાં થવો જોઈએ એમ વિચારી તેમણે પૂ. મુનિરાજ શ્રી પુણ્યવિજયજીને સૂચવ્યું કે નયચક્રના સંપાદનનું કાર્ય ઉકત મુનિશ્રીને સોંપવામાં આવશે તો તેઓ યથાર્થ રીતે તે પૂરું કરી શકશે. ગુણને પારખવાની આવી શકિત અને બિરદાવવાની આવી ઉદારતા તેમનામાં હતી અને આપણે જોઈએ છીએ કે નયનચક્રનું સંપાદન ઉકત મુનિરાજે બહુ સારી રીતે કર્યું છે અને પંડિતજીની ગુણગ્રાહકતા અને પારખ શકિતને સિદ્ધ કરી આપી છે.

**પ્રમાણમીમાંસા**

અમદાવાદ પછી પંડિતજીનું કાર્યક્ષેત્ર બનારસ યુનિવર્સિટી થયું. આચાર્ય આનંદશંકર ધ્રુવના આગ્રહથી તેઓએ ઈ. ૧૯૩૩ માં જૈન દર્શનના પ્રાધ્યાપક તરીકેનું પદ સ્વીકાર્યું. આ કાર્યભાર સ્વીકાર્યા પૂર્વે શાંતિનિકેતન રહી તેઓએ અંગ્રેજીનો વિશેષ અભ્યાસ કર્યો. બનારસમાં રહી તેમણે પ્રમાણમીમાંસાનું સંપાદન કર્યું. આ ગ્રન્થના સંપાદનમાં અનેક પ્રતોનો તો ઉપયોગ કર્યો જ પણ આ સંપાદનની વિશેષતા તેનાં હિન્દીમાં લખાયેલાં ટિપ્પણોમાં છે. દાર્શનિક ચર્ચાના મુદ્દા, જેવા કે પ્રમાણલક્ષણ, પ્રમાણના ભેદો, નિર્વિકલ્પ પ્રત્યક્ષ આદિ વિષયો લઈને તે તે ચર્ચાના વિકાસનો ઈતિહાસ તે ટિપ્પણોમાં તારવી આપ્યો છે. આથી ભારતીય દર્શનોમાં એ ટિપ્પણો એક સ્વતંત્રગ્રન્થની ગરજ સારે એવા બની ગયાં છે. અને પ્રમાણ પ્રમેય ચર્ચાનો સમગ્ર ભાવે ઈતિહાસ જેને જાણવો હોય તેમને માટે ઉત્તમ સંદર્ભગ્રન્થની ગરજ તે સારે એવાં છે અને સાથે જ ભારતીય પ્રમાણપ્રમેય ચર્ચાનું સિંહાવલોકન પણ તે ગ્રન્થની પ્રસ્તાવનામાં કર્યું છે, આથી તે પ્રસ્તાવના અને ટિપ્પણોનો અંગ્રેજી અનુવાદ Advanced Studies in Indian Logic and Metaphysics –એ નામે કલકત્તાથી પ્રસિદ્ધ થયો છે. આ ગ્રન્થ જેના પણ હાથમાં ગયો છે તે પંડિતજીની વિદ્વતાથી અને તેમના ભારતીય દર્શનોની સર્વગ્રાહી દષ્ટિથી પ્રભાવિત થયા છે. ભારતીય દર્શનશાસ્ત્રના ક્ષેત્રે આવો અભ્યાસગ્રન્થ અન્ય ઉપલબ્ધ નથી તે તેના વાચકોએ સ્વીકાર્યું છે, આમ ભારતીય દર્શનશાસ્ત્રના અભ્યાસ - અધ્યયન ક્ષેત્રે પંડિતજીએ નવી કેડી પાડી છે; એમ કહું છું ત્યારે પણ તેમાં કશી અતિશયોકિત નથી.

**જ્ઞાનબિંદુ અને જૈન તર્કભાષા**

જ્ઞાનબિન્દુ અને જૈન તર્ક ભાષાનું સંપાદન પણ બનારસમાં જ રહી કર્યું. એ બન્ને ગ્રન્થની પ્રસ્તાવના અને ટિપ્પણોમાં પણ તેમની આગવી શૈલીનાં દર્શન થાય છે. જ્ઞાન સંબંધી ચર્ચાને સમગ્ર ભાવે આ ગ્રન્થોમાં આવારી લેવામાં આવી છે.

**તત્ત્વોપપ્લવસિંહ અને હેતુ બિંદુ ટીકા**

આ જ સમય દરમિયાન તેમણે પ્રસ્તાવના સાથે ચાર્વાકદર્શનના એક માત્ર ગ્રન્થ તત્ત્વોપપ્લવસિંહ અને બૌદ્ધદર્શનના દર્શનગ્રન્થ હેતુ બિન્દુ ટીકાનું સંપાદન કર્યું. આમાં તેમનો ભાર મૂળને શુદ્ધ કરી છાપવા માટેનો છે. આ બન્ને ગ્રન્થો વડોદરાની સુપ્રસિદ્ધ ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝમાં છપાયા છે અને તેથી તે દેશવિદેશમાં વિદ્વાનોને સુલભ થયા છે. આ ગ્રંથોએ પંડિતજીની અન્યદર્શનમાં પણ જે ગતિ છે તેની પ્રતીતિ કરાવી છે. આ ગ્રન્થો એવા છે, જે દુર્લભ કોટિના હોઈ તેને સુલભ કરી આપવાનું શ્રેય પંડિતજીને ફાળે જાય છે.

**વેદવાદ દ્વાત્રિંશિકા**

બનારસથી ઈ. ૧૯૪૪માં નિવૃત્ત થઈ મુંબઈ વગેરે સ્થાનોમાં રહ્યા, છતાં તેમની સાહિત્ય પ્રવૃત્તિ સ્થગિત થઈ નહીં અને તેની પ્રતીતિ તો તેમણે કરેલ વેદવાદ દ્વાત્રિંશિકાના અનુવાદ - સંપાદનથી મળી રહે છે. સિદ્ધસેન દિવાકરની આ કૃતિમાં ઉપનિષદોનો આધાર લેવામાં આવ્યો છે, તેથી તેના વિવેચનમાં પંડિતજીએ પોતાના વૈદિકવિદ્યાના પાંડિત્યનો પણ ઠીક ઠીક પરિચય આપ્યો છે અને સમજવામાં કઠણ પડે એવી વેદવાદદ્વાત્રિકાને સ્પષ્ટ કરી આપી છે. તેનું પ્રકાશન ભારતીય વિદ્યાભવન, મુંબઈથી થયું છે.

**તત્ત્વાર્થસૂત્રનું વિવેચન**

પંડિતજીનું 'તત્ત્વાર્થસૂત્ર વિવેચન' જૈન વિદ્યાના એક પ્રશિષ્ટ લેખાતા ગ્રન્થ તત્ત્વાર્થસૂત્રને અભ્યાસી માટે સુગમ બનાવી દેવાની દષ્ટિથી લખાયું છે. તેની પ્રસ્તાવનામાં તે ગ્રન્થના કર્તા અને તેની ટીકાઓનો પરિચય આપ્યા ઉપરાંત તે ગ્રન્થના ઉપાદાનની ચર્ચા કરી છે. આ ગ્રન્થની પ્રસ્તાવના વિષે વિવાદ ચાલ્યા જ કર્યો છે. તત્ત્વાર્થના લેખક ઉમાસ્વાતિ સચેલક પરંપરાનુયાયી હતા કે અચેલક પરંપરાના - આ સમસ્યા બન્ને સંપ્રદાયોમાં વિવાદનું કારણ બની છે. પંડિતજીએ પોતાની તટસ્થ દષ્ટિથી એ સિદ્ધ કર્યું છે કે, ઉમાસ્વાતિની દષ્ટિ સચેલક પરંપરાને અનુસરે છે, પરંતુ આથી બન્ને પરંપરા નારાજ છે, કારણ તેમણે એ સ્પષ્ટ કર્યું છે કે તેઓ નથી દિગંબર કે નથી શ્વેતામ્બર. મને યાદ છે કે જ્યારે તત્ત્વાર્થસૂત્રનું હિન્દી સંસ્કરણ બનારસમાં છપાતું હતું ત્યારે તેમાં આર્થિક સહાયક થનાર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિનું સૂચન હતું કે પ્રસ્તાવના છાપવામાં ન આવે તો સારું. પંડિતજીએ સ્પષ્ટ લખી દીધું કે પ્રસ્તાવના વિના પુસ્તક પ્રકાશિત કરવું હોય તો તત્ત્વાર્થના છાપેલ ફરમા ગંગામાં પધરાવી દઉં, જે ખર્ચ થયો છે તે આપી દઉં, પણ પ્રસ્તાવના તો છપાશે જ. છેવટે પૂ. મુનિરાજ શ્રી પુણ્યવિજયજીએ સમાધાન કરાવી આપ્યું અને તે છપાયું. હમણાં જ જ્યારે કેન્દ્ર સરકારે રચેલ ભગવાન મહાવીરના નિર્વાણના પચીસસોમા વર્ષની ઉજવણીની સમિતિએ પંડિતજીના તત્ત્વાર્થને બધી ભાષામાં પ્રકાશિત કરવા ઈરાદો જાહેર કર્યો ત્યારે દિગંબર વિદ્વત્પરિષદે એ છાપવા સામે વિરોધ કર્યો, આમ પંડિતજીનું તાટસ્થ્ય બન્ને પરંપરાના ભકતોને સાલે છે. બન્ને પરંપરા ચાહે છે કે આજના અર્થમાં ઉમાસ્વાતિને શ્વેતામ્બર કે દિગંબર જાહેર કરવા જોઈએ. જ્યારે પંડિતજી માને છે કે જૂની સચેલક પરંપરાનો વિકાસ શ્વેતામ્બર પરંપરામાં છે અને અચેલક પરંપરાનો વિકાસ દિગંબર પરંપરામાં છે. આ ગ્રંથની પ્રસ્તાવના

સામેના આવા વિરોધ છતાં આ તત્ત્વાર્થ વિવેચનની ગુજરાતી ચાર, હિન્દી ત્રણ અને અંગ્રેજી એક આવૃત્તિ પ્રકાશિત થઈ છે તે બતાવી આપે છે કે તે ગ્રન્થ અભ્યાસીને કેટલો ઉપયોગી સિદ્ધ થયો છે.

**અધ્યાત્મ વિચારણા**

ઈ. સ. ૧૯૫૫માં ગુજરાત વિધાનસભામાં જે વ્યાખ્યાનો આપ્યાં તે 'અધ્યાત્મવિચારણા' નામે પ્રસિદ્ધ થયાં છે. સાધનામાં ભેદ છતાં હિન્દુ, જૈન, બૌદ્ધ એ ત્રણેયમાં આત્માનો પરમપદને પામવાનો માર્ગ તાત્ત્વિક રીતે કેવો એક જ છે, એ વિષયનું પ્રતિપાદન તેમણે પોતાની આગવી ભેદમાં અભેદ દેખતી દૃષ્ટિથી કર્યું છે. આ કોટિનું સમન્વયપ્રધાન બીજું કોઈ પુસ્તક આધ્યાત્મિક વિવેચન સાહિત્યમાં હજી મારા જોવામાં આવ્યું નથી.

**ભારતીય તત્ત્વવિદ્યા**

'ભારતીય તત્ત્વવિદ્યા'નામે પ્રસિદ્ધ પુસ્તક પણ તેમના વડોદરા યુનિવર્સિટીમાં ઈ. સ. ૧૯૫૭માં આપેલ વ્યાખ્યાનોનું જ છે. આમાં જીવ, જગત અને ઈશ્વર વિષે ભારતીય દાર્શનિક વિચારણાનું ઈતિહાસ અને તુલના - એ બન્ને દૃષ્ટિએ સમન્વયપ્રધાન વિવેચન કરવામાં આવ્યું છે. આ પુસ્તક વિષે પણ કહી શકાય કે સમગ્ર ભાવે ઉક્ત ત્રણે ય વિષયની વિવેચના કરતું ભારતીય દાર્શનિક સાહિત્યમાં આ પ્રથમ જ પુસ્તક છે. તેનું એક એક વાક્ય સૂત્રાત્મક છે અને પંડિતજીની સમગ્ર દાર્શનિક વિદ્યા સાધનાનું નવનીત તેમાં મળી રહે છે.

**સમદર્શી આચાર્ય હરિભદ્ર**

પંડિતજીની જીવનદૃષ્ટિ સમન્વયપ્રધાન છે અને તે જ દૃષ્ટિને આગળ કરીને તેમણે જીવનને જ નહીં પણ ધર્મ અને દર્શનને નિહાળ્યાં છે અને એ સમન્વય છે. દૃષ્ટિના પોષક આચાર્ય હરિભદ્ર વિષેના મુંબઈ યુનિવર્સિટીમાં ઈ. સ. ૧૯૫૯માં જે વ્યાખ્યાનો આપ્યાં તે 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' નામે ઈ. સ. ૧૯૬૧માં પ્રસિદ્ધ થયાં છે. આમાં આચાર્ય હરિભદ્રના જીવન અને તેમના સાહિત્યનું મૂલ્યાંકન પંડિતજીએ કર્યું છે.

**દર્શન અને ચિંતન**

તેમણે જે ગુજરાતી - હિન્દીમાં ધર્મ, સમાજ, રાજનીતિ કેળવણી, દર્શન વ્યક્તિ પરિચય, અન્યનાં પુસ્તકોની પ્રસ્તાવના, પોતાના જીવનના પ્રસંગો વિષે લેખો અને વ્યાખ્યાનો આપ્યાં છે તેનો સંગ્રહ ત્રણ ભાગોમાં 'દર્શન અને ચિંતન' નામે થયો છે, જેની પૃષ્ઠસંખ્યા લગભગ ૨૫૦૦ પાનાં જેટલી થાય છે. તેમાં તેમની જીવન અને ધર્મદૃષ્ટિનું સ્પષ્ટદર્શન થાય છે. ઉપરાંત જ્યાં પણ કાંઈક સારું જુએ તો તેનો પુરસ્કાર કરવાની વૃત્તિ, તેમની વસ્તુનું નિરૂપણ કરવામાં તટસ્થવૃત્તિ સાથે જીવનશોધનમાં ઉપયોગી થવાની વૃત્તિ, ઊંડો અભ્યાસ, તેમની પ્રતિભા, સમન્વય પ્રધાનદૃષ્ટિ - આ બધું આ ગ્રંથના પાને પાને ઝળકે છે. એ વિષે અહીં વધારે વિવેચનની જરૂર નથી. પ્રસ્તુતમાં તેમના મુખ્ય મુખ્ય ગ્રન્થો વિષે જ લખવાનું વિચાર્યું હતું. તેથી અન્ય નાની પુસ્તિકાઓ વિષે લખવાનું ઉચિત ધાર્યું નથી.

ઈ. સ. ૧૯૧૭થી તેમની સાહિત્ય લેખન - સાધના શરૂ થઈ તે ઈ. સ. ૧૯૬૦ સુધી તો ધારા પ્રવાહરૂપે બરાબર ચાલી, ત્યાર પછી તેમને મનમાં એક ભય પેદા થયો કે મન ઉપર હવે વધારે પડતો બોજ આપવો નહીં; નહીં તો પરાધીન જેવું જીવન છે. એમાં વળી, માનસિક તાણને લીધે જો લકવા કે એવું કાંઈક થઈ આવે તો જીવન એક બોજરૂપ બની જશે, એટલે લેખન-પ્રવૃત્તિથી ક્રમે કરી વિરત થતા ગયા. મનમાં એમ પણ હતું કે જે પ્રકાર અને જે સ્તરનું અત્યાર સુધી લખાયું છે, તેથી ઊતરતી કોટિનું લખાય એ પણ લાંછનરૂપ બનશે, આથી માત્ર વાંચન તરફ વિશેષ પ્રવૃત્તિ રહી અને લેખન કવચિત અનિવાર્ય સંજોગોએ જ થયું, છતાં તેવા લેખનમાં પણ તેમના જાગ્રત આત્માનાં દર્શન થાય છે જ.

**—દલસુખ માલવણિયા**

# સમદર્શી સમન્વયકાર

પંડિત સુખલાલજીનો દેહવિલય થતાં ગુજરાતે અને ભારતે ભારતીય દર્શનોનો એક મહાન સમન્વયકાર ગુમાવ્યો. જૈન પરંપરાનો અનેકાંતવાદમૂલક નયવાદ, વિવિધ દર્શનિક પરંપરાનું અધ્યયન અને ગાંધીદર્શન — એમને પંડિતજીના જીવનનાં મુખ્ય ઘટક પરિબળો લેખી શકાય.

કેવળ પાંડિત્ય અને બહુશ્રુતતામાં જ તેમની કોટિ પ્રાપ્ત કરનારે પણ મોટી સિદ્ધિ મેળવી ગણાય; પરન્તુ પંડિતજીએ તો પોતે મેળવેલા પરંપરાગત શાસ્ત્રજ્ઞાનને પોતાની સમન્વયદૃષ્ટિથી ઉજ્જવળ બનાવ્યું હતું. આ સંબંધમાં આપણે પંડિતજીની તુલના આઠમી શતાબ્દીમાં થઈ ગયેલા આચાર્ય હરિભદ્રની સાથે સહેજે કરી શકીએ. એક રીતે તો તેમનામાં હરિભદ્રની જ દાર્શનિક દૃષ્ટિનો વર્તમાન યુગ-સંદર્ભમાં પુનરવતાર થયેલો આપણે જોઈ શકીએ. 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' એ નામે પ્રસિદ્ધ થયેલાં પોતાનાં વ્યાખ્યાનોમાં હરિભદ્રનું મૂલ્યાંકન કરતાં પંડિતજીએ કહ્યું છે કે હરિભદ્રે વિવિધ દાર્શનિક પરિભાષાઓના ભેદોને ઉપરછલ્લા ગણી કેટલેક સ્થળે માત્ર શાબ્દિક ભેદ હોવાનું, તો અન્યત્ર નવા અર્થઘટનથી ઐક્ય સધાતું હોવાનું દર્શાવ્યું. હરિભદ્રની વિશેષતા તેની આ સમન્વયકારી અને ઉદાર દૃષ્ટિમાં રહેલી છે.

'પાંડિત્ય, વિદ્યાવ્યાસંગ અને બહુશ્રુતત્વ, એ બધું ઉપયોગી હોવા છતાં જીવનમાં એના કરતાં ય ઉચ્ચતર સ્થાન નિષ્પક્ષ દૃષ્ટિ અને સ્વ કે પર પંથ યા સંપ્રદાયનો ભેદ રાખ્યા સિવાય દરેકમાંથી ગુણ તારવવાની દૃષ્ટિ, તેમ જ પોતાના પંથના ન હોય એવા વિશિષ્ટ વિદ્વાનો અને સાધકો પ્રત્યે સમજદારનું સબહુમાન ધ્યાન ખેંચાય એવી નિરૂપણ શૈલીનું છે. આચાર્ય હરિભદ્રમાં આ વિશેષતાઓ જેટલા પ્રમાણમાં અને જેટલી સ્પષ્ટતાથી નજરે ચડે છે, તેટલા પ્રમાણમાં અને તેટલી સ્પષ્ટતાથી બીજા કોઈ ભારતીય વિદ્વાનમાં પ્રગટ થઈ હોય તો એ એક શોધનો વિષય છે." — હરિભદ્ર માટે પંડિતજીએ ઉચ્ચારેલા આ શબ્દો એમને પોતાને પણ પૂરેપૂરા લાગુ પડે છે. હરિભદ્રના 'ષડ્-દર્શન સમુચ્ચય', 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય', 'યોગદૃષ્ટિ સમુચ્ચય' અને 'યોગબિન્દુ' જેવા ગ્રન્થોને તપાસીને પંડિતજીએ હરિભદ્રમાં તત્ત્વ- સમન્વયની જે ઉદાર દૃષ્ટિ હોવાનું, પ્રતિપાદન કર્યું છે, તેવું જ પ્રતિ-પાદન આપણે પંડિતજીના 'અધ્યાત્મ વિચારણા', 'ભારતીય તત્ત્વવિદ્યા', 'દર્શન અને ચિંતન' જેવા ગ્રન્થોમાં રજૂ થયેલી વિચારણાને આધારે કરી શકીએ.

પંડિતજીની પોતાના સમકાલિન જીવન અને સમાજના પ્રશ્નો પરત્વેની સતત જાગૃતિ અને આચારવિચારની એકતા—એ વિષયમાં તેમના પર મહાત્મા ગાંધીના આચારવિચારનો ઊંડો પ્રભાવ રહેલો છે અને ગાંધીદર્શનમાં પણ ઈશુ ખ્રિસ્ત, તોલ્સ્તોય, રૂસો વગેરે પાશ્ચાત્ય વિચારકોની વિચારધારાઓનો અને જૈન, વૈદિક વગેરે પૌર્વાત્ય વિચાર-ધારાઓનો જે સમન્વય સધાયો છે — સત્ય અને અહિંસાનાં તત્ત્વોના પાયા પર સર્વ ધર્મોના સાર પ્રત્યે જે સમભાવની દૃષ્ટિ રહેલી છે તેને કારણે તે પંડિતજીની દૃષ્ટિ અને પ્રકૃતિને પથ્ય, હિતકર અને સ્વીકાર્ય પ્રતીત થાય તે સહેજે સમજી શકાય છે.

શાસ્ત્રીય પરંપરા પ્રમાણે પરિશીલન કરવાથી પ્રાપ્ત થતું પ્રાચીન ગ્રન્થોનું ઊંડું, સૂક્ષ્મ અને સંગીન જ્ઞાન અને તેની સાથે આધુનિક ઐતિહાસિક, તુલનાત્મક અને આલોચક દૃષ્ટિ — એવો જે સુયોગ પંડિતજીએ ચક્ષુહીનતાની અત્યંત વિકટ પરિસ્થિતિમાં પણ, પુરુષાર્થબળે, સિદ્ધ કર્યો હતો. તેવો સુયોગ વિદ્યાક્ષેત્રે આપણે ત્યાં વિરલ થતો જાય છે એ હકીકત આપણા આ પ્રસંગના વિષાદને વધુ ઘેરો બનાવે છે.

**—હરિવલ્લભ ભાયાણી**

# પૂર્ણપ્રજ્ઞ પંડિત સુખલાલજી

પૂજ્ય પંડિત સુખલાલજી વિશે કશું લખવું એ સાહસ કરવા બરાબર છે. કારણ કે તેમનું વ્યકિતત્વ એટલું પૂર્ણ અને સકલ હતું કે જે કંઈ લખો એ અધૂરું જ હોવાનું.

૧૯૪૯માં હું પીએચ.ડી. માટે મારું નામ રજિસ્ટર કરાવવાને માટે ભો. જે. વિદ્યાભવનના એ વખતના અધ્યક્ષ અને જાણીતા વિદ્વદ્‌વર્ય મુ. શ્રી રસિકલાલ પરીખને મળી, તેમનો ખાસ આગ્રહ હતો કે મારે પંડિતજીને મળવું – મેં જોયું છે કે કોઈ પણ વિદ્યાકીય પ્રવૃત્તિમાં પૂ. પંડિતજીના આશીર્વાદ વિના મુ. રસિકભાઈ આગળ વધતા નહિ અને થોડા દિવસ ઉપર જ મને કહેતા હતા કે હવે શૂન્યતા ભાસે છે! મુ. રસિકભાઈની ઈચ્છાને માન આપીને હું પંડિતજીને મળવા ગઈ. પંડિતજીનો વિદ્યાપ્રેમ, તેમનું સૌજન્ય, તેમની ઝીણી ઝીણી વાત અંગેની કાળજી અને સૌથી વિશેષ તેમની સહૃદયતા એ બધું જોઈને મારી સામે એક પૂર્ણપ્રજ્ઞ મનીષીની મૂર્તિ ઊભી થઈ અને મુ. રસિકભાઈના આગ્રહની સાર્થકતા મને સમજાઈ પ્રતિકૂળ સંજોગોને કારણે બે–અઢી વર્ષ સુધી સંશોધન કાર્યમાં ખાસ પ્રગતિ થઈ નહિ. પછી કામ જોશભેર ઉપાડયું ત્યારે મને પંડિતજીની અધ્યાપન - પદ્ધતિ અને કાર્ય - પદ્ધતિનો ખ્યાલ આવ્યો.

કોઈ પણ વિષયની ચર્ચા ચાલતી હોય તો તેને વિષે ભિન્ન ભિન્ન દર્શનના શા અભિપ્રાયો છે, તેનું સમગ્રતયા અવલોકન થવું જ જોઈએ અને તેને માટે તે દર્શનના મૂળ ગ્રંથો, તેમના પરની મહત્ત્વની બધી જ ટીકા વગેરે જોવાં જોઈએ અને એ અંગે વિદ્વાનોયે કશું લખ્યું હોય તો તે પણ જાણવું જોઈએ એવું તેમનું દૃઢ મંતવ્ય જેનું તેઓ પાલન કરે અને કરાવે. ચક્ષુરિન્દ્રિયનો સાથ ન હોવા છતાં પંડિતજીએ આટલું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કર્યું હશે એ કલ્પના ધ્રૂજાવી મૂકતી અને સ્મરણ - શકિત તો કેવી! વ્યાકરણના સૂત્રો સમેત ઘણુંખરું મોઢે ટાંકે; લગભગ બધું તેમને હસ્તામલકવત્ અને છતાં બીજાને પરાસ્ત કરી દે તેવી સભાનતા નહીં. પોતે અન્ય મહાનુભાવો પાસેથી શો બોધપાઠ લીધો એ સાભાર યાદ કરે અને એ રીતે જાણ્યે - અજાણ્યે તેમના શિષ્યોને તેમની પાસેથી પ્રેરણા મળતી રહે.

પંડિતજીનાં સન્મતિતર્ક પ્રકરણ અને તેના પરની તત્ત્વબોધ-વિધાયિની ટીકા અને એવા બીજા ગ્રંથોનાં સંપાદન જોઈએ તો તેમની અધ્યયન પદ્ધતિનો ખ્યાલ તરત જ આવે છે અને તેમણે એ કાર્ય પાછળ કેટલો શ્રમ લીધો હશે તેની માત્ર કલ્પના જ કરવાની રહે. અનેક હસ્તપ્રતોમાંથી પાઠો બીજા વાંચે, એ સર્વ મનમાં સંગ્રહ રાખી, છેલ્લે શુધ્ધ પાઠ નકકી કરવો એ ભગીરથ કામ પંડિતજીએ અનેક વાર કર્યું. તેમને જોનારા થાકી જાય પણ પંડિતજી ન થાકે. કોઈ પણ દર્શનશાસ્ત્રના ગ્રંથની ચર્ચા ચાલતી હોય તો તેમાં જે અન્ય મતો દર્શાવ્યા હોય તે કયા દર્શનના છે એ પહેલાં તારવવું, જેથી ચર્ચાની સાચી જ સમજ પ્રાપ્ત થાય; અન્ય પક્ષનું ખંડન કર્યા પછી લેખક પોતાના વિચારો રજૂ કરવાની શરૂઆત કરે ત્યાં પણ એને મળતું વાકય કે મળતો વિચાર કયા પૂર્વગામી લેખકના લખાણમાં મળી આવે છે એની નોંધ કરવી જેથી લેખકનું પોતાનું મૌલિક કેટલું છે અને એની પાછળનું પ્રેરકબળ કયું છે તે તરત જ પકડાય - આ પૂ. પંડિતજીની અધ્યયન - અધ્યાપન - સંપાદન સંશોધનની પદ્ધતિ જે ઘણા રૂઢિચુસ્તોને ન પણ ગમી હોય.

પંડિતજી સમય અને કામની બાબતમાં ખૂબ ચોકકસ પણ તેમને પૂરી કસોટી કર્યા પછી ખાતરી થઈ જાય કે વિદ્યાર્થી નિષ્ઠાપૂર્વક કામ કરે છે કે તરત વિદ્યાર્થી પર તેમનું વાત્સલ્ય વરસી પડે અને તેના પર વધારે બોજ પડતો લાગે તો બતાવે નહિ પણ થોડું દર્દ તેમને જરૂર થાય. એક વાર યોગવાસિષ્ઠના એક સંદર્ભસ્થાન માટે પૂરા યોગવાસિષ્ઠની મારે યાત્રા કરવી પડેલી ત્યારે તેમના મુખ પર કરુણા છવાઈ ગયેલી જોઈ મારો થાક ઊતરી ગયો.

હું જેટલા દિવસ પંડિતજી પાસે વાંચવા જતી તેટલા દિવસ બપોરની ચા તેમની સાથે લેવાની હોય. થોડું વાંચું, પછી ચા થાય, ચા - બિસ્કીટ લઈ ફરી વાંચવા લાગીએ - સાંજ સુધી. આદિમાં અને અંતમાં બે - પાંચ મિનિટ કુશલ સમાચાર પૂછે, દરરોજનું કામ કેમ ચાલે છે, રસોઈનું આયોજન કેવી રીતે થાય છે, પિતાજી, બેન મજામાં છે, વગેરે વાતો ખૂબ સહાનુભૂતિપૂર્વક પૂછે અને યોગ્ય સલાહ આપે. પણ વાંચવાની શરૂઆત થાય એટલે વિદ્યા - યાત્રા જ હોય, વચ્ચે બીજું કશું ન આવે; ટપાલ આવે તો પણ બાજુએ રાખી દે.

પંડિતજીની પાસે અનેક ક્ષેત્રના માણસો આવતા જોયા છે. સૌની સાથે પંડિતજી એટલા જ રસથી વાત કરે; તેમના ક્ષેત્રની ઝીણી ઝીણી વિગતો જિજ્ઞાસુભાવે પૂછે. કોણ ખરેખર કર્તવ્યનિષ્ઠ છે અને કોણ માત્ર દેખાવ કરે છે તેનો વિવેક પંડિતજી અદ્‌ભુત રીતે કરી શકતા. એક વાર શિષ્ય ભાવે સ્વીકાર્યા પછી સ્નેહદષ્ટિથી જ જુએ, પરિક્ષકની દષ્ટિએ નહિ અને કેટલાકે પંડિતજીને ગુરુ માનીને, તેનો લાભ પણ લીધો હશે. કોઈ કોઈ તો પોતાનું સરનામું આપવાનું હોય તો 'C/o. પંડિત સુખલાલજી સંઘવી' એમ આપતા એ હું જાણું છું. આથી બહાર છાપ સારી પડે અને એ વ્યકિત વિશ્વસનીય મનાય એવી ધારણા હશે. પણ પંડિતજીએ આવી નાની વાતો વિષે વિચાર કરી કયારેય મન બગાડયું નહિ. જો માણસ પોતે હાથે ધરેલું કામ કરતો હોય તો એ મારી તબિયતની કાળજી રાખે છે કે નહિ, મારે માટે કશું પણ કરે છે કે નહિ વગેરે નાના વિચાર પંડિતજીને કોઈ વાર આવે નહિ. હા, શિષ્યનો સાચો સ્નેહ મળે તો પંડિતજીનું હૈયું પણ માતાના હૈયાની જેમ રાજી રાજી થઈ જતું, એ સ્પષ્ટ જોઈ શકાતું. કયા માનવનું ન થાય!

પંડિતજી પોતાના સાથીઓ અને પરિચારકોની ખાસ કાળજી રાખતા. તેમની સંભાળ લેનાર ભાઈ સરજુ સાથેનો તેમનો વ્યવહાર જોવાની ખૂબ મજા આવતી. સાંજ પડે એટલે ફરવા જતી વખતે સરજુ કહે - પંડિતજી, કપડે બદલ લો. પંડિતજી કહે - ચલેંગે. સરજુ ખોટો ગુસ્સો કરે - ચલેંગે કૈસે, ઘૂમને જાતે વકત બદલને ચાહિયે, ચલો પહન લો. અને પંડિતજી હસતાં હસતાં કપડાં બદલી લે. જમવાની બાબતમાં પણ મોતીબેન અને સરજુની મીઠી ધમકીથી ખાતા મેં જોયા છે, અને એ બાબતમાં મેં પણ ઘણો હઠ કર્યો છે. પંડિતજી ઓછું જમવાના મતના - કામ વધારે થાય માટે અને આરોગ્ય બગડવાની બ્હીકે - અને તેમની આજુબાજુનાં સૌની એ જ ચિંતા હોય કે પંડિતજી થોડું વધારે ખાય. એ સ્નેહ-કલહ સૌને તરબોળ કરી દેતો. પોતાના અંતેવાસીઓને કોઈના તરફથી ત્રાસ થતો હોય તો પંડિતજી એ સહી શકતા નહિ અને ત્યારે ગુસ્સો પણ કરતા. કોઈનું સ્વાસ્થ્ય બગડયું હોય તો પણ પંડિતજીને ચેન પડે નહિ અને એટલે જ તેમના કર્તવ્યનિષ્ઠ અંતેવાસીઓ ખાસ ધ્યાન રાખતા અને પોતાને તાવ કે એવી કોઈ અસ્વસ્થતા હોય તો જરા સારું થયું ન થયું ને પંડિતજી પાસે પહોંચી જતા, જેથી તેમની ચિંતા ઓછી થાય.

બાહ્ય ચક્ષુ ગયાં પણ પંડિતજીની અન્ય શકિતઓ અજબ રીતે ખીલી હતી. કોઈ તેમના સરિતકુંજના વરંડામાં દાખલ થાય કે તેમને પગલાં પરથી ખ્યાલ આવે કે કોણ આવ્યું છે અને એ વાત સાચી જ હોય. કોઈ વાર પૂછે કે સાથે કોણ છે અને સાથે કોઈ હોય જ. મહિનાઓ પછી કોઈ મળે તો પણ અવાજ પરથી તરત ઓળખે. તા. ૨જી માર્ચ ૧૯૭૮ના રોજ રાતે આઠ વાગ્યે છેલ્લો શ્વાસ લીધો; એ જ સાંજે ચાર વાગ્યે હું દવાખાનામાં ગઈ અને થોડા વખત પછી મન મજબૂત કરીને તેમની પાસે જઈને બોલાવ્યા. તો હંમેશની જેમ તરત ઓળખી ગયા અને સ્નેહાર્દ્ર થઈ ગયા. એ દશ્ય કદી ભુલાશે નહિ. મારું સદ્‌ભાગ્ય માનું છું કે હું ત્યારે જઈ શકી. એ તેમનાં છેલ્લાં દર્શન હતાં, જેમાં મેં પંડિતજીને શારીરિક પીડા અનુભવતા જોયા પણ કોઈ રીતે શકિતશૂન્ય ન જોયા સારું થયું. પંડિતજીના એ દર્શનની છાપ ચિત્ત પર સદા અંકિત રહેશે. અફસોસ એ જ કે પંડિતજીના અગાધ જ્ઞાન અને મૃદુ વાત્સલ્યનો વધારે લહાવો અનેક કામોમાં અટવાયેલી એવી હું લઈ ન શકી પણ જે મળ્યું તે શેષ જીવનપંથના અંત સુધી પાથેય બની રહેશે અને પ્રેરણા આપતું રહેશે એમ માનું છું.

**એસ્તેર સોલોમન**

# પંડિત સુખલાલજીની સાથે સાથે

મારો અને પંડિતજીનો સમાગમ બનારસમાં શરૂ થયેલો. તેઓ બનારસમાં સ્થપાયેલ શ્રી યશોવિજય સંસ્કૃત પાઠશાળામાં ભણવા આવેલા અને હું પણ તે જ પાઠશાળામાં ભણવા ગયેલો. સં. ૧૯૬૪ની સાલમાં પંડિતજી બનારસ પહોંચી ગયા હતા અને ત્યાર પછી છ-આઠ મહિને હું પણ બનારસ પહોંચી ગયો હતો. બનારસ પહોંચ્યા પહેલાં પંડિતજી તો સારસ્વત સંસ્કૃત વ્યાકરણ પોતાના વતનમાં જ શીખેલા એટલે તેઓ સંસ્કૃતભાષાથી અને સંસ્કૃતના શુદ્ધ ઉચ્ચારણોથી ઠીક ઠીક પરિચિત હતા એમ મને યાદ છે. ત્યાં સુધી હું તો માત્ર છ ગુજરાતી ભણેલો અને સંસ્કૃત ભાષાથી કે તેના શબ્દોના શુદ્ધ ઉચ્ચારણથી ઘણો ઓછો પરિચિત હતો, એટલે મારે સંસ્કૃત વ્યાકરણ શીખતાં પહેલાં તે ભાષાના શબ્દોનાં શુદ્ધ ઉચ્ચારણોનો અભ્યાસ કરવો પડેલો. મારા ગોહિલવાડી ઉચ્ચારણો 'શ'નો 'ચ' અથવા 'સ'નો 'ચ' એવાં થતાં અને એ મારાં ઉચ્ચારણોને ઠીક કરતાં મને ઠીક ઠીક સમય લાગેલો.

બનારસમાં ચોખંબા પાસેની ઠઠેરી ગલીમાં નંદન સાહુ મહોલ્લો છે, તેમાં પેસતાં જ પાઠશાળાનું મોટું આલીશાન ત્રણેક માળાનું મકાન આવેલ છે. એ મકાન અંગ્રેજી કોઠીને નામે પ્રસિદ્ધ થયેલું છે. તેમાં પંડિતજી પાછલા ભાગની રૂમમાં રહેતા અને પાઠશાળાએ તેમને માટે એક સારા ભણેલા-ગણેલા માણસને રીડર તરીકે આપેલો. એ રીડર દ્વારા પંડિતજી પોતાના પાઠને કંઠસ્થ કરી લેતા અને સતત એ કંઠસ્થ કરેલા પાઠનું ચિંતન કર્યા કરતા. અમે બન્ને એક જ મકાનમાં રહેતા અને પં૦ હરિનારાયણ ત્રિપાઠી પાસે ભણતા પણ અમારો બન્નેનો પોતપોતાના પાઠની તૈયારીમાં એટલો બધો વખત ચાલ્યો જતો, જેથી ઘણાં વરસો સુધી બનારસમાં સાથે રહેવા છતાં વાતચીત કરવાનો કે વાર્તા–વિનોદ કરવાનો અમને વખત મળ્યો હોય એવું મને સ્મરણ નથી.

પાઠશાળામાં એક એવો નિયમ હતો કે સવારના પહોરમાં પોતપોતાનો પાઠ તૈયાર કરવાની શરૂઆત કરતાં પહેલાં તમામ વિદ્યાર્થીઓને ગુરુવંદન કરવા માટે જ્યાં પાઠશાળાના સ્થાપક શ્રી ધર્મવિજયજી (પાછળથી શાસ્ત્ર વિશારદ જૈનાચાર્યશ્રી વિજયધર્મસૂરિ) બેસતા ત્યાં સમૂહરૂપે જવું પડતું. તે વખતે પં. સુખલાલજીભાઈ પણ આવતા અને તે જ વખતે એમનાં દર્શન થતાં, પછી સ્નાન અને ભોજન વખતે પણ તેમનાં દર્શન થતાં પણ અમારા બન્ને વચ્ચે કોઈ વિશેષ વાતચીત થઈ હોય તેવું મને સ્મરણ નથી.

પાઠશાળામાં તેઓ સૌથી મોટા વિદ્યાર્થી હતા અને 'અઢાર હજારી'ને નામે પ્રસિદ્ધ એવું આચાર્ય હેમચન્દ્રરચિત સિદ્ધહેમશબ્દાનુશાસન નામનું વ્યાકરણ ભણતા, જ્યારે હું તો ઘણો નાનો વિદ્યાર્થી અને પંડિતજી જે વ્યાકરણ ભણતા તે જ વ્યાકરણની છ હજાર શ્લોક પ્રમાણવાળી લઘુવૃત્તિ ભણતો, આમ અમારા વચ્ચે ભણતરનું મોટું અંતર હોવાથી પણ વાતચીતનો પ્રસંગ ઊભો થતો નહીં. એવું ઝાંખું ઝાંખું યાદ આવે છે કે કોઈ વાર હું તેમની રહેવાની રૂમમાં અચાનક જઈ ચડયો હોઉં અને તેમનો રીડર આઘો પાછો, ગયો હોય અથવા આવેલ ન હોય તો તેઓ મારી પાસે તેમની ટપાલના કાગળ વંચાવતા ખરા, પણ આ સિવાય બીજી કોઈ આલતુ-ફાલતુ અને નાના વિદ્યાર્થીઓને સુલભ વિનોદપ્રમોદ જનક વાતો ભાગ્યે જ કરતા. મને લાગે છે કે તેઓ ભણવાના રસમાં એટલા બધા નિષ્ઠ રહેતા કે પોતાનો બધો જ સમય વિદ્યામાતાની સેવામાં જ ગાળતા.

જ્યાં અમારી પાઠશાળા હતી ત્યાં નજીકમાં જ મગન હલવાઈની એક દુકાન હતી. તે રોજ તાજી તાજી મીઠાઈ બનાવતો. અમે સરખેસરખા વિદ્યાર્થીઓ ત્યાંથી કોઈ કોઈ વાર રસગુલ્લાં કે ગુલાબજાંબુ કે પેંડા મગાવીને સવારના સાથે બેસીને જ્યારે પડવાની રજા હોય ત્યારે નાસ્તો કરવાની મોજ માણતા પણ ભાઈ સુખલાલજીને મેં એ રીતે નાસ્તો કરતા ભાગ્યે જ જોયેલા. આનો અર્થ એ નથી કે તેઓ નાસ્તો નહીં જ કરતા હોય. પણ અમારા સમૂહમાં બેસીને તેઓ તેમ કરતા નહીં.

અમને દરેક વિદ્યાર્થીને વાપરવા માટે દરમાસે બાર આના મળતા, તેમાંથી અમે ઘરે ખુશીખબરના કાગળો લખતા અને ઉપર પ્રમાણેનો નાસ્તો કરતા.

ભણતાં ભણતાં જ્યારે મારી પ્રતિષ્ઠા વિશિષ્ટ વિદ્યાર્થીની ગણતરીમાં આવવા જેટલી વધી ત્યારે મને પાઠશાળામાં તેના સ્થાપકે માસિક દશ રૂપિયાની છાત્રવૃત્તિ આપવાની વાત કરેલી પણ તે લેવાનો મેં ઈનકાર કરેલો. જ્યારે પાઠશાળા મારે માટે ખાવાપીવાની વ્યવસ્થા કરે છે ત્યારે મારે દશ રૂપિયાની છાત્રવૃત્તિ શા માટે લેવી જોઈએ. એ વિચારથી મેં લેવાની ના પાડેલી પણ બીજા વિદ્યાર્થીઓએ તેવી છાત્રવૃત્તિ લીધેલી ખરી અને ત્યાં અમારી સાથે નિત્ય રહેતા બીજા મુનિઓની સેવા માટે તે છાત્રવૃત્તિ વાપરવાના ઉદ્દેશથી લીધેલી પણ આવા પ્રસંગે પણ ભાઈ સુખલાલજી તેવી વાતોમાં કદી ભળતા નહીં અને એકમાત્ર વિદ્યાની સાધનામાં જ તલ્લીન રહ્યા કરતા

જ્યારે પાઠશાળા છોડીને પાઠશાળાના સ્થાપક કલકત્તા તરફ વિહાર કરવાની તૈયારીમાં હતા ત્યારે અમે પંદરવીસ વિદ્યાર્થીઓ તેમની સાથે જ જવા તૈયાર થયેલા પણ તેમાં ભાઈ સુખલાલજીએ ખાસ રસ નહીં બતાવેલો. એક એવો પણ વખત આવેલો કે ભાઈ સુખલાલજી તથા તેમના મિત્ર વિદ્યાર્થી વ્રજલાલજી પાઠશાળા છોડી ગયેલા અને કાશીમાં જ જૈનતીર્થ ભદૈનીમાં જૈન ધર્મશાળામાં રહેલા અને ત્યાં જ પોતાના અભ્યાસની વ્યવસ્થા કરેલી; પણ આમ શાથી થયું તે વિષે આજ પણ મેં કાંઈ જાણ્યું નથી. તે જ અરસામાં પાઠશાળામાં રહીને અભ્યાસ કરતા ત્રણ મુનિરાજો પણ પાઠશાળામાંથી નાસી ગયેલા અને રેલમાં બેસીને ગુજરાતમાં પહોંચી ગયેલા. આ હકીકતની પાછળ પણ શું કારણ હતું તે પણ આજ સુધી મારા જાણવામાં આવ્યું નથી. માત્ર ભણવું, ભણવું ને ભણવું જ - એ જાતની અમારી પરિસ્થિતિ હતી.

જ્યારે અમે કલકત્તા તરફ વિહારમાં હતા ત્યારે પણ ભાઈ સુખલાલજી અમારી સાથે વિહારમાં આવેલા અને તે વખતે અમે બન્ને સાથે વિહાર કરતા અને ચાલતાં ચાલતાં આચાર્ય હેમચન્દ્રનો અભિધાન ચિંતામણી નામનો કોષ કંઠસ્થ કરતા. ભાઈ સુખલાલજી લાંબો વખત વિહારમાં સાથે નહીં રહેલા પણ જેટલો સમય સાથે રહેલા તેટલો સમય તો તેઓ અને હું સાથે જ વિહારનો રસ્તો કાપતા અને કોષના શ્લોકો મોઢે કરતા. આ વખતે પણ ભાઈ સુખલાલજીએ પાઠશાળાથી છૂટા પડીને બીજે સ્થાને રહી અભ્યાસ કરવાની પોતાની વાત મને કરેલી નહીં. અમે તો માત્ર કોષને કંઠસ્થ કરવામાં જ તરબોળ હતા. પછી તો એ બનારસમાં આવી જુદા જ રહેવા લાગ્યા.

આ વખતે જ થોડો સમજણો થયો અને વિદ્યાર્થીઓમાં મારું એક સ્થાન પણ થયું, છતાં મને અને સુખલાલજીને વિદ્યાના રસ સિવાય બીજી કોઈ બાબતમાં પંચાત વળગેલી જ નહીં. જો કે હું પાઠશાળાના સ્થાપકનો ખાસ અંગત માણસ જેવો વિદ્યાર્થી હતો પણ મને તો તે અંગતતા પણ વિદ્યાના અભ્યાસ પાસે ઘણી તુચ્છ લાગતી. આમ પછી તો હું અને સુખલાલજી તદ્દન વિખૂટા પડી ગયા, છતાંય મને તો વિદ્યાનો રસ એટલો હતો કે તેણે સરસ્વતીની સેવામાં જ ડૂબાડી દીધેલો. પછી તો હું સંસ્કૃત કવિતા કરતાં પણ શીખી ગયેલો અને પાઠશાળાની પ્રતિષ્ઠા વધારવામાં પણ પ્રસંગે પ્રસંગે મારો ઉપયોગ થતો.

હું પાઠશાળામાં અને સુખલાલજી તો મિથિલામાં જઈ ન્યાયશાસ્ત્ર વગેરેનો અભ્યાસ વધારવામાં પડેલા અને અમારા પાઠશાળાના સ્થાપકે ગુજરાત તરફ આવવા વિહાર કરવાની યોજના કરી. આ દરમિયાન મેં ન્યાયતીર્થ અને વ્યાકરણતીર્થની પરીક્ષાઓ આપી દીધી હતી અને યશોવિજયજી જૈન ગ્રન્થમાળા નામનું સો પાનાનું માસિક કાઢવાની પ્રવૃત્તિ શરૂ કરી હતી. શ્રી પૂંજાભાઈએ આગમ પ્રકાશનની યોજનામાં જોડાવા માટે પાઠશાળાના સ્થાપક પાસે યોગ્ય વિદ્વાનની માગણી કરી હતી. તેમાં જોડાવા માટે મારી ઈચ્છા હતી પણ સ્થાપકે મને પ્રોત્સાહન આપ્યું ન હતું; જ્યારે અમે ગુજરાત

તરફ વિહાર કર્યો ત્યારે મારી ઈચ્છા મેં પુન: જણાવી અને આગ્રહ પણ કર્યો, છતાં મંજૂરી મળી નહીં.

આ દરમિયાન પંડિત સુખલાલજી આગ્રાના આત્માનંદ પુસ્તક પ્રચારક મંડળના પ્રકાશન કાર્યમાં જોડાઈ ગયા હતા. અમારો સંઘ વિહાર કરી જોધપુર આવ્યો ત્યાં જૈન સાહિત્ય સંમેલનની યોજના થઈ. તેમાં ડૉ. યાકોબીએ પણ હાજરી આપેલી. અમારો સંઘ શિવગંજ પહોંચ્યો ત્યાં અમદાવાદથી શેઠ પૂંજાભાઈ તથા શ્રી મનસુખભાઈ રવજીભાઈ પણ આવી પહોંચ્યા અને તેમનો ઉદ્દેશ મને આગમ કામ માટે લઈ જવાનો હતો. આ દરમિયાન પં. સુખલાલજી આગ્રા છોડી અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાં જોડાઈ ગયા હતા. આ વખતે વિદ્યાપીઠ આજના જવાહર પુલ પાસેના ભુલાભાઈના મકાનમાં ચાલતી હતી. અને મારે ભાગે મુંબઈમાં ધનજી સ્ટ્રીટમાં આગમનું કાર્ય કરવાનું આવ્યું હતું, એટલે મેં ભગવતી સૂત્રના અનુવાદનું કાર્ય શરૂ કર્યું હતું, આમ અમે બન્ને ભિન્ન ભિન્ન સ્થળે પોતપોતાનું કાર્ય કરતા હતા પણ પંડિતજીએ મારા યશોવિજય ગ્રન્થમાળાના કામને જોયેલું એટલે એમણે સન્મતિતર્કના કામમાં મને સહકારરૂપે લેવાનું ઉચિત માન્યું અને તેમણે મને બોલાવી લીધો અને અમારું બન્નેનું સન્માતિતર્કના સંપાદનનું કામ દાંડીકચ ગાંધીજીએ શરૂ કરી ત્યાં સુધી બરાબર ચાલ્યું. એ કાળે ગુજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરમાં ભાઈ રસિકલાલ પરીખ મંત્રી તરીકે હતા અને આ ધર્મા-નન્દ કોસંબી અધ્યાપક તરીકે અને મુનિ જિનવિજયજી પુરાતત્ત્વના આચાર્ય તરીકે હતા. આ સિવાય તે કાળે પ્રો. આથવલે, પ્રો હરિ-નારાયણ આચાર્ય આદિ પણ મહાવિદ્યાલયમાં હતા.

આમ સં. ૧૯૬૪ થી પં. સુખલાલજી સાથે મારો સ્નેહપૂર્ણ પરિચય રહ્યો તે દરમિયાન મેં તેમને ક્યારેય અણગમાથી અકળાયેલ, ધમધમાયેલ જોયા નથી. પોતાનું કામ ભલું અને પોતે ભલા એ તેમની મુખ્ય નીતિ રહેતી. વચ્ચે વચ્ચે અમે અમદાવાદમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા શરૂ કરેલી તેમાં તેમની સલાહ અને સૂચન મુજબ વ્યાખ્યાનો ગોઠવાતાં. પહેલું જ વ્યાખ્યાન બ્રહ્મક્ષત્રીય સોસાયટીના ૪૪ નબરના મારા રહેવાના મકાનમાં જ થયેલું અને ત્યારબાદ તે વ્યાખ્યાનમાળા શહેરમાં પ્રેમાભાઈ હોલમાં જાહેરમાં યોજવામાં આવતી.

મારા મુંબઈ માંગરોળ સભાના આશ્રયે થયેલ 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' વિષે વ્યાખ્યાનનો જૈન સમાજમાં ભારે વિરોધનો વંટોળ જાગેલ. એ સમયે મને પં. સુખલાલજીએ કેટલીક સમયાનુકૂળ ઉપયોગી સૂચનાઓ આપેલી. તે વખતે મને પંડિતજી નરમપક્ષના લાગેલા, પણ ચાલુ અનુચિત રૂઢિઓ તોડવાના પ્રયત્ન માટે ઉગ્ર મનોવૃત્તિવાળા નહીં જણાયેલા.

પંડિતજીની લાગવગ આચાર્ય શ્રી વલ્લભસૂરિના સમુદાયમાં સારી એવી હતી અને તેથી જ તેઓ મુનિરાજશ્રી પુણ્યવિજયજીના આધ્યાપક પણ થયેલા અને આથી તેઓ શ્રી જિનવિજયજીના પણ વિશેષ પરિચયમાં આવેલા. શ્રી જિનવિજયજી પુરાતત્ત્વ મંદિરના આચાર્યપદે આવેલા એમાં પંડિતજીનાં સલાહ-સૂચન વિશેષ ઉપયોગી થયેલાં.

એ વખતની એક વાત નોંધવા જેવી છે: અમદાવાદના શેઠ ભોગીભાઈ દોશીવાડાની પોળમાં રહેતા અને પંડિતજીના ખાસ મિત્ર હતા. તેમણે જ્યારે જાણ્યું કે હું પંડિતજીના સહકારમાં કામ કરું છું ત્યારે પંડિતજીને કહ્યું - શું ભલા તમેંય એવા નાસ્તિક સાથે કામ પાડો છો? પંડિતજીએ તેમને જવાબમાં કહ્યું કે આ સામે બેઠેલા બેચરદાસજીને તમે એકવાર મળી લો પછી વાત કરીએ. તેઓ મારી પાસે આવ્યા. મેં તેમને સત્કાર્યા અને શાસ્ત્રીય વાતો થઈ અનેં ત્યારથી ભોગીલાલ શેઠ મારા પરમમિત્ર બની ગયા.

– બેચરદાસ દોશી

# પૂજ્ય પંડિતજીનો આંતરવૈભવ

પૂજ્ય પંડિતવર્ય શ્રી સુખલાલજી અકિંચન હતા અને અકિંચન-પણાનો એમણે જીવનને વિશુદ્ધ બનાવવાની સાધનાના એક મહત્ત્વના અંગ તરીકે, સમજપૂર્વક, સ્વીકાર કર્યો હતો. નહીં તો, એમનું જ્ઞાન એવું અસાધારણ કોટિનું હતું અને એમને અધ્યાપન - સંશોધન કરવાનાં સ્થાન અને કામ પણ એવાં મોટાં મળતાં રહ્યાં હતાં કે જેથી તેઓ ધારત તો, ઘણું ધન કમાઈ શકયા હોત પણ ધનને તેઓએ કેવળ જીવનનિર્વાહના સાધનરૂપે જ માન્યું હતું, નહીં કે જીવનના એક ધ્યેયરૂપે, તેથી જ તેઓને અનેક ધનપતિઓ સાથે નિકટનો પરિચય હોવા છતાં કયારેય તેઓ ધનની લાલચમાં સપડાયા હોય એવું બન્યું ન હતું અને છતાં ધનવાનો સાથેનો એમનો વ્યવહાર એવો મીઠો અને વિવેકભર્યો હતો કે જેથી ક્યારેય કોઈ શ્રીમાનને એમ ન લાગે કે પંડિતજી એમના પ્રત્યે અવમાનનાનો લેશ પણ ભાવ ધરાવે છે. એમના જીવનમાં કોઈક વિરલ પ્રસંગ એવા પણ બન્યા હતા કે જ્યારે પોતા પ્રત્યે મમતા અને આદરની લાગણી ધરાવતી શ્રીમંત વ્યકિતનું મન ન દુભાય એટલા માટે પંડિતજીએ એની સહાયનો, પૂરા સંકોચ સાથે, સ્વીકાર કર્યો હોય પંડિતજીનું જીવન જોતાં એમ જ લાગે છે કે ધર્મના પાયારૂપ આર્થિક પ્રામા-ણિકતા અને એક જીવનસાધક સંતપુરુષને માટે જરૂરી એવાં અકિંચન ભાવ અને અર્થ પ્રત્યેની અનાસકિત એમના સમગ્ર વ્યવહાર સાથે એકરૂપ બની ગયાં હતાં.

ધન પ્રત્યેની આવી અકિંચન ભાવની દૃષ્ટિ કેળવવાની સાથે શારીરિક શકિતની બાબતમાં પણ તેઓ પૂરા જાગ્રત હતા. શરીર તંદુરસ્ત અને સશકત હોવું જોઈએ એમ તો પંડિતજી માનતા જ હતા અને બીજાઓને શરીરને નિરોગી અને તાકાતવાન બનાવવાની ભલામણ પણ કરતા હતા, તેમ જ પોતાના અનુભવ અને વાચન-અવલોકનના આધારે એ માટે માર્ગદર્શન પણ આપતા હતા અને છતાં પોતાની શરીરની શક્તિ, સંયમ - પાલનમાં હરકત આવે કે ચિત્તમાં ઉન્માદ જાગે, એટલી હદે વધી ન જાય એ માટે તેઓ હમેશાં સાવધાન રહેતા હતા. એમની સાથેના સહવાસથી મારા મન ઉપર કંઈક એવી છાપ પડી છે કે તેઓ પોતાની અખંડ જ્ઞાનોપાસના માટે જરૂરી એવી શારીરિક શકિત, ખાન - પાન અને હરવા–ફરવા-માંથી રોજે રોજ મેળવી લેતા હતા અને ખરચી નાખતા હતા કે જેથી એ શકિતનો મનને મેલું કરવારૂપે દુરુપયોગ થવાનો અવકાશ જ રહેવા ન પામે. પંડિતજીએ પોતાના ખાન - પાન એ રીતે જ ગોઠવ્યાં હતાં કે જેથી શરીરને જરૂરી બળ મળતું રહે અને સંયમનું પણ સહજપણે પાલન થતું રહે. તેઓ ખાન-પાનની વસ્તુ-ઓના સ્વાદ - બેસ્વાદથી સારી રીતે માહિતગાર હતા, છતાં પોતાના ખાન–પાનના રસાસ્વાદ કે બેસ્વાદની વાત કરતા મેં એમને કયારેય જોયા ન હતા. પોતાના શરીરને અનુકૂળ ચીજ સ્વાદિષ્ટ કે છે સ્વાદ વગરની એવો વિચાર કર્યા વગર લેવાનો એમનો સહજ સ્વભાવ હતો - સ્વાદેન્દ્રિયનો વિજય એમને સ્વયંસિદ્ધ થયો હતો એમ જ લાગતું હતું.

ધન - સંપત્તિ પ્રત્યેની અનાસકિત અને શારીરિક શકિતને મર્યાદામાં રાખવાની મનોવૃત્તિ - આ બે બાબતો જ પંડિતજીના હૃદયબળ અને આંતરિક ગુણવૈભવનું સુરેખ દર્શન કરાવવા પૂરતી ગણાય એવી છે. આમ છતાં, એમના જીવન અને કાર્યનું કંઈક નિકટથી અને વિગતે અવલોકન કરવામાં આવે તો, એમ જ માનવું પડે કે તેઓએ જ્ઞાન અને ચારિત્રની સાધનોના બળે, પોતાની આત્મિક શકિતઓનો અને આંતરિક ગુણસંપત્તિનો અસામાન્ય વિકાસ કર્યો હતો. કોઈ પણ વ્યકિતપોતાની જાગ્રત જ્ઞાનોપાસના અને નિર્મળ જીવનસાધનાના આધારે, પોતાનો કેટલો બધો વિકાસ સાધી શકે છે, એ વાતની પ્રતીતિ પંડિતજીનું જીવન પણ કરાવી શકે છે.

પંડિતજીની આવી વિરલ સિદ્ધિનું હાર્દ એ છે કે તેઓએ પોતાની બુદ્ધિના વિકાસ ઉપર એટલે કે જ્ઞાનોપાસના ઉપર જેટલો ભાર આપ્યો હતો, એટલો જ ભાર હૃદયના વિકાસ ઉપર એટલે કે જીવસસાધના ઉપર પણ આપ્યો હતો અને તેથી જ તેઓ કોરા પોથી - પંડિત બનવાને બદલે જીવનસાધક પ્રજ્ઞાપુરુષ બની શક્યા હતા. એમના વિકટના પરિચયથી ક્યારેક તો એમ જ થતું કે તેઓનું પારગામી પાંડિત્ય વધે કે એમનું સ્ફટિક જેવું

વિમળ ચારિત્ર વધે? પંડિતજીની જીવનસ્પર્શી જ્ઞાનોપાસનાનું જ આ સુપરિણામ હતું.

સોળ વર્ષની યૌવનમાં ડગ માંડતી ઉંમરે, બળિયાના ઉપદ્રવને કારણે, આંખોનાં તેજ સદાને માટે હરાઈ ગયાં, એવા કારમા સંકટના વખતમાં, જેણે જીવનને અકારું બની જતું રોકયું અને જીવતરને ટકાવી રાખવાનું બળ આપ્યું તે હતી વિદ્યા તરફની પ્રીતિ. આ પ્રીતિએ ક્રમે ક્રમે ઉપાસનાનું રૂપ લીધું અને એના લીધે ડૂબતા હૃદયને જે સહારો મળ્યો, તેથી પંડિતજીને માટે જ્ઞાનોપાસના એ અમૃતને પામવાની પ્રક્રિયા જેવી પરમ પવિત્ર અને મહત્ત્વની પ્રવૃત્તિ બની ગઈ. સમયના વહેવા સાથે આ પ્રવૃત્તિ એટલી વેગવાન અને વ્યાપક બની ગઈ અને એ માટે પંડિતજીએ પોતાની આર્થિક કે શારીરિક મર્યાદાની પણ અવગણના કરીને, ઠેર ઠેર એટલું બધું અને તેય કષ્ટસાધ્ય ભ્રમણ કર્યું કે છેવટે પંડિતજી સાચા અર્થમાં પ્રજ્ઞાચક્ષુ એટલે કે અનેક વિદ્યાઓના મર્મગ્રાહી અને અધિકૃત વિદ્વાન બની ગયા. આ માટે પંડિતજીએ જે પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો, અસાધારણ કષ્ટ સહિષ્ણુતા દાખવી હતી અને અદમ્ય ઉત્સાહ બતાવ્યો હતો એની પ્રશાંત શૌર્યકથા બુજદિલ માનવીને પણ પોરસ ચડાવે અને હિંમતથી આગળ વધવાની પ્રેરણા આપે એવી છે. પંડિતજીના જીવનના અણુ અણુ સાથે એકરૂપ બની ગયેલ "કયારેય હિંમત હારવી નહીં, દીનતા દાખવવી નહીં અને ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિથી મૂંઝાઈને કદી પીછેહઠ કરવી નહીં કે પલાયનવૃત્તિની નબળાઈ બતાવવી નહીં" - એ જીવનસૂત્રની શરૂઆત આ સમયે જ થઈ હોય એમ લાગે છે. પંડિતજીનાં પરિચિત સૌ કોઈ જાણે છે કે તેઓએ એક અણનમ યોદ્ધાની જેમ, જીવનના અંત પર્યંત, પોતાના આ જીવનસૂત્રને, પૂરી ખુમારી સાથે, જીવી બતાવ્યું હતું.

વિદ્યા સાધના તરફના અનુરાગને કારણે જીવનમાં આવી પડેલ સૂનકાર લુપ્ત થવા લાગ્યો; અંતરમાં આશા - ઉલ્લાસનો પ્રકાશ ખીલી ઊઠયો અને ક્રમે ક્રમે સત્યનો મહિમા સમજાવા લાગ્યો એટલું જ નહીં, સમય જતાં સત્યને પામવાની કે આંબવાની ઝંખના વધુ ને વધુ તીવ્ર થતી ગઈ અને છેવટે આ ઝંખનાએ પંડિતજીને જ્ઞાનયોગના પરમ ઉપાસક બનાવી દીધા. જેમ જેમ જ્ઞાનયોગ વધતો ગયો, તેમ તેમ સત્યના વિવિધ અંશોને પામ્યાના આનંદની અનુભૂતિ થતી ગઈ અને આ અનુભૂતિમાં વધુ ને વધુ નિમજ્જન કરવા માટે પંડિતજી પોતાના જ્ઞાનયોગને વધુ ને વધુ વ્યાપક અને તલસ્પર્શી બનાવતા ગયા. મતલબ કે જ્ઞાન સાધનાને લીધે પંડિતજીને સત્યની પ્રાપ્તિ થતી ગઈ અને સત્યના વધારે ને વધારે અંશોને પામવા માટે પંડિતજી પોતાને જ્ઞાન સાધનામાં વધુ ને વધુ એકાગ્ર બનાવતા ગયા. પંડિતજીના અસાધારણ અને સત્યમૂલક પાંડિત્યનું કદાચ આ જ રહસ્ય હોઈ શકે. સત્ય તરફની આવી પ્રીતિમાં ગુણશોધક અને ગુણગ્રાહક દૃષ્ટિનો આપમેળે જ સમાવેશ થઈ જાય છે. એ કહેવાની જરૂર નથી.

પણ સત્યને પામીને જ સંતુષ્ટ થાય એવો પંડિતજીનો આત્મા ન હતો. એમની તાલાવેલી તો સત્યને સમજવા, સત્યને સ્વીકારવા અને સત્યને જીવી જાણવા સુધી આગળ વધી ગઈ હતી. સત્યને સમજવા માટે એમણે અજ્ઞાન, અંધશ્રદ્ધા અને અહંકાર જેવા અવરોધોને દૂર કરી પોતાનાં બુદ્ધિ અને હૃદયને ખુલ્લાં કરી દીધાં હતાં. સત્યનો સ્વીકાર કરવા સારું તેઓ જૂની કે નવી ખોટી માન્યતાઓને છોડી દેવા અને પોતાની ભૂલને કબૂલ કરવા સદા તૈયાર રહેતા હતા. જ્યારે કોઈ પણ વ્યક્તિ તેઓની ભૂલ તરફ એમનું ધ્યાન દોરતી ત્યારે તેઓ ખૂબ રાજી થતા અને સત્યને જીવી જાણવાનો પુરુષાર્થ કરતાં કરતાં ગમે તેવું સંકટ આવી પડે તો તેને તેઓ આનંદપૂર્વક બરદાસ્ત કરી લેતા. અનિષ્ટ સાથે સમાધાન કરવાનું એમને હરગિજ મંજૂર ન હતું. એથી જ એમનું જીવન સત્યપરાયણતા, સહનશીલતા અને સમતારૂપ રત્નત્રયીથી ખૂબ સમૃદ્ધ બન્યું હતું.

પંડિતજીની જિજ્ઞાસા જેમ તીવ્ર હતી, તેમ એમની સ્મૃતિ સદા જીવંત હતી અને એમની જિજીવિષા પણ એવી જ ઉત્કટ હતી, પણ આવી જિજીવિષાનો એવો અર્થ ન સમજવો કે તેઓ મૃત્યુથી ડરતા હતા. તેઓ સંસારને કે જીવનને સારહીન નહીં પણ મંગલમય માનતા હતા; આ સંસારમાં રહીને જ જીવનને મંગલમય અને કલ્યાણકારી બનાવી શકાય છે, તો એની નિંદા કરવાનો શો અર્થ? કંઈક આવી શુભ ભાવનાથી પ્રેરાઈને જ એમણે પોતાના ૯૮ વર્ષ જેટલા દીર્ઘ જીવનને મંગલમય અને આનંદમય બનાવી જાણ્યું હતું.

જીવનસ્પર્શી જ્ઞાનોપાસના અને સત્યને જીવી જાણવાની તત્પરતાને કારણે પંડિતજીના જીવનમાં અહિંસા, કરુણા અને વાત્સલ્યનો ઉપકારક ત્રિવેણી સંગમ સધાયો હતો. માનવમાત્રની સમાનતા, સ્ત્રીપુરુષની સમાનતા અને પોતાના માટે બીજાને ઓછામાં ઓછી તકલીફ પડે એ રીતે જીવન જીવવાની કળા વગેરે પંડિતજીની અહિંસા ભાવનાનાં લક્ષણો કહી શકાય. અસહાય અને દુઃખી વ્યક્તિઓને સહાય કરવામાં પંડિતજી પોતાની તકલીફ કે આર્થિક તંગીને પણ વીસરી જઈને પોતાની કરુણાવૃત્તિને સક્રિય કરતા અને એમના વાત્સલ્યની અમીવર્ષા તો પરિચિત કે કે અપરિચિત સૌ કોઈ ઉપર નિરંતર થતી જ રહેતી હતી.

આવા જ્ઞાની મહાપુરુષને અજ્ઞાન અને અંધશ્રદ્ધાની સામે અણગમો હોય એ સ્વાભાવિક છે પણ જ્યારે તેઓ મોટી ગણાતી વ્યક્તિઓ દ્વારા અથવા એકાંગી સામાજિક વ્યવસ્થાને કારણે દીન દુ:ખી - ગરીબ વર્ગ પર અન્યાય, અત્યાચાર કે શોષણરૂપે સિતમ ગુજર્યાનું સાંભળતા ત્યારે એમનો આત્મા કકળી ઊઠતો અને પુણ્યપ્રકોપ જાગી ઊઠતો.

મહાત્મા ગાંધીજીના સંપર્કને કારણે પંડિતજીની ગુણસંપત્તિ વિશેષ ખીલી હતી. ગાંધીજીની અધમોદ્ધારની, ગ્રામોદ્ધારની અને દેશને આત્મનિર્ભર બનાવવાની પ્રવૃત્તિ પંડિતજીના ચિત્ત ઉપર કામણ કરી ગઈ હતી એમ કહેવું જોઈએ. ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓનું મૂલ્ય અને મહત્ત્વ તેઓ બરાબર સમજી શકયા હતા, એટલે દેશની દીન-હીન જનતાના કલ્યાણનાં કાર્યોમાં પ્રત્યક્ષ ભાગ પોતે નથી લઈ શકતા એ વાતનું પંડિતજીને દુ:ખ રહ્યા કરતું હતું અને નિષ્ઠાવાન દેશસેવકો પાસેથી આવી પ્રવૃત્તિઓની માહિતી ખૂબ ઉત્સુકતાપૂર્વક મેળવીને તેઓ પોતાના આ દુ:ખને શમાવવાનો પ્રયત્ન કરતા હતા.

વળી આર્થિક દૃષ્ટિએ પંડિતજીમાં ઉદારતા, કરકસર અને લોભ, એ ત્રણે વૃત્તિઓ જોવા મળતી હતી. પોતાના પરિચારકો અને સાથીઓ માટે તેઓ પૂરેપૂરા ઉદાર હતા. કરકસર એ એમનો સ્થાયી ગુણ હતો અને એનો પ્રયોગ તેઓ પોતાની જાત માટે કરતા અને જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી રહે એ માટે સદા જાગ્રત રહેતા અને પોતાની મર્યાદિત આવકમાંથી બીજા કોઈ માટે ખર્ચ કરવાનો વખત આવતો તો એવા સમયે પોતાની જાત માટે લોભ-કરતા પણ તેઓ ખમચાતા નહીં. વળી તેઓ જેમ પોતાનો થોડો પણ સમય ન બગડે એનું ધ્યાન રાખતા, તેમ પોતા નિમિત્તે બીજાનો સમય નકામો ન જાય એનો પણ બરાબર ખ્યાલ રાખતા. પંડિતજીનું જીવન તો એક વિદ્યાતપસ્વી અકિંચન બ્રાહ્મણ જેવું હતું, પણ પાઈએપાઈ અને પળેપળનો હિસાબ રાખવામાં તેઓ પાકા વાણિયા હતા એમ કહેવું જોઈએ.

વળી, વિરલ જ્ઞાનોપાસના તથા જાગ્રત જીવનસાધના સાથે પંડિતજીમાં વ્યવહાર દક્ષતાનો જે સુમેળ સધાયો હતો તે ખરેખર નવાઈ પમાડે એવો હતો અને એને લીધે તેઓ અનેક વ્યક્તિઓના માર્ગદર્શક અને વડીલ બન્યા હતા.

પંડિતજીના વ્યક્તિત્વને વિરાટ અને સમૃદ્ધ બનાવનાર એમના આવા આંતરવૈભવને માટે તો શું કહીએ અને શું ન કહીએ? જેટલું કહીએ એટલું ઓછું અને અધૂરું લાગે છે!

ટૂંકમાં, - પંડિતજી માત્ર ભાષા અને સાહિત્યના જાણકાર કે વ્યાકરણકાર જ ન હતા, પણ સમગ્ર જીવનના સમર્થ જાણકાર અને વ્યાકરણકાર હતા. અને એ રીતે એમણે પોતાના જ્ઞાન, જીવન અને પાંડિત્યને પૂરેપૂરું કૃતાર્થ કર્યું હતું.

આવા મહાન પુરુષના સ્વર્ગવાસથી મેં અને મારા જેવી અનેક વ્યક્તિઓએ કેટલું બધું ગુમાવ્યું છે, એનો વિચાર કરતાં મન ખિન્ન થઈ જાય છે પણ આવી ખિન્નતાને વાગોળવા કરતાં આવા પૂજ્ય પુરુષના સંપર્કનો આટલાં વર્ષો સુધી લાભ મળ્યો તે માટે હર્ષિત થવું અને પરમાત્માનો ઉપકાર માનવો એ જ ઉચિત છે.

પૂજ્ય પંડિતજીને સવિનય પ્રણામ.

— રતીલાલ દીપચંદ દેસાઈ

# સર્વાંગી વિકાસસાધક પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી

પિતા શાહ મફાભાઈ પુરુષોત્તમ, ખાનદાનીની જીવંતમૂર્તિ વોરા દોલતચંદ કાલિદાસ કાકા તથા ધર્મશાસ્રો અને જ્યોતિષ - વૈદકના ઊંડા અભ્યાસી પિતાના મિત્ર દોશી આશાભાઈ ચતુરભાઈ જેવા વકીલોના મુખે અવારનવાર પંડિતજી વિષે અનેક વાતો સાંભળવા મળતી.

પણ પંડિતજીને પોતાના ગ્રંથ તત્ત્વાર્થ સૂત્રના વિવેચનને પૂરું કરવા એકાંતની જરૂર હતી, સાથે તબિયતને સુધારવા માટે અનુકૂળ ક્ષેત્રની પણ જરૂર હતી, ત્યારે વડીલો એમને માંડલ ખેંચી લાવ્યા હતા, જેથી તેઓ અત્રે ઠીક ઠીક સમય સુધી રોકાયા હતા. આ વખતે જ એમનો પરિચય થયો અને તેથી નિકટના સંસર્ગમાં આવવાનું બન્યું, જે કારણે એ સંબંધ ઠેઠ સુધી ટકી રહ્યો હતો. એ વર્ષ હતું વિ. સં. ૧૯૮૫નું.

૨૭ વર્ષની કાચી ઉંમર તથા ગ્રામ્યશિક્ષક તરીકે ચાલતું જીવન, જેથી વ્યાપક દષ્ટિ ન હતી; દુનિયાનો લાંબો અનુભવ પણ નહોતો, તેથી પંડિતજીનું મહત્ત્વ જોઈએ તેટલું આંકી ન શકાયું; આમ છતાં એમણે અમારા જેવા ઊગતા યુવાનો પર ભારે ઊંડી અસરો પાડી હતી.

એમની સ્મૃતિ, ઊંડી ધારણાશકિત, બહોળું જ્ઞાન, હરકોઈ વિષયના ઊંડાણમાં ઊતરવાની સૂઝ તથા પૂર્વગ્રહોને વળગી ન રહેતાં ગહન ચિંતનને કારણે કરેલી સ્વતંત્ર વિચારણા અને સાથે સાથે પોતાના વિચારોને સમાજ સમક્ષ મૂકવા જેટલું નૈતિક મનોબળ —એથી સહેજે જ એ અમારું આકર્ષણ બન્યા હતા, અથવા તો એમ કહી શકાય કે એ અમારા જેવામાં દબાઈને પડી રહેલી શકિતઓને ઢંઢોળીને જગાડી રહ્યા હતા.

* * *

આ જ અરસામાં આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરિશ્વરજીનું માંડલમાં આગમન થયું હતું. પંડિતજીની વાતો સાંભળીને એમણે કડક ટીકાઓ કરી ને એ માટે પંડિતજીને શાસ્રાર્થનો પડકાર ફેંક્યો. પંડિતજીને અમે આ વાત કરી તો એમણે પડકાર ઝીલી લીધો અને ચર્ચા માટે જગ્યા તથા ચર્ચા અંગેના નિયમો ઉપરાંત યોગ્ય લવાદની વાત રજૂ કરી એમણે પત્રવ્યવહાર શરૂ કર્યો. આ બધો પત્રવ્યવહાર મારા દ્વારા ચાલતો હોઈ મારે મન તો આ ચર્ચા ખૂબ જ આનંદજનક થઈ પડત. પણ છેક છેલ્લી ઘડીએ આગમોદ્ધારકજીએ મૌન પકડયું અને પત્રનો જવાબ આપવાનું જ ટાળ્યું ને એ રીતે એ ચર્ચા ત્યાં જ અટકી ગઈ.

* * *

પણ બંધાયેલા આ સંબંધને કારણે અમે વિ. સંવત ૨૦૦૧માં મુંબઈ જૈન યુવક સંઘને પગલે પગલે માંડલમાં જૈન યુવક સંઘની સ્થાપના કરી, ત્યારે સંઘને આશીર્વાદ અને માર્ગદર્શન આપવા અમો જ્ઞાનમૂર્તિ પંડિતજીને તથા બેચરદાસ પંડિતજીને તેમ જ નીંગાળા મુકામે ભરાયેલી જૈન કોન્ફરન્સના પ્રમુખ શ્રી છોટાલાલ ત્રીકમલાલ પારેખને બોલાવી લાવ્યા હતા. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તો આ પહેલાં જ આવી ગયા. સમાજની રૂઢિચુસ્ત મનોદશા જોઈ એ નિરાશ થયેલા હતા, ત્યારે અત્રે મારા પિતાશ્રીના ક્રાંતિકારી વિચારો સાંભળી એ ખૂબ જ પ્રોત્સાહિત થયા હતા અને 'પ્રબુદ્ધ જીવન'માં 'માંડલની મારી યાત્રા' નામે લેખ લખી પોતાનો ઉત્સાહ ઠાલવ્યો હતો. હું ત્યારે ૪૫ વર્ષનો હતો, છતાં મેં કદી લખ્યું નહોતું. લખતાં આવડતું પણ નહોતું પણ એમણે મારામાં પડેલી શકિત માપી લીધી અને મને લખવા માટે પ્રોત્સાહિત કર્યો અને મને ખેંચ્યો. આ પછી જ હું કંઈક લખી શક્યો છું, જે એમની કૃપાનું ફળ છે.

શ્રી જૈન યુવક સંઘની સ્થાપનાને કારણે એ વર્ષે કાપડિયા ઉપરાંત મુનિ સંતબાલજી તથા પંડિત દરબારીલાલ તરીકે પ્રસિદ્ધ થયેલા સ્વામી સત્યભકતજી પણ વર્ધાથી ખાસ અત્રે ઉપસ્થિત થયા હતા. મુનિ સંતબાલજીએ તો પોતાના પ્રસિદ્ધ પેપરમાં માંડલના જુવાનોને હાકલ કરી સમાજને પ્રેરણા આપવાની ચીમકી આપી હતી, જેથી અમે જૈન યુવક સંઘને નામે સકલ સંઘની સભા બોલાવી અને તેમાં શાહ દેવચંદ નગીનદાસના પ્રમુખપણા નીચે ક્રાંતિકારી ઠરાવો કર્યા કે - વીતરાગ દેવને નામે જમા થયેલું દ્રવ્ય એ દેવનું દ્રવ્ય નથી પણ સમાજે એક સમયે ઊભી કરેલી વ્યવસ્થાનું પરિણામ છે, જેથી એ દેવદ્રવ્ય નથી પણ સમાજ દ્રવ્ય જ છે, જેથી એનો ઉપયોગ જૈન સંસ્કૃતિ, ધર્મ અને જ્ઞાનપ્રચાર પાછળ ન કરવામાં કોઈ પણ પ્રકારનું ડહાપણ નથી, દીર્ઘદષ્ટિ કે વિવેકબુદ્ધિ નથી એમ અમારું દઢ મંતવ્ય છે. દેવદ્રવ્યનો ઉપયોગ કદાચ તૂટતા સમાજને બચાવવા અર્થે થાય એવા ડરથી ગઈ કાલ સુધી જ્યાં જરૂર નહોતી ત્યાં રાતોરાત લાખો રૂપિયા, કડિયા, સુતાર, સલાટ કે રંગારા પાછળ વેડફી નાખવાની ઉતાવળ એ આભડછેટની બીકે હરિજનોને ખ્રિસ્તી ધર્મમાં મોકલી દેવા જેવી મૂર્ખતા જ છે.

જો કે આ ક્રાંતિકારી ઠરાવોથી સમાજમાં ખળભળાટ પેદા થયો. લોકોનાં પૂછણાં આવ્યાં. કોઈક માંડલની મુલાકાત લઈ ગયા. સમાજમાં એક અગ્રણી કાર્યકરે અમ જેવા યુવાનોને એકત્ર કરી જણાવ્યું કે આવો ઠરાવ તમે બદલી નાખો. તમને સાધારણ દ્રવ્યમાં જે ખોટ પડશે તે હું ભરી દઈશ. બાકી દેવદ્રવ્ય પર દષ્ટિ નાખવી તમને શોભતી નથી. પણ અમારી વચ્ચે વાટાઘાટો ચાલતી હતી ત્યાં જ એ મહાનુભાવે દેવદ્રવ્યમાં કરેલી ગોલમાલને કારણે એમની તીર્થ કમિટીએ એમને ડીસ્મીસ્ડ કર્યા, ને આ વાત પર પડદો પડયો પણ એમ છતાં ૧૦ વર્ષ સુધી લોકો મારી સાથે લડવા ઊઠતા, કારણ કે શરીરથી, જૂથથી તેમ જ સંપત્તિથી હું સર્વથી નબળો હતો. હું કહેતો કે તમારી સંખ્યા યુવક સંઘથી ૧૫ ગણી છે, તો મીટિંગ ભરીને ઠરાવ બદલી શકો છો પણ આ જ સુધી કોઈએ પણ એવી હિંમત નથી કરી ને ઠરાવ ઊભો રહ્યો છે.

* * *

પંડિતજીમાં બાહ્યચક્ષુ ન હતા પણ અંતરચક્ષુ એટલા ઊઘડેલાં હતાં કે એમને કુદરતી સ્થાનો ખૂબ જ ગમતાં અને એની હવા પણ પામી જતા. આ કારણે અમે એમની સાથે વૃક્ષઘટાઓથી છવાયેલ વિશાળ તળાવ, ગામને ભરડો લઈને પડેલો વોકળો તથા પ્રાચીન સ્મૃતિઓથી અંકાયેલું વાવેશ્વરનું સ્થાન તથા મુસ્લિમ સંસ્કૃતિના ધામરૂપ સ્થાનોમાં ફર્યા હતા.

પણ બે વર્ષ બાદ હું તથા શાહ દેવચંદ નગીનદાસ બન્ને સામાજિક કાર્યકરો પંડિતજીને મળવા ગયા ત્યારે એમણે અમારી સાથે પ્રશ્નોનો જ મારો ચલાવ્યો, એથી અમે બન્ને હેરાન હેરાન થઈ ગયા. એમણે પ્રશ્નો રજૂ કર્યા કે - પેલા વાઘરીઓએ કાશ્મીરી સલ્ગમા (મૂળા) નાં બીજ વાવ્યાં હતાં તે ઊગ્યાં કે નહીં? એનું પરિણામ કેટલા પ્રમાણમાં આવ્યું? અને પેલા કોળી લોકોએ જે જે ચીજો વાવી હતી એમાં ફાલ કેવો ઊતર્યો? અને પેલા મહારાજજી જે કૂવો ગળાવતા હતા તેમાંથી કેવું પાણી નીકળ્યું? મીઠું કે ભાંભરૂં? રાહદારીઓ કે બકરાં પી શકે તેવું છે? અને પેલા પીંજારાનો છોકરો મેટ્રિક થઈ ગયો? હવે તે શું કરે છે? એને જો કૉલેજ કરવી હોય તો હું તેને મદદ કરીશ ને એણે મને મદદરૂપ થવું જોઈએ, શ્રી છોટાલાલ આશાભાઈનો ધીરુ સાહિત્યનો જીવડો છે, એને શું જોઈને કેલિકોમાં ગોઠવ્યો છે? ધીરુને કહેજો કે એ મને મળે.

દોઢેક કલાક પછી એમના પ્રશ્નોના મારાથી મૂંઝાઈ ગયેલા અમે છૂટયા પણ નીસરણીના પગથિયે ઊભા રહેલા અમારે બીજો એક કલાક આપવો પડયો. ઘી-દૂધનો પ્રશ્ન ઊભો કરી દૂધાળાં, ઢોરો, એમની માવજત, એમનો ખોરાક, એના રોગો, તથા એમની સુધારણા અંગે અનેક વાતો રજૂ કરી. મારે ત્યાં ૫-૬ ભેંસો હતી. દોવાનું કાર્ય હું કરતો, કયારેક ચરાવા પણ જતો જેથી કંઈક અંશે એમના પ્રશ્નો હું સમજી શકતો હતો. બાકી તો એ ઉપરાંત એને આનુષંગિક પ્રશ્નો સમજવા ઘણા અઘરા હતા; કારણ કે આ પ્રશ્નો સાથે ગામના ગૃહઉદ્યોગો, લોકોના રીતરિવાજ, અસ્પૃશ્યતા, હિંદુ-મુસ્લિમ એકતા તથા પ્રૌઢ શિક્ષણના પ્રશ્નો પણ પંડિતજીએ ચર્ચ્યા હતા.

કલાક પછી અમે છૂટયા. નિરાંતનો દમ લીધો. પણ આ વખતે જ પંડિતજીની મહાનતાનું, એમની સર્વદેશીયતાનું અને એમના વિપુલ જ્ઞાનનું ભાન થયું. તેઓ માત્ર પોતાના વિષયને જ વળગી નથી રહ્યા, પણ જીવનને સ્પર્શતા હરેક વિષયોનો એ તલસ્પર્શી અભ્યાસ પણ ઈચ્છે છે. એમનું દઢ મંતવ્ય છે કે માત્ર એકાંગી જીવન એ જીવન જ નથી; જીવન તો સર્વાંગી હોવું જોઈએ અને તો જ માનવનો સાચો વિકાસ થઈ શકે તેમ જ એ દ્વારા એ અન્યની સમીપ પણ પહોંચી શકે. આ દષ્ટિબિંદુને કારણે માત્ર ધર્મશાસ્ર

કે દર્શનશાસ્ત્રના જ એ પંડિત નહોતા રહ્યા, પણ અનેક વિષયોનું એ બહોળું જ્ઞાન ધરાવતા હતા અને ગ્રહણશક્તિ તીવ્ર હોઈ નવા વિષયનું પણ એ તલસ્પર્શી જ્ઞાન મેળવી લેતા. આપણી માન્યતા છે કે પંડિતજી એટલે સંસ્કૃત-માગધી આદિ ભાષાઓના પંડિત; પણ સાથે સાથે તેઓ અંગ્રેજીનું પણ એટલું જ ઉત્તમ જ્ઞાન ધરાવતા હતા. એક વાર M. A. ની એક વિદ્યાર્થિની તેમની પાસે અંગ્રેજીનું M. A. નું પાઠ્યપુસ્તક વાંચતી હતી. ક્યાંય ગૂંચ દેખાય કે સમજવામાં ગરબડ થાય તો એ બહેનને એ વાક્ય ફરી વાંચવાનું કહેતા, જે બતાવે છે કે અંગ્રેજીનું જ્ઞાન પણ એમનું ઘણું ઊંડું હતું.

એમનો વિશિષ્ઠ ગુણ કહેવો હોય તો મારી દષ્ટિએ એ સત્યના ચાહક અને સંશોધક રહ્યા હતા. નતો એ જૂનાનો વિરોધ કરતા કે નવાનો પક્ષ લેતા; પણ સ્વતંત્ર વિચારણા પછી જે સત્ય એમને સ્ફૂરે એ જગત સમક્ષ રજૂ કરતા એમને નહતો વિરોધનો ભય કે ન હતી પ્રશંસાની મૂર્છા એથી એ માત્ર સત્યના જ ઉપાસક રહ્યા અને એ કારણે જ એમનો પ્રભાવ પડતો હતો.

જેમ જેમ અમે એમના વિશેષ પરિચયમાં આવતા ગયા તેમ તેમ એમનું મહત્ત્વ અંકાતું ગયું ને એમના પ્રત્યે પૂજ્ય બુદ્ધિ પેદા થઈ. એમના પરિચયમાં દેશના નામાંકિત પુરુષો, વિદ્વાનો અને પંડિતો આવતા રહેતા હોઈ પંડિતજી એમની સાથે મારી મુલાકાત કરાવતા ને એ રીતે મને એ આગળ ખેંચતા રહેતા.

એકાદ વર્ષ પહેલાં હું, મારા પુત્રો-પુત્રીઓ, પૌત્રો તથા પૌત્રીઓ સાથે એમનું દર્શન કરવા તથા કરાવવા અનેકાંત વિહારે પહોંચ્યો હતો. આ બધા નાનાં-મોટાં બાળકો કોણ છે? મેં ઉત્તર વાળ્યો કે જેમને તમે માંડલનો બોમ્બ ગોળો કહેતા એ મફાભાઈ પરશોત્તમનો આ બધો વસ્તાર છે.

આ સાંભળી તેઓ ખૂબ ખુશ થયા હતા તથા દરેક બાળક બાળકીનો વાંસો પંપાળી અંતરના આશીર્વાદ આપ્યા હતા. આ હતું તેમનું છેલ્લું દર્શન.

શાહ રતિલાલ મફાભાઈ

# અભિનવ યશોવિજય

બાલબ્રહ્મચારી, સૂક્ષ્મપ્રજ્ઞ, મહાપ્રાજ્ઞ, ન્યાયાચાર્ય શ્રદ્ધેય પંડિત સુખલાલજી સંઘવીના દર્શન મેં સૌથી પ્રથમ ઈ. સ. ૧૯૩૪ના જુલાઈમાં કર્યા હતા, કે જ્યારે હું અધ્યયન અર્થે કાશી ગયો હતો. હું સ્યાદ્વાદ દિગંબર જૈન મહાવિદ્યાલયમાં રહેતો હતો; જ્યારે સંઘવીજી એ વિદ્યાલયની સમીપ આવેલી ધર્મશાળામાં. સંઘવીજી એ સમયે હિન્દુ વિશ્વવિદ્યાલયની સંસ્કૃત કૉલેજમાં જૈન દર્શનના પ્રાધ્યાપક હતા. કેટલાક દિવસો પછી તેઓ આ ધર્મશાળા છોડીને હિન્દુ વિશ્વવિદ્યાલયના અધ્યાપક નિવાસમાં રહેવા ચાલ્યા ગયા હતા. આ સ્થાન તેઓએ, જ્યારે તેઓ ઈ. સ. ૧૯૪૪માં નિવૃત્ત થયા ત્યારે છોડયું હતું.

**માર્ગદર્શક:** આ અધ્યાપક નિવાસમાં હું એમના પાસે અનેકવાર ગયો હતો. હું જ્યારે જ્યારે એમને મળ્યો છું, ત્યારે ત્યારે લાભ પામ્યો છું. ઈ. સ. ૧૯૩૫માં જ્યારે હું 'સંપૂર્ણ મધ્યમા'ની તૈયારી કરી રહ્યો હતો તે વખતે સંઘવીજીએ કહ્યું હતું કે 'ગુરુજનો સાથે નમ્રપણે વ્યવહાર કરો. એમની પાસે નમ્રતાથી બેસો, નમ્રતાથી બોલો અને પોતાના મનમાં એમના પ્રતિ ભક્તિભાવ રાખો. ગુરુજનોનો હાર્દિક આશીર્વાદ જ શિષ્યના મનોરથ પૂર્ણ કરે છે. પાઠનો અભ્યાસ કરતી વખતે પોતાના મનને સ્થિર રાખો; જે વાત ન સમજાય તે એ વખતે જ પૂછી લો; ભણ્યા પછી એકાંત સ્થાનમાં બેસી શીખેલા પાઠનો વારંવાર પાઠ કરો અને સાથીઓને પણ કરાવો. રટણ કરવા યોગ્ય પાઠ પહેલાં બરાબર સમજી લો-હૃદયંગમ કરી લો, પછીથી જ મનમાં ને મનમાં એનું રટણ કરો. સમજ્યા વગરના પાઠનું રટણ કરવામાં આવે છે, એની સ્મૃતિ વધુ સમય રહેતી નથી' વગેરે આ વાત ધ્યાનમાં રાખીને મેં વિદ્યાભ્યાસ કર્યો, જેનાથી મને ખૂબ લાભ થયો. સંઘવીજીનું નિવાસસ્થાન ઘણું દૂર હતું, એટલે હું એમની પાસે જઈને કંઈ પણ શીખી શક્યો નહીં; પરંતુ એમણે મને જે અધ્યયન માર્ગ બતાવ્યો હતો, તેનાથી મને ખૂબ લાભ થયો. સંઘવીજી સાચા માર્ગદર્શક હતા.

**વિશિષ્ઠ વૈયાકરણી:** વિદ્વત્ સંસારમાં સંઘવીજી વિશિષ્ઠ દાર્શનિકના રૂપમાં પ્રખ્યાત છે; પરંતુ તેઓ કેવલ દાર્શનિક જ નહિ પણ ઉચ્ચ કોટિના વિશિષ્ઠ વૈયાકરણી પણ હતા. તેઓ સિદ્ધહેમ વ્યાકરણની સાથે પાણિનીય વ્યાકરણના પણ મર્મજ્ઞ હતા. એમણે પ્રથમ સિદ્ધહેમ વ્યાકરણનું ગંભીર અધ્યયન કર્યું હતું, જે એમને જીવનના અંતકાલ સુધી કંઠસ્થ રહ્યું હતું. એકવાર પ્રો. પરમાનંદજી સિદ્ધહેમ વ્યાકરણનો અભ્યાસ કરવા માટે કૉલેજમાંથી એક વર્ષની રજા લઈને આમદાવાદથી કાશી આવ્યા હતા. કાશીના ટોચના વૈયાકરણીઓ પાસે એમણે આ વ્યાકરણનો અભ્યાસ શરૂ કર્યો પણ એમને એનાથી સંતોષ થયો નહીં; કેમ કે આ વૈયાકરણીનો સૂત્ર ખોળવામાં ખૂબ સમય જતો હતો. અંતે પ્રો. સા. એ અમદાવાદ પાછા ફરવાનો વિચાર કર્યો. જતી વખતે તેઓ સંઘવજીને મળવા ગયા અને તેમણે એમને પોતાનું પાછા ફરવાનું કારણ જણાવ્યું, ત્યારે સંઘવીજીએ કહ્યું "હજી થોડા દિવસ રોકાઈ જાવ અને મારી પાસે એનો અભ્યાસ કરી જુઓ" બીજા દિવસથી જ સંઘવીજીએ એમને સિદ્ધહેમ વ્યાકરણ ભણાવવાનું શરૂ કર્યું. પ્રો. સા. ને પંડિતજીનું ભણાવવાનું એટલું બધું પસંદ પડયું કે તેઓ એમની પાસે સંપૂર્ણ વ્યાકરણનો અભ્યાસ કરીને જ અમદાવાદ પાછા ગયા. જતી વખતે એમણે કહ્યું, પંડિતજી! હું તો આપને કેવળ દાર્શનિક જ સમજતો હતો પણ આપતો ઉચ્ચ કોટિના વૈયાકરણી પણ છો." એવી જ રીતે સંઘવીજી સાહિત્ય વગેરે અન્ય શાસ્ત્રોના પણ મર્મજ્ઞ હતા.

**પ્રતિષ્ઠા:** સંઘવીજીએ બ્રાહ્મણ વિદ્વાનો પાસે બ્રાહ્મણ વિદ્યાર્થીઓની જેમ ગંભીરતાથી અથથી અંત સુધી અધ્યયન અધ્યાપન કર્યું હતું. પરિણામરૂપ કાશીના ટોચના સંસ્કૃત પંડિતોની માફક જ એમણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી.

**અભિનવ યશોવિજય**—વિશિષ્ઠ પ્રતિભા, ગહન અધ્યયન, વિશિષ્ઠ સંપાદન અને વિશિષ્ઠ પ્રતિષ્ઠા વગેરેની અપેક્ષાએ સંઘવીજી વીસમી સદીના સર્વશ્રેષ્ઠ વિદ્વાન હતા. ન્યાયશાસ્ત્રના—ખાસ તો નવ્યન્યાય વગેરે વિશિષ્ઠ શાસ્ત્રોના મર્મજ્ઞ હોવાને કારણે સંઘવીજીની તુલના ૧૭મી સદીના લબ્ધપ્રતિષ્ઠ ઉપાધ્યાય યશોવિજયજી સાથે કરવામાં કોઈ અતિશયોકિત નથી.

**સામ્ય—** ઉપાધ્યાય યશોવિજય અને સંઘવીજીમાં કેટલીક દષ્ટિએ સામ્ય છે જેમ કે:

(ક) ગુર્જર ભાષા-ભાષી પ્રદેશમાં જન્મ.

(ખ) અવિવાહિત જીવન.

(ગ) કાશીમાં વિદ્યાભ્યાસ.

(ઘ) સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને હિન્દી વગેરે અનેક ભાષાઓનું જ્ઞાન અને એ ભાષાના ગ્રંથોનું સંકલન-સંપાદન વગેરે.

(ઙ) અવધાન રુચિ અને એના પ્રયોગો.

(ચ) અન્ય સંપ્રદાયનાં પાતંજલ યોગસૂત્ર તેમજ અષ્ટ સહસ્રી પર વિવરણ લખવું તથા તત્ત્વોપપ્લવસિંહ વગેરે કટલાંય ગ્રંથોનું સંપાદન કરવું.

(છ) રચિત યા સંપાદિત ગ્રંથોનું બાહુલ્ય.

(જ) નવ્યન્યાયનો વિશિષ્ટ અભ્યાસ અને

(ઝ) અંતે ગુર્જર ભાષા-ભાષી પ્રદેશમાં મૃત્યુ.

એટલે આ સમાનતાના આધાર પર હું સંઘવીજીને અપર યા અભિનવ યશોવિજય સમજું છું. એમને હું મારી હાર્દિક શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું.

—અમૃતલાલ જૈન

(હિંદી ઉપરથી અનુવાદિત)

# ☆ સમન્વય–સાધનાનું મંગલ તીર્થ ☆

એક જમાનામાં વિનોબાજીએ એ સૂત્ર ગાજતું કરેલું, 'ગાંવ કી ધરતી, ગાંવ કા રાજ, સત્તાવન મેં હો સ્વરાજ્ય.' સર્વોદય સંમેલનની એ ઝંખનાની પૂર્તિરૂપે અમદાવાદ જિલ્લા – સર્વોદય મંડળ તરફથી ભાઈશ્રી ચન્દ્રવદન લશ્કરી અને શ્રી સૂર્યકાન્ત પરીખે દહેગામ તાલુકાની સામૂહિક સર્વોદય પદયાત્રા ગોઠવી હતી. એમની વિનંતીને માન આપીને પ્રસ્તુત પદયાત્રાના પ્રારંભિક શિબિરનું ઉદ્ઘાટન કરવા પંડિત સુખલાલજી દહેગામ આવેલા. આ પ્રસંગે થોડીક વાતચીત કરવાનો અનૌપચારિક પ્રસંગ મને સાંપડેલો. વાતવાતમાં જ મેં સહજ ભાવે એમને પૂછી પાડ્યું, "આપ તો દર્શનશાસ્ત્રના વિદ્વાન છો. વિનોબાજી સર્વોદય - વિચારને યુગની આકાંક્ષા રૂપે જુએ છે, એ વિશે આપને શું લાગે છે?"

પંડિતજી પોતાની લાકડી બાજુએ મૂકીને તકિયે સ્વસ્થ રીતે ગોઠવાઈને કહેવા લાગ્યા, "જુઓ હરીશભાઈ, ક્યાં વિનોબાજી અને ક્યાં હું? વિનોબાજી તો ક્રાન્તદષ્ટા યુગદષ્ટા છે; એમની પાટે બેસીને દાદા ધર્માધિકારીજી કે રવિશંકર મહારાજ જેવા આ પ્રશ્નને સારી રીતે રજૂ કરી શકે. હું તો તદ્દન સામાન્ય માણસ છું. આમ તો પ્રજ્ઞાચક્ષુ જ છું. એટલે સ્થૂલ નહિ, પણ સૂક્ષ્મ ચક્ષુથી જે જોઉં છું તે જ તમને કહું છું. ગાંધીજીએ પંદરમી માર્ચ, ઓગણીસસો ત્રીસના દિવસે સાબરમતી આશ્રમમાંથી દાંડી-કૂચ માટે નીકળતી વખતે સંકલ્પ કરેલો કે કાગડા - કૂતરાને મોત મરીશ તો બહેતર છે, પણ સ્વરાજ્ય લીધા સિવાય આ આશ્રમમાં પાછો પગ નહિ મૂકું. અલબત્ત, તેમની કલ્પનાનું સ્વરાજ્ય ન મળ્યું. એટલે તેઓ સાબરમતી આશ્રમમાં પાછા નહિ આવેલા. છતાં યે Political independence રાજકીય સ્વરાજ્ય-જરૂર મળ્યું. મહાપુરુષોમાં જે નિ:સ્વાર્થતા, નિર્લોભતા અને નિર્મળતા હોય છે, તેને કારણે તેઓ આવતી કાલને જોઈ શકે છે. એટલું જ નહિ, એમના નિર્મળ સંકલ્પથી પ્રજામાં સામૂહિક સંકલ્પ જગાવી શકે છે અને અમુક પરિણામ જરૂર લાવી શકે છે, એ રીતે વિનોબાજીને એક ક્રાન્તદષ્ટા યા યુગદષ્ટા તરીકે હું જોઉં છું. એક જમાનામાં એકોદયની વાત ચાલેલી. અનેકને ભોગે એકનું હિત. પછી बहुजन हिताय बहुजन सुखाय! અર્થાત્ બહુજન હિતની વાત ચાલી. થોડાકને ભોગે બહુજનનું હિત, પરંતુ ગાંધીજીએ અને એમની પહેલાં જ્હોન રસ્કિન જેવા વિચારકે 'unto this last' અર્થાત્ 'સર્વોદય' એ શબ્દ આપેલો. ગાંધીજીએ એ શબ્દને પ્રચલિત કર્યો અને વ્યાપક કર્યો. એમાં सर्व हिताय सर्व सुखाय! અર્થાત્ સર્વનું હિત અને સર્વનું સુખ થાય એ ભાવના નિહિત છે. મૂડીવાદ અને સમાજવાદમાં એકોદય અને બહુજનોદય જેવો અંતિમવાદ ચાલેલો. હવે ગાંધીજી એથી આગળ જઈને સર્વોદય પ્રત્યે સૌને દિશા ચીંધે છે. રાજાશાહી, સામન્તશાહી, ઠાકોરશાહી વગેરેનો યુગ સમાપ્ત થયો છે. હવે લોકશાહી આવી છે, એટલે સર્વના ઉદયનો વિચાર કરવો જ પડશે. બીજું, અણુવિજ્ઞાન આવ્યું છે, જે સ્થળ અને કાળનાં અન્તર ઘટાડીને સમસ્ત વિશ્વને – પૃથ્વીને એક કરવા માટે તલસી રહ્યું છે. આ બધી દષ્ટિએ જોઈએ તો હવે એકોદય, અલ્પજનોદય કે બહુજનોદય નહિ જ ચાલી શકે. અર્થાત્ સર્વોદય - સર્વનું કલ્યાણ કર્યે જ છૂટકો થશે."

વિચારનો તન્તુ લંબાવતાં મેં બીજો પેટા પ્રશ્ન રજૂ કર્યો, 'સર્વોદય' શબ્દ પાછળ આપને શો અર્થ અભિપ્રેત લાગે છે?" એમનું મુખ મલક્યું, "તમે તો જબરા માણસ છો, ભાઈ! આ પ્રશ્ન પૂછીને તમે મારા મનમાં પડેલા નિહિતાર્થ રહસ્યાર્થને પ્રગટ કરાવવા માગો છો, ખરું ને?" મેં 'હા' પાડી. એટલે તેઓ ગળું ખોંખારીને કહે, "આમ તો 'સર્વોદય' શબ્દનો સાદો અર્થ છે સર્વનો - ભૂતમાત્રનો ઉદય - વિકાસ. ગીતામાંયે કહ્યું છે ને सर्व भूतहिते रताः! સર્વ ભૂતોના - જીવોના કલ્યાણમાં મગ્ન - સંલગ્ન - રત છે તે સર્વોદયનો ઉપાસક. આમ તો તમે આપણા કવિશ્રી ઉમાશંકર જોશીનું 'વિશ્વશાન્તિ' નામે ખંડ કાવ્ય વાંચ્યું હશે જ. એમાં એક શ્લોક ઉમાશંકરે સૂચક રીતે કરેલો છે, જે ધ્યાનપાત્ર છે:

'વિશાળે જગ વિસ્તારે, નથી એક જ માનવી,
પશુ છે પંખી છે પુષ્પો, વનોની છે વનસ્પતિ.'

આ વિશાળ જગતમાં માત્ર એકલો મનુષ્ય નથી; પરંતુ પશુ, પંખી, ફળફૂલ આદિ વનસ્પતિ, કીટક વગેરે છે. એ તમામના કલ્યાણનો વિચાર 'સર્વોદય' શબ્દ પાછળ છે. એટલે એ ધ્યાનમાં રાખવાનું છે કે માત્ર મનુષ્યનું સુખ અને મનુષ્યનાં હિત - વિકાસ - કલ્યાણ કરવાનાં નથી. બલ્કે મનુષ્યેતર સૃષ્ટિનો ખ્યાલે ય રાખવાનો છે. ત્યારે જ સર્વોદય થશે. એટલે આપણું આર્થિક સામાજિક - સાંસ્કૃતિક આયોજન અને સંગઠન એવી રીતે કરીએ કે જેથી મનુષ્યની સાથે સાથે મનુષ્યેતર સૃષ્ટિનાં યે હિત - વિકાસ - ઉદય થાય. બલ્કે આપણે સંકીર્ણ ન બની જઈએ. એટલા જ માટે વિનોબાજીએ 'જય માનવ' અને 'જય હિન્દ' થીયે આગળ વધીને 'જય જગત્' નીવાત કરી છે, જે અત્યંત સૂચક છે એટલે હવે આ યુગમાં સંકીર્ણ મન કે સંકીર્ણ વૃત્તિઓ નહિ ચાલી શકે. દેશ, વેશ, ભાષા વગેરેથી યે ઊંચે ઊઠીને 'વિશ્વમાનવ'ની કક્ષાએ વિચારનાર સંપ્રદાય સર્વભૂત હિતકારી મનુષ્યની આકાંક્ષા આજની પરિસ્થિતિમાં છે, જે આપણું તત્ત્વજ્ઞાન કહેતું હતું તેને હવે અણુવિજ્ઞાન અને લોકશાહીનો વિચાર જોરદાર બનાવી રહ્યાં છે; આવતી કાલે એ એક અનિવાર્ય આવશ્યકતા બની જાય તો નવાઈ નહિ લાગે."

છેલ્લે પંડિતજી કહે, "હું થાકી ગયો હોઈશ એમ માનીને તમે પૂછતા નથી, ખરુંને? મારી નજીક આવો. અને એકાદ પ્રશ્ન પૂછવો હોય તો જરૂર પૂછો. પછી મારે સંમેલનમાં જવાનું થશે." "મેં પૂછ્યું, "પંડિતજી તમે મારા મનની વાત કેવી રીતે જાણી ગયા?" સ્મિત કરીને કહે, "જુઓને, હું સાતેક વર્ષનો હતો ત્યારથી ભગવાને મારી આંખો લઈ લીધી છે. એટલે હવે સ્થૂલ રીતે નહિ પણ સૂક્ષ્મ રીતે જોઉં છું. બાહ્ય ને બદલે ભીતર સાથે નાતો બંધાયો છે." પંડિતજીનો અનુનય સમજીને મેં છેલ્લો સવાલ પૂછ્યો, "આ વિજ્ઞાન યુગમાં સમન્વયનું મહત્ત્વ શું છે અને શા માટે છે?" પાણીનો પ્યાલો લઈને પીતાં પીતાં કહે, "આમ તો 'સમન્વય' શબ્દ આજકાલનો નથી, બલ્કે ખૂબ જૂનો છે. વૈદિક સાહિત્ય અને જૈન આગમોમાં યે આ શબ્દ પ્રયોજાયો છે; પરંતુ પ્રાચીન કે મધ્યકાલીન યુગ કરતાં યે અર્વાચીન યુગમાં અને તેમાં યે અણુ-વિજ્ઞાન યુગમાં 'સમન્વય' નું મહત્ત્વ વધી ગયું છે. જર્મનીમાં હેગલ, માર્કસ જેવા વિચારકો થઈ ગયા. તેમણે વાદ, પ્રતિવાદ અને સંવાદ (Thesis, ante-thesis and synthesis) નો સિદ્ધાંત રજૂ કરેલો. દુનિયામાં કોઈ પણ વિચાર આવે છે ત્યારે એના પ્રતિપાદન પાછળ અહં, આક્રોશ અને આગ્રહ પણ આવી જાય છે. એમાંથી જન્મે છે વાદ. આ વાદના વિરોધ રૂપે જન્મે છે તે પ્રતિવાદ; પરંતુ वादे वादे जायते तत्त्वबोध:! એ પ્રમાણે વાદાવાદી કરતાં વિચારમાં જે તથ્ય પડેલું હોય છે તેની શોધ ચાલે છે. એ તથ્યોનો યા સત્યોનોયે યોગ - ગુણાકાર થાય તો જાય છે. તેમાંથી જન્મે છે સંવાદ (Harmony or Synthesis). દુનિયામાં વિચારના ક્ષેત્રમાં જે જે Extremeties - આત્યન્તિકતાઓ યા અન્તિમતાઓ આવી છે તેમાંથી તથ્યોનો સુમેળ થઈને સંવાદ યા સમન્વય સધાતો રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાંયે આ સંવાદિતા યા સમન્વયશીલતાનું તત્ત્વ પડેલું છે. ભલે એ કદાચ થોડો ઘણો સંઘર્ષ બહારથી આવેલી સંસ્કૃતિઓ સાથે કર્યો હોય; પરંતુ ધીમે ધીમે તેણે એમાંથી તથ્યને પચાવી લઈને સંવાદ સાધવાનો જ પ્રયત્ન કરેલો છે. અણુ વિજ્ઞાન યુગમાંયે આ બધી અન્તિમતાઓ કે આત્યન્તિકતાઓ ટકવાની નથી જ નથી; બલ્કે જે તે વિચારધારામાં પડેલાં તથ્યો યા સત્યોનો ગુણાકાર કરીને સમન્વય સાધવો જ પડશે. વિનોબાજી કે કાકાસાહેબ કાલેલકર આ બાબત પર જોર દઈ રહ્યા છે, જેની સાથે હું સો ટકા સંમત છું. અલબત્ત, માર્ક્સવાદ - સમાજવાદ - સામ્યવાદની એક વિચારધારા છે. તો બીજી ગાંધીવાદનીયે વિચારધારા છે. આ બન્ને ધારાઓ અલગ અલગ રહી શકવાની જ નથી. વિજ્ઞાન અને લોકશાહીનાં પરિબળો આ બધાંને નજીક લાવીને સંવાદિતા પ્રતિ ખેંચી રહ્યાં છે, બલ્કે, હવે આગળ જઈને કહું તો, વિજ્ઞાન અને અધ્યાત્મની - આ બન્ને ધારાઓમાંથી જે તથ્યો છે તેનો યોગ થઈને જ રહેશે. વિનોબાજી આ સમન્વય - દર્શનના પ્રખર પ્રવર્તક છે. એમણે સામ્યવાદી નહિ, પણ સામ્યયોગી સમાજરચનાનો આદર્શ પ્રસ્તુત કર્યો છે, જે

આ નૂતન યુગનો સંકેત કરે છે.'' ફલાહારનો નાસ્તો આવતાં પંડિતજી એને ઘટતો ન્યાય આપીને 'ક્યારેક ફરીથી મળીશું.' એમ કહીને સંમેલનમાં ભાગ લેવા માટે ગયા.

બીજો એક પ્રસંગ પણ સ્મરણીય છે. ભાઈશ્રી પ્રો. પ્રતાપકુમાર ટોલિયા સાથે આજના શિક્ષણની પરિસ્થિતિ વિશે સાથી મિત્રોના સાન્નિધ્યમાં વિગતે ચર્ચા કરતાં નિષેધ—પ્રતિરોધ કરવાને બદલે અમદાવાદમાં 'સત્યં શિવં સુન્દરમ્'ની ભાવનાને વ્યક્ત કરતી એકાદ કૉલેજ કાઢવા માટે વિચારણા કરી. એના વિશે પ્રો. ટોલિયાએ પંડિતજી સાથે ચર્ચા કરી. એના અનુસંધાનમાં પંડિતજીએ મને એમના નિવાસસ્થાને બોલાવેલો. કુશળક્ષેમનાં સમાચારો પૂછીને પંડિતજીએ સીધો સવાલ કર્યો, "જુઓ, હરીશભાઈ, તમારા મનમાં આજના શિક્ષણ વિશે ભારે બેચેની છે. એના વિકલ્પ રૂપે શિક્ષણનો નવો પ્રયોગ કરવાની જે ધારણા છે તે ભાવનાત્મક બાબત મને પસંદ છે. એની પાછળ તમારી સંકલ્પના શી છે તે મને સમજાવશો?" "પંડિતજીની નજીક ખુરશી લાવીને મેં વાત માંડી." મારા મનમાં તો સાદીસીધી વાત છે: સત્યં શિવં સુન્દરમ્. એને શિક્ષણ દ્વારા મૂર્ત કરવી છે. ગાંધીજીએ સત્ય, રવીન્દ્રનાથે સૌન્દર્ય અને શ્રી અરવિન્દે માંગલ્ય (શિવ) ઉપર ભાર મૂક્યો છે. એ ત્રણેનો સમન્વય સાધે તે જ સાચું શિક્ષણ. આમાં આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે સંસ્કૃતિ યા અધ્યાત્મનો સમન્વય થાય એ વાત પણ ખરી જ. તદુપરાંત પ્રાચીન અને અર્વાચીન, વ્યક્તિ અને સમષ્ટિ તેમ જ બુદ્ધિ અને પરિશ્રમનો સુમેળ સધાય એ વાત પણ મારા મનમાં છે જ. આ શિક્ષણ સંસ્થાન 'સમન્વય ભારતી વિદ્યાપીઠ' યા 'સામ્ય યોગ વિદ્યાપીઠ' જેવું નામ આપવું હોય તો જરૂર આપી શકાય. આરંભ કદાચ આર્ટ્સ - કૉમર્સ કૉલેજથી થાય, પરંતુ સમય જતાં બીજી વિદ્યાશાખાઓએ એમાંથી વિકસિત થતી જાય, જેમાંથી મનુષ્યના all round personality - સર્વાંગીણ વ્યક્તિત્વનો વિકાસ સંભવિત બને. આમ કૉલેજ સમય જતાં એક વિદ્યાપીઠમાં પરિણમે એવી મારી ભાવના છે."

આ સંકલ્પનાની રૂપરેખા જાણીને પંડિતજીએ સીધો જ સવાલ કર્યો પૂછ્યો: "બોલો હરીશભાઇ, આવી શિક્ષણ સંસ્થા માટે આર્થિક બાબતનું શું વિચાર્યું છે?" હસતાં હસતાં મેં કહી દીધું "હાથમાં ન મળે કોડી ને ઊભી બજારે દોડી' જેવી મારી સ્થિતિ છે, પરંતુ મારી શ્રદ્ધા છે કે પ્રયત્ન કરીશું તો જરૂર પૈસા મળી રહેશે. આપણા દેશમાં એક વિશેષતા છે કે જેની પાસે પૈસા છે તેની પાસે દૃષ્ટિ નથી, અને જેની પાસે દૃષ્ટિ છે તેની પાસે પૈસા નથી. આપણે આ દૃષ્ટિ અને પૈસા એ બન્નેનો સુમેળ સાધવાનો છે. એમાં આપના જેવાનો સાથ મળે તો બધું યે હસ્તામલકવત્ છે." પંડિતજી થોડીક વાર બોલ્યા નહિ. જાણે વિચારમાં ડૂબી ગયા. પછી કહેવા લાગ્યા "જુઓ, મને પ્રતાપભાઈએ આ બધાનો ખ્યાલ આપી દીધેલો છે મનેય આવું કંઈક કામ શિક્ષણ ક્ષેત્રે થાય એમાં ભારોભાર રસ છે. તમારી તાત્કાલિક જરૂરિયાતો વિશે મને થોડોક ખ્યાલ આપો. સંક્ષેપમાં મેં તાત્કાલિક જરૂરિયાતનો ખ્યાલ આપ્યો. ત્રણ - સાડા ત્રણ લાખ રૂપિયા જોઈએ... સાતસો આઠસો વિદ્યાર્થીઓ બેસી શકે તેવું મકાન... બને તો શહેરના મધ્ય ભાગમાં મળે તો સારું. ભાવનાશાળી કાર્યકર્તાઓની ટીમ તો અમારી પાસે છે, જે સમય આવ્યે આપણા કાર્યમાં પૂરતો સાથ આપી રહેશે. આપના પ્રમુખપદે પબ્લિક ટ્રસ્ટ રચીને આ કાર્યનો શુભ આરંભ કરી શકાય. વ્યવસ્થાપક ટ્રસ્ટી તરીકે તેમ જ શિક્ષણકાર્ય માટે બીજી જે કોઈ જરૂર પડે તેમાં મારી સેવાઓ સંપૂર્ણ સમર્પિત છે. પૂ. ડોલરભાઈ માંકડે જામનગર પાસે અલિયાબાડામાં ગંગાજળા વિદ્યાપીઠ કાઢી છે. એમના પ્રારંભિક સાથીઓમાંનો હું એક છું. એટલે શિક્ષણ કાર્ય, વહીવટ અને વ્યવસ્થા અંગે પૂરતો અનુભવ છે. પ્રયોગ કરવા માટે દિલમાં ભારોભાર ઉત્સાહ, હોંશ અને હિંમત છે... સવાલ છે માત્ર અવસરનો." પંડિતજી ગંભીરતાથી બધું સાંભળ્યે જતા હતા. ત્યાં તો દૂધ - નાસ્તો આવ્યાં. 'આવું છું' કહીને પંડિતજી અંદરના ખંડમાં શૌચાદિ માટે ગયા. અમે નાસ્તાને ન્યાય આપ્યો. થોડી વારમાં પંડિતજી પાછા આવ્યા અને કહેવા લાગ્યા, "તમને મેં બરાબર દિલ દઈને સાંભળ્યા છે... એકેએક શબ્દ પાછળ ભાવના, ખમીર, નિષ્ઠા, શ્રદ્ધા અને સચ્ચાઈનો રણકાર સંભળાય છે...આવા ભાવનાશાળી માણસો આજે દુર્લભ છે. ... અરે! પ્રયોગ કરનારા આવા ભડવીરો યે ક્યાં છે? સાબૂત દિલના મનીષીઓની આજે બહુ જરૂર છે. ખેર! મારા દિલમાં આ વિચારોની ભારે કદર છે. અરે! એમ માનોને કે હું તમારી સાથે જ છું. તમે જે કહેશો તે જવાબદારી યથાશક્તિ ઉઠાવવા હું તૈયાર છું... આર્થિક અંગે તમે લગભગ નિશ્ચિત થઈ જાઓ... બેચાર જણને આ વિશે વાત કરી છે, એનો જવાબ થોડા સમયમાં ચોક્કસ મળી જશે એટલે એ તો થઈ જશે... મકાનનું યે થોડુંક વિચાર્યું છે...એ ય થઈ જશે...વાત કરી છે... ના નહિ પાડે એવું હું માનું છું. ડોલરભાઈની ગંગાજળા વિદ્યાપીઠ વિશે તમે મને વાત કરી, જેનાથી હું પૂરેપૂરો અવગત છું અને એ રીતે હું તમને વર્ષોથી ઓળખું છું. ... હાં આર્થિક બાબત, મકાન, ટ્રસ્ટ વગેરે બધું જ થઈ રહેશે. કામ કરવા બેઠા, પછી તો પૂરું કર્યે જ છૂટકો થશે ને? વારું, પણ યુનિવર્સિટીના એફિલિયેશન અંગે ઉમાશંકરભાઈને વાત કરી લેજો. ત્યાં સુધીમાં ઈતર બાબતો સપાટાબંધ પતી જશે."

ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીના તત્કાલિન કુલપતિ ડૉ. ઉમાશંકર જોશીને અમે મળ્યા અને શિક્ષણના આ નૂતન પ્રયોગ માટે કૉલેજ કાઢવાની વાત કરી. આ બધી સંકલ્પના તેમને ખૂબ ગમી પણ યુનિવર્સિટીએ નીમેલી કમિટીએ અમદાવાદ શહેરમાં હવે નવી કૉલેજો ન કાઢવા અંગે ભલામણ કરી છે, જેને યુનિવર્સિટીએ સ્વીકારેલી હોવાથી અમદાવાદમાં આ શિક્ષણ સંસ્થા ઊભી કરવા માટે શક્યતા રહેતી નથી. આવા પ્રયોગો કરવા હોય તો ગુજરાતના પછાત, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં શક્યતાઓ છે ખરી, એમ કહીને તેમણે વાત સમેટી લીધી. આ વાત જ્યારે પંડિતજીએ ભાઈશ્રી પ્રતાપ ટોલિયા પાસેથી સાંભળી ત્યારે એમને અત્યંત વ્યથા થઈ.

ત્રીજો પ્રસંગ પણ નોંધપાત્ર છે. વચ્ચે 'ક્રાન્તિ અને સાધના' નામના મારા પુસ્તકને સરકારે નિબંધના ઉત્કૃષ્ટ પુસ્તક તરીકે પુરસ્કાર આપ્યો અને ગૌરવ કર્યું. પંડિતજી સામેથી મગાવીને એ પુસ્તક સપ્રેમ વાંચી ગયા. મને સામેથી બોલાવીને પ્રસન્નચિત્તે આશીર્વાદ રૂપે કહેવા લાગ્યા, "હરીશભાઈ, તમારું સારું યે પુસ્તક હું સાંભળી ગયો છું. મને ખૂબ આનંદ થયો છે. આ પુસ્તકને, સર્વોદય - દર્શનની text-book યા પાઠ્ય પુસ્તક કહું તો વધારે પડતું કહું છું એમ નહિ કહેવાય. લગભગ સર્વોદય વિચારનાં તમામ પાસાંઓને રોચક ઢબે એમાં આવરી લેવાયાં છે. ગાંધીજી સમસ્ત ગ્રંથમાં સળંગ સૂત્રરૂપે પ્રચ્છન્ન સ્વરૂપે છે એ એની કલાત્મકતા છે. સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ યુનિવર્સિટીઓ યા વિદ્યાપીઠોમાં આવાં પુસ્તકોનો અભ્યાસ થાય એને હું અત્યંત જરૂરી માનું છું. વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં યે broad outlook of life જીવનનો વ્યાપક દૃષ્ટિકોણ - કેળવવામાં આ પુસ્તક અવશ્ય મહત્ત્વપૂર્ણ ફાળો આપી શકે તેવી ક્ષમતા એમાં છે, જેની મને વાંચતાં વાંચતાં પ્રતીતિ થઈ છે... વળી તુલનાત્મક અને સમન્વયાત્મક દૃષ્ટિએ જે નિર્ભેળ અધ્યયન એમાં રજૂ થયું છે તે અત્યંત ઉપયોગી, ઉપકારક અને મૂલ્યવાન છે. લેખકનું સર્વાંગી, સર્વહિતકારી અને સર્વતોભદ્ર વ્યક્તિતત્વ એમાંથી પદે પદે, પરિચ્છેદે પરિચ્છેદે અને પ્રકરણે પ્રકરણે પ્રગટ થયું છે એને હું સપ્રેમ આવકારું છું અને આશીર્વાદ પાઠવું છું."

ચોથો પ્રસંગ છે, એકવાર નવરંગપુરા બસસ્ટેન્ડ પાસેથી તેઓ પસાર થઈ રહ્યા હતા ત્યારે થઈ ગયેલી આકસ્મિક અને છેલ્લી મુલાકાતનો. મેં એમને સાદર નમસ્કાર કર્યા. હાથ પંપાળતાં મને ખબર અંતર પૂછવા લાગ્યા." ઓહો હરીશભાઈ! તમે છો કે? વારું હમણાં શું ચાલે છે? તબયિત સારી છે ને?" પ્રત્યુતરમાં મેં કહ્યું, "હાલ હું મોડાસા કોલેજમાં પ્રોફેસર તરીકે કામ કરું છું. આપના આશીર્વાદથી તબીયત સારી છે." વળતાં મેં એમની ખબર પૂછી. એટલે પંડિતજી કહે, "હજી શરીર નબળું સબળું ટેકો કર્યા કરે છે એણે ખૂબ કામ ખેંચ્યું છે; પરંતુ હવે લાંબું નહિ ચાલે એમ લાગે છે." મેં કહ્યું, "પંડિતજી, તમારે તો હજી ઘણું જીવવાનું છે. 'शतं जीवेत शरद: !' અમે સો વર્ષ જીવીએ' એ સૂત્રને સાર્થક કરવાનું છે અને સમાજની સેવા કરવાની છે." પંડિતજી કહે, "ઈચ્છા ગમે એટલી હોય; પરંતુ છેવટે ભગવાનના હાથની વાત છે. આપણે એના કારભારમાં માથું મારવાનું નહિ. એ જે કરશે તે યોગ્ય જ કરશે. હા, જીવીશું ત્યાં સુધી આપણે તો કોઈ ને કોઈ રીતે ખપમાં આવીશું. આપણે તો આપણો ધર્મ બજાવી છૂટવાનો અને છેલ્લે એ જ શાન્તિ અને સ્વસ્થતાથી છૂટી જવાનું, સમજ્યાને? રવીન્દ્રનાથનું પેલું ગીત તમે મને સંભળાવ્યું હતું ને બસ એમ જ સ્તો! યાદ છે ને?

'યુક્ત કરો હે સબાર સંગે મુક્ત કરો હે બન્ધ!
સંચાર કરો સકલ કર્મે, શાન્ત તોમાર છન્દ!'

ડૉ. હરીશ વ્યાસ

# જીવનમર્મી પંડિતજી

પંડિત સુખલાલજીએ કિશોરાવસ્થામાં ચર્મચક્ષુ ગુમાવ્યાં. એથી સ્વાભાવિક રીતે જ એમનું જીવન કેટલીક પ્રવૃત્તિની દષ્ટિએ મર્યાદિત બની ગયું; પરંતુ બીજી બાજુ એ મર્યાદા પંડિતજી માટે મર્યાદા રહી નહિ, કારણ કે એમણે પોતાના જીવનક્રમને એવી રીતે ગોઠવી દીધો કે જેથી તેમનું જીવન સર્વ રીતે સફળ બન્યું.

પોતાના જીવનમાં પંડિતજીએ વિદ્યોપાસનાને સૌથી મહત્ત્વનું સ્થાન આપી દીધું. જ્યારે કોઈ વાંચનાર અને લખનાર હોય ત્યારે વાંચન-લેખન અને ન હોય ત્યારે મનન ચિંતન એ એમના જીવનની મુખ્ય પ્રવૃત્તિ બની રહી. સુદીર્ઘ, તપોમય જીવનકાળ દરમિયાન તેમણે જીવનના અનેક વિષયોની તલસ્પર્શી મીમાંસા કરી. એક રીતે કહીએ તો પંડિતજી જીવનમર્મી હતા. એમણે પોતાના લેખન અને પ્રવચનો દ્વારા અને અંગત વાર્તાલાપ કે વાતચીત દ્વારા જીવનના અનેક પ્રશ્નોની મીમાંસા કરી છે અને કેટલાય લોકોને જીવનનો યોગ્ય રાહ બતાવ્યો છે. પંડિતજી આપણી પ્રાચીન પરંપરાના વર્તમાન સમયના ઋષિ હતા.

પંડિતજીએ જીવનને સ્પર્શતા અનેક વિષયોની છણાવટ એમના લેખોમાં કરી છે. એ બધા વિષયોમાંથી એકાદ બે વિષયો લઈએ તો પણ પંડિતજીની વિચારણાને સમજવા માટે ઠીક ઠીક અવકાશની અપેક્ષા રહે છે. અહીં તો વિદ્યા અને ધર્મ એ બે વિષયોની બાબતમાં પંડિતજીની વિચારણાના અર્કરૂપ ચિંતનનો આપણે પરિચય કરીશું.

પંડિતજી સમસ્ત વિદ્યાર્થીજીવનને મંગળજીવન તરીકે જુએ છે. વિદ્યાર્થી અવસ્થામાં અધ્યયન, ચિંતન, મનન, નિદિધ્યાસન અને લેખન એ દરેક ક્રિયા મંગળમય છે, કારણ કે તે વડે જ જગતનું કલ્યાણ સધાય છે.

વિદ્યાનો-જ્ઞાનનો મહિમા પંડિતજીએ અનેક પ્રસંગે દર્શાવ્યો છે. વિદ્યાર્થીઓ સમક્ષ કરેલા એક મંગળ પ્રવચનમાં તેમણે કહ્યું છે કે જગતમાં સૂર્યનો પ્રકાશ સૌથી વધુ તેજસ્વી દેખાય છે; પરંતુ તેના કરતાં પણ વધુ તેજસ્વી જ્ઞાનનો પ્રકાશ છે. સૂર્ય જેમ પોતાની આસપાસ અંધારું ટકવા દેતો નથી અને દૂર દૂરના અંધારાને પણ નષ્ટ કરે છે તેવી જ રીતે જ્ઞાની પણ પોતાના જ્ઞાન વડે અન્યના અજ્ઞાનને નષ્ટ કરે છે, એટલું જ નહિ સ્થળ અને કાળની દષ્ટિએ દૂર દૂરનું અજ્ઞાન પણ નષ્ટ કરે છે.

વિદ્યાની સાધનાનો પાયો છે જિજ્ઞાસા. આ જિજ્ઞાસા જેટલી વ્યાપક તેટલા પ્રમાણમાં વિદ્યાની સીમા વિસ્તરે છે. જિજ્ઞાસા સંતોષવા વિદ્યાર્થીઓ કેટલીક વાર માત્ર પુસ્તકોમાંના જ્ઞાન પર આધાર રાખે છે. પંડિતજી લખે છે કે એકલા પુસ્તકો વાંચી જવાથી કંઈ વળતું નથી; પરંતુ તે દ્વારા મેળવેલી બુદ્ધિથી સ્વતંત્રપણે અને નિર્ભયપણે વિચાર કરવાની શક્તિ અને તે પ્રમાણે વર્તવાની નિષ્ઠાપૂર્વકની વૃત્તિ જીવનમાં જરૂરી છે.

એક યુનિવર્સિટી-વ્યાખ્યાનમાં, તૈત્તિરીય ઉપનિષદના પ્રથમ-વલ્લીના ત્રીજા અનુવાક્યમાં ગુરુ, શિષ્ય, વિદ્યા - શાસ્ત્રો, તેનું અધ્યયન અધ્યાપન એ ચારના પરસ્પર સંબંધ વિશે કરેલી વિચારણા તેમણે વર્તમાન સંદર્ભમાં સમજાવી છે.

अथाधिविद्यम् । आचार्यः पूर्वरुपम् । अन्तेवास्युत्तररुपम् ।
विद्या सन्धिः । प्रवचनं सन्धानम् इत्यधिविद्यम् ॥

"ગુરુ પૂર્વરૂપ છે, શિષ્ય ઉત્તરરૂપ છે. તે બે વચ્ચે સંધાનરૂપ શીખવાની વિદ્યાઓ છે અને તે તે વિદ્યાનું આદાનપ્રદાન એ ગુરુશિષ્યનું અંતિમ ધ્યેય છે." આમ, ઉપનિષદ્ પ્રમાણે ગુરુ-શિષ્યનું અનુસંધાન કરાવનાર વિદ્યા અને તેનું આદાન-પ્રદાન મુખ્ય અને મહત્ત્વનાં છે. વિદ્યાનું અધ્યયન વિદ્યાર્થી પૂરી યોગ્યતાથી કરે, અધ્યાપન કાર્ય ગુરુ પૂરી સજ્જતાથી અને કૌશલ્યથી કરે એ જ બે વચ્ચેની જીવંત કડી છે. સાંપ્રત સમયને અનુલક્ષીને પંડિતજીએ ઉપનિષદ્‌ના આ મંત્રનો ગર્ભિતાર્થ સમજાવ્યો છે. વિદ્યાર્થીઓમાં અરાજકતા, સ્વચ્છંદતા જોવા મળે છે, સમય, શકિત અને ધનના દુર્વ્યયની વૃત્તિ જોવા મળે છે અને અધ્યાપકોમાં પણ અર્થમુખી અને મિથ્યા સ્પર્ધામુખી અસ્થિરતા અને ક્યાશ જોવા મળે છે. એ બન્ને તત્ત્વો વિદ્યાધામોને ઝાંખા પાડે છે. ઉત્તમ અધ્યાપકનું ગૌરવ કરતાં પંડિતજીએ જણાવ્યું છે કે સાચો અધ્યાપક અધ્યાપક હોવા ઉપરાંત નવતમ વિદ્યાર્થી પણ છે. નિષ્ઠાવાન અને શીલસંપન્ન અધ્યાપક કેવળ એક રાષ્ટ્રનો જ નહિ પણ સમગ્ર માનવ સમાજનો શ્રદ્ધેય સ્તંભ છે.

ઉત્તમ અધ્યાપક દ્વારા અપાતા શિક્ષણનો મહિમા કરતાં તેમણે કહ્યું છે કે શિક્ષણ એ જીવનનો દીવો છે, જેના અજવાળે સત્યાસત્યનો વિવેક કરી શકાય તેમ જ તપના સ્વરૂપનો વિવેક કરી શકાય. સારાં શિક્ષણ વિના સત્ય તથા તપના સ્વરૂપ અને આચરણ વિશે અંધારું જ રહેવાનું.

ઉપનિષદો અને અન્ય શાસ્ત્રોમાં વિદ્યાઓના પરા અને અપરા એવા બે ભેદ કરી પરામાં આત્મવિદ્યા અને અપરામાં બીજી બધી વિદ્યાઓનો સમાવેશ કર્યો છે. પંડિતજી જણાવે છે કે કેટલાક લોકોને મન પરા વિદ્યા અધ્યાત્મ વિદ્યા જ શ્રેષ્ઠ છે અને અપરા-અન્ય વિદ્યાઓ કનિષ્ઠ છે; પરંતુ આ ભ્રમ છે, ગેરસમજ છે. વાસ્તવમાં તો આ બન્ને વિદ્યાઓ ઉપયોગી છે. સ્થૂળમાંથી સૂક્ષ્મ જીવનમાં જે ક્રમે પ્રવેશ કરી શકાય તે ક્રમનો તેમાં નિર્દેશ છે. તેમાં એક ચઢિયાતી અને બીજી ઊતરતી એવો કોઈ અર્થ નથી; ઊલટું જીવનની બધી જ કક્ષાઓ અને તેને લગતી વિદ્યાઓ પોતપોતાના સ્થાને મહત્ત્વની છે. તેમણે એક સરળ ઉપમા દ્વારા આ બાબત સમજાવી છે. ભૂમિથી ઊંચે ચડવા માટે નિસરણીને ચડતા-ઊતરતા ક્રમમાં પગથિયાં હોય છે. તેમાં ઉપરનું પગથિયું શ્રેષ્ઠ અને તે જ એક માત્ર સ્વીકાર્ય એમ માનવું ભૂલ ભરેલું છે. નીચેથી ક્રમિક પગથિયાં પર જ ઉપરનાં પગથિયાંનો આધાર છે. બધાં જ પગથિયાંનું પોતપોતાના સ્થાને સરખું મહત્ત્વ છે. એ જ રીતે ભિન્ન ભિન્ન વિદ્યાઓનું મહત્ત્વ સમજવું અને સ્વીકારવું જોઈએ. જે લોકો જીવનના ક્રમમાં આધ્યાત્મિક કક્ષા સુધી પહોંચેલા છે અથવા પહોંચવાનો પ્રયત્ન કરે છે તેમને બધાંને પહેલાં બીજી વિદ્યાનો આશ્રય લેવો પડે છે. પંડિતજીએ અહીં સ્પષ્ટતા કરી છે કે પરા વિદ્યા એટલે અધ્યાત્મ વિદ્યાના સાધકે અપરા વિદ્યા તરીકે લેખાતી અધિભૂત વિદ્યાઓમાં તુષ્ટ ન રહેતાં, તેનો આશ્રય છોડયા વિના અને તે આશ્રયનો સાદર સ્વીકાર કરીને જ ઉચ્ચતર ભૂમિકા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો, નહીં કે પૂર્વની ભૂમિકાની ઉપેક્ષા કરીને. સીડીના ઉપલા પગથિયે પગ મૂકવો, પણ નીચેના પગથિયાંની ઉપેક્ષા ન કરવી.

પંડિતજીએ પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન સહુથી વધુ ચિંતન-મનન કશાનું કર્યું હોય તો તે ધર્મતત્ત્વનું છે. આત્મતત્ત્વના સ્વરૂપથી માંડીને વિવિધ પંથો, સંપ્રદાયો, ઉત્સવો, ક્રિયાકાંડો વગેરેની તેમણે પ્રસંગે પ્રસંગે અત્યંત સૂક્ષ્મ વિચારણા કરી છે, જે એમના ગ્રંથો 'ભારતીય તત્ત્વવિદ્યા', 'દર્શન અને ચિંતન' વગેરેમાં જોવા મળે છે. ધર્મ વિશે લખતાં પંડિતજીએ કહ્યું છે, "ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ, તેમ જ એ બે તત્ત્વોની દોરવણી નીચે ઘડાતો જીવનવ્યવહાર. આ ધર્મ પારમાર્થિક છે. બીજા જે વિધિનિષેધો, ક્રિયાકાંડો, ઉપાસનાના પ્રકારો વગેરે જે ધર્મની કોટિમાં ગણાય છે, તે બધા જ વ્યવહારિક ધર્મો છે અને તે જ્યાં સુધી પારમાર્થિક ધર્મો સાથે અભેદ્ય સંબંધ ધરાવતા હોય ત્યાં સુધી જ ધર્મના નામને પાત્ર છે."

ધર્મને પામવાની અનિવાર્ય શરત એ છે કે મનને ખુલ્લું રાખવું અને સત્ય-જિજ્ઞાસાની સિદ્ધિમાં કોઈ પણ પૂર્વગ્રહોને કે રૂઢ સંસ્કારોને આડે આવવા દેવા નહિ. આ માટે સૌથી પહેલાં નિર્ભયતાની જરૂર છે. ધર્મનો કંઈ પણ ખરો અને ઉપયોગી અર્થ થતો હોય તો તે નિર્ભયતા સાથે સત્યની શોધ છે.

દરેક જિજ્ઞાસુ વ્યકિતએ ધર્મ શું છે તે વિશે વિચાર કરવો જોઈએ. પંડિતજીના મતે ધર્મનો પ્રાણ વિચાર છે. ધર્મના પિતા, એનો મિત્ર અને એની પ્રજા એ બધું વિચાર જ છે. વિચાર ન હોય તો ધર્મની ઉત્પત્તિ સંભવે જ નહિ, જે ધર્મ વિચાર ન પ્રગટાવે અને પોષે તે પોતાનો આત્મા જ ગુમાવે. તેથી ધર્મ વિશે વિચારણા કે પરીક્ષા કરવી તે એને જીવન આપવા બરાબર છે.

પંડિતજીએ ધર્મના સ્વરૂપનો અને તત્ત્વનો બહુ વ્યાપક અને ઊંડાણથી વિચાર કરી તેના અનેક પાસાંને તપાસ્યાં છે. તેમના મતે ધર્મનું બાહ્ય સ્વરૂપ એટલે જીવનમાં સદાચાર અને સદ્‌ગુણી વર્તન. પંડિતજીની ધર્મવિષયક વિચારણામાં માનવકલ્યાણ કેન્દ્ર

સ્થાને છે. તેથી જ તેઓ માને છે કે વ્યકિતની બધી શકિતઓ, સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ એક માત્ર સામાજિક કલ્યાણની દિશામાં યોજાય ત્યારે જ ધર્મ યા સંસ્કૃતિ ચરિતાર્થ થાય છે.

ધર્મમાં પેઠેલા સડા વિશે તેમ જ પંથો વિશે તેમણે નિર્ભય અને કડક સમાલોચના કરી છે. ધર્મનું નામ સૂગ ઉપજાવનારું થઈ પડયું છે અને તત્ત્વજ્ઞાન નકામી કલ્પનાઓમાં ખપવા લાગ્યું છે. તેનું કારણ એ છે કે ધર્મગુરુ, ધર્મશિક્ષણ અને ધર્મસંસ્થાઓમાં જડતા, શિથિલતા અને નિષ્ક્રિયતા પ્રવેશી ગયાં છે. ધાર્મિક પંથો ધર્મને નામે અને ધર્મની ભાવના ઉપર જ કલહ કરાવે છે. પંથો ધર્મમાંથી જન્મેલા હોવા છતાં માનવજાતને એક થતાં અટકાવે છે. પંથો એટલે માનસિક સંકુચિતપણું અને મિથ્યાભિમાન. એક યથાર્થ રૂપક દ્વારા પંથોએ નિર્માણ કરેલી શોચનીય પરિસ્થિતિને પંડિતજીએ સમજાવી છે. ધર્મનદીને કિનારે અનેક તીર્થો હોય છે. અને અનેક પંથના ઘાટ પણ બંધાય છે. ઘાટો પર નભનાર પંડા કે પુરોહિતો પોતપોતાના તીર્થ કે ઘાટની મહત્તા કે શ્રેષ્ઠતા ગાઈને જ અટકતા નથી, પણ મોટે ભાગે બીજા તીર્થો કે બીજા પંથરૂપ ઘાટની ઊણપો બતાવવામાં જ વધારે રસ લે છે. વળી તેઓ મનાવે છે કે અમારો ધર્મ મૂલત: શુદ્ધ છે. તેમાં જે કંઈ અશુદ્ધિ છે તે બીજા પંથની અસર છે. અન્ય પંથોમાં કંઈ સારું છે તે અમારા ધર્મની અસર છે. વળી જે કંઈ જૂનું છે તે જ શુદ્ધ અને પ્રતિષ્ઠિત છે. આવી માન્યતાઓ અને આગ્રહો લોકોના ધાર્મિક જીવનને ક્ષુબ્ધ બનાવે છે. દરેક પંથ પોતાની પ્રાચીનતા, શુદ્ધિ અને શ્રેષ્ઠતા સ્થાપવા મથે છે અને અન્ય ધર્મોમાં રહેલા ઉચ્ચ તત્ત્વો તરફ આંખમીંચામણા કરે છે. ધર્મના નામે આવું વલણ ખરેખર અહિતકર છે. આના ઉપાય તરીકે પંડિતજી વિચારે છે કે જેમ જીવતા લોહી માંસમાંથી ઊગેલો અને વધેલો નખ શરીરનો જ ભાગ હોવા છતાં શરીરને નુકસાન કરે છે અને એને કાપી નાખીએ તો જ શરીરની સલામતી જળવાય છે, તેવી જ રીતે ભલે ધર્મમાંથી જન્મેલો હોવા છતાં ધર્મને જ બાધક પંથ જ્યારે છેદાય છે ત્યારે જ માણસ જાત સુખી થાય છે.

ધર્મમાં પેઠેલા અનેક પ્રકારના સડાને જિજ્ઞાસુ સમજી શકે અને દૂર કરી શકે એ માટે પંડિતજી તેને ધર્મનું શિક્ષણ ઐતિહાસિક અને તુલનાત્મક દષ્ટિએ આપવાની હિમાયત કરે છે, જેથી ધર્મનું શિક્ષણ એક પંથગામી મટી સર્વ પંથગામી બને અને બધા જ પંથના સ્થૂળ તેમ જ સૂક્ષ્મ જીવનના ઇતિહાસનું જિજ્ઞાસુને ભાન થાય. ભગવાન મહાવીરે અનેકાંતવાદ માટે જે ચાર શરતો મૂકી છે એ શરતોને ધ્યાનમાં રાખી પંડિતજી સૂચવે છે કે ધર્મની વિચારણા રાગદ્વેષથી પર રહીને કરવી જોઈએ. જેમ પોતાના ધર્મના સુતત્ત્વો જાણીએ તેમ અન્ય ધર્મના સુતત્ત્વોને માન આપવું જોઈએ. પરંપથની ત્રુટિઓની જેમ પોતાના પંથની ત્રુટિઓનો કડક પરીક્ષણ અને સૂક્ષ્મ નિરીક્ષણ દ્વારા વિચાર કરવો જોઈએ. ત્રુટિઓનો સ્વીકાર કરી દૂર કરવી 'અને દરેક ધર્મ કે પંથના ઉત્તમ અંશોનો સમન્વય કરવો જોઈએ. આમ, કડક પરીક્ષણ, સૂક્ષ્મનિરીક્ષણ, ચિત્તની ઉદારતા અને ખેલદિલી દ્વારા જ ધર્મના ઉત્તમ અંશને સાચા અર્થમાં પામી શકાય.

આમ, પંડિતજીના ધર્મ અને વિદ્યા વિષયક ચિંતનનો થોડોક પરિચય આપણે કર્યો. આ વિષયો ઉપરાંત, સાહિત્ય, સમાજ, સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન વગેરે વિષયો પર પંડિતજીના ચિંતનનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે માત્ર ગુજરાતીના જ નહિ, સમગ્ર ભારતના શ્રેષ્ઠ તત્ત્વચિંતકોમાંના એક તત્ત્વચિંતક તરીકે પંડિતજીને ઓળખાવી શકીએ. તેમનાં લખાણો મૌલિક, પૂર્વગ્રહથી મુક્ત, સમભાવયુક્ત, તટસ્થ અને ગુણદર્શી હોય છે. તેમની વિચારણામાં વ્યાપકતા અને ગહનતા જોવા મળે છે. એમની દષ્ટિ હમેશાં ઉદાર અને ઉદાત્ત હોય છે. એમની શૈલી ગહન વિષયને પણ વ્યવસ્થિત અને ક્રમબદ્ધ રીતે રજૂ કરતી, સરળતા અને રસિકતા વડે દીપતી, પ્રસંગે ઉપમાદિ અલંકારો વડે ઓપતી હોય છે.

માત્ર ભારતના જ નહિ, આ જગતના મહાન દાર્શનિકને આપણી ભાવભરી શ્રદ્ધાંજલિ હો.

— પ્રા. તારાબહેન ર. શાહ

# વાટના દીવા

કોઈક વાર રાતના મોડેથી યુનિવર્સિટી-વિસ્તારના રસ્તાઓ પર આંટો મારવા નીકળું છું. ના, શહેરની ઝળાંહળાં રોશની અહીં નથી; અંધરામાં રસ્તો બતાવે એવા થોડાક વીજળી દીવા ટમટમે છે. ક્યારેક કોઈ ઝડપી વાહનની હેડ લાઈટ આંખો આંજી દેતી પથરાય છે ને આવે છે એટલી જ ઝડપી ગતિએ અદશ્ય થઈ જાય છે. થોડીવાર સુધી તો કશું દેખાતું નથી. પછી ધીરે ધીરે પેલા ટમટમતા વીજળી દીવાના તેજમાં રસ્તો દેખાવા લાગે છે.

સાચું કહું તો જીવનમાં પણ મેં આવું જ બનતું જોયું છે. જાહેર જીવનમાં કેટલીક વ્યકિતઓ ઝડપી વાહનની જેમ આવે છે ને એમની હેડલાઈટ આપણી આંખોને આંજી નાખે છે. પછી અંધારું એવું ઘેરું બને છે કે રસ્તો જ દેખાતો નથી. આવે સમયે થોડાક ટમટમતા દીવા રસ્તો સુઝાડે છે. આ ટમટમતા દીવાના થાંભલા સ્થિર હોય છે, સરકતા નથી હોતા. મારી શ્રદ્ધા આવા સ્થિર ટમટમાતા દીવાઓમાં છે, આંખોને આંજી દઈને પાછળ અંધારું છોડી જતાં ઝડપી વાહનોના પ્રકાશમાં નહિ.

હમણાં થોડા દિવસ પહેલાં જ 'અનેકાન્ત વિહાર' પાસેથી પસાર થવાનું આવ્યું. 'અનેકાન્ત વિહાર' એ પંડિત સુખલાલજીનું નિવાસસ્થાન. મારા જેવા અનેકને માટે એ તીર્થધામ. હવે પંડિતજી ત્યાં નથી એ હકીકતે મનમાં કંઈક થઈ ગયું. પંડિતજીનું હોવું એ કેટલી મોટી વાત હતી! અમુક વ્યકિત ક્યાંક છે એ પ્રજાજીવનમાં મોટું આશ્વાસન હોય છે. એ વ્યકિતના ફોટાઓ ભલે છાપાંઓમાં છાશવારે ન છપાતા હોય, ભલે એ વ્યકિત કારણ-અકારણ નિવેદનો ન કરતી હોય, એ ક્યાંક હોય એટલું જ બસ છે. આવી વ્યકિતઓ, રસ્તાઓ પર ટમટમતા દીવાઓ જેવી છે. પંડિત સુખલાલજી આવી એક વિરલ વ્યકિત હતા.

શ્રી. વાડીલાલ ડગલી અમદાવાદમાં આવ્યા હોય ને એમની મારે ભાળ મેળવવી હોય તો પહેલી તપાસ મારે 'અનેકાન્ત વિહાર'માં કરવાની રહેતી. એવું જ પંડિત દલસુખભાઈ માલવણિયાનું. તેઓ ઘરે ન હોય તો માનવું કે પંડિતજી પાસે બેઠા હશે. માણસ માણસને મળે એમાં કંઈ નવાઈ પામવા જેવું નથી, પણ એ કઈ ભૂમિકા પર મળે છે તે અગત્યનું છે. સંસારની રોજ-બરોજની જટાજાળમાંથી મનને થોડીક ક્ષણો માટે મુક્ત કરવું હોય, એને ઊંચી ભૂમિકાએ લઈ જવું હોય તો ડાહ્યા પુરુષોએ એક માર્ગ બતાવ્યો છે—સત્સંગતિ. સત પુરુષો સાથે ગાળેલી થોડીક ક્ષણો તળેટીમાં આળોટતા મનને પર્વતનાં ઊંચાં શિખરો દેખાડે છે ને ત્યાં પહોંચવાની પ્રેરણા આપે છે. પંડિતજી સાથેની અનૌપચારિક મુલાકાત પણ મનહૃદયમાં કશુંક સંકોરી આપતી. એમનામાં વિદ્યાની સાથે ડહાપણ **wisdom** હતું. ડહાપણને કારણે આવેલી નરવી જીવનદષ્ટિ હતી. અપરા વિદ્યાઓની ઉપાસનામાં એમનું લક્ષ્ય તો હતું પરા વિદ્યા—अध्यात्मविद्या विद्यानाम् ।

પંડિતજીને મેં પહેલ વહેલા સાંભળ્યા વડોદરામાં. યુનિવર્સિટીમાં ભારતીય તત્ત્વવિદ્યા પર એમનાં વ્યાખ્યાનો હતાં. માત્ર થોડાક કલાકોમાં તો એમણે વિદ્યાઓની અનેક ધારાઓને સાંકળીને મહત્ત્વનાં વિચારબિંદુઓ લીલયા પકડી લીધાં. એક મેધાવી અને પ્રાજ્ઞ પુરુષનો એ પરિચય હતો. પંડિતજીનાં વ્યાખ્યાનો અને લખાણોમાં ભારતીય તત્ત્વવિદ્યા અર્વાચીન સંદર્ભમાં નવા તેજે પ્રગટે છે. એનું શ્રેય છે પંડિતજીની સત્યની શોધને અને એ શોધને ક્રિયાન્વિત કરનાર એમના શીલને.

આવી વ્યકિત ક્યાંક હોય એ જેવું તેવું આશ્વાસન નથી. એનો પ્રેમ, એની નરવી દષ્ટિનું તેજ આજુબાજુના માનવજીવનને રળિયામણું કર્યા વિના રહે જ નહીં. પ્રકાશ એ તો દીવાનો સ્વભાવ છે. મારી શ્રદ્ધા આવા વાટના દીવાઓમાં છે. એવો એકાદ દીવો ઓછો થાય છે ત્યારે આકાશમાં ટમટમતા તારાની સામે જોઈ લઉં છું ને ભગવાનને પ્રાર્થું છું કે જીવનમાં વાટના દીવાની ખોટ કોઈ પણ પ્રજાને ક્યારેય ન પડજો.

— અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

('મુંબઈ-સમાચાર'માંથી)

# ☆ પંડિત સુખલાલજી દૃષ્ટિવિહીન દ્રષ્ટા ☆

બીજી માર્ચ ૧૯૭૮ના રોજ પંડિત સુખલાલજીનું દેહાવસાન થઈ ગયું, જ્યારે એમની ઉંમર ૯૮ વર્ષની હતી. એમની વિદાયથી કેવળ જૈન દર્શનના જ નહીં, પણ સમગ્ર ભારતીય દર્શનમાં એક વિશ્વવિશ્રુત વિદ્વાન ચાલ્યા ગયા. વાસ્તવિકરીતે, તેઓ દર્શનના ક્ષેત્રમાં એવી મહાન વિભૂતિ હતા કે જેમની બરોબરી કરી શકે એવી બીજી કોઈ વ્યક્તિ નજરે નથી પડતી.

એમણે જે કંઈ વાંચ્યું અને લખ્યું, એનો મહિમા આપણા સમકાલીન ઈતિહાસમાં હંમેશને માટે અવિસ્મરણીય રહેશે. એમનું દર્શન અને ચિંતન તો મહિમામય હતું જ, એમનું જીવન પણ એટલું જ મહિમાવંત હતું. "સાદું જીવન અને ઊંચા વિચારો"નો આદર્શ એમના જીવનમાં પૂરેપૂરો સફળ થયો હતો. જીવનની આ દૃષ્ટિ એમને જેમ એક તરફથી મહાવીર અને બુદ્ધ વગેરેની પરંપરામાંથી લાધી હતી, તેમ બીજી તરફ એ મહાત્મા ગાંધીની વિચારસરણીથી પરિપુષ્ટ થઈ હતી. ભારતીય સંસ્કૃતિમાં જે સર્વોચ્ચ અને સર્વોત્તમ છે, એના તેઓ પોતે જ એક ઉદાહરણરૂપ હતા.

એમણે જે કંઈ કહ્યું અને લખ્યું, એને જાતે પોતાના જીવનમાં ઉતારી બતાવ્યું હતું, પંડિતજીની આ સૌથી મોટી વિશેતા હતી. પાંડિત્ય કે વિદ્વતા પ્રાપ્ત કરવા વિશેષ કઠણ નથી હોતાં; પરંતુ જીવન-સાધનામાં પોતાના વિચારોને સાર્થક અને સત્યને સિદ્ધ કરવાં, એ સહેલાં નથી હોતાં. એટલાં માટે પંડિતજી પંડિત હોવા કરતાં વધારે મોટા જીવનસાધક હતા. તેઓ જીવનપર્યંત વિચારોના શોધનની સાથે સાથે જીવનશોધન પણ કરતા રહ્યા. એમની સાધના કેવળ વિદ્યાની ક્ષિતિજો ઉપર જ બેસી રહે એવી ન હતી; એના કેન્દ્રમાં ધરતીનું જીવન રહેલું હતું. આ સાધનાનો માર્ગ એમણે હૃદય અને બુદ્ધિનાં નેત્રોથી જ શોધ્યો હતો, કારણ કે શારીરિક આંખો તો એમણે સોળ વર્ષની નાની ઉંમરે જ ગુમાવી દીધી હતી.

એમના જીવન-ક્રમનું અધ્યયન કરતાં, ક્યારેક ક્યારેક તો એમ લાગે છે કે કદાચ એમનાં શારીરિક નેત્રો એટલાં માટે ચાલ્યાં ગયાં હતાં કે, જીવન અને જગતના એ સમગ્ર પ્રકાશને તેઓ એ ચક્ષુઓની સહાયથી પામી શકે એમ ન હતા; એનું દર્શન તો એમણે બુદ્ધિ અને હૃદયના અદશ્ય નેત્રો દ્વારા જ કર્યું હતું. શારીરિક નેત્રવિહીનતાને પોતાની કોઈ મોટી ખામી માનીને તેઓ બીજા કોઈની સહાનુભૂતિની અપેક્ષા નહોતા રાખતા.

આ પ્રસંગે મને એક ઘટનાનું સ્મરણ થઈ આવે છે. પંડિતજીનું સાર્વજનિક ધોરણે બહુમાન કરવાનો સમારોહ, સને ૧૯૫૭ માં મુંબઈમાં ઊજવાયો હતો તે વખતના ઉપરાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણન એ સમારોહના પ્રમુખ હતા; તેઓ પોતે પણ મોટા દર્શનવેત્તા હતા. એમણે પંડિતજીના સન્માન અંગેના પોતાના ભાષણમાં, સંસ્કૃતના એક શ્લોકનો ઉલ્લેખ કર્યો હતો. એ શ્લોકમાં નેત્રહીન વ્યક્તિની વિચક્ષણતાની વિશેષ પ્રશંસાનો ભાવ હતો. તે પછી પંડિતજીએ ડો. રાધાકૃષ્ણનના કથનનો જવાબ આપતાં, એમણે કરેલ શ્લોકનો પૂરો પાઠ રજૂ કરીને, પૂછ્યું હતું કે આ અભિનંદન મારી નેત્રહિનતાનું થઈ રહ્યું છે કે મારી જ્ઞાનોપલબ્ધિનું? પંડિતજીની વાત સાંભળીને ડો. રાધાકૃષ્ણન નિરુત્તર થઈ ગયા હતા.

પંડિતજી આજીવન શોધક હતા. બધા સમયમાં અને બધા પ્રસંગોમાં એમની જીવન-દૃષ્ટિ ખુલ્લી રહેતી હતી. એમની જિજ્ઞાસાનો તો કોઈ છેડો જ ન હતો. તેઓ દરેક વ્યક્તિ પાસેથી દરેક વિષયની જાણકારી મેળવવા આતુર રહેતા હતા. રમૂજ ઉપજાવે એવી એક વાત મને યાદ આવે છે. સને ૧૯૩૪માં જ્યારે હું કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં બી. એ. નો અભ્યાસ કરવા ગયો ત્યારે તેઓને સૌથી પહેલાં મળવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું હતું. હું બી. એ.નો એક સામાન્ય વિદ્યાર્થી હતો અને મારે ભણવાના વિષયોમાં ઈતિહાસ કે દર્શન વગેરે જેવો, એવો કોઈ વિષય ન હતો કે જેમાં પંડિતજીને રસ પડે; પરંતુ પંડિતજીએ પોતાના વિચારોની તીવ્રતા અને ક્રાંતિકારી દૃષ્ટિબિંદુથી, મને પોતાની એટલી નજીક ખેંચી લીધો કે જેથી વારંવાર એમની પાસે બેસવાની અને એમની સાથે વાતો કરવાની મને ઈચ્છા થયા કરતી. એમની વાતો સાંભળીને મને એમ લાગતું હતું કે, શાસ્ત્રો અને ધર્મગ્રંથોની ચર્ચાવિચારણામાં ઊતર્યા વગર જ મને જીવન - શોધનની દૃષ્ટિ મળી ગઈ. એક દિવસ સાંજે એમની પાસેથી પાછા આવતી વખતે મેં એમને એમ કહ્યું હતું કે, બીજે દિવસે હું ફરીવાર આવીશ પણ બીજે દિવસે હું મારા સહાધ્યાયી મિત્રોના આગ્રહથી, એમની સાથે સિનેમા જોવા ચાલ્યો ગયો અને પંડિતજીની પાસે ન જઈ શક્યો. તે પછીના દિવસે જ્યારે હું એમની પાસે ગયો ત્યારે આગલા દિવસે હું કેમ ન આવી શક્યો એનું કારણ મેં કહ્યું તો તેઓ, મેં જે સિનેમા જોયો હતો, એની જ વાત વિસ્તારથી પૂછવા લાગ્યા. ફક્ત કથાની જ વાત નહીં પણ અભિનેતા અને અભિનેત્રીઓનાં નામ સુદ્ધાં પૂછ્યાં અને છેવટે પૂછ્યું કે ફિલ્મમાં મને શું સારું લાગ્યું શું ખરાબ લાગ્યું અને તે શા કારણે? મને એમ લાગ્યું કે, તેઓ મારી પાસેથી જે કાંઈ સાંભળવા મળે તેટલાથી ય, ફિલ્મોસંબંધી પણ માહિતી મેળવવા ઈચ્છતા હતા. તેઓ માનતા હતા કે જીવનની પરિપૂર્ણ દૃષ્ટિથી, દરેક વિષયને જાણવાની જરૂર છે; અને જ્યાંથી, જેની પાસેથી જેટલું જ્ઞાન મળે, તે મેળવી લેવું જોઈએ. આ વાતનો અનુભવ મેં પંડિતજી સાથેના ૪૪ વર્ષના નિકટના સંબંધ દરમ્યાન, કેટલીય વાર અને કેટલાય પ્રસંગોએ કર્યો છે. દરેક વખતે હું એમની પાસેથી, પહેલાંની અપેક્ષાએ મારી શ્રદ્ધામાં વધારો કરીને જ પાછો આવ્યો છું.

જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારા અનેક વિદ્યાર્થીઓ એમની પાસે હતા; મારું સ્થાન એમાં ન હતું. મેં ક્યારેય કોઈ પણ જૈન ગ્રંથનું શાસ્ત્રીય અધ્યયન નથી કર્યું; પરંતુ પંડિતજી સાથેના ૪૪ વર્ષના નિકટના સંબંધને લીધે, મને જે કંઈ શીખવા અને સમજવા મળ્યું, તેથી મને ઘણું બધું મળ્યું છે. જીવન દૃષ્ટિને કેળવવામાં હું જે કંઈ કરી શક્યો, એ પંડિતજીનું જ સર્જન છે. મારા માટે તેઓ મહાન દ્રષ્ટા હતા. ન માલૂમ, તેઓ કેટલા બધા - હજારો લોકોને માટે દ્રષ્ટા બન્યા હતા! સ્વયં પોતે જે જોઈ શકતા ન હતા, એનું દર્શન એમણે બીજાઓને કરાવ્યું હતું! દરેક વાતના મૂળ સુધી પહોંચ્યા પછી જ તેઓ પોતાનો નિર્ણય આપતા હતા. એમના અનેક પત્રો મારી પાસે છે, જે વાંચીને મને સમજાય છે કે એમની દૃષ્ટિ કેટલી સર્વાંગીણ અને કેટલી ઊંડી હતી.

સને ૧૯૪૩ થી લગભગ ત્રણ વર્ષ સુધી હું કલકત્તાની પ્રેસિડેન્સી જેલમાં હતો. ત્યાં સદ્‌ભાગ્યે, રાજદ્વારી કેદીઓને બહારથી ચોપડીઓ મગાવવાની છૂટ હતી. આથી ઘણાં મોટાં મોટાં પુસ્તકો જેમને બહાર રહીને વાંચવાની, સમયના અભાવને લીધે મને તક નહોતી મળી, એમને વાંચવાની અનુકૂળતા મળી. ત્યાં ડો. રાધાકૃષ્ણને લખેલ "ઈન્ડિયન ફિલોસોફી" ના બે ભાગ વાંચવાનો અવસર મળ્યો. જૈન ધર્મના 'સંથારા વ્રત' ને માટે ડો. રાધાકૃષ્ણને 'આત્મઘાત' શબ્દનો પ્રયોગ કર્યો છે. એ સ્થાને એ શબ્દ મને ખોટો લાગ્યો, અને એ અંગે મેં પંડિતજીને પત્ર લખીને પૂછાવ્યું. એમણે રાધાકૃષ્ણના પુસ્તકમાંના આ મુદ્દા સાથે સંબંધ ધરાવતા લખાણનું જ નહીં પણ બીજાં પ્રાસંગિક પુસ્તકોનું પણ અધ્યયન કરીને મારા ઉપર એક લાંબો પત્ર લખ્યો, જેથી મારી જિજ્ઞાસા શાંત થઈ. એ

પત્રમાનું આ એક વાકય હું કયારેય ભૂલી શકું એમ નથી: "વાંચવાના આનંદ માટે તમે રાધાકૃષ્ણનને ભલે વાંચો, પણ દર્શનની ધૂંચોને સાચી રીતે સમજવા માટે સુરેન્દ્ર દાસગુપ્તાને વાંચશો'

પંડિતજીએ ધર્મ અને દર્શનનું મંથન તો કર્યું જ હતું, પણ સાથે સાથે સામાજિક જીવનનું પણ ખૂબ મંથન કર્યું હતું. ધર્મગ્રંથોની સાચી સમજને આધારે, અને કયાંક કયાંક એમને ખોટા માનીને પણ, એમણે જીવનનો સ્વસ્થ અને સાચો માર્ગ બતાવ્યો હતો. કોઈ પણ બાબતમાં તેઓ ન તો દુરાગ્રહી હતા કે ન તો અનુદાર. તેઓ પરિવર્તનના અફર નિયમના પૂર્ણરૂપે પક્ષકાર હતા. તેથીજ એક સત્યદષ્ટા રૂપે એમની આટલી બધી નામાના હતી.

આજે પંડિતજી નથી પણ પંડિતજીનું સાહિત્ય તો અમર છે અને અમર રહેશે. હા, પોતાની જીવનયાત્રાના સંબંધમાં એમણે ઘણું થોડું લખ્યું છે. એમના નિકટના લોકો, જેમાંનો હું પણ એક છું, એમણે એમને પોતાની જીવન - કથા પૂરી કરવા કેટલીયે વાર કહ્યું, પણ તેઓ એનો ઈનકાર જ કરતા રહ્યા. આ સંબંધમાં એમણે કહેલું એક વાકય જાણે એમના જીવનના મૂળ બિંદુને જ સમજાવે છે: 'અપરિગ્રહ જીવનશુદ્ધિ વગેરે બાબતોમાં હું મારી પોતાની ભાવના અને સમજણ અનુસાર વર્તન નથી કરી શકયો, તેથી જીવન - કથા લખવામાં સંકોચ જ થાય છે. લખવું હોય તોય એમાં કોઈ અત્યુકિત આ આડંબર જેવું ન હોવું જોઈએ. જાણે કે સામાન્ય જીવનક્રમ સ્વાભાવિક રીતે ચાલતો હોય એવું જ એ હોવું જોઈએ."

તેઓ જ્ઞાનમાં મહાન હતા, જીવનમાં મહાન હતા.

(હિંદી ઉપરથી અનુવાદિત) ભંવરમલજી સિંઘી

# મહાન દાર્શનિક પંડિત સુખલાલજી

પ્રતિભા પ્રકૃતિપ્રદત્ત હોય છે. પરિશ્રમ એને ઓપ આપે છે અને મનુષ્ય કંઈનો કંઈ બની જાય છે. કેટલીય અસંભવિત લાગતી વાત સંભવિત બની જાય છે. જે વાતની કોઈ કલ્પના પણ ન કરી શકે તે પ્રત્યક્ષ થઈ જાય છે. એવી જ એક ઘટના છે મહાન દાર્શનિક પં. સુખલાલજીની પ્રતિભાના વિકાસની.

લગભગ ૫૦ વર્ષ પૂર્વે મેં પંડિત સુખલાલજીની પ્રતિક્રમણની અર્થસહિતની પ્રકાશિત પુસ્તિકા જોઈ હતી અને તે પછી એમણે કરેલ કર્મગ્રંથોનું હિન્દી વિવેચન વાંચવામાં આવ્યું ત્યારે મને એ વાતનું આશ્ચર્ય થયું કે, એક નેત્રહીન વ્યકિત આટલા મોટા પંડિત કેવી રીતે બન્યા? પ્રાકૃત, સંસ્કૃતભાષા અને હિન્દીનો આટલો સારો અભ્યાસ, જેની માતૃભાષા ગુજરાતી હતી એમણે કેવી રીતે કર્યો? વળી આટલું સારું અને ગંભીર વિવેચન કેવી રીતે કર્યું?" આ વિષયનું આટલું તલસ્પર્શી વિવેચન લખવું કોઈ સાધારણ શકિતનું કામ નથી.

શરૂઆતમાં વેપારી શિક્ષણ અને અનુભવ અર્થે મારે કલકત્તા જવાનું થયું ત્યારે જાણવા મળ્યું કે—પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી સંપત્તિશાળી શેઠ બહાદુરસિહજી સિંઘીને ત્યાં પધાર્યા છે, વળી તેઓ એમના નિવાસસ્થાને કેટલીક મહિલાઓ વગેરેને અભ્યાસ પણ કરાવે છે. વિચાર્યું ચાલો જઈને એમને મળીએ અને એમની સાથે વાતચીત કરી એમની દાર્શનિક તરીકેની શકિતનો તાગ લઈએ. તે પ્રમાણે હું સિંઘીજીને ત્યાં જઈ પહોંચ્યો. એ સમયે તેઓ અંદરના ખંડમાં કોઈને અભ્યાસ કરાવતા હતા. તેઓ થોડીવાર પછી બહાર આવ્યા. મેં એમની સાથે વાતચીત કરી ત્યારે મને એમના અગાધ જ્ઞાનની કંઈક ઝાંખી થઈ. જે વાત એમને જેવી લાગતી તેવી તેને તેઓ સ્પષ્ટ રૂપમાં પોતાના વિચારમાં પ્રગટ કરતા હતા. આથી મારા કેટલાક પ્રશ્નોનું સમાધાન થયું. એમનાં પ્રત્યક્ષ દર્શન કરવાનો તથા ચર્ચા કરવાનો આ સર્વપ્રથમ અવસર. આ પછી એમને અંગે અહીં - તહીંથી આવશ્યક માહિતી પ્રાપ્ત કરી, પરિણામે મારું કુતૂહલ શાંત થયું. ૧૬ વર્ષની ઉંમરે એમની નેત્રજ્યોતિ શીતળાને કારણે લુપ્ત થઈ ગઈ, પણ એમણે પોતાની વૃદ્ધિ પામતી વિદ્યારુચિને કારણે બનારસ અને મિથિલા જઈ ભારતીય દર્શનોનો ગંભીરતાથી અભ્યાસ કર્યો. સામાન્યત: આપણા ચંચલ નેત્રો બાહ્ય પદાર્થો જેવામાં લાગ્યાં રહે છે, પણ એમનાં નેત્રો, નેત્રજ્યોતિના અભાવમાં, અન્તર્મુખ બની ગયાં. નિરંતર ચિંતન દ્વારા તેઓ એમાં વધુ ને વધુ ઊંડા ઊતરતા ગયા. વાંચવાનું પરાશ્રિત હતું; કોઈ બોલીને કે વાંચીને સંભળાવે ત્યારે શકય બનતું; પરંતુ આવી રીતે તેઓ જે કાંઈ સાંભળતા એના પર મનન કરવા માટે તો તેઓ સ્વતંત્ર હતા; વળી એમની સ્મરણશકિત તેજ હતી અને પ્રતિભા તો હતી જ એટલે દર્શનશાસ્ત્રના વિષયમાં એમની પહોંચ એટલી ઊંડી અને ઊંચી થઈ ગઈ કે જે બીજા માટે શકય જ ન હતું.

ગાંધીજી, જિનવિજયજી, ધર્માનન્દ કૌશામ્બી, પંડિત બેચરદાસજી સાથે રહેવાથી એમનામાં કેટલીક અદ્‌ભુત વાતો પણ વિકાસ પામી. એમના જીવનની દિશા એક નવી ધારા પ્રત્યે ઉન્મુખ થઈ. પરિણામે એમનું જીવન ખૂબ સંયમી, સરળ અને પોતાની જ ઢબનું બની ગયું. ગુજરાત વિદ્યાપીઠ તેમ જ પાર્શ્વનાથ વિદ્યાશ્રમમાં એમણે અધ્યાપનનું કાર્ય કર્યું હતું. આ વિદ્યાશ્રમ તો એમની પ્રેરણાથી જ સ્થાપિત થયો હતો, જે પછીથી ખૂબ પ્રસિદ્ધિ પામ્યો.

અમદાવાદમાં મને એમને મળવાનો બેત્રણ વખત મોકો મળ્યો હતો. કોઈ કોઈ સ્થાને એમનાં ભાષણ સાંભળવાની પણ તક મળી હતી પણ એમનો મારા પરનો ઝાઝો પ્રભાવ તો એમના લેખો અને ગ્રંથોએ જ પાડયો છે. અનેક ઉચ્ચસ્તરની પત્રિકાઓમાં એમના લેખો વાંચ્યા હતા, તેમ જ એમના જે કોઈ ગ્રંથો પ્રકાશિત થતા હતા તે અવારનવાર મગાવીને વાંચતો રહ્યો હતો. એમાંથી એમના વિશાળ અને ગંભીર જ્ઞાન - ચિંતનનો તેમ જ ઉપલબ્ધિનો વિશેષ પરિચય મળતો રહ્યો. આચાર્ય હરિભદ્રસૂરિ અને ઉપાધ્યાય યશોવિજયજી પ્રત્યે એમની વિશેષ ભકિત જેવા મળે છે. તુલનાત્મક અધ્યયન પર એમણે વિશેષ ભાર મૂકયો છે. સમસ્ત ભારતીય દર્શનો અંગેનું એમનું અધ્યયન અને ચિંતન ઘણી નવી પ્રેરણા આપે છે.

એમના નિકટના સંપર્કમાં આવીને અન્ય કેટલીક વ્યકિતઓ સારા વિદ્વાન બની છે. પં. દલસુખભાઈ માલવણિયા પણ એમના વિશિષ્ટ શિષ્યોમાંથી એક છે પણ પંડિતજીએ જે પ્રમાણમાં દીર્ઘાયુ મેળવ્યું છે તેના પ્રમાણમાં એમનું શિષ્યમંડળ નાનું છે. તેઓ સ્વતંત્ર પ્રકૃતિના હોવાને કારણે, જેટલું લખાવી શકે એટલું લખાવી શકયા નહીં. સંભવ છે કે એમની પાસેથી ઈચ્છિત કામ લેવાનું અને એની સાથે લેખનની વ્યવસ્થા સાંભળવાનું શકય બન્યું નહીં હોય, નહીં તો વીતેલાં વર્ષોમાં એમના અનુભવથી પરિપકવ થયેલા જ્ઞાનની પ્રસાદી જે રૂપમાં અથવા જે પ્રમાણમાં મળવાની અપેક્ષા હતી તે મળવા પામી નથી, તો પણ તેઓ જે કાંઈ આપી ગયા છે તે ખૂબ મહત્ત્વનું છે.

એમના લેખાદિનો સંગ્રહ બે મોટા ભાગમાં પ્રકાશિત થઈ ગયો છે પણ જનસાધારણને ઉપયોગી રાઈદેવસિ અથવા પંચ પ્રતિક્રમણનું અર્થસહિતનું પુસ્તક તથા કર્મગ્રંથના ચાર ભાગ લગભગ અપ્રાપ્ય છે. એને પ્રકાશિત કરવા જોઈએ. કેટલાક વિશિષ્ટ ગ્રંથોને પાઠયક્રમમાં પ્રયત્નપૂર્વક સ્થાન અપાવવું જોઈએ. અપ્રકાશિત સામગ્રીને જલદીથી પ્રકાશમાં લાવવી જોઈએ. એમના નામથી કોઈ એવી સંસ્થા કે વ્યાખ્યાનમાળા શરૂ કરવી જોઈએ, જેનાથી જ્ઞાનના ક્ષેત્રમાં અધિકાધિક વિકાસ થતો રહે.

(હિંદી ઉપરથી અનુવાદિત) અગરચંદ નાહટા

* * *

# શ્રદ્ધાંજલિ

આદરણીય પૂજ્ય પં. સુખલાલજી સંઘવીના નિધનના સમાચારથી હાર્દિક દુ:ખ થયું. પંડિતજી વિદ્વત્ જગતના જાજવલ્યમાન નક્ષત્ર હતા. તેઓ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં સરસ્વતીપુત્ર હતા. એમના જેવા અસાધારણ પ્રતિભાસંપન્ન વિદ્વાન અત્યંત દુર્લભ છે. ચિંતન, મનન અને નિદિધ્યાસન વડે એમણે એમની પ્રજ્ઞાનો અદ્‌ભુત વિકાસ કર્યો હતો. જૈનદર્શન અને સંસ્કૃતિના ક્ષેત્રમાં એમની કીર્તિપતાકા સદા ફરકતી રહેશે. પંડિતજી ભારતીય દર્શનશાસ્ત્ર અને સંસ્કૃતિના પ્રકાંડ વિદ્વાન હતા. એમના સ્થાનની પૂર્તિ નજીકના ભવિષ્યમાં થવી અત્યંત કઠિન છે. ભારતીય વિદ્યાના એક અસાધારણ વિદ્વાન અને દાર્શનિકના દેહાવસાનથી અમે બધા દુ:ખી છીએ. એમના દ્વારા કરવામાં આવેલ મૌલિક લેખન, શોધ, સંપાદન વગેરે કાર્ય ચિરસ્મરણીય રહેશે તથા આપણા લોકોનું માર્ગદર્શન કરતું રહેશે.

અંતમાં પૂજ્ય પંડિત સંઘવીજીના ચરણોમાં મારી શ્રદ્ધાંજલિ અર્પિત કરતાં આશા વ્યકત કરું છું કે દિવંગતના આત્માએ ચોક્કસ સદ્‌ગતિ પ્રાપ્ત કરી હશે.

(હિન્દી ઉપરથી અનુવાદિત) ઉદયચંદ્ર જૈન

# વિદ્યાવિભૂતિ મહર્ષિ પંડિત શ્રી સુખલાલજી સાથેના થોડા પ્રસંગો

સાક્ષાત્ વિદ્યાસ્વરૂપ પરમ પૂજ્ય પંડિતજી સાથેનો અતિ-મર્યાદિત સંપર્કથી તેમના સંબંધમાં અહીં અતિ સ્વલ્પ માહિતી આપી શક્યો છું.

(૧) સન ૧૯૩૫માં, પૂજ્યપાદ મહારાજજી પાસે, પરમ પૂજ્ય પંડિતજી, તેમના સહાયક પટ્ટશિષ્ય શ્રી દલસુખભાઈ માલવણિયાની સાથે પાટણ (ઉત્તર ગુજરાત)માં આવેલા તે વખતે મને પહેલી વાર તેમનાં દર્શન અને અલ્પ-સ્વલ્પ પરિચય પણ થયો.

તે સમયે, સુપ્રસિદ્ધ સૂરિવર્ય શ્રીમદ્ હેમચંદ્રાચાર્યકૃત પ્રમાણ-મીમાંસા ગ્રંથની વાચના તૈયાર કરવા માટે પાટણના ભંડારોની પ્રાચીનતમ પ્રતિઓના પાઠો જોવા માટે પૂ. પંડિતજી આવ્યા હતા. આ દિવસોમાં હું પૂ. મહારાજજી પાસે સાહિત્યસંશોધનાદિ કાર્ય શિખવાનું અને મારી આવડત પ્રમાણે તે કાર્યમાં સહાયક થવાનું કાર્ય કરતો હતો.

પૂ. પંડિતજીનો ઉતારો, શ્રી હેમચંદ્રભાઈ મોહનલાલ ઝવેરીને ત્યાં હતો. તેઓ પૂ. મહારાજજીની પાસે ઉપાશ્રયમાં જાય, તે સિવાયના સમયમાં હું તેમના ઉતારે પૂ. પંડિતજી સૂચવે તે પાઠો તાડપત્રીય પ્રતિમાં જોવા માટે બસતો. કોઈ કોઈ વાર પૂ. ગુરુજી પણ ત્યાં આવતા.

એક દિવસ પંડિતજીએ, મને બાપોરે જમીને આવવા સૂચવ્યું. હું સમયસર હાજર થયો. પંડિતજીએ જણાવ્યું કે - તારે[2] વીસ મિનિટ સુધી ક્યાંય જવું હોય તો જઈ આવ, આજે એક રોટલી વધારે ખાધી છે એટલે વીસ મિનિટ સુધી આરામ કરીને સ્વસ્થ, થવાશે. મારે તો ક્યાંય જવું ન હતું, તેથી મેં જણાવ્યું કે હું અહીં બેઠો છું. એમ કહીને ત્યાં રહેલા સાહિત્યમાંથી કાંઈક વાંચવા બેઠો. બરાબર વીસ મિનિટ થઈ એટલે પંડિતજી સ્વયં બેઠા થયા અને મને કહે કે - ચાલો શરૂ કરીએ.

આ પ્રસંગથી 'પૂ. પંડિતજી ખૂબ જ મિતાહારી છે' એ હકીકત મેં જાણી. પછીનાં વર્ષોમાં તો પૂ. પંડિતજીને પ્રત્યેક બાબતોમાં ખૂબ જ સંયમી અનુભવ્યા છે.

(૨) ઉપર જણાવેલા પ્રસંગના દિવસોમાં એક દિવસ પૂ. પંડિતજીએ મને જણાવ્યું કે એક કુશળ નાવીને હજામત કરવા માટે લઈ આવ. હું તરત જ બબાભાઈ નામના એક કુશળ નાવીને લઈ આવ્યો. હજામત થઈ ગયા પછી પંડિતજીએ જણાવ્યું કે પ્રાચીન સમયમાં વૈદ્યોને દરદીના શરીરના કોઈ ભાગને કાપવાની જરૂરત લાગતી ત્યારે તે કામ કુશળ નાવી દ્વારા કરાવાતું. એવા પ્રકારની આ બબાભાઈની કુશળતા છે.

આ પ્રસંગથી નાનામાં નાની બાબતનું પણ મહત્ત્વ આંકવાનું પૂ. પંડિતજી વિચારે છે, એ હકીકત મેં જાણેલી.

(૩) મને પૂ. મુનિજીનો[3] પ્રથમ પરિચય પણ પાટણમાં જ પૂ. મહારાજજીની પાસે થયેલો. પૂ. મુનિજીના સંશોધનાદિ કાર્યમાં પણ પૂ. મહારાજજીની અનુમતિથી હું સહાયક થતો. આથી પૂ. મુનિજીના કાર્ય માટે મારે અમદાવાદ - મુંબઈ વગેરે સ્થાનોમાં જવાનું થતું. અમદાવાદમાં પૂ. મુનિજીને મળવા આવ્યો હોઉં તો પૂ. પંડિતજીને વંદન કરવા પ્રાય: જતો, એમાં ય કોઈ વાર તો પૂ. મહારાજજીએ કંઈક કાર્ય પણ સૂચવ્યું હોય.

હું જ્યારે જ્યારે પૂ. પંડિતજીની પાસે જતો ત્યારે તેમનું નિવાસસ્થાન (પહેલાં 'સરિતકુંજ' અને પછી 'અનેકાન્તવિહાર' વિદ્યાસાધક વર્ગના એક નાના ઋષિકુળ જેવું લાગ્યું છે. તેમની પાસે શીખતાં ભાઈ - બહેનોની આકૃતિ, વ્યવહાર અને અભ્યાસમાં લીનપણાથી આખું વાતાવરણ પવિત્ર અને વિદ્યામય લાગતું.

મુલાકાતે આવનાર વિવિધ વર્ગની વ્યક્તિઓ પૂ. પંડિતજીથી ખૂબ જ પ્રભાવિત થઈને જતી, એટલું જ નહીં પોતાના જીવનના કોઈ પણ પાસામાં નવી પ્રેરણા લઈને જ જતી. તેમની સમક્ષ જિજ્ઞાસાથી કોઈ પણ વાત જણાવીએ તો થોડીક જ ક્ષણોમાં તેમની પાસેથી તે બાબતમાં તલસ્પર્શી વિચારણા - પ્રેરણા મળે જ. અર્થાત્ તેમની સર્વ વિષયસ્પર્શી પ્રજ્ઞાનો અનુભવ થાય જ.

એક વાર પૂજ્યપાદ મહારાજજી આગળ લેખન કળાના વિષયમાં પોતાનું ચિંતન પૂ. પંડિતજી દર્શાવેલું, આ બાબતમાં પંડિતજીએ પંદર મુદ્દાનું સૂચન કરેલું, જુઓ 'ભારતીય જૈન શ્રરણ સંસ્કૃતિ અને લેખન કળા' ગ્રંથનું અંતિમ (૧૩૬ મું) પૃષ્ઠ. તેના ફલ સ્વરૂપે મહારાજજીએ લખેલો 'ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા' નામનો ગ્રંથ સભર થયો. આ હકીકત પૂજ્યપાદ મહરાજજીએ પ્રસ્તુત ગ્રંથના પ્રાક્ કથનના પાંચમા પૃષ્ઠમાં જણાવેલી છે.

(૪) એક વખત પૂ. પંડિતજીને મળવા ગયો ત્યારે મારા પિતા શ્રી બાબુભાઈ પોપટલાલ દવે મારી સાથે હતા. પ્રાસંગિક વાતચીત દરમ્યાન પંડિતજીએ સાથેની વ્યકિતનો પરિચય પૂછયો. મેં જણાવ્યું કે પાટણ સુધરાઈ કચેરીના વોટર વર્કસ વિભાગનું કાર્ય સંભાળે છે, તે ઉપરાંત તેઓ (એટલે શ્રી દવેજી) ધંધાદારી રીતે નહીં પણ આત્મીય રસથી જન્મકુંડલીનો ફળાદેશ સારી રીતે કહી શકે છે." ક્ષણના ય વિલંબ વિના પૂ. પંડિજીએ કહ્યું કે 'કુંડળી ફળાદેશના સંબંધમાં પ્રાય: સારા અને ખરાબ સમયનું (સુખ - દુ:ખનું) કથન થતું હોય છે. હવે પૂછનાર માણસ, આગામી સમયમાં પોતાનું સારું થવાનું સાંભળે તો તે પ્રસન્ન થવાનો જ, પણ જો કોઈને એમ કહેવામાં આવે કે 'ગ્રહગતિના કારણે તેમને બે વર્ષ પછી મુસીબત આવશે' તો આ બાબતમાં વિચારવાનું એ છે કે મુસીબત તો બે વર્ષ પછી આવવાની હશે તો આવશે; છતાં સાંભળનાર માણસ આ સાંભળીને (એટલે બે વર્ષ પહેલાંથી જ) એક પ્રકારની માનસિક વ્યથા ભોગવશે જ. આથી જે શાસ્ત્ર અશુભ થવાની આગાહી કરીને અટકે અને અશુભનો સચોટ પ્રતિકાર ન સૂચવે-ન કરે, તે શાસ્ત્રે માણસ જાતની સેવા કરી કહેવાય કે, કુસેવા?" મને સ્મરણ છે ત્યાં સુધી શ્રી દવેજીએ અશુભનું સંપૂર્ણ અને સચોટ પ્રમાણ આપ્યું ન હતું. ઉપસંહારમાં પૂ. પંડિતજીએ જણાવેલું કે - આ તો એક વિચારણીય સૂચન છે.

(૫) હું પાટણથી અમદાવાદ જાઉં અને પૂ. પંડિતજીને મળું ત્યારે તેઓ મારા કાર્ય, યોગક્ષેમ વગેરેના સંબંધમાં તો સદાને માટે પૂછતા જ અને કંઈક સૂચન પણ કરતા, આ ઉપરાંત પાટણની વર્તમાન હકીકતો પણ પૂછતા. આવા જ એક વાર્તાલાપમાં 'પાટણમાં અઘોરી મહારાજનું એક સ્થાન છે અને તેના મુખ્ય મહારાજશ્રી પોતાના શિષ્યપરિવારની સાથે ત્યાં રહે છે એમ મેં જણાવેલું,

(૧) અહીં 'પંડિતજી' એટલે પરમ પૂજ્ય પં. શ્રી સુખલાલજી: 'મહારાજજી' એટલે પૂજ્યપાદ આગમપ્રભાકર - શ્રુતશીલ-વારિધિ મુનિ ભગવંત, શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબ સાને 'ગુરુજી' એટલે પૂજ્યપાદ મુનિ ભગવંત શ્રી. ચતુરવિજયજી (મુનિશ્રી પુણ્યવિજયજીના ગુરુજી) - એમ સમજવું.

(૨) પરમ પૂજ્ય પંડિતજી મોટે ભાગે સામેની વ્યકિતને 'તમે' કહીને જ સંબોધતા હતા. મારા માટે પણ એવું જ હોવા છતાં મેં, મને ઈષ્ટ 'તું' નો પ્રયોગ કર્યો છે.

(૩) અહીં 'મુનિજી' એટલે 'પરાતત્ત્વાચાર્ય મુનિશ્રી જિન-વિજયજી' એમ સમજવું.

ત્યારે પંડિતજીને મને સૂચવ્યું કે, - "કોઈ વાર તેમની પાસે જવાનું થાય તો અને શકય હોય તો જ, નીચેની વિગત જાણીને મને જણાવજે, ઉતાવળ નથી.

(અ) આપના સિદ્ધાંત - ગ્રંથો કયા છે? અને તે ગ્રંથોનો સંગ્રહ કોઈ સ્થળે છે કે કેમ?

(આ) ધાર્મિક અભ્યાસની શી વ્યવસ્થા છે? ધાર્મિક અભ્યાસની સાથે વ્યાવહારિક અભ્યાસ કરાવાય છે? અને કોઈ ઉચ્ચ શિક્ષણ લીધેલી વ્યકિત આપના માર્ગમાં ત્યાગી બને છે?

(ઈ) મુખ્ય દેવ તરીકે કોની ઉપાસના - આર્ચના થાય છે?

(ઉ) ત્યાગી વર્ગમાંથી કોઈ ભ્રષ્ટ થાય તો; તે પછી ભ્રષ્ટ થનાર વ્યકિત શું કરે છે? તથા એવા ભ્રષ્ટ સાધુઓનો કોઈ વર્ગ છે?"

આ સંબંધમાં નોંધનીય હકીકત મળવાનો અસંભવ જણાયાથી મેં ઉકત ખાખી અવધૂત મહારાજશ્રીને કશું જ પૂછ્યું ન હતું[4].

(૬) પૂ. પંડિતજી માનસિક વિષયમાં સહજ ભાવે ખૂબ જ નિરામય અને અતિ સ્વસ્થ હતા જ; એટલું જ નહીં, પોતાની નજીકની કે દૂરની સંબંધી કે પરિચિત કોઈ પણ વ્યકિત, તેમની સમક્ષ પોતાની મનોવ્યથા જણાવે તો પંડિતજી તે બાબતમાં હળવાશ કેળવવા માટે દિશાસૂચન પણ અચૂક કરતા.

હું જયપુરમાં પૂ. મુનિજીના કાર્યમાં મદદ કરવા થોડો વખત રહ્યો હતો. તે સમયમાં ત્યાંના મુખ્ય પ્રધાન સહિત પ્રધાન મંડળ બદલાયેલું હતું. રાજસ્થાન પુરાતત્ત્વ મંદિર (હાલમાં તેનું નામ અને સ્થળ અનુક્રમે 'રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન' અને 'જોધપુર' છે) ની જયપુરમાં સ્થાપના, ત્યાંના પ્રથમ મુખ્ય પ્રધાન શ્રી હીરાલાલજી શાસ્ત્રીના આગ્રહથી પૂ. મુનિજીના માર્ગદર્શન અને સંચાલનથી થયેલી. સરકાર બદલાયા પછી પુરાતત્ત્વ મંદિરનો નિર્ધારિત વિકાસ કરવામાં મુનિજીને વારંવાર અનેક વિમાસણો આવતી. મુનિજી પૂ. પંડિતજીને આદરણીય મુરબ્બી તેમને વડીલરૂપે માનતા એટલે તેમણે તેમની મનોવ્યથા અને વિમાસણો પૂ. પંડિતજીને પત્ર દ્વારા જણાવી. પંડિતજીએ પ્રત્યુત્તરમાં આ મતલબનું જણાવેલું - જો સરકારને તેમાં ઉત્સાહ અને રસ ન હોય તો તે કામ તમે વિના વિલંબે છોડી દો અને આપણી પાસે વિદ્યાનાં ઘણાં કામ છે તેમાં લાગી જાઓ, પણ માનસિક ભારણને ફગાવી દો નહીં તો તે લાંબા ગાળે સ્વાસ્થને હાનિકારક થશે.

૭. એક વખતે પાટણમાં એક નટખટ જૈન મુનિએ જૈન તથા જૈન સમાજ ઉપર પણ પોતાની વાક્પટુતાથી વ્યાખ્યાનો દ્વારા જબરો પ્રભાવ જમાવેલો. પણ અંદરથી તે મુનિ, મુનિ ન હતા. ત્યાંના વસવાટ-ચાતુર્માસ દરમ્યાન જ તે મુનિના અક્ષમ્ય આચરણો, જૈન આગેવાન ગૃહસ્થોએ જાણ્યાં જોયાં અને તેમને, વેશ ઉતારીને ગૃહસ્થનાં કપડાં પહેરાવી રવાના કર્યા. આ પ્રસંગ પછી થોડા જ દિવસોમાં પૂ. પંડિતજીને મળવાનું થયું. હંમેશના ક્રમ મુજબ તેમણે મને પાટણની માહિતી પૂછી. વાતચીતમાં મેં સહજભાવે ઉપરનો પ્રસંગ પણ પંડિતજીને જણાવ્યો. તરત જ પંડિતજીએ કહ્યું કે આમાં વધારે દોષિત કોણ છે? અને સાથે ને સાથે જ તેમણે તેમનો નિર્ણય જણાવ્યો કે, સમાજ જ વધારે દોષિત છે. અધિકારની તુલના કર્યા વિના આદરના અતિરેકથી જ પ્રાયઃ આવું બનતું હોય છે.

૮. જૈન સમાજમાં કેટલાક વર્ગને એવી ભ્રાંતિ જ રહી છે કે, પંડિતજી સાધુઓના વિરોધી છે પણ મેં આવું કોઈ પણ દિવસ અનુભવ્યું નથી. બલ્કે, મેં તો વિદ્યા, સાધુતા, સદાચાર એવું સચ્ચરિત્ર ઉપરનો તેમનો અત્યન્ત અનુરાગ એવં પક્ષપાત અનુભવ્યો છે.

આજે વર્તમાનમાં સમગ્ર જૈન સમાજના મુનિ સમુદાયમાં મૂર્ધન્ય વિદ્વાન કહી શકીએ તેવા એક માત્ર પરમ પૂજ્ય મુનિ ભગવંત શ્રી જંબૂવિજયજી મહારાજ છે. તેઓને, વર્ષો પહેલાં પૂ. પંડિતજીને મળવાનું થયું. આ પરિચય પછી પૂ. પંડિતજીએ પૂજ્યપાદ મહારાજજીને તરત જ પત્ર લખીને પૂ. મુનિશ્રી જંબૂવિજયજીની વિદ્યોપાસનાની પ્રશંસા કરી. મહારાજજીએ પણ તરત જ મુનિ શ્રી જંબૂવિજયજીને પત્ર લખીને ઉત્તરોત્તર જ્ઞાનગોષ્ઠી બાંધી, જે આજીવન બની રહી.

પૂ. પંડિતજીનો સંપૂર્ણ પરિચય આપવાની મારી કક્ષા નથી. તે તો વિખ્યાત વિદ્વદ્વર શ્રી દલસુખભાઈ માલવણિયા અને મારા મિત્ર શ્રી રતિલાલ ભાઈચંદભાઈ દેસાઈ જેવા વિદ્વાનો જ આપી શકે. અહીં તો પૂ. પંડિતજી પ્રત્યેના મારા બહુમાનથી પ્રેરાઈને તથા તેમના સંબંધમાં મને જે હળવો અનુભવ થયો તે, એક અદના અનુરાગી, અનુચરની અંજલિ રૂપે અહીં રજૂ કરી તથા પ્રકારની કૃતજ્ઞતાની લાગણી અનુભવીને હું એ દિવંગત મહામનીષી મહર્ષિના ચરણારવિંદમાં વંદના કરું છું.

**પંડિત અમૃતલાલ મોહનલાલ ભોજક**

# પૂ. પંડિત સુખલાલજીને અંજલિ

બાલ્યથી ઋષિઓની વાત આપણે સૌ સાંભળતા આવ્યા છીએ. મેં મારી કલ્પનામાં ઋષિની જે મુદ્રા અંકિત કરી હતી તે મારી ૧૯ વર્ષની વયે, ૧૯૨૨માં, ગુજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરમાં પૂ. પંડિત સુખલાલજીની ક્રાન્તદષ્ટિમાં મૂર્ત થતી જોઈને ધન્યતા અનુભવી તે સતત મારી એક મોટી સંપત્તિ રહી છે. એ વખતની વિદ્યાપીઠ ગાંધીજીની પ્રતિભાની એક ભવ્ય મંગળ પ્રતીક જેવી હતી. ત્યાં હતા સંસ્કૃતના મહાપંડિત સુખલાલજી, તો હતા પાલીના એવા જ મહાપંડિત ધર્માનંદ કોસામ્બી, તો સાથે હતા માગધીના સમર્થ પંડિત બેચરદાસજી અને મહાન ઈતિહાસવિદ મુનિજિનવિજયજી. પશ્ચિમ અને પૂર્વના સાંસ્કૃતિક નવનીત આસ્વાદી વિદ્યાજગતને જેમણે લહાણ કરી હતી એવા આચાર્ય કૃપલાની, આચાર્ય ગીદવાણી, કિશોરલાલભાઈ, રામનારાયણભાઈ, રસિકભાઈ જેવા આજીવન સારસ્વતોથી વિદ્યાપીઠ આપણું એક પરમ સારસ્વત તીર્થ બન્યું હતું અને તેમાં પણ પ્રજ્ઞાચક્ષુ પંડિતજીની મુદ્રા તેમનાં ચર્મચક્ષુના અભાવને કારણે આગવી તરી આવતી હતી. આજીવન સરસ્વતીની ઉપાસના કેવા તપથી થઈ શકે, તેનું એક પ્રાણવાન ઉદાહરણ તેમણે અમારી સમક્ષ તેમના જીવનથી ખડું કર્યું હતું.

સારસ્વત પોતાની કોટડીમાં રહીને જ વિદ્યોપાસના કરે ને જગતનો પ્રવાહ એની રીતે વહ્યો જાય એ સૂત્ર પંડિતજીને માન્ય ન હતું. અસહકારના પ્રચંડ પ્રવાહમાં તે હલકા ફૂલની જેમ અનેક વમળોને વટાવતા તર્યા. પ્રજાજીવનના અનેક ઝંઝાવાતોમાં લોકોને તેમણે હૂંફ આપી. સારસ્વત અને કર્મવીરનો વિરલયોગ આજીવન સાધી આપણા આ યુગના જ નહીં, પણ બધા કાળના ઋષિઓની આગલી હરોળમાં એમણે માનાર્હ સ્થાન લઈ લીધું છે. જેમ ક્રાઈસ્ટના શિષ્યો તેમના અંતકાળે તેમને સાચવી શકયા નહીં, તેવું ગાંધીજીની બાબતમાં બનતું આપણે જે અનુભવ્યું, તેમાં ગાંધીજીના સાથીઓમાંના વિરલ અપવાદમાં પંડિતજીનું સ્થાન જીવનની અંતિમ પળ સુધી રહ્યું. આવા મંત્રદષ્ટાની ખોટ તો ક્યાંથી જ પુરાય? પરંતુ પોતાના અક્ષરદેહે એ અચરજ છે અને આનંદઘનજીની જેમ એમની સારસ્વત વૈખરી ગાતી હશે– "અબ હમ અમર ભયે ન મરેંગે!"

આપણી એમને ભાવભરી વંદના!

**–ઝીણાભાઈ દેસાઈ – 'સ્નેહરશ્મિ'**

(આકાશવાણી અમદાવાદનાં ઉપક્રમથી)

---

૪. આ પ્રસંગે મારી સાથે શ્રી લક્ષ્મણભાઈ ભોજક હતા, તેમણે મને આ હકીકતનું સ્મરણ કરાવ્યું તેથી અહીં લખી શક્યો છું.

# કુશલદ્રષ્ટા ઋષિનો પ્રભાવ

પૂજ્ય પંડિત સુખલાલજી સાથે મારો પ્રથમ મેળાપ ૧૯૫૨માં શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ દ્વારા થયો. ત્યારથી માંડી છેવટ સુધી તેમના મંગલ સાન્નિધ્યમાં રહેવાનું સૌભાગ્ય મને મળ્યું. ૧૯૫૨ થી ૧૯૫૮ સુધી અમદાવાદના મહાવીર જૈન વિદ્યાલયમાં હું હતો. પાલડી અને સરિતકુંજ વચ્ચેનું અંતર ચાલીને જઈ શકાય એટલું. પંડિતજી સરિતકુંજમાં રહેતા. સવાર - સાંજ પંડિતજી પાસે જતો. રજાના દિવસોએ તો બપોરે પણ. તેઓ મારી આગળ વિવિધ પ્રકારનું સાહિત્ય વંચાવતા, સાંભળતા અને પોતાનાં મંતવ્યો પણ જણાવતા. વર્તમાનપત્રો અને માસિકોથી માંડી તત્ત્વજ્ઞાન, સમાજવિદ્યા, ઈતિહાસ, ધર્મના પ્રશિષ્ટ ગ્રંથો સુધી તેનો વ્યાપ. આનાથી મને ખૂબ લાભ થયો. પંડિતજીને મળવા આવનારાઓ પણ વિવિધ પ્રકારના. તેમની સાથેની પંડિતજીની વાતો સાંભળવાની મને ઘણી તક મળી. એ વાતોમાંથી પણ હું ઘણું શીખ્યો. પંડિતજીની નિર્ણયકશકિત અદ્‌ભુત હતી. ઘડીભરમાં પોતાનો નિર્ણય જણાવી તેમણે દોલાયમાન સ્થિતિમાંથી મને કેટલીય વાર મુકત કર્યો છે. મારી જેમ તેમની પાસે આવનારા ઘણાંને તેમણે સંશયમુકત કર્યા છે.

૧૯૫૨માં એમની સાથે રહી શ્રી ઈન્દુકલાબેન હી. ઝવેરી 'સાંખ્ય અને જૈન પરિણામવાદનો તુલનાત્મક અભ્યાસ' એ વિષય ઉપર પી. એચ. ડી. ની ઉપાધિ માટે મહાનિબંધ તૈયાર કરતાં હતાં. પંડિતજી તેમને સ્મૃતિને આધારે જે જે ગ્રંથ અને તદ્‌ગત સ્થાનો જોવા જણાવતા એનાથી, તે તે મુદ્દાની ચર્ચાઓથી, લખાણની ઝીણવટભરી તપાસણીથી મને આશ્ચર્ય થતું. વિષયની ઉપસ્થિતિ, ઐતિહાસિક દૃષ્ટિ, વિલેશ્લેષણની સૂક્ષ્મતા, અન્યમતો સાથે તુલના, તારણો કાઢવાની નિષ્પક્ષ શકિત વગેરે પંડિતજીના વિરલ ગુણોને લીધે મને પણ તેમના માર્ગદર્શન નીચે સંશોધન કરવાની ઈચ્છા જાગી; પરંતુ એ દિવસ આવવાને હજુ વાર હતી.

એમ. એ. થયા પછી અમદાવાદ છોડી જામનગર ડી. કે. વી. કોલેજમાં ૧૯૫૮ માં સંસ્કૃતના અધ્યાપક તરીકે જવાનું થયું; પરંતુ ત્યાં હું સંશોધનકાર્ય પણ કરતો રહું એવી પંડિતજીની સલાહ. જામનગરમાં રહી સંશોધનકાર્ય થઈ શકશે નહિ એમ લાગતાં સરકારી કોલેજની નોકરી છોડી અમદાવાદ આવી છાત્ર તરીકે લા. દ. ભા. સં. વિદ્યામંદિરમાં ૧૯૬૦માં જોડાયો. પંડિતજી પ્રસન્ન થયા. મને પણ આનંદ થયો. પછી તેમના માર્ગદર્શન નીચે 'Akalanka's Criticism of Dharmakirti's Philosophy — A Study' એ વિષય ઉપર પી. એચ. ડી. ની ઉપાધિ માટે સંશોધન કાર્ય શરૂ કર્યું. પંડિતજી જેવા ગુરુની પ્રેરણાએ અને દોરવણીએ મારા કાર્યને દીપાવ્યું. પછી તો તેમની પ્રત્યક્ષ - અપ્રત્યક્ષ પ્રેરણાએ જ મને કાર્યરત રાખ્યો. જે કંઈ લખું તે તેમને લક્ષમાં રાખીને જ લખું. તે પરીક્ષકે છે અને તેમની પરીક્ષામાં કેટલું સફળ થવાશે એ ગજ હમેશાં રહ્યો છે. જ્યારે જ્યારે મળું ત્યારે તેઓ અવશ્ય પૂછે કે શું લખો છો, શું સંશોધન કરો છો, કેવું કામ ચાલે છે. પછી સૂચનો કરે અને પ્રસન્નતાપૂર્વક પ્રોત્સાહન આપે. એમનાં વચનો વાત્સલ્યપૂર્ણ જ અનુભવાય.

'સાંખ્ય - યોગ' અને ન્યાય - વૈશેષિક' એ બે મારા ગ્રંથો પ્રકાશિત થાય ત્યારે તેમણે તેમના અમુક અંશો વંચાવી સાંભળી સંતોષ વ્યકત કર્યો. તેમણે મને કહેલું કે, 'ન્યાય - વૈશેષિક'નું ઈશ્વર વિશેનું પ્રકરણ હું વાંચી ગયો, ઘણું સારું લખાયું છે, પરંતુ ઈશ્વર વિશે બધી જ પરંપરાઓને ધ્યાનમાં રાખી એક સ્વતંત્ર પુસ્તક લખો તો એક મહત્ત્વનું કામ થશે. આમ આગળ વધવા માટે સૂચનો પણ તેઓ કરતા જ રહેતા. તેમણે જ્યારે જાણ્યું કે 'ન્યાય વૈશેષિક' ના પ્રકાશક ગ્રંથનિર્માણ બોર્ડે, પાદટીપોમાં આપેલા સંસ્કૃત સ્થાનો - ટિપ્પણોનાં પાનાંના પારિશ્રમિકની દોઢ હજાર રૂપિયાની રકમ કાપી લીધી છે, ત્યારે તેમને મારા કરતાંય વધુ દુઃખ થયું અને કહ્યું કે એમને શી ખબર કે આમાં કેટલો શ્રમ પડે છે અને કેટલો સમય જાય છે, અદ્ધર આધાર વિના લખવામાં જેટલો શ્રમ અને સમય જોઈએ તેના કરતાં આમાં તો દસ ગણો શ્રમ અને સમય જોઈએ.

હું 'ન્યાયમંજરીગ્રંથિભંગ'નું સંપાદન કરી રહ્યો હતો. તે દરમ્યાન એક વાર હું તેમની સાથે વાત કરતો હતો. તે મને ગ્રંથ વિશે પૂછતા હતા. તે વખતે મેં તેમને કહેલું કે પંડિતસાહેબ, આ ગ્રંથમાં ('श्रामण्यममको मार्गः') એ ઉદ્ધરણ આવે છે, પણ તેનું મૂળ જડતું નથી. તેમણે મને તરત જ કહ્યું કે અભિધર્મકોશ એનું મૂળ છે અને ખરેખર, તે ઉદ્ધરણ મને અભિધર્મકોશમાંથી મળ્યું. આ ગ્રંથના સંપાદન પછી 'ન્યાયમંજરી' નો ગુજરાતી અનુવાદ હું કરું છું એ એમણે જાણ્યું ત્યારે તેમને ખૂબ આનંદ થયો.

એક વાર મને કહે છે કે તમે તમારાં ગ્રંથો અને સંપાદનોના જુદા જુદા સંશોધનપત્રોમાં આવેલાં અવલોકનો એકઠાં કરી રાખ્યાં છે, મારે સાંભળી જવાં છે, મને આપી જજો. હું આપી આવ્યો. ખરેખર, તે બધાં અવલોકનો સાંભળી ગયેલા. તેમની પ્રસન્નતાથી હું ધન્ય થઈ ગયો.

છેલ્લે, ગયા વર્ષે મારા 'બૌદ્ધધર્મદર્શન' પુસ્તકની હસ્તપ્રત વિશે શ્રી દલસુખભાઈ માલવણિયાએ તેમને સારો અભિપ્રાય આપ્યો હશે એટલે, તબિયત સાથ ન દેતી હોવા છતાં ય, મને તેમણે કહેલું કે તમે 'તમારું 'બૌદ્ધધર્મદર્શન' ઉપરનું લખાણ મને વાંચી સંભળાવો; પરંતુ તે તો મેં સરદાર પટેલ યુનિવર્સિટીને છાપવા મોકલાવી દીધેલું એટલે મેં તેમને જણાવેલું કે પંડિતસાહેબ, આવતા વર્ષે પુસ્તક છપાઈ જશે એટલે હું જરૂરી વાંચી સંભળાવીશ. હવે આજે પુસ્તક લગભગ છપાઈ ગયું છે પણ તેને સાંભળી ખરી પરખ કરનાર એ સૂક્ષ્મેક્ષિકાસંપન્ન પંડિતજી નથી રહ્યા! પરિણામે લેખક જે ધન્યતાનો અનુભવ વાંછે છે તે ધન્યતાના અનુભવથી હું વંચિત બની ગયો છું'.

મારા વિકાસમાં પંડિતજીનો અનન્ય ફાળો છે. તેનું ગમે તેટલું ગણિત માંડું તો પણ ખરા આંકે પહોંચવું શકય નથી. પંડિતજીએ વાત્સલ્યના વારિ સિંચી મારામાં રહેલા સંશોધક - સંપાદકને જીવન અર્પ્યું છે. મારા લખાણોમાં જે કંઈ સત્ત્વ છે તે તેમનું છે. મારા જેવા તો અનેક સંશોધકોને તેમણે તૈયાર કર્યા છે. અને છેવટ સુધી તેમની મમતાભરી માવજત કરી છે. આ માટે ગુજરાત જ નહિ સમગ્ર ભારત પંડિતજીનું સદાય ઋણી રહેશે.

ડો. નગીન જે. શાહ

# પંડિતજી સાથેનાં કેટલાંક સંસ્મરણો

પંડિત સુખલાલજી ઘાટકોપરમાં તેમના મિત્ર હરગોવનદાસ રામજીને ત્યાં રહેતા તે વખતમાં એક વિદ્યાર્થી સંસ્કૃત શીખવા માટે તેમની સાથે રહેતો. એકાદ જણની રાહબરીની તો પંડિતજીને જરૂર પડતી જ તેથી એવા જિજ્ઞાસુ અને સેવાભાવીને તેઓ પસંદ કરીને સાથે રાખતા, આ વિદ્યાર્થી બી. એ. નો અભ્યાસ કરતો હતો.

પંડિતજીએ સંસ્કૃત શીખવતાં શીખવતાં એ જ વિદ્યાર્થી પાસેથી અંગ્રેજી શીખવાનું શરૂ કર્યું. એ ક્રમ વ્યવસ્થિત ચાલ્યો.

પેલા વિદ્યાર્થીએ બી. એ. પાસ કરીને કાયદાનો અભ્યાસ કરવા LL.B. નો કૉર્સ શરૂ કર્યો. એ ગાળામાં બે વરસનો સમય વીતી ગયો.

પંડિતજીએ અંગ્રેજી અભ્યાસ કરતાં કરતાં સારું અંગ્રેજી પાકું કરી લીધું. એક દિવસે એ વિદ્યાર્થીને કાયદાના પુસ્તકમાં ન્યાયને સમજવાની ગૂંચ પડી, ત્યારે તેના જ ગ્રંથના આધારે, અંગ્રેજી ન્યાય પુસ્તકમાંથી નહીં સમજાતા પેરેગ્રાફો પંડિતજીએ તેને સમજાવવા માંડયા.

બે વરસના ગાળામાં પ્રાઈમરીથી માંડીને Law Books કાયદાના ગ્રંથો સમજાવવા જેટલી શકિત મેળવીને ગમે તે માણસ હેરત પામે તેવો દાખલો પંડિતજીએ બેસાડયો હતો.

**લાંબી પદયાત્રા**

હું ઘાટકોપરમાં જ રહેતો એટલે પંડિતજીનો સહવાસ જેટલો વધુ કેળવાય તેટલો પ્રયત્ન કરતો. એક વખતે અમારે જુહુ ઉપરના જાનકીનિવાસમાં જીવણલાલભાઈને ત્યાં જમવા જવાનું ઠર્યું હતું.

અમે વહેલી સવારે ઘાટકોપરથી બન્ને જણા ચાલતા થયા અને બે કલાકે આઠ માઈલનો પંથ કાપીને જૂહુ પહોંચી ગયા હતા.

પંડિતજીનો ચાલવાનો મહાવરો પણ સારો હતો. સાંજના અમે પાછા ચાલતા જ ઘાટકોપર પહોંચ્યા હતા. આવું એમનું કેળવાયેલું શ્રમજીવન હતું.

ચાલતી વખતે અમે એક જ પ્રશ્ન બ્રહ્મચર્ય વિષેનો શરૂ કરેલો તે જુહુ પહોંચતા સુધી ઘણી જ સરસ રીતે પંડિતજીએ સમજાવ્યો હતો. આ સમય ઘણું કરીને સને ૧૯૩૫ની આસપાસનો હતો. અમારો પરિચય ૪૫ વર્ષનો ખરો.

**નવું જાણવાની અજબ જિજ્ઞાસા**

મુંબઈથી કામના બોજાની થકાવટથી એક દિવસે મેં અમદાવાદ જઈને સરિતકુંજમાં પાંચ દિવસ ગાળવાનો વિચાર કર્યો. સામાન સાથે હું ઊતર્યો અને રૂમમાં દાખલ થતાં જ પંડિતજીને મેં અવાજ કર્યો. વળતાં મને નામ લઈને તેમણે આવકાર આપ્યો. આમ અવાજને ઓળખવાની તેમની ગેબી શકિત હતી.

મેં કહ્યું: "હું તો થોડા દિવસ રહેવા આવ્યો છું- આપના સત્સંગમાં." તેમને ઘડી ભર સંકોચ થયો. એટલી બધી નવરાશ હું શી રીતે મેળવી શક્યો? અને એમની સાથે જ પાંચ દિવસ સુધી રહું તો થોડી, સાદી અને મસાલા વગરની રંધાતી આઈટમો જમવામાં મને ફાવશે કે કેમ?

બન્ને વાતનો ખુલાસો મેં કરી દીધો અને એવી અનુકૂળતાથી રહેવાની ટેવ માટે રાજીપો બતાવ્યો.

સવારે તો પંડિતજીના કાર્યક્રમમાં મારી જરૂર પડતી ન હતી. બપોરે આરામ પછી કંઈક લખાવવાની મારી વિનંતીનો તેમણે સ્વીકાર કરીને મને થોડું કામ આપતા. એ વખતમાં મુનિ પુણ્ય વિજયજી ત્યાં જ હતા એટલે ચાર વાગતાં જ તેઓ પધારતા. એકાદ કલાક તેમનો વાર્તાલાપ સાંભળવાનો લહાવો મળતો. સાંજના વાળુ પછી, થોડું ફરવા જઈને આવ્યા પછી, હું કેટલાક પ્રશ્નો કરીને ચર્ચા દ્વારા પંડિતજીનો લાભ લેતો. પંડિતજીનો દસ વાગતાં સૂવાનો ટાઈમ હતો.

નવ વાગ્યાને સુમારે પંડિતજી મને કેટલાક પ્રશ્નો પરદેશ સંબંધે પૂછતા – તે ચર્ચામાં ઈટાલી, જાપાન, મેકિસકો વગેરે દેશો વિષેના અનુભવો કહેતા. દસ વાગી જાય તો યે પંડિતજી કહે, 'ચલાવોને, અડધો કલાક વધારે."

એક દિવસ રાત્રે જ્વાળામુખી, સાઈકલોન અને ધરતી કંપની વાતો કરતાં અગિયારનો સુમાર થવા આવ્યો: મેં કહ્યું: "પંડિતજી આપના સૂવાના ટાઈમથી એકાદ કલાક મોડું થવા આવ્યું છે. હવે બંધ કરીએ."

પંડિતજી કહે કે: "તમારે કાલે તો જવું છે–આ વાતોમાં મને રસ છે. વળી તમારી એક કલાકની વાતોમાંથી જે મળી શકે તે હું બીજા પાસે પચાસ પુસ્તકો વંચાવું તો ય મને ન મળે. તે દિવસે અમે એ ચર્ચાને બાર વાગ્યા સુધી ચલાવી.

પંડિતજીની જાણવાની તાલાવેલી કોઈ અજબ, પ્રકારની હતી.

**પંડિતજીનું મનોબળ**

પ્રોસ્ટ્રેટનું ઓપરેશન કરાવીને મુંબઈમાં જ ઈન્કમટેક્ષ ઓફિસની પાછળ તેમના મિત્ર દીપચંદભાઈને ઘેર ઘણા દિવસ રહેલા. હું લગભગ રોજ જતો, એ વિષેના મારા અનુભવની વાતો મેં કહી કે: "ઓપરેશન પછી જો પેશાબની હાજતને રોકવાની ટેવ ન પડી હોય તો દર્દીને પેશાબની જગ્યાએ, કોથળી બાંધીને ફરવું પડે. કારણ કે કવેળાએ પેશાબ છટકી જાય અને મોટી ઉંમરના માણસોને એવી ટેવ પાડવી મુશ્કેલ થઈ પડે છે. વીસેક દિવસ પછી થોડાં સાધનો લઈને પંડિતજી અમદાવાદ ગયા. પણ ત્યાર પછીના પંદર દિવસમાં તેમણે પેશાબનો કંટ્રોલ કરી લીધાની ખબર મને પત્રથી જણાવી હતી. આ વિકટ કાર્ય છે અને ઘણું મનોબળ કેળવ્યું હોય તે જ વ્યકિત આ કાર્ય પાર કરી શકે.

ત્યાર પછી પર્યુષણમાં મુંબઈ આવવું બંધ કર્યું અને અમદાવાદમાં સ્થિર થયા. પંડિતજી વિષે કહેવા જેવું ઘણું જ છે, જેઓ એક જીવંત એન્સાઈક્લોપીડિયા રૂપ હતા. મહાન માણસ હોવા છતાં મળીએ ત્યારે ઘરના સભ્યોના ખબર પૂછવાનું પણ તેઓ ભૂલતા નહીં.

**દુર્લભજી કે. ખેતાણી**

# પંડિતજી : એક સાચા ઋષિ

**[ ૧૯૫૭ના જૂન મહિનામાં મુંબઈમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના અધ્યક્ષપદે પંડિત સુખલાલજીનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી મોરારજીભાઈ દેસાઈ, કાકાસાહેબ કાલેલકર અને ડૉ. રાધાકૃષ્ણને કરેલા પ્રવચનો તેમ જ પંડિતજીએ આપેલા એના ઉત્તરનો મહત્ત્વનો અંશ અહીં ઉતારવામાં આવ્યો છે. ]**

## અમૃતમય જીવન

આ સન્માન સમારંભને મેં અંતરથી આવકાર્યો છે કારણ કે આ પ્રસંગે આપણે માત્ર એક વિદ્વાનનું સન્માન કરતા નથી પણ જેમને આપણે સાચા અર્થમાં 'ઋષિ' કહી શકીએ એવી વ્યકિતનું સન્માન કરીએ છીએ. વસ્તુત: આપણે તેમનું સન્માન નહિ પણ તેમણે આપણને જે જ્ઞાનલાભ આપ્યો તેનું ઋણ અદા કરીએ છીએ ... પંડિત સુખલાલજી જો ૧૬ વર્ષની ઉંમરે બળિયાના રોગમાં સપડાયા ન હોત અને એમની આંખોનું બલિદાન લેવાયું ન હોત તો તેઓ આજે જે 'ઋષિ' બન્યા છે તેને બદલે કદાચિત સારા વ્યાપારી બન્યા હોત. પણ ઈશ્વરની ઈચ્છા જુદી હતી. ૧૬ વર્ષની ઉંમરે બળિયામાં આંખોનું બલિદાન લેવાયું. વ્યાપારની દિશા બંધ થઈ પણ એમના પુરુષાર્થને નવી દિશા સાંપડી. પંડિત સુખલાલજી તો કાશી પહોંચ્યા. અને કોઈ પણ સાધનની મદદ વગર, માત્ર સાંભળીને તેમણે વિદ્યા મેળવી ...

પંડિત સુખલાલજીએ કરેલી અનેકવિધ સેવાઓનો અહીં વિગતવાર ઉલ્લેખ કરવાની મને જરૂર નથી લાગતી. બાપુના કહેવાથી તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા હતા. વર્ષો સુધી અનેક વિદ્યાર્થીઓને એમણે તૈયાર કર્યા હતાં. ડૉ. રાધાકૃષ્ણન જ્યારે બનારસ હિન્દુ યુનિવર્સિટીના મુખ્ય સ્થાને હતા ત્યારે પંડિતજી પણ ત્યાં જૈન દર્શનનું અધ્યાપન કરાવતા હતા. ત્યાંથી નિવૃત્ત થઈ થોડો સમય મુંબઈ ખાતે ભારતીય વિદ્યા ભવનમાં કામ કર્યું અને ત્યાર બાદ અમદાવાદ ખાતે ગુજરાત વિદ્યાસભા હસ્તક ચાલતા શ્રી ભોળાભાઈ જેસંગભાઈ વિદ્યાભવન સાથે તેઓ સંકળાયેલા હતા. આમ તેમના તરફથી જ્ઞાન પ્રદાનનો પ્રવાહ વર્ષોથી ચાલી રહ્યો છે.

૧૬ વર્ષે આંખો ખોવા છતાં તેમનું જીવન અમૃતમય બન્યું, કટુ નહિ. બીજાના જીવનને પણ તેઓ અમૃતમય બનાવી રહ્યા છે.

**મોરારજીભાઈ દેસાઈ**

* * *

## ગાંધીયુગના દર્શનશાસ્ત્રી

ભારતીય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતાં જણાય છે કે ગૌડપાદાચાર્ય અદ્વૈતના તો આચાર્ય હતા જ પરંતુ એક સમન્વય આચાર્ય પણ હતા. - બધાં દર્શનોને સમન્વિત કરી એકતા સ્થાપિત કરવાનું કામ ગૌડપાદાચાર્યનું હતું. આજ કાર્ય આધુનિક કાળમાં પંડિત સુખલાલજીએ કર્યું છે. તેઓ જૈન દર્શનના તો એક અજોડ આચાર્ય છે જ પણ સાથે અન્ય દર્શનો ઉપર પણ તેઓ એટલું જ સ્વામિત્વ ધરાવે છે. વળી જૈન દર્શન વિશેનો કોઈ અભિનિવેશ તેમને કદિ સ્પર્શ્યો નથી એટલું જ નહિ આજે તેમનાં લખાણો અને વ્યાખ્યાનો દ્વારા સર્વ દર્શનોનું એક સુંદર પ્રેરક સમન્વિત ચિત્ર જોવા મળે છે.

* * *

દુનિયાની આજ એવી દશા બેઠી છે કે જો આપણે સમન્વય સાધી શકયા તો જ જીવી શકીશું. રાજકીય, દાર્શનિક, સાંસ્કૃતિક - આ બધા સમન્વયની કૂંચી દર્શનશાસ્ત્રમાં છે અને એ કામ પં. સુખલાલજીએ ઉત્તમમાં ઉત્તમ કર્યું છે– હિન્દી અને ગુજરાતી મારફત અને તે કેવળ લખીને નહિ પણ જીવન દ્વારા જીવીને આ સેવા તે કાંઈ નાની સૂની નથી. તેજસ્વિતા અને પ્રેમથી બધાને એકત્ર આણવાનો ભારે સમન્વય તેમણે કરેલ છે.

મેં પંડિતજીને 'ગાંધીયુગના દર્શનશાસ્ત્રી' તરીકે વર્ણવ્યા છે. તેમણે ગાંધી યુગમાં જન્મ લીધો છે એટલા માટે નહિ પણ ગાંધીદષ્ટિને જીવનમાં પૂરેપૂરી અપનાવી છે એટલા માટે તેમને હું 'ગાંધી યુગના દર્શનશાસ્ત્રી' તરીકે સંબોધું છું.

**કાકાસાહેબ કાલેલકર**

## એક ખરા સંન્યાસી

પંડિતજીને જોતાં મને પેલો કઠોપનિષદનો મંત્ર 'આવૃત્ત ચક્ષુર અમૃત મિચ્છન્' યાદ આવે છે. જેનાં બાહ્ય ચક્ષુ બંધ થયાં છે અને અમૃત્વને ઈચ્છે છે એ મંત્રની આગળનું પાદ છે; પ્રત્યગાત્માન્ મૈક્ષત્' જેનો અર્થ એમ થાય છે કે એવા પુરુષે પ્રત્યક્ આત્માને. ચેતના પુરુષને - જોયો છે. આ મંત્રનો ભાવ આજના આપણા આદરપાત્ર પં. સુખલાલજીમાં મને મૂર્તિમંત થતો ભાસે છે.

મહાપુરુષોના ચરિત્રોનું મનન-ચિન્તન કરવાથી આપણા પાપોનો ક્ષય થાય છે. અહીં આ આપણી સામે એવા જ એક મહાપુરુષ શિક્ષાગુરુ છે. તેમણે વિદ્યાની ઉપાસનાને આખું જીવન અર્પણ કર્યું છે તે કારણે, સત્યની એકધારી નિષ્ઠા અને આરાધનાના કારણે, એટલું જ નહિ પણ, જે અંગવિકળતાના તેઓ કંઈ વર્ષોથી ભોગ બન્યા છે તે અંગવિકળતા ઉપર પણ તેમણે પ્રભુત્વ પ્રસ્થાપિત કર્યું છે તે કારણે, તેઓ ખરેખર મહાન છે. આમ કુદરતે ફેંકેલા પડકારનો સામનો કરવો અને તેનો પરાભવ કરવો એ સામાન્ય માણસો માટે કંઈ સહેલું કામ નથી. જ્યારે એક ઈન્દ્રિયની ક્ષતિ થાય છે ત્યારે આપણામાં રહેલી બીજી શક્તિઓ ખીલી ઊઠે છે. જેમનામાં આ પ્રકારની ક્ષતિ હોય છે તેમનામાં ઘણી વખત અસાધારણ બૌદ્ધિક તેમ જ આધ્યાત્મિક શક્તિઓ જાગૃત થાય છે અને ફાલેફૂલે છે. પંડિતજી આજીવન બ્રહ્મચારી છે. તેઓ જ્ઞાનપયોગની સાધના કરી રહ્યા છે. કોઈ વ્યક્તિ ખરેખર સંન્યાસી છે કે નથી તેનો નિર્ણય તેના વેશ ઉપરથી નહિ પણ તેના મનની ગુણવત્તા ઉપરથી થઈ શકે છે. જે માણસ આસક્તિથી પર છે તેનું ઘર એ જ એક આશ્રમ બની જાય છે. પંડિત સુખલાલજી જેવી વ્યક્તિઓ જેમણે સ્વાર્પણ-યુક્ત જ્ઞાનનિષ્ઠા પરાયણ જીવન જીવી બતાવ્યું છે તેમને જ સાચા સંન્યાસી તરીકે લેખવા જોઈએ. પંડિત આ રીતે એક ખરા સંન્યાસી છે.

માનવીનો અનુભવ વૈવિધ્યથી ભરેલો છે. એમાં અપાર સમૃદ્ધિ છે અને સર્મવિષય તત્ત્વોથી તે સંકલિત છે. સત્યની અનેક બાજુઓ હોય છે, જેમાંની કોઈ એક બાજુનું દર્શન આપણા માટે શક્ય બને છે પણ તે આપણા મર્યાદિત દર્શનને સત્યના સમગ્ર દર્શન તરીકે લેખવું ન ઘટે. પ્રત્યેક વિચાર યા ખ્યાલ પાછળ સત્ય પ્રાપ્તિના માનવીપ્રયત્ન રહેલો હોય છે. આપણે આપણી તાત્ત્વિક વિચારસરણીને 'દર્શન' શબ્દથી ઓળખીએ છીએ. દર્શન એટલે એક પ્રકારનું દષ્ટિબિંદુ. જો આપણે સત્યના આ સ્વરૂપને સ્વીકારશું તો આપણે અન્યના વિચારો વિશે સહિષ્ણુ થઈશું એટલું જ નહિ પણ અન્યના દષ્ટિ બિંદુઓની—દષ્ટિકોણની - યોગ્ય કદર કરવાની આપણામાં વૃત્તિ અને શક્તિ પેદા થશે અને આપણામાં કદિ અહંકાર કે આત્મીય વિચારોનું ઘમંડ પેદા નહિ થાય. જૈન દર્શનમાં પ્રરૂપવામાં આવેલા અનેકાન્તના સિદ્ધાન્તનું આ હાર્દ છે. ઈશ્વર અનંત છે અને તેનો પાર પામવો અશક્ય છે—આ તત્ત્વ જો આપણે સ્વીકારશું તો આપણે કદિ ઝઘડશું નહિ ... જૈન ધર્મનો પાયાનો સિદ્ધાન્ત અહિંસા તેનો પણ આપણે વિચાર કરીએ. એ અહિંસા વિચારને જૈન ધર્મમાં સર્વભૂત માત્ર સુધી વિસ્તારવામાં આવે છે.

* * *

મને કોઈ શક નથી કે જો આપણે લોકોને સાચી દોરવણી આપીશું તો આપણા દેશના રૂપરંગમાં ભારે પરિવર્તન સાધી શકીશું. ગાંધીજી જે મનમાં વિચારતા હતા તે કહેતા હતા અને જે કહેતા હતા તે મુજબ આચરતા હતા. હું આજની કઢંગી સ્થિતિને ચારિત્ર્યની કટોકટી તરીકે ઓળખાવું છું.

આપણે આજે એવા એક આત્માનું અભિવાદન કરી રહ્યા છીએ કે જેમણે ગાંધીજીના શિખવેલા સત્યાગ્રહ અને અહિંસાના આદર્શોના સતત સાન્નિધ્યમાં જીવન વ્યતીત કર્યું છે.

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન

## માનવતાની દષ્ટિનો વિકાસ

વિદ્યોપાસના અને તેના સાધક પ્રયત્નને પરિણામે અત્યારે મારી જે વિચાર અને સંસ્કારની ભૂમિકા છે તેને સ્પષ્ટ કરવા હું થોડીક થોડીક જરૂરી બાબતોનો નિર્દેશ કરવા ઈચ્છું છું, જેથી એ જ દિશામાં હવે પછી કામ કરવા ઈચ્છનારને કાંઈક માર્ગદર્શન મળી શકે.

(૧) મારી અભ્યાસયાત્રાનાં મુખ્ય બે પાસાં છે; એક શાસ્ત્ર-પરિશીલન અને બીજું ધર્મચિંતન. શાસ્ત્રપરિશીલન શરૂ થયું તે તો તદ્દન સાંકડી ફિરકાદૃષ્ટિથી અને એવી જ સાંકડી ભૂમિકા ઉપર ધીરે ધીરે એ યાત્રા જન્મપ્રાપ્ત સંપ્રદાયને વટાવી ભારતીય પરંપરાના બીજા મુખ્ય મુખ્ય સંપ્રદાયો ભણી વળી. આ રીતે મુખ્ય મુખ્ય ભારતીય સંપ્રદાયોના યથાશક્તિ પરિશીલનમાંથી મને જે સત્ય જણાયું તે એ છે કે જુદા જુદા શાસ્ત્ર સંપ્રદાયો અંતે સત્યની જ ઉપાસના માટે પ્રવૃત્ત થાય છે, તેથી તેમનામાં જે અંતર - ભેદ - વિરોધ જેવું દેખાય છે તે સંપ્રદાય - પ્રવર્તકોની ભૂમિકા ભેદને લીધે તેમ જ ઐતિહાસિક પરિસ્થિતિના તારતમ્યને લીધે. એક જ સંપ્રદાયના અવાંતર ફિરકાઓમાં પણ એવું અંતર ક્યાં નાનુંસૂનું છે? તેથી એ ભેદો અને વિરોધોને યથાવત્ સમજી લઈ, તેનાં કારણો ધ્યાનમાં રાખી, છેવટે એ બધામાં જે વ્યાપક સૂત્ર કે સત્ય હોય તે તારવી કાઢવું અને ભેદ કે વિરોધ મૂલક બુદ્ધિને એવા વ્યાપક સત્યના ભાનથી સંસ્કારવી તેમ જ ઉદાર અને સહિષ્ણુ બનાવવી. આ જ મારા મતે શાસ્ત્રીય સમન્વયનો ખરો અર્થ છે. એ સિવાય માનવતાની દષ્ટિના વિકાસનો બીજો શાસ્ત્રીય માર્ગ મને દેખાયો નથી.

(૨) ધર્મ એ બહુ નાજુક વસ્તુ છે. વાત વાતમાં ધર્મને નામે પણ માણસ જાત અકળાઈ જાય છે અને ઘણી વાર અથડામણીમાં આવી મોટા મોટા અનર્થો પણ કરી બેસે છે. જ્યાં લગી માણસની દષ્ટિ માત્ર ધર્મના સ્થૂળને બાહ્ય ક્લેવર યા ખોખામાં જ રૂંધાયેલી હોય છે, ત્યાં લગી એવી અનર્થ પરંપરા અટકી ન શકે. ધર્મનું સ્વરૂપ સમુદ્ર જેવું અગાધ અને આકાશ જેવું અનંત છે. જેમ જેમ એના ઊંડાણમાં ઊતરીએ અને ઉર્ધ્વગામી બનીએ તેમ તેમ દષ્ટિ બાહ્ય કલેવરના એકાંગી મોહથી છૂટી થાય છે. જ્યાં એકવાર ધર્મના તાત્ત્વિક અને આંતરિક સ્વરૂપનું દર્શન થાય ત્યાં એને ધર્મનો એકે પંથ અકળાવતો કે આકર્ષતો નથી. એ બધા ધર્મપંથોને માનવતાના વિકાસક્રમની સૂચક અવસ્થાઓ તરીકે લેખી માનવ - ઈતિહાસમાં એનું સ્થાન તે ગોઠવે છે અને ધર્મની ઊંડી સમજણમાંથી પ્રાપ્ત થયેલ સમભાવ દ્વારા એ પંથોને વિકસાવવા કે વધારે ઉદાત્ત બનાવવા વિચારે છે અને પ્રયત્ન પણ કરે છે. આ જ મારે મન ધાર્મિક સમન્વયનું મુખ્ય હાર્દ છે. આવા સમન્વય વિના અસાંપ્રદાયિક રાષ્ટ્ર તેમ જ વિશ્વનું નિર્માણ સંભવિત નથી.

* * *

ડો. રાધાકૃષ્ણને અહિંસા, અનેકાન્ત, સમ્યક્ ચારિત્ર આદિ જૈન પરંપરામાં પ્રસિદ્ધ એવી પરિભાષાઓ લઈ તેના અર્થની તથા તેને આધારે વૈયક્તિક તેમજ સામુદાયિક જીવન કેમ જીવવું એની માર્મિક સમજણ અદ્‌ભુત કૌશલ અને છટાથી આપી છે. આ બાબત જન્મજાત જૈન તરીકે મારે કાંઈક કહેવું જોઈએ. હું એમ માનું છું કે ડો. રાધાકૃષ્ણન્ જૈન સિદ્ધાન્તોનું વ્યાપક દષ્ટિએ વિવરણ કરી જૈનોને તેમની જવાબદારીનું ભાન થાય એવી અહિંસક ચીમકી આપી છે ... એ જ રીતે ડો. રાધાકૃષ્ણને અનેકાન્ત દષ્ટિની વ્યાપકતા દર્શાવી અનેકાન્તવાદમાં માનનાર જૈનોને એમ સૂચવ્યું છે કે ખરો અનેકાન્તવાદી ફિરકા પરસ્ત હોઈ ન શકે. તે ઈતર ફિરકા અને ધર્મપંથોને ઊતરતા લેખવામાં કે અવગણવામાં પોતાના પંથની મહત્તા કે પૂર્ણતા માની ન શકે. ઊલટું તે તો ઈતર ફિરકા અને ધર્મપંથોને પોતાના ફિરકા પ્રત્યેના આદર જેટલા આદરથી જ નિહાળે અને સાથે વર્તે.

તાર્કિક અને શબ્દસ્પર્શી અનેકાન્તવાદ માત્ર પરમત - ખંડનમાં રસ લઈ શકે ખરો પણ જીવનસ્પર્શી અનેકાન્ત દષ્ટિએ જુદી વસ્તુ છે. એવી દષ્ટિ દરેક સંપ્રદાયવાળા માટે આવશ્યક છે.

— પંડિત સુખલાલજી

# પંડિત સુખલાલજીની સમન્વય દૃષ્ટિ

પંડિતજી વઢવાણ કેમ્પ પાસે આવેલા લીમલી ગામના વિશા શ્રીમાળી જ્ઞાતિના વણિક ખાનદાન અને મોટા સંઘવી કુટુંબના તે એક સજ્જન છે. તેમને સોળ વર્ષની વયે માતા નીકળવાથી કમ-ભાગ્યે તેમણે આંખો ગુમાવી અને વિક્રમ સંવત ૧૯૬૦ એટલે સને ૧૯૦૫ની સાલમાં તેઓ શ્રીમદ્ યશોવિજયજી જૈન બનારસ પાઠશાળા કે જે તે વખતે વિજયધર્મસૂરિજીની પ્રેરણાથી અને દેખ-રેખથી શરૂ થયેલી હતી તેમાં તેઓ ભણવા માટે ગયા હતા અને ત્યાં ખૂબ ખંતથી અને અવિરત પરિશ્રમથી સુંદર જ્ઞાન સંપાદન કર્યું અને ત્રણ વર્ષ બાદ, સંવત ૧૯૬૩ માં એટલે સને ૧૯૦૮ની સાલના અરસામાં તે પાઠશાળા છોડી ગયા.

સને ૧૯૩૩ માં બનારસ યુનિવર્સિટીમાં પ્રોફેસર અને તે જગ્યાએ તથા બીજી જગ્યાઓએ તેમણે આજ સુધી ભણવાનું તેમ જ ભણાવવાનો અવિરત તેમનો વ્યવસાય જારી રાખ્યો છે અને પોતે બધા દર્શનોનું યોગ્ય જ્ઞાન મેળવ્યું છે અને એક સબળ ચિંતક તરીકે મધ્યસ્થ ભાવે રહી સત્ય જાણવા તથા સમજવા તેમનાથી બનતું કરી રહ્યા છે અને તુલનાત્મક દૃષ્ટિથી પણ દર્શનનો ખૂબ ઊંડો પોતે અભ્યાસ કરેલો છે. પંડિતજીના લખાણ સચોટ અને ચોકસાઈ-પૂર્ણ સરળ અને સુંદર, સમજ અને જ્ઞાન આપનારાં મને વાંચતાં માલમ પડયાં છે.

પણ પંડિતજીની વિશેષતા અને લાક્ષણિકતા જે મને સૂઝે છે તે કાંઈ કહેવાનું મને મન થાય છે તે નીચે પ્રમાણે છે:

(૧) પંડિતજીમાં -વ્યુત્પન્ન દૃષ્ટિ છે અને તે પણ સંકુચિત નહીં પણ ખૂબ વિશાળ છે. જીવનમાં સત્ય જાણવાની દૃષ્ટિ પ્રાપ્ત થવી ઘણી કઠિન છે જ્યારે તેવી દૃષ્ટિ પંડિતજીને પ્રાપ્ત થયેલ છે, એટલું જ નહીં પણ તે દૃષ્ટિ ખૂબ વ્યુત્પન્ન અને તેની સાથે વિશાળ પણ છે.

(૨) વળી પંડિતજીની દૃષ્ટિ સ્વતંત્ર છે અને સાથે શાસ્ત્રોના હેતુ તથા તેના રહસ્યોને મૂળ ઊંડાણમાંથી સમજવા પ્રયત્નશીલ છે અને કેવળ એક દર્શન કે પક્ષ પ્રત્યે ભળી જનારી નથી અને તેઓ જુદા જુદા દર્શનોના જુદા જુદા અભિપ્રાયોને સાપેક્ષ ભાવે વિચારી તેની સુંદર તુલના કરી શકે છે અને તેમ કરવામાં મધ્યસ્થ ભાવ રાખી શકે છે. ટૂંકાણમાં તેમની તુલનાત્મક દૃષ્ટિ પણ મધ્યસ્થ ભાવવાળી છે તે એમની ખાસ વિશેષતા છે.

(૩) અને આવી સુંદર દૃષ્ટિ અને શકિત ઉપરાંત તેમની સમન્વય કરવાની શકિત એ તો તેમની ખાસ વિશેષતા છે. સામાન્ય રીતે જોતાં ખંડનાત્મક અને મંડનાત્મક શકિત કેટલાકમાં જોવામાં આવે છે પણ સમન્વય શકિત વિરલ જોવામાં આવે છે અને તે દૃષ્ટિ જીવનને પોતાને તેમ જ બીજાઓને ઉપકારી અને લાભદાયી નીવડે છે. આવી સુંદર દૃષ્ટિ અને શકિત પંડિતજીમાં જોવામાં આવે છે અને તેની પ્રતીતિ આપણને એમના લખાણો વાંચતાં થાય છે.

જૈન સમાજમાં જૈન પંડિતોની સંખ્યા ઘણી જ ઓછી છે અને તેમાં પણ પંડિતજી સુખલાલજી જેવા વિદ્વાન તો જવલ્લે જ નજરે પડે છે. તેમાં પણ વળી આંખનો અભાવ છતાં તેમ જ તબિયત બહુ નાજુક અને નહીં અનુકૂળ હોવા છતાં અવિરત પરિશ્રમ કરી તેમણે તો ઉત્તમ જ્ઞાન મેળવ્યું છે તે એક વિશેષતા છે. એટલું જ નહીં પણ તેમની વૃદ્ધ ઉંમર હોવા છતાં અદ્યાપિ સુધી અવિશ્રામપણે પોતે જે ભણવા-ભણાવવા વગેરેનું કામ કરી રહ્યા છે તે તેમના જીવની ઘણી ભારે વિશેષતા છે. ટૂંકાણમાં તે જ્ઞાનના ખરેખરા પિપાસુ હોઈ જ્ઞાનના સાચા ઉપાસક છે. જ્ઞાનના એવા ઉપાસકને જેટલો ધન્યવાદ આપીએ એટલો ઓછો છે.

જેણે જ્ઞાનની ઉપાસના કરી છે તે જ જ્ઞાની છે અને જ્ઞાની એટલે સત્યશોધન કરવું તે, આથી જ્ઞાનિમાં સ્વતંત્ર વિચારશકિત અને વિશાળ દૃષ્ટિ હોય છે. કારણ કે તેનું જીવનધ્યેય સત્ય શોધવાનું હોય છે. શ્રીમદ્ યશોવિજયજીનું જીવન આના પ્રતીક સમાન હતું. તેમની જે મૌલિક્તા અને વિશાળતા હતી તે જ તેમની જ્ઞાનની આરાધના હતી. આ સુવર્ણચંદ્રક પણ એક યા બીજી રીતે તે વસ્તુને નિર્દેશ કરે છે. પંડિતજીમાં પણ જે સ્વતંત્ર અને વિશાળ દૃષ્ટિ રહેલી છે તે સુવર્ણચંદ્રકની પાછળ રહેલી ભાવનાની બરોબર છે.

પંડિતજીના જીવનમાં રાષ્ટ્રીયતાની સુંદર છાપ દેખાય છે. તે એક તેમના જીવનની ભારે વિલક્ષણતા છે. સામાન્ય રીતે પંડિતો જે જે દર્શનોના હોય છે તે તે દર્શનોના અભ્યાસી રહે છે અને જેમ વ્યાપારમાં પડેલા લોકો સામાન્ય રીતે રાષ્ટ્રીયતાની બહુ કદર કરતા નથી તેમ પંડિતો પણ રાષ્ટ્રીયતાની બહુ દરકાર કરતા નથી અને તેમાં રસ લેતા નથી. પંડિતજીએ ગુજરાત વિદ્યાપીઠમાં કામ કરેલ છે અને રાષ્ટ્રીય બાબતમાં પણ પોતે સારુ લક્ષ આપે છે. અને પોતાનું જ્ઞાન જે રીતે માનવ જાતને વધારે ઉપયોગી અને ફળદાયી નિવડે તેવી દૃષ્ટિ પોતે રાખે છે અને નીતિ અને ધર્મને મનુષ્યે પોતાના જીવનમાં ક્રમશ: ઉતારવાની જરૂરિયાત ઉપર અને અસંગત જીવન નહીં જીવતાં સુસંગત જીવન જીવતા ઉપર પંડિતજી ભાર મૂકે છે.

બાપુજી ગાંધીજીની છાપ ઘણાના જીવનમાં ઓછી-વત્તી પડેલી જોવામાં આવે છે. પંડિતજીના જીવનમાં બાપુજીના જીવનની સુંદર છાપ પડેલી મને લાગે છે.

(સ્વ.) છોટાલાલ ત્રિકમલાલ પરીખ

**વિજયધર્મસૂરી જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક પંડિત સુખલાલજીને અર્પણ કરવા માટે યોજાયેલા સમારંભમાં કરેલા પ્રવચનમાંથી**

# પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી

ગુજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરમાં પંડિત સુખલાલજી-પંડિત બેચરદાસજી, ધર્માનંદ કોસંબી અને મુનિશ્રી જિન-વિજયજીએ અનેક હસ્તલિખિત તેમજ છપાયેલાં પુસ્તકો વચ્ચે થોડા અભ્યાસ વૃત્તિવાળા વિદ્યાર્થીઓને લઈને જે કામ કર્યું છે તે હજારોની સંખ્યાવાળી મહાશાળાઓ કરતાં પણ બહુ મહત્ત્વનું હતું.

તેઓ બનારસ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે કામ કરતા હતા ત્યારે એક વખત મારે ત્યાં જવાનું થયું હતું, એ વખતે સહેજે એમને મળવાનું મન થઈ આવ્યું.

એ અગાઉ અમે કદી એકબીજાને પ્રત્યક્ષ મળ્યા ન હતા. પણ મારું નામ સાંભળ્યું એટલે તુરત એ પ્રજ્ઞાચક્ષુ પંડિતજીએ કહ્યું "ઓહો બબલભાઈ! તમને તો હું બરાબર ઓળખું છું. તમારું "મારું ગામડુ" પુસ્તક હું ધ્યાનથી સાંભળી ગયો છું. બહુ સુંદર અનુભવો છે." એમ કહીને પ્રેમથી મારા હાથ સાથે હાથ મેળવીને હાલમાં એ ગામમાં શી સ્થિતિ છે? એની પૂછપરછ કરવા લાગ્યા.

તેઓ મોટા તત્ત્વજ્ઞ અને વિવિધ ધર્મ તથા તત્ત્વજ્ઞાનના અભ્યાસી તો હતા જ, પણ ગરીબો માટેની એમના અંતરમાં કરુણાની સરવાણી વહેતી હતી એ એમની વાણી અને વર્તન દ્વારા પ્રગટ થતી હતી. એમનામાં આચાર અને વિચારની એકતા હતી. એમનું જીવન કેટલું સાદું! કેટલું સંવેદનશીલ! કેટલું જ્ઞાનસંપન્ન! અને છતાં કેટલું નિરાભિમાની! એમના જવાથી ગુજરાતે જ નહિ પણ ભારતે એક વિરલ વિવેકી વિભૂતિ ગુમાવી છે. એમના વિચારો અને સાહિત્ય અમર રહેશે. એમને હજારો પ્રણામ.

— બબલભાઈ મહેતા

## 'પ્રબુદ્ધ જીવન'નો હવે પછીનો અંક ૧લી જૂનના રોજ પ્રગટ થશે

આ વખતે સ્વ. પંડિન સુખલાલજીના સ્મૃતિ અંકમાં વધારે પાના આપ્યાં હોઈ અંક ૧-૨ સાથે પ્રગટ કરેલ છે. હવે પછીનો અંક ૩, ૧લી જુનના રોજ પ્રગટ થશે તેની નોંધ લેવા વિનંતિ.

વ્યવસ્થાપક

## પંડિતશ્રી સુખલાલજીના પત્રો

**પંડિતશ્રી સુખલાલજીએ એમના લાંબા આયુષ્ય દરમ્યાન અનેક વ્યકિતઓને વિવિધ વિષયો ઉપર પત્રો લખ્યા હતા. આ પત્રો તેમના પુસ્તકો અને લેખો જેટલો જ મૂલ્યવાન વારસો છે. આ પત્રોનું સંપાદન તથા પ્રકાશન કરવાની જવાબદારી મેં લીધી છે. ગુજરાત અને ભારતના બીજા ભાગોમાં એવા અસંખ્ય ભાઈ-બહેનો હશે જેમને પંડિતજીએ પત્રો લખ્યા હશે. આ પત્રો નીચેના સરનામે મને બનતી ત્વરાએ કૃપા કરીને મોકલવામાં આવે તો આ દિશામાં આગળ વધી શકાય. મૂળ પત્રો પાછા જોઈતા હોય તેમને નકલ કરીને પાછા મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પત્રો નીચેના સરનામે મોકલવા વિનંતી છે.**

**વાડીલાલ, ડગલી, પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમો-રિયલ બિલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.**

# पितामहाय विनम्रा श्रद्धांजलि:

प्राय: त्रिभ्य: मासेभ्य: प्राक् मम पितरौ अमदावादनगरात् आगत्य अकथयतां, "पंडितसुखलालमहाशया: शय्याधीना: सन्ति। तेषां प्रकृति: अस्वस्था वर्तते। किन्तु तेषां मानसिक्यवस्था स्वस्था अस्ति। स्मृति: तु तीव्रा अस्ति। अस्मिन् समये तु पंडितमहाशयै: युष्मांक (मम च मम भ्रातु:) स्मरणं कृतं च कथितं यत् पुन: आगमने द्वौ अपि अपत्यौ गृहीत्वा एव आगन्तव्यम्। चिरात् मया तौ न दृष्टौ। इदानीं तु अधिकवया: संजाता: भवेयु:। सर्वै: अत्र आगन्तव्यं व भोजनं अपि अत्र एव कर्तव्यम्।"

पंडितमहाशयानां वार्ता श्रुत्वैव तेषां रेखाकृति: मम दृष्टे: समक्षं आगता:। स्व: तु रुग्ण: आसीत् च अपरस्य अवलम्बनं गृहीत्वा एव स्वकीयं कार्यं कुर्वन्ति तथापि अस्मभ्यं भोजनाय आमंत्रणं ददति। तेषां अस्माकं कृते कीदृशं वात्सल्यम्।

पंडितमहाशयान् अहं मम पितामहतुल्यं एव जानामि। ऋषि-तुल्यपितामहस्य प्राप्ति: इति अस्माकं अहोभाग्यम्। मम माता कथयति यत् यदा अहं षाण्मासिकी संजाता तदा तेषां समीपं आशीर्वादाय अगच्छत्। पंडितमहाशयै: मां उत्संगे गृहीत्वा मम मस्तके हस्तं न्यस्य आशी: प्रदत्ता:। तस्मिन् समये अहं तेषां मुखं प्रति एकदृष्ट्या एव अवालोकयम्।

तत् पश्चात् पंडितमहाशया: अमदावादनगरे 'सरितकुंजे' न्यवसन् तदा मम पितरौ आवां गृहीत्वा पंडितमहाशयानां समीपे आनयताम्। आवां तु शिशू आस्व। अत: तेषां गृहे इतस्तत: धावमानौ शब्दं चक्रुव। मम माता शब्दं कर्तुं च धावितुं निषिद्धौ किन्तु पंडित-महाशयै: सा निषिद्धा च कथितम्, 'किमर्थं बालकान् वारयत? धावन्तु नाम शब्दं अपि कुर्वन्तु नाम। अस्माकं वार्तालापे अंतराय: न आयाति। बालकानां नैसर्गिकस्वभावेन तयो: सोत्साहं खेलने कूर्दने च अवरोध: न कर्तव्य:।'

यदा पंडितमहाशयानां समीपे वयं जग्मिम तदा तेषां गुणद्वयं अस्माकं दृष्टिगोचरं अभवत्। पंडितमहाशया: सर्वदा स्थिरा: उपा-विशन् अपरं च ते सर्वदा मृदुशांतस्वरेण एव अभाषन्त।

पंडितमहाशया: मोहमयीनगर्यां पर्युषणव्याख्यानमालायां प्रमुख-स्थाने एव विराजमाना: अभवन्। अत: अस्माकं गृहे पुन: पुन: तेषां वार्ता भवति। मम गृहे श्री परमानंदकापडियामहोदया: श्री गौरी-प्रसाद झालामहाशया: मालवणियामहाशया: इत्यादय: आजग्मु: तदा कदा कदा पंडितमहाशयानां वृत्तान्तस्य चर्चां अकुर्वन्। तै: लिखितानां पुस्तकानां पाठनं तु अस्माकं गृहे भूयो:भूय: भवति। तेषां वैदुषस्य चारित्रस्य च प्रभाव: अस्माकं मनसि सम्यक्तया स्थिरी भूत:। प्रज्ञाचक्षुभि: पंडितै: यत् विद्यायां पुरुषार्थ: कृत: स: अस्माकं कृते प्रेरणादायक: अस्ति।

अहं गांधीमहात्मन: दर्शनं न चकार। कदाचित् एवं भवति यत् मम जन्म कतिपयवर्षात प्राक् अभविष्यत् तदा तेषां दर्शनं अपि अहं अकरिष्यम्। मया गांधीमहात्मन: दर्शनं न कृतं किन्तु तेषां प्रतिनिधिरूपस्थितानां व्यक्तीनां संमेलनं भवति तदा असंतोष: दूरीभवति। तादृशेषु व्यक्तिषु जैनधर्मस्य मूर्तस्वरूपकल्पानां पूज्य-पंडितमहाशयानां समीपं अहं यदा अगच्छं तदा गांधीजीमहात्मनां स्वरूपदर्शनस्य कल्पना प्रत्यक्षा अभवत्।

एतादृशानां प्रज्ञाचक्षुपंडितमहाशयानां निधनेन भारतदेशेन अति-श्रद्धास्पद: जैनधर्मे दर्शनीयव्यक्ते: अदर्शनं जातं च पितामहेन सह मम दर्शनात्यन्ताभाव: संजात: इति प्रतिभाति।

पंडितमहाशयानां चरणयो: कोटिश: प्रणामा:।

—कु. शैलजा रमणलाल शाह।

# વિખ્યાત શ્રુતધર

જૈન પરંપરાના જ નહીં, બલ્કે સમગ્ર ભારતીય દર્શનના પ્રકાંડ પંડિત, પંડિત-પ્રવર સુખલાલજી આજે આ જગતમાં નથી; એ સાંભળીને, મન વેદનાથી ભરાઈ ગયું. પંડિતજીનો વિયોગ એ પ્રકારનો વિયોગ છે કે જે હવે કદાપિ પણ સંયોગમાં પરિવર્તિત થઈ શકે તેમ નથી. પંડિતજીના અભાવની સંપૂર્તિ કોઈ પણ પ્રકારે સંભવિત નથી. તેઓ આ યુગના મહાન જ્ઞાન-તપસ્વી, મહાન પ્રતિભાધર તથા વિખ્યાત શ્રુતધર હતા. એમના જ્ઞાનમય જીવનની તુલના કોઈ પણ સાથે કરી શકાય એમ નથી. પંડિતજી એમના યુગના મહાન જ્યોતિર્મય આલોક-સ્તંભ હતા.

એમણે પોતાના જીવનમાં જે પ્રમાણે જ્ઞાન-સાધના કરી હતી, તે પ્રકારે અન્ય કોઈએ કરી હોય તે મારી જાણમાં નથી. વારાણસી નગરીમાં વર્ષો સુધી રહીને એમણે ભારતીય દર્શનશાસ્ત્રનું; ભારતીય ન્યાયશાસ્ત્રનું તથા ભારતીય ધર્મો અને સંસ્કૃતિ તેમ જ ઈતિહાસનું જે ગંભીર અધ્યયન, ચિંતન તેમ જ મનન કર્યું હતું, તેનાથી પંડિતજી ભારતની સમગ્ર વિદ્યાઓનું જીવતું-જાગતું કલ્પતરુ બની ગયા હતા, જેની શીતલ છાયામાં બેસીને હજારો જ્ઞાન-પિપાસુઓએ પોતાની તૃષા માત્ર છિપાવી એટલું જ નહીં પણ તેઓ પૂર્ણ પણે પરિતૃપ્ત અને સંતુષ્ઠ પણ બન્યા હતા. પંડિતજી માત્ર જૈન પરંપરામાં જ વિશ્રુત ન હતા, પણ બૌદ્ધ પરંપરા અને વૈદિકપરંપરામાં પણ એમની ગણના એક મહત્ત્વના વિદ્વાન તરીકે થતી હતી. ભારતના રાષ્ટ્રપતિ મહાપંડિત રાધાકૃષ્ણન પણ પંડિતજીને આદર અને સન્માનની દષ્ટિથી જોતા હતા અને ભારતીય દર્શનનાં વિવાદાસ્પદ સ્થાનો પર પંડિતજીના અભિપ્રાયનો સમાદર પણ કરતા હતા. બૌદ્ધ પરંપરાના મહાન પંડિત રાહુલ સાંકૃત્યાયન પણ બૌદ્ધ ધર્મના વિષમ સ્થાનો અંગે પંડિતજી પાસે અવાર નવાર આવી વિચાર-વિનિમય કરતા હતા. વર્તમાન યુગના હિન્દુ સંસ્કૃતના મૂળતત્ત્વના મહાન વ્યાખ્યાકાર ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ પંડિતજીના વિચારો અને એમની મૂળભૂત તત્ત્વ દષ્ટિથી અત્યંત પ્રભાવિત હતા. આ છે પંડિતજીની જ્ઞાનગરિમા અને એમના વ્યક્તિત્વનો મહાન મહિમા.

જૈન પરંપરાના અનેક વિદ્વાનો પણ પંડિતજીની સેવામાં રહીને એમના વિશાલજ્ઞાનરાશિથી પ્રભાવિત થતા રહ્યા હતા અને પોતાની જિજ્ઞાસાનું સમાધાન પ્રાપ્ત કરીને લાભાન્વિત પણ બનતા રહ્યા હતા. દિગંબર પરંપરાના મહાન વિદ્વાન ન્યાયાચાર્ય શ્રી મહેન્દ્રકુમારજી, પંડિત કૈલાસચંદ્રજી શાસ્ત્રી તથા ન્યાયાચાર્ય પંડિત દરબારીલાલજી કોઠિયા વગેરે દિગંબર પરંપરાના વિદ્વાનોએ સાહિત્યિક ક્ષેત્રમાં પંડિતજીની તુલનાત્મક પદ્ધતિને અપનાવી, એ પદ્ધતિ અનુસાર અનેક ગ્રંથોનું સંશોધન કર્યું છે. કેટલાક વિદ્વાનોએ પોતાની કોઈ શોધ કર્યા વિના ભાષામાં કંઈક ફેરફાર કરીને પંડિતજીના વિચારો એમના એમ અપનાવીને પોતાનું પાંડિત્ય પણ પ્રદર્શિત કર્યું છે. પંડિતજીની શોધ દષ્ટિ એટલી વ્યાપક તેમ જ વિશળ હતી કે એમાં સાંપ્રદાયવાદની ગંધ સરખી જોવા મળતી નથી. પંડિત-પ્રવર સુખલાલજી એ સાહિત્યના જે કોઈ ક્ષેત્રને સ્પર્શ કર્યો એમાં પોતાના સંકલ્પ અને સાહસ વડે નિરંતર આગળ વધતા સફળતા પ્રાપ્ત કરી એના સાક્ષીરૂપ છે એમનો સંપૂર્ણ કૃતિત્ત્વના પ્રતીક રૂપ 'દર્શન અને ચિંતન' ગ્રંથ જે ત્રણ ભાગોમાં પ્રકાશિત થયો છે.

આ ગ્રંથને પંડિતજીના વિચારોનો પ્રતિનિધિરૂપ ગ્રંથ કહી શકાય. પંડિતજીના અંતેવાસી શિષ્યોમાં બધાથી તેજસ્વી તથા પ્રખર વિદ્વાન છે પંડિત દલસુખભાઈ માલવણિયા. તેઓને એમના વિદ્યાગુરુની પ્રતિમૂર્તિ કહી શકાય. એમણે પણ એમના ગુરુની શોધપૂર્ણ તથા તુલનાત્મક પદ્ધતિથી અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું સફળ સંપાદન કર્યું છે. પંડિતજીની વિવેકદષ્ટિ માલવણિયાજીમાં સાકાર થયેલી છે.

પંડિતજી કેવળ શાસ્ત્રોના જ પંડિત હતા એમ નહીં, પણ તેઓ મહાન કર્મયોગી પણ હતા. રાષ્ટ્રીય ચેતનાની જાગૃતિ વેળાએ પંડિતજી માત્ર કલમકાર જ રહ્યા ન હતા, પરંતુ ચક્રધર પણ બની ગયા હતા. ગાંધીજીના સ્વતંત્રતાના આંદોલનમાં પણ એમણે પોતાનો પૂર્ણ ફાળો આપ્યો હતો. અંતમાં તેઓ જ્ઞાન અને કર્મના સમન્વયકાર હતા. બાલદીક્ષાના પ્રબળવિરોધી હોવાથી સમાજસુધારક પણ હતા.

—શ્રી વિજયમુનિ શાસ્ત્રી
(હિંદી ઉપરથી અનુવાદિત)

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ ૪૦૦ ૦૦૧.

Regd. No. MH. By South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૪૧ : અંક : ૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ૧લી નવેમ્બર ૧૯૭૮, બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૦, પરદેશ માટે શિલિંગ : ૩૦

મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ રૂા. ૨-૦૦

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

—પંડિત સુખલાલજી


શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જૈન' માંથી 'પ્રબુદ્ધ જીવન'માં પરિવર્તન પામ્યું એ વિચાર જુવાનીની નિશાની છે. રૂઢ થયેલ જૈન શબ્દના અસલી ભાવનું આ રીતે પ્રાકટ્ય કરવું એ સંઘના યૌવનકાળની એક નિશાની છે.




સંઘની બીજી મહત્વની પ્રવૃત્તિ તે પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા. એક જૂની ધાર્મિક પ્રથાને નવું રૂપ આપી એમાં સર્વધર્મસમભાવ અને સર્વ ધર્મ સમન્વય સુધી જવું એ કાર્ય નાનું સૂનું નથી. પંડિત સુખલાલજીની મૂળ પ્રેરણા અને પરમાનંદભાઈની વક્તાઓ પસંદ કરવાની કુનેહ એ આ પ્રવૃત્તિની સફળતાનું મુખ્ય કારણ છે.

— કાકા સાહેબ કાલેલકર

પ્રબુદ્ધ જીવનની શાનદાર રીતે ઉજવાયેલ રજત જયંતિ પ્રસંગે




પ્રવચન કરતાં શ્રી પરમાનંદભાઈ

પર્યુષણ વ્યાખ્યાનમાળાના આંતરરાષ્ટ્રીય વિશિષ્ઠ વકતા



મધર ટેરેસા

તંત્રીસ્થાનેથી

# ☆ પચાસ વર્ષ ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પચાસ વર્ષ પૂરાં થયાં એ આનંદ અને ગૌરવની વાત છે. કોઈ પણ સંસ્થા પોતાના અસ્તિત્વના પચાસ વર્ષ પૂરા કરે અને સાથે સતત પ્રગતિ કરતી રહે અને ગતિશીલ રહે તે હકીકત સંસ્થાની જરૂરિયાત અને ઉપયોગિતા બન્ને પુરવાર કરે છે. સાથે જનસમુદાયની ચાહના મેળવતી રહે ત્યારે સંસ્થાની પ્રવૃત્તિ લોકકલ્યાણ અર્થે છે એમ સમજવું. આવી સંસ્થાના કાર્યકર્તાઓની જવાબદારી વધે છે.

પચાસ વર્ષ પહેલાં જૈનયુવક સંઘની સ્થાપના થઈ ત્યારે તેનું કાર્યક્ષેત્ર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સમાજ પૂરતું મર્યાદિત હતું. તે સમાજના કેટલાક વિશિષ્ટ પ્રશ્નો, ખાસ કરી બાળદીક્ષાને અનુલક્ષી તેની શરૂઆત થઈ. એ સમય હતો જ્યારે દરેક સમાજ પોતાના પ્રશ્નો ઉકેલવામાં પડયો હતો. આજે પણ હજી કેટલેક દરજજે એવું છે અને તે જરૂરનું છે. પણ યુવક સંઘની દૃષ્ટિ શરૂઆતથી જૈન સમાજની એકતાને અનુલક્ષીને રહી છે એટલું જ નહિ પણ રાષ્ટ્રીય રહી છે. એટલે તેણે સદા વ્યાપક દૃષ્ટિથી વિચાર્યું છે. પરિણામે ૧૦ વર્ષ પછી સમસ્ત જૈન સમાજને આવરી લીધો અને ત્યાર બાદ જૈનેતર સમાજને પોતાનામાં સમાવ્યો. જૈન શબ્દ વાચક ન રહેતા ગુણવાચક બન્યો.

પરમાનંદભાઈની દૃષ્ટિ સમાજ સુધારકની હતી. સત્યનિષ્ઠા અને જિજ્ઞાસાને કારણે અને કોઈક નિવૃત્તિને લીધે, તેમણે વિચારકો અને રાષ્ટ્રીય વ્યકિતઓ સાથે વ્યાપક સંબંધો બાંધ્યા હતા જેનો લાભ જૈન યુવક સંઘને મળતો. લગભગ ૧૯૩૬થી, હું જૈન યુવક સંઘ સાથે સંકળાયેલો હતો પણ પરમાનંદભાઈના એક મદદનીશ તરીકે, કાર્યભાર મુખ્યત્વે તેમના શીરે હતો. તેમના અવસાન પછી, અચાનક આ બોજો મારા ઉપર આવી પડયો જે યથાશકિત વહ્યો છે. મારી પ્રકૃતિ અને પ્રવૃત્તિને કારણે પરમાનંદભાઈ જેટલા અંગત સંબંધો હું જાળવી શક્યો નથી પણ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ સારી પેઠે વિકસી છે અને વિકાસનો હજી ઘણો અવકાશ છે. તેમાં મારા સાથીઓનો ભાવભર્યો સહકાર કારણભૂત છે.

જૈન યુવક સંઘે શરૂઆતથી સક્રિય સામાજિક સેવાની મહત્ત્વાકાંક્ષાઓ સેવી નથી. લાખોના ફંડ એકઠા કરી, ગરીબીનિવારણ અથવા તબીબી રાહત અથવા તેના જેવા અન્ય સેવા કાર્યો હાથ ધરવાની ઈચ્છા કરી નથી. આ બધાં કાર્યો ઘણાં ઉપયોગી છે. અનેક સંસ્થાઓ એવા કાર્યો કરે છે. જૈન યુવક સંઘનું કાર્ય વિશિષ્ટ પ્રકારનું રહ્યું છે. વિચારપ્રચાર, વિચારપરિવર્તન અને વિચારપ્રેરક પ્રવૃત્તિઓ તેનું મુખ્ય લક્ષ્ય રહ્યું છે. માણસના જીવનમાં વિચારબળ સૌથી મોટું બળ છે. અણુ બોમ્બ કરતાં પણ વધારે સ્ફોટક છે, સમાજ પરિવર્તન અને જીવનશુદ્ધિનો પાયો છે. Wars are born in the hearts of man. તેમજ Revolutions are born in the hearts of men, વિચારજાગ્રતિ અને વિચારપરિવર્તન ન થાય ત્યાં સુધી જીવનશુદ્ધિ અથવા સમાજ પરિવર્તન થતો નથી. સ્વામી વિવેકાનંદે એક સ્થળે કહ્યું છે કે હિમાલયની ગુફામાં બેસી કોઈ સદ્‌વિચાર કરશે તો પણ તેના મોજાં આખા જગતમાં ફેલાશે અને લોકોના જીવનને અસર કરશે. રેડિયો અને ટેલિવિઝનના ભૌતિક મોજાં હજારો માઈલ દૂરથી આવે છે તો સદ્‌વિચારના મોજાં અંતર સુધી પહોંચે તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. એવું જ દુર્વિચારોનું છે. માણસનું પ્રધાન લક્ષણ અંતર-નિરીક્ષણની શકિત અને બુદ્ધિ છે. માણસ વિચારવાન પ્રાણી છે. સદ્‌વિચારોની અસર કયાં, કયારે અને કેવી રીતે થશે તે આપણે પૂરું જાણતા નથી. વાણી અને વર્તન, વિચારને અનુસરે છે. માણસનું જીવન મોટે ભાગે પ્રવાહપતિત, રૂઢિગત, પ્રણાલિકાબદ્ધ હોય છે. ચીલાચાલુ જીવન પ્રમાણમાં ઉપાધિ રહિત છે. તેમાં જડતા હોય છે પણ મોટા ભાગના માણસોને તેનો ખ્યાલ હોતો નથી. જીવન પરિવર્તશીલ છે. સમય એટલે જ ગતિ. પણ પરિવર્તનનું સાહસ અને જોખમ ખેડવા બહુ ઓછા તૈયાર હોય છે. સ્વતંત્ર વિચારશકિત ઈશ્વરની મહાન બક્ષીસ છે. બીજાના વિચારોથી દોરવાઈ જવું સહેલું છે. નિરક્ષીર વિવેક કરવો અઘરો છે. સ્વતંત્ર વિચાર કરવો કષ્ટદાયક છે. સત્યની શોધ કયાં ખેંચી જશે તે આપણે જાણતા નથી. પણ તેને વળગી રહેવાની શકિત અને હિંમત બહુ થોડી વ્યકિતઓમાં હોય છે. સોક્રેટીસે કહ્યું An unexamined life is not worth living પોતાના બચાવમાં સોક્રેટીસે પ્રવચન કર્યું તે ૨૫૦૦ વર્ષથી લાખો કરોડો માણસોને પ્રેરણાદાયી રહ્યું છે. અને ચીરકાળ રહેશે. એવી જ રીતે દરેક મહાપુરુષના વિચારોનું. ગરીબાઈમાં ડુબેલા માર્કસે, બ્રિટિશ મ્યુઝિયમની લાયબ્રેરીમાં બેસી જે વિચારો દુનિયાને આપ્યા તેણે મોટી ક્રાંતિ સર્જી. કોઈ વખત ખોટા વિચારોનો પવન જોરથી વાય ત્યારે વિનાશક થાય છે. હિટલરનું એવું બન્યું. ટોલ્સ્ટોયે વસતિ ગણતરીનું કાર્ય કર્યું અને જે ભયંકર દશ્ય જોયું તેથી તેનું જીવનપરિવર્તન થયું. અંતે તો દરેક વ્યકિતએ પોતાના નિર્ણયો કરવાના રહે છે. પણ તેમ કરવામાં સહાયભૂત થવું એ મહાન કાર્ય છે.

મુંબઈ જૈન યુવક સંઘે આવી કાંઈક અભિલાષા સેવી છે. મુક્ત વિચારની હવા ફેલાવવી, માણસને વિચાર કરતા કરવા, સારાસાર વિવેક બુદ્ધિ જાગ્રત કરવી, એના જેવી મોટી સેવા બીજી કોઈ નથી. આવા કાર્યમાં ઘણી સાવચેતી રાખવી પડે એ દેખીતી વાત છે. કોઈ સ્વાર્થ ન હોય, પૂર્વગ્રહો ન હોય, તો ખોટે માર્ગે જવાનો સંભવ બહુ ઓછો છે. ભૂલ થાય તોય તુરત ખબર પડે અને સુધારી લેવાની વૃત્તિ રહે.

'પ્રબુદ્ધ જીવન' અને મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાતી વ્યાખ્યાનમાળાઓ આવા કોઈ ધ્યેયને અનુલક્ષી ચાલે છે. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જીવનલક્ષી વિષયોનું પ્રાધાન્ય હોય છે. વસંત વ્યાખ્યાનમાળામાં રાષ્ટ્રીય વિષયો અને વિદ્યાસત્ર સાહિત્ય અને સંસ્કૃતિને લક્ષીને યોજાય છે. આ જ્ઞાનયજ્ઞમાં સૌનો સહકાર આવકાર્ય છે, પ્રાર્થિત છે.

મારી મર્યાદાઓ હું જાણું છું. શારીરિક વયની અને પ્રકૃતિની. સાથીઓનો સહકાર અને પ્રેમ અનન્ય છે. તેથી યત્કિંચિત કાર્ય થઈ શકે છે. ઘણો અવકાશ છે પણ માત્ર વિસ્તાર કરતાં, જે કરવું તે વ્યવસ્થિત કરવું એ વધારે સારું છે. અને આ કામનો ઘણો આનંદ છે. અને તેમાં મારી વધુમાં વધુ શકિત રેડાય તેમ કરવાની ભાવના છે.

૨૮-૧૦-૧૯૭૮ —ચીમનલાલ ચકુભાઈ

## વેળા

(ગાન)

જાય છે વેળા, જાય છે વેળા,
 જાય છે વેળા છૂટી,
પળની પાછળ પળની સાંકળ,
 એક ન કડી તૂટી —જાય...
રાત ને દિવસ એકબીજાની
 પાછળ કરે દોડ,
લેશ ચૂકે ના તોય કદી યે
 મળતા જોડાજોડ;
એકમેકના તલસાટે આ
 ક્યાંય ન તોયે ત્રૂટી —જાય...
જાય છે વેળા, આવતી કદી
 પણ ન પાછી એક,
આજના ફૂલની આજ માણી લો
 મન ભરીને મ્હેંક !
પળની ભીતર શાશ્વતીની
 રખે મળે જડીબુટ્ટી ! —જાય...
જાય છે વેળા, જાય છે વેળા,
 જાય છે વેળા છૂટી,
મોકળો મેલ્યો કાળ - ખજાનો,
 આવડે તો લ્યો લૂંટી ! —જાય...

ગીતા પરીખ

# પ્રબુદ્ધ ચેતનાનાં દ્વાર

આ જગતમાં બે મુખ્ય અવસ્થાઓ છે. પ્રસુપ્ત અને પ્રબુદ્ધ. ચેતનાનું લોલક આ બે અવસ્થાઓ વચ્ચે ફર્યા કરે છે. પ્રસુપ્ત અવસ્થાના અનેક સ્તરો છે. તેમાં સ્થૂળ, જડ પદાર્થો પ્રગાઢપણે પ્રસુપ્ત છે. ત્યારે વનસ્પતિ, જીવાણુઓ, પ્રાણીઓ વગેરેમાં ચેતનાની ઓછી - વધુ જાગૃતિ જોવા મળે છે. મનુષ્ય એક પ્રાણી છે. તેનામાં ચેતનાની જાગૃતિ બીજાઓ કરતાં વધુ પ્રમાણમાં છે, પણ એ પ્રબુદ્ધ નથી. એ તો મનુષ્યની જાગૃતિ જ્યારે પૂર્ણકળાએ પહોંચે ત્યારે પ્રબુદ્ધત્વ આવે.

સામાન્યપણે માણસોનો મોટો ભાગ પ્રસુપ્ત અવસ્થામાં જીવન ગાળતો હોય છે. આ પ્રસુપ્તિ ચિત્તની છે અને પોતાના કે જગતના કોઈ સ્પષ્ટ ખ્યાલ વિનાની છે. ઘણા માણસો તમોગુણીની ગાઢ સુષુપ્તિ અવસ્થામાં જ જીવન વિતાવી દેતાં હોય છે. મૂઢ પરંપરાગત અને મોહવશ જીવનમાંથી તે જાગતા કે સળવળતા સુદ્ધાં નથી. એથી જરા આગળ ઘણાખરા રજોગુણનાં સ્વપ્નોમાં રાચતા હોય છે. મહત્ત્વાકાંક્ષા, ઈર્ષા અને લોભના ચક્રમાં તે મનના બળદને ઘુમાવ્યા કરે છે. સત્ત્વગુણનો ઉદય થતાં માણસની આંખો ઉઘડવા માંડે છે અને તે પ્રબુદ્ધ અવસ્થાની સીમામાં પગ મૂકતો થઈ જાય છે.

માણસે તમોગુણનો ઘેરો અંધકાર અને રજોગુણના રંગબેરંગી સ્વપ્નોમાંથી બહાર આવવું હોય તો શું કરવું જોઈએ? પ્રકૃતિના રાજ્યમાંથી સંસ્કૃતિના પ્રદેશમાં તેણે જન્મ લેવો જોઈએ. પોતાની પ્રાકૃતિક વૃત્તિઓ પર કાબૂ મેળવી તેણે મનુષ્યત્વનું ગૌરવ મેળવવું જોઈએ અને આ ગૌરવ તેને જીવન-મૂલ્યોની જાળવણી કરવા પ્રેરે છે. પોતાના પ્રાણથી યે વિશેષ આ ઊંચા મૂલ્યો લાગે અને તેને માટે માણસ સહન કરવા તૈયાર થાય ત્યારે તે પ્રબુદ્ધના પગથિયાં ચડતો થઈ જાય છે.

પ્રકૃતિના રાજ્યમાં જે પ્રસૂતિ થાય છે તેની સાથે પ્રસુપ્તિ અને અબોધ જોડાયેલા છે. તે શુદ્ધ આનંદના રાજ્યમાં જન્મ નથી, પણ રુદન સાથે રહેલા આનંદમાં પ્રવેશ છે. જન્મ વખતે બાળક રડે છે. શ્વાસ લેવા માટે તેનું રડવું જરૂરી છે અને બાળક રડે છે, તેથી શ્વાસ લઈ શકે છે. આ રુદન અને શ્વાસની ક્રિયા પછી જુદા જુદા સ્તરે તેના જીવનમાં ચાલ્યા જ કરે છે. સ્થૂળ રુદન વધારે ઝીણા ને છાના રુદનમાં પલટાય છે એટલું જ. સામાન્ય રીતે માણસનું જીવન એટલે એક લાંબુ રુદન. જે ગયું તેને માટે અને જે હજુ નથી મળ્યું તેને માટે આ રુદન માણસના શ્વાસ સાથે વણાઈ ગયું હોય છે. જ્યાં સુધી તે પ્રબુદ્ધ નથી બનતો ત્યાં સુધી આ રુદન જુદા જુદા પ્રકારે ચાલ્યા કરે છે.

મનુષ્યના જીવનની સહુથી મોટી કરુણતા એ છે કે તેને પ્રસુપ્ત અવસ્થામાંથી જાગૃત કરવાના પ્રયત્ન નથી થતા. પણ એક પ્રસુપ્તિમાંથી બીજી પ્રસુપ્તિમાં, એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં તેને લઈ જવાનાં પ્રયત્નો થાય છે. માતાના હાલરડાંથી માંડી ઉચ્ચ શિક્ષણના મિનારા સુધી આ ‘પોઢી જા બાળ’ની પરંપરા ચાલે છે. કોઈ વેપારી પેઢી જમાવી ઊંઘે છે, કોઈ સત્તાની ખુરસી પર બેસી ઝોકા ખાય છે. તો ઘણો મોટો ભાગ પેટિયું ભરીને પોઢી જાય છે. જેને ભાગે સુખની છાંયડી નથી મળી તેને માટે તો જીવન દુઃસ્વપ્નની પરંપરા બની જાય છે. અને તેને નવા નવા સુખનાં સ્વપ્ન બતાવનારાં જુદા જુદા ‘જાગૃતો’ મળી જાય છે. —જે વળી પોતાની કોઈ માન્યતાની ઊંઘમાં આળોટતા હોય છે.

જ્યાં સુધી બાળકનું પારણું ઝુલાવતી માતા કે તેને સંસ્કૃતિના ક્ષેત્રમાં દોરી જનાર આચાર્ય જાગૃતિનું ગાન નહીં ગાય ત્યાં સુધી માણસ સૂતો રહેવાનો છે. આપણે ત્યાં આવી જાગૃતિનું હાલરડું ગાનાર એક માતા થઈ ગઈ. તેનું નામ મદાલસા. પોતાના પુત્ર અલર્કને માટે તેણે જે હાલરડું ગાયું છે તે ઘેર ઘેર ગવાવું જોઈએ તો જ પ્રબુદ્ધ ચેતનાને પ્રાપ્ત કરવા માટે માણસ પગલાં ભરતો થઈ જાય.

મદાલસા અલર્કને સંબોધી કહે છે : **‘શુદ્ધોઽસિ, બુદ્ધોઽસિ, નિરંજનોઽસિ’** —તું શુદ્ધ સનાતન ચૈતન્ય છે, જાગૃત હોવું એ એ તો તારો સ્વભાવ છે, તને કોઈ મલિનતા સ્પર્શી શકે તેમ નથી. મદાલસાએ પારણું હીંચોળતાં ગાયું છે :

**‘શુદ્ધોઽસિ રે તાત ન તેસ્તિ નામ,**
**કૃતં હિ તે કલ્પન આધુનૈવ,**
**પંચાત્મકં દેહમિદં ન તેઽસ્તિ**
**નૈ ।।ઽસ્ય ત્વં, રોદિષિ કસ્ય હેતો : ?’**

‘બાળુડા, તું તો શુદ્ધ આત્મા છો. તારુ કોઈ નામ નથી. આ કલ્પિત નામ તો તને હમણાં જ મળ્યું છે. આ પંચ મહાભૂતોનું બનેલું શરીર ન તારું છે, ન તું તેનો છે, તો પછી રડે છે શા માટે ?’

માણસ જ્યારે જન્મ લે છે ત્યારે નામ અને રૂપમાં, કુળ અને જાતિમાં, દેશ અને ધર્મમાં જન્મ લે છે. પણ આ બધી જ બહારની વસ્તુઓ છે અને આપણા કુલાચાર, શિક્ષણ, દેશ-ધર્મ તેને આ મર્યાદાઓમાં બાંધી રાખવા મથે છે. કુમળા છોડને કાંટાની વાડ તો જોઈએ પણ એ વાડમાંથી ગજું ન કાઢે ને એમાં જ કરમાઈ જાય એ જીવનના વિકાસની નિશાની નથી. માણસ ત્યારે કદાચ બહારથી મોટો લાગતો હશે પણ અંદરથી એના મૂળિયાં ખવાઈ ગયા હશે.

પ્રસુપ્તિ અવસ્થામાં માણસ વધુ ને વધુ મેળવવા મથે છે, મોટો બનવા માગે છે. પણ પ્રબુદ્ધ અવસ્થા ભણી તે પગલાં માંડે ત્યારે તે ઓછો ને ઓછો થતો જાય છે ને પછી તેને કશું જ માગવાનું રહેતું નથી. તે શૂન્ય થઈ સ્વયંપૂર્ણ બની રહે છે. આ અવસ્થા માણસ જ્યારે પોતાના નેત્રો પોતા ભણી વાળે ત્યારે જ આવે. ઉપનિષદ આવા માણસને ‘આવૃત્તચક્ષુ’ જેની આંખો અંદર વળેલી છે એવો કહે છે.

એક ભારે વિચિત્ર વસ્તુ છે કે જે સ્થૂળ નેત્રોમાંથી બહાર જુએ છે. તે ખરી રીતે ઊંઘે છે. તે પોતાની આસપાસ જે ભોગ સામગ્રી એકઠી કરે છે તે સ્વપ્નાની બાજી સમાન છે. નરસિંહ કહે છે તેમ : **‘ ઊંઘમાં અટપટા ભોગ ભાસે ’** આ જગતની વિદાય લેતાં તે વ્યર્થતાને બાચકાં ભરતો વિદાય લે છે. પણ જે પોતાનાં નેત્રો ભીતર વાળે છે, તેને અંતે એવું કાંઈક ભેટે છે, જે ધૂમ્રછાયા નથી, પ્રકાશનો પુંજ છે. નરસિંહે જ કહ્યું છે : **‘જાગીને જોઉં તો જગત દીસે નહીં.’** આ આપણું જાણીતું - માનીતું જગત તો અલોપ થઈ ગયું. પણ તેની જગ્યાએ બીજુ કાંઈ દીસે છે, ખરુ ? નરસિંહ કહે છે :

**‘અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,**
**જૂજવે રૂપે અનંત ભાસે’**

કેવું ભવ્ય દર્શન છે ? પ્રબુદ્ધ નેત્રો સામે જીવન આ રૂપે, એક જ તત્ત્વની અનંત રમણા બની પ્રકાશી ઊઠે છે.

પ્રબુદ્ધ ચેતનાને પામવા માટે બીજા કોઈનાં બારણાં ખખડાવવાની જરૂર નથી. આ એક પોતાની જાતનું જ ઉર્ધ્વીકરણ છે અને તે માત્ર બૌદ્ધિક વિકાસથી નથી થતું એ માટે માણસે સમગ્ર ભાવે ઊંચે અડવું જોઈએ. ભગવાનના કે પરમ તત્ત્વના અસ્તિત્વ પહેલાં માણસને પોતાના અંતઃકરણનો પરિચય થાય છે. આપણે ‘અંતરનો સાદ’ એવો શબ્દ વાપરીએ છીએ પણ એ સાદ સાંભળવા માટે તત્પર કેટલા જણ રહે છે ? જ્યાં સુધી વિચારમાં વિસંવાદ અને આચારમાં અપ્રમાણિકતા છે ત્યાં સુધી અંતર જાગતું નથી અને પ્રબુદ્ધ જેવો શબ્દ જીવતો થતો નથી.

અંતરની જાગૃતિ માત્ર આનંદ જ નથી આપતી જવાબદારીનો બોજો પણ માણસના ખભા પર નાખે છે. જ્યારે એકાદ વ્યક્તિ આવો બોજો સ્વેચ્છાથી ઉપાડવા તૈયાર થાય છે ત્યારે તેની સાથે સમાજમાં પણ નવી ચેતના પાંગરે છે. એટલે તે પ્રબુદ્ધત્વ ઢાંકેલો દીવો નથી, શિખર પરની મશાલ છે. જ્યાં પ્રબુદ્ધત્વની પ્રાપ્તિ તો દૂર રહી પણ તેની ઝંખના યે નથી રહેતી ત્યાં પ્રજાનો સર્વનાશ થાય છે અને જ્યાં આવા પ્રબુદ્ધ મુઠ્ઠીભર માનવીઓ હોય છે ત્યાં તે દેશને મરવા દેતા નથી.

ભગવાન બુદ્ધને માટે બે વિશેષણ એકીસાથે વાપરવામાં આવે છે. એક છે : **“સમ્મા સંબુદ્ધ”** સમ્યક સંબુદ્ધ, તેની સાથે જ બુદ્ધને કહેવામાં આવે છે : **‘મહાકારુણિક’** પરમ કરુણાવાન. સમુચિત પ્રજ્ઞા અને અહેતુક કરુણા સાથે જ જાય છે. આવો પ્રબુદ્ધ અને કરુણાવંત મનુષ્ય કેવી રીતે વર્તે તેનું દર્શન એક શ્લોકમાં સાંગોપાંગ મળી રહે છે.

**‘મૈત્રી સર્વેષુ સત્ત્વેષુ, પ્રમોદો ગુણશાલિષુ,**
**માધ્યસ્થ્યમ અવિનીતેષુ, કરુણા સર્વદેહિષુ.’**
**સર્વ પ્રાણી સહે મૈત્રી, ગુણી સંગે પ્રમોદિતા,**
**ઉદ્ધત સાથ તાટસ્થ્ય, કરુણા સઘળા પ્રતિ’**

મકરન્દ દવે

# ☆ સાહિત્ય સંસ્કાર સેતુ ☆

માનવને જ્યારથી ભાષાનું માધ્યમ પ્રાપ્ત થયું ત્યારથી તે તેના દ્વારા પોતાના ભાવો, વિચારો, કલ્પનાઓ વગેરે વ્યક્ત કરવા લાગ્યો. ભાષાએ પોતાની અપાર શકિત વડે માનવવ્યવહારને સરળ અને સુલભ બનાવી દીધો, પરિણામે માનવ પાસે સમય અને શકિતનો એટલો બચાવ થતો રહ્યો કે જેથી એનો ઉપયોગ એ જ ભાષાના માધ્યમને સ્વૈરપણે લડાવવામાં પણ તે કરવા લાગ્યો. આ રીતે ભાષાએ પોતે પણ માનવચિત્તનાં સૂક્ષ્મ અને ગહન સ્પંદનોને ઝીલવાની ક્ષમતા ધારણ કરી અને પોતાના સ્વરૂપમાં પણ રમણીયતાની અવનવી દિશાઓ ખુલ્લી કરી.

શબ્દ માત્ર સાંકેતિક માધ્યમ ન રહ્યો, પરંતુ અનેક અર્થચ્છાયાઓથી સભર બનવા લાગ્યો. માનવની વાચા જેમ જેમ ખીલતી ગઈ તેમ તેમ સાહિત્યનું સર્જન થતું ગયું અને તેમાં માનવ જીવનનું ગહનતમ પ્રતિબિંબ પડવા લાગ્યું.

સાહિત્ય એ એવું માધ્યમ છે કે જેના દ્વારા માણસ વિષનું વમન કરી શકે છે અને અમૃતનું પાન પણ કરી શકે છે. સાહિત્યકાર જ્યારે પૂર્વગ્રહ અને અભિનિવેશ વડે પોતાની સાહિત્યકૃતિનું સર્જન કરે છે ત્યારે તે કોઈ એક પક્ષને અયોગ્ય રીતે ઉત્સાહિત કરે છે, અન્ય પક્ષને અન્યાય કરે છે અને ક્યારેક એને દ્વેષનો આશ્રય લેવાની ફરજ પાડે છે.

કોઈકવાર સાહિત્યકાર પોતાના પ્રતિસ્પર્ધીને પાત્ર બનાવી કવિતા, વાર્તા કે નાટકની રચના કરે છે અને તેમાં તે પાત્રને હલકું ચીતરવાનો, તેનાં ઉપર કટાક્ષયુક્ત પ્રહારો કરવાનો પ્રયત્ન કરે છે. લેખકે ભલે તેમાં કલ્પિત જુદું નામ આપ્યું હોય, પરંતુ સુજ્ઞ વાચક તે પાત્રને તરત ઓળખી જાય છે અને તે પાત્રના નિરૂપણ પાછળ રહેલા લેખકના દ્વેષને પણ પારખી જાય છે. આવી કૃતિઓ ક્યારેક તત્કાળ પૂરતી કદાચ લોકપ્રિય થાય છે, પરંતુ સમય જતાં તેનું મૂલ્ય ઘટી જાય છે. કારણ કે તેનાં સર્જનના મૂળમાં આનંદ નહીં પણ દ્વેષ રહેલો હોય છે.

જેમ વ્યકિતગત ધોરણે આમ બને છે તેમ કેટલીકવાર કેટલાક લેખકોની કૃતિઓમાં કોઈ એક જ્ઞાતિ, સમાજ કે ધર્મ પ્રત્યેનો દ્વેષ કે પક્ષપાત પ્રગટ થાય છે. ધર્મ અને ધર્મ વચ્ચે, રાષ્ટ્ર અને રાષ્ટ્ર વચ્ચે જ્યારે ઘર્ષણ ઊભું થાય છે ત્યારે પ્રચારાત્મક સાહિત્ય ઢગલાબંધ પ્રગટ થાય છે. યુદ્ધના સમયમાં ક્યારેક એનું સાહિત્ય પૈસા આપીને પણ લખાવાય છે અને પૈસાને ખાતર એવા સાહિત્યનું સર્જન કરનારા પણ ઘણા સાચાખોટા સર્જકો નીકળી પડે છે, પરંતુ આવા પ્રકારનું સાહિત્ય કલાની દૃષ્ટિએ ઊતરતું અને સમયની દૃષ્ટિએ અલ્પજીવી હોય છે.

સાહિત્યની ઉત્તમ કૃતિઓનું લક્ષણ એ છે કે તે માનવ માનવ વચ્ચેના ભેદને ગાળી નાખે છે. શાંતિના દિવસોમાં તો એ સહજ છે કે વિભિન્ન દેશ અને પ્રજાના સાહિત્યનું રસપાન માણસ કરી શકે છે, પણ સંઘર્ષના સમયમાં પણ ઉત્તમ સાહિત્યકૃતિઓ શાંતિના દૂતની જેમ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં, એક પ્રજામાંથી બીજી પ્રજામાં કોઈપણ રુકાવટ વગર ગતિ કરી શકે છે. ભારતે જ્યારે અંગ્રેજો સામે સ્વતંત્રતા માટે આંદોલન ઉપાડ્યું ત્યારે પણ ભારતીયજનો શેક્સપિયર, મિલ્ટન કે બર્નાડ શૉ જેવા લેખકોને પ્રેમથી વાંચી શકતા. બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું ત્યારે પણ બ્રિટનના સાહિત્યરસિક પ્રજાજનો જર્મનીના ગટે અને ઈટલીના દાન્તે વગેરેની કૃતિઓ કોઈ પણ પ્રકારનો પૂર્વગ્રહ વગર વાંચીને આનંદ અનુભવી શકતા હતા. ભારત અને પાકિસ્તાન વચ્ચે જ્યારે યુદ્ધ ચાલતું હતું ત્યારે ભારતીયજનો પાકિસ્તાનની ગઝલો માણી શકતા હતા. પાકિસ્તાન અને બંગલાદેશ વચ્ચે જ્યારે યુદ્ધ થયું ત્યારે પાકિસ્તાનીઓ બંગાળી ગીતો, રવીન્દ્રનાથનાં ગીતો સાંભળીને આનંદ અનુભવી શકતા હતા. આવા અનેક પ્રસંગો દર્શાવે છે કે શુદ્ધ નિર્ભેળ સાહિત્યની ગતિને કોઈ સરહદો રોકી શકતી નથી. ઉત્તમ સર્જનકૃતિમાં એવી શકિત પડેલી છે કે તે પોતાના ભાવુકને શોધીને એના હૃદય સુધી પહોંચી જાય છે.

કોઈ એક લેખક, પોતાના સમયમાં પોતાની સાહિત્યકૃતિઓ વડે મહત્તા પ્રાપ્ત કરે છે ત્યારે તેના કેટલાક સમકાલીન લેખકો તેની ઈર્ષ્યા કરવા લાગે છે અને જૂથબંધી કે વાડાબંધી રચી, લેખક તરીકેનું તેનું મૂલ્ય ઓછું આંકવાનો સભાન અને દ્વેષપૂર્વક પ્રયત્ન કરે છે. દુનિયાના ઘણા દેશોમાં ઘણા લેખકોને આ રીતે પોતાના સમકાલીન લેખકોને હાથે સહન કરવું પડ્યું હોય એવા બનાવો બન્યા છે. કેટલીક વખત તો લેખકની પોતાની હયાતી સુધી તેની ઉત્તમ સાહિત્યકૃતિની કદર કરવામાં ન આવી હોય, કદર થવા દેવામાં ન આવી હોય એવું પણ બને છે. પરંતુ સત્ય લાંબા સમય સુધી ગુપ્ત રાખી શકાતું નથી. સમય જતાં સત્ય પ્રગટ થાય છે અને એ લેખકની ઉત્તમ કૃતિની કદર થવા લાગે છે. સંસ્કૃતમાં ભવભૂતિ કવિએ કહ્યું છે : "कालोऽयम् निरवधि विपुला च पृथ्वी।" કહેવાય છે કે ભવભૂતિનાં નાટકોની તેના પ્રદેશમાં, તેના સમકાલીન સાહિત્યરસિકોએ જાણ્યે અજાણ્યે જ્યારે જ્યારે કદર ન કરી ત્યારે ભવભૂતિએ આશાવાદી વચનો ઉચ્ચાર્યાં કે "આ પૃથ્વી તો વિશાળ છે અને સમય તો અવધિરહિત છે. મારી કૃતિઓની કદર મારા પ્રદેશની પ્રજા અત્યારે કરતી નથી, પરંતુ હું તો એવા સમાનધર્માની રાહ જોવા ઈચ્છું છું કે જે મારી કૃતિઓ વાંચીને રસ અનુભવશે, એવો સમાન ધર્મી મને મારા પ્રદેશમાં નહિ તો બીજા કોઈ પ્રદેશમાં પણ મળશે કારણ કે પૃથ્વી તો અત્યંત વિશાળ છે. એવો સમાનધર્મા મને આજે નહિ તો વર્ષો પછી પણ મળશે કારણ કે સમય નિરવધિ છે સ્થળ અને સમયનાં પરિમાણમાં એવો એક પણ સમાનધર્મા મને જો મળશે તો તે માટે હું રાહ જોઈશ અને મને એ મળશે જ એવી પૂર્ણ આશામાં હું કૃતકૃત્યતા અનુભવું છું."

સમગ્ર માનવજાતનો વિચાર કરીએ ત્યારે આપણને એકતામાં અનેકતા અને અનેકતામાં એકતાનું દર્શન થશે. વય, જાતિ, સ્વભાવ, પહેરવેશ, ભાષા, રહેણીકરણી રીતરિવાજ, શિક્ષણ રાજ્ય પદ્ધતિ, ધર્મ, આશા-આકાંક્ષા, વેપાર-ઉદ્યોગ, ભૌગોલિક પરિસ્થિતિ વગેરેની દૃષ્ટિએ માનવ માનવ વચ્ચે અપાર વૈવિધ્ય છે ઈશ્વરની આ સૃષ્ટિમાં બે મનુષ્યોના સમાન ચહેરા કે સમાન આંગળાની છાપ પણ જોવા મળતાં નથી. એક જ કુટુંબના ચાર કે પાંચ સભ્યો વચ્ચે પણ પ્રકૃતિ, રુચિ અને ટેવોની બાબતમાં પણ કેટલું બધું સામ્યવૈષમ્ય જોવા મળે છે અને છતાં તે કુટુંબના બધા સભ્યો એકબીજા પ્રત્યે પ્રેમ, આદરથી તથા સંપથી રહી શકે છે, આમ એક જ કુટુંબમાં વિવિધતામાં એકતાનું દર્શન આપણને થાય છે. કુટુંબ એ નાનામાં નાનું એકમ છે કે જેમાં આ એકતાનું દર્શન આપણે કરી શકીએ છીએ. અનેક કુટુંબો મળીને એક જ્ઞાતિ કે સમાજ થાય છે. જેમ કુટુંબની કક્ષાએ તેમ જ્ઞાતિ કે સમાજની કક્ષાએ પણ આપણને ઘણું વૈવિધ્ય જોવા મળવાનું. ક્યારેક તેમાં સંઘર્ષો પણ થતા હોય છે. છતાં તેમાં આપણને એકતાનું દર્શન થઈ શકે છે. જેવી રીતે કુટુંબ, જ્ઞાતિ કે સમાજની કક્ષાએ, તેવી રીતે રાજ્ય, રાષ્ટ્ર, ઉપખંડ, ખંડ અને સમગ્ર વિશ્વની દૃષ્ટિએ આપણે અનેકતામાં એકતાનું દર્શન કરી શકીએ. કોઈ પણ કુટુંબ ઉપર કુદરત સર્જિત કે માનવસર્જિત આપત્તિ આવી પડે છે ત્યારે કુટુંબના સભ્યો અંદર અંદરના પરસ્પર મતભેદો, વિચારભેદો, પૂર્વગ્રહો, વગેરેને ભૂલીને એક બની જાય છે. એવે પ્રસંગે તેમનામાં રહેલાં લાગણી, પ્રેમ, સહિષ્ણુતા, ઉદારતા, પરકલ્યાણ વગેરેના ભાવો જાગૃત થાય છે અને પ્રબળ બને છે. જેમ કુટુંબના સ્તરે તેમ જ્ઞાતિ સમાજ, રાજ્ય કે રાષ્ટ્રના સ્તરે કુદરત સર્જિત કે માનવસર્જિત બાહ્ય આપત્તિ આવી પડે છે ત્યારે પ્રેમ અને કરુણા, દાન અને દયાના ભાવો તે સમગ્ર એકમને સઘન બનાવી દે છે. ભારત ઉપર ૧૯૬૨માં જ્યારે ચીને આક્રમણ કર્યું ત્યારે ભારતની સમગ્ર પ્રજા માંહોમાંહેના મતભેદોને ભૂલીને એક બની ગઈ હતી. આમ આપત્તિના સમયમાં માનવ જો એક બની શકતો હોય તો તે દર્શાવે છે કે તેનામાં એક બનવાની લાયકાત અને તાકાત બંને રહેલાં તો છે જ. પરંતુ શાંતિના સમયે પ્રમાદને કારણે તે પોતાની સાહજિક યોગ્યતા અને શકિતને ભૂલી જાય છે. શાંતિના સમયમાં પણ માનવ-માનવ વચ્ચે પ્રેમ અને બંધુત્વની ભાવના સદા જાગૃત રહે તો કવિઓ અને તત્ત્વચિંતકો પૃથ્વી પરના સુખમય જીવનની જે કલ્પના કરે છે તે સાકાર બને.

માનવ માનવ વચ્ચે બાહ્ય દૃષ્ટિએ ભેદ જરૂર છે, પરંતુ એ ભેદને બે અંતિમ છેડાઓથી જો જોવામાં આવે તો તે ઘણો મોટો લાગે છે. વસ્તુતઃ જગતમાં જેમ વૈવિધ્ય છે તેમ સાતત્ય

પણ છે. માણસ જે સ્થળે રહે છે તેની આસપાસના પચીસ પચાસ કે સો માઈલના વિસ્તારમાં રહેનારા લોકો વચ્ચે તેને કોઈ ભેદભાવ દેખાતો નથી. કેટલીક વખત તો સીમા ઉપરના આવેલા પરસ્પર ભિન્ન બે રાજ્યોના ગામડાંઓની પ્રજા વચ્ચે કોઈ ભેદ જણાતો નથી. ક્યારેક તેઓ વચ્ચે પરસ્પર અવરજવર, લેવડદેવડ, વેપાર, સ્નેહસંપર્ક વગેરે પણ હોય છે. ક્યારેક તો ફક્ત યુદ્ધના સમયે જ તેઓને ભાન થાય છે કે તેઓ બે પરસ્પર ભિન્ન રાષ્ટ્રોના વતની છે. આમ એક દેશમાંથી બીજા દેશમાં અને બીજા દેશમાંથી ત્રીજા દેશમાં આપણે ઝીણવટપૂર્વકનું અવલોકન કરતાં ચાલ્યા જઈએ તો પ્રજા પ્રજા વચ્ચે ભાષા, પહેરવેશ, રહેણીકરણી, ખોરાક, રીતરિવાજ વગેરેનું કેટલું બધું સામ્ય અને સાતત્ય જોવા મળે છે! ઈંગ્લેન્ડ કે ફ્રાંસના કિનારેથી કોઈ પ્રવાસી પગપાળા નીકળે અને એક પછી એક રાષ્ટ્રમાં પસાર થતો થતો દરેક સ્થળે થોડા થોડા દિવસ રહેતો રહેતો ચીન, જાપાન કે કોરિયાના દેશ સુધી પહોંચે તો તેને આ સાતત્યનો અનુભવ થશે. આમ બાહ્ય દૃષ્ટિએ એક બાજુ બ્રિટન અને ફ્રાંસ અને બીજી બાજુ કોરિયા અને જાપાનના લોકો વચ્ચે એટલું બધું વૈષમ્ય દેખાય છે કે એ વૈષમ્ય પેલા પ્રવાસીની નજરમાં નહીં આવે, કારણ કે તેણે સાતત્યનો અનુભવ કર્યો છે. સાતત્યનું એને દર્શન થયું છે.

જગતને એક બનાવનાર તત્ત્વોમાં પ્રેમ એ સૌથી મોટું તત્ત્વ છે. જ્યાં પ્રેમ હોય છે ત્યાં વૈષમ્ય શમી જાય છે. બધાંની સાથે એકતાનો અનુભવ થાય છે. બધામાં પોતાનું જ પ્રતિબિંબ દેખાય છે, બલ્કે પોતાનું જ દર્શન થાય છે.

સાહિત્યકારો–કવિઓ, નવલકથાકારો, નાટકકારો વગેરે જો આ વિશ્વપ્રેમના તત્ત્વને પારખી શકે, પોતાનામાં ઊતારી શકે અને સર્જનકૃતિ દ્વારા અભિવ્યક્ત કરી શકે તો માનવ માનવ વચ્ચેની એકતા સાધવામાં તેઓ ઘણો મૂલ્લવાન ફાળો આપી શકે.

કોઈ પણ સર્જક પોતાની સર્જનકૃતિનું નિર્માણ કરે છે ત્યારે તે પોતાની પ્રતિભા વડે, અનુભવ અને કલ્પનાનું એક સુંદર સંયોજન તૈયાર કરે છે. સર્જક એ પણ એક માનવ છે. રાતદિવસ તેને સંસારમાં વિવિધ અનુભવો થયા કરે છે. પોતાના કુટુંબના સભ્યો સાથેના વ્યવહારથી માંડીને, નોકરી કે ધંધાને કારણે સામાજિક પ્રસંગોને કારણે, પ્રવાસ કે તીર્થયાત્રાને કારણે એને અનેકવિધ અનુભવો થતા હોય છે. તેના ચિત્ત ઉપર અનેકવિધ સંસ્કારો પડતા હોય છે. સર્જક જ્યારે સર્જન કરવા બેસે છે ત્યારે તે ભલે આશ્રય કલ્પનાનો લે, પરંતુ તેનો અનુભવ તેમાં પ્રવેશ્યા વગર રહી શકતો નથી. સર્જકનું જીવન જેટલું અનુભવસમૃદ્ધ અને સર્જકની કલ્પના જેટલી સતેજ તેટલે અંશે તેની સર્જનકૃતિ વિશાળ અને વૈવિધ્યભર્યા ફલકવાળી બનવાની. પોતાના અનુભવોનું કલ્પના વડે જ્યારે તે પોતાના ચિત્તમાં પુનર્સર્જન કરે છે ત્યારે તેમાં એક એવી પ્રક્રિયા થાય છે કે તે અનુભવો માત્ર સર્જકના પોતાના જ ન રહેતાં સૌના બની જાય છે. આથી જ કોઈ એક સર્જકે લખેલી કવિતા, વાર્તા કે નવલકથા બીજા વાચકો સુધી કોઈ પણ અંતરાય વગર પહોંચી શકે છે. સાચી સર્જનકૃતિની કસોટી એ છે કે કોઈ પણ અધિકારી વાચક તેની સાથે એકરૂપ થઈ શકે છે

જગતમાં પ્રેમ, કરુણા, દાન, દયા, ઉદારતા અને ઉદાત્તતા, સમભાવ અને સહિષ્ણુતા વગેરે શુભ ભાવો અને ક્રોધ, ઈર્ષા, અહંકાર, ઘૃણા, ક્રૂરતા, અસહિષ્ણુતા, સ્વાર્થ, લાલસા, દંભ વગેરે અશુભ ભાવો સાર્વભૌમ છે, સર્વત્ર અનુભવાય છે. પરિણામે એક દેશની પ્રજાના સાહિત્યને બીજા દેશની પ્રજા સહજ રીતે આસ્વાદી શકે છે. કલાકાર જ્યારે કલાકૃતિનું સર્જન કરે છે ત્યારે તેના ચિત્તમાં સાધારાણીકરણનો એક એવો વ્યાપાર ચાલે છે કે જેને લીધે કલાકૃતિની અપીલ સાર્વભૌમ Universal બની રહે છે. આથી જ ઉત્તમ સાહિત્યકૃતિઓનો આસ્વાદ કરતી વખતે વાચકને તે પ્રદેશનું તેમાં પડેલું પ્રતિબિંબ અંતરાયરૂપ બનતું નથી. મૂળ કૃતિનું જેટલું સૌન્દર્ય છે તે અનુસ્વાદમાં ઊતરતું નથી એ સાચું, તો પણ ભાષાની મુશ્કેલીને કારણે કોઈ ઉત્તમ સાહિત્ય કૃતિએ બીજા પ્રદેશમાં ગતિ કરી ન હોય એવું બન્યું નથી. જ્યાં સાહિત્યકૃતિ છે ત્યાં પોતાપણાનો ભાવ થાય છે. ઉત્તમ સાહિત્યકૃતિઓ સ્થળ અને કાળના પરિમાણને ભેદીને બહાર નીકળી જાય છે. રામાયણ અને મહાભારત જેવાં પ્રાચીનતમ મહાકાવ્યો, કાલિદાસ અને શેક્સપિયરનાં નાટકો વગેરે મહાન સર્જકોની કૃતિઓ આખી દુનિયામાં પહોંચી વળી છે.

યુરોપ, એશિયા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને અમેરિકા એ પાંચ ખંડોમાં ભાષા, સાહિત્ય, સંસ્કાર, વસ્તી વગેરેની દૃષ્ટિએ યુરોપ અને એશિયાનું મહત્ત્વ ઘણું મોટું છે. આફ્રિકા અમેરિકા અને ઓસ્ટ્રેલિયા એ ત્રણ ખંડો મહાસાગરમાં સ્વતંત્ર ખંડો છે. જ્યારે યુરોપ અને એશિયા વચ્ચે એવો કોઈ મહાસાગર નથી. આ બે ખંડો એ વસ્તુતઃ એક મહાખંડનું જ યુરેશિયાનું વિભાજન છે. એશિયાની સરહદ ક્યાં પૂરી થાય છે અને યુરોપની સરહદ ક્યાંથી શરૂ થાય છે તે નક્કી કરવું સહેલું નથી. દુનિયામાં સૌથી વધુ બોલાતી ભાષા, દુનિયાનાં સૌથી વધુ રાષ્ટ્રો આ મહાખંડમાં આવેલાં છે. આ મહાખંડની પ્રાચીનતા પણ એટલી જ છે. આ મહાખંડમાં જ ભારત, ગ્રીસ, ઈજિપ્ત, મેસેપોટેમિયા, રોમ વગેરેની પ્રાચીન સંસ્કૃતિઓ વિકાસ પામી છે. દુનિયાની સૌથી વધુ વસતિ આ મહાખંડમાં છે. આમ છતાં આ મહાખંડમાં બે પરસ્પર ભિન્ન પ્રવાહો જોવા મળે છે. ગઈ સદીના કેટલાંક વિચારકોને એમ લાગતું હતું કે યુરોપ અને એશિયા વચ્ચે ક્યારે ય કદી સુમેળ થઈ ન શકે કારણ કે બંનેની સંસ્કૃતિ અને સંસ્કાર અલગ અલગ છે. કવિ કીપ્લિંગે કહ્યું છે:

"East is east and west is west; The twine shall never meet."

પરંતુ કવિના એ કથનને વર્તમાન પ્રવાહો ઝડપથી ખોટું પાડી રહ્યા છે. પશ્ચિમની સંસ્કૃતિ ભૌતિક સુખ-સગવડોમાં રાચનારી જન્મજન્માંતરમાં ન માનનારી છે. એશિયાની સંસ્કૃતિ જન્મ-જન્માંતરમાં માનનાર અને ભૌતિક સુખ સગવડો કરતાં આંતરિક-આધ્યાત્મિક શાંતિની ખોજ માટે મથામણ કરનારી છે. પરંતુ વર્તમાન સમયમાં જેટ વિમાનોની અવરજવરને કારણે, પ્રજા-પ્રજા વચ્ચે સંપર્ક અને સંમિશ્રણ ઝડપથી વધી રહ્યાં છે. રાષ્ટ્ર કે સંસ્કૃતિના ભેદો ઝડપથી, ભૂંસાઈ રહ્યાં છે. એકબીજાના સંસ્કાર પ્રત્યે સમભાવ જન્મ્યો છે અને એકબીજાને આદરપૂર્વક સમજવાનો પ્રયત્ન પણ થવા લાગ્યો છે.

એશિયા અને યુરોપને એકબીજાની વધુ નજીક લાવનાર અને એકબીજાને સમજવામાં મદદરૂપ થનાર સૌથી મહત્ત્વનું જો કોઈ માધ્યમ હોય તો તે સાહિત્ય છે, કલા છે. વર્તમાન સાહિત્યકાર પાસે નવી દિશાઓ ખૂલી છે. અનુભવનાં નવાં પરિમાણો ઊભાં થયાં છે. એનો ઉત્તમ વિનિયોગ કરીને એ એવા સાહિત્યનું નિર્માણ કરી શકે છે કે જે યુરોપ અને એશિયાના સંસ્કાર વચ્ચે અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકાના સંસ્કાર વચ્ચે ખંડખંડના સંસ્કાર વચ્ચે સેતુ સમાન બની રહે. ભૂતકાળના સાહિત્યે, એની કેટલીક મર્યાદાઓ સાથે આ કાર્ય પાર પાડયુ છે. ભવિષ્યે આ પડકાર વધુ ઉત્સાહ અને વધુ તાકાતથી ઝીલી લેવાનો રહેશે!

ડૉ. રમણલાલ ચી. શાહ

## પરમાર્થ દૃષ્ટિ

જ્યાં સુધી બને ત્યાં સુધી જ્ઞાની પુરુષના વચનને લૌકિક આશયમાં ન ઉતારવાં, અથવા અલૌકિક દૃષ્ટિએ વિચારવા યોગ્ય છે, અને જ્યાં સુધી બને ત્યાં સુધી લૌકિક પ્રશ્નોતરમાં પણ વિશેષ ઉપકાર વિના પડવું ન ઘટે. તેવા પ્રસંગોથી કેટલીક વાર પરમાર્થ-દૃષ્ટિ ક્ષોભ પમાડવા જેવું પરિણામ આવે છે.

*

માણસો વરસાદ આવે ત્યારે પાણી ટાંકામાં ભરી રાખે છે, તેમ મુમુક્ષુ જીવો આટલો આટલો ઉપદેશ સાંભળીને જરા ય ગ્રહણ કરતાં નથી, તે એક આશ્ચર્ય છે. તેને ઉપકાર કેવી રીતે થાય?

– શ્રીમદ્ રાજચંદ્ર

## તો હું દુઃખી થાઉં!

ઈંગ્લાન્ડના મહાન સાહિત્યકાર અને ધર્માચાર્ય જે. રેઝી ટેઈલરની તમામ માયા મૂડી લૂંટાઈ ગઈ, છતાં તેમના ચહેરા પરના હાસ્ય અને આનંદ વિલાયા નહોતા. એ જોઈને છક થતાં ઘણાં લોકો એમને પૂછતાં: 'તમારું સર્વસ્વ લૂંટાઈ ગયું હોવા છતાં તમને રંજ કેમ થતો નથી?' જે. રેઝી ટેઈલર હસીને કહેતા: 'મારા અંગે અંગની શક્તિ અને સ્ફૂર્તિ હજુ સાબૂત છે. હવા, પાણી અને વાણીની બંધી મને કોઈએ કરી નથી. મારો માનવજાત પ્રત્યેનો પ્રેમ હજી અખૂટ છે. તમે જેને સર્વસ્વ લૂંટાઈ ગયું એમ કહો છો તે તો કેવળ મારા પરનો બોજો લૂંટાયો છે. મારા આનંદ અને પ્રેમનો ખજાનો મારા હૃદયમાં જ ભર્યો છે. એ જો લૂંટાય તો હું દુઃખી થાઉં.

# જૈનજીવન પ્રબુદ્ધ ક્યારે બનશે?

ભ. મહાવીરના કાળે જૈન ધર્મ પ્રગતિશીલ હતો, તે કાળની ધાર્મિક માન્યતાઓનો વિરોધ કરવામાં તે અગ્રેસર હતો. તેનું તે તેજ ૨૫૦૦ વર્ષમાં વધુ ઉગ્ર બનવું જોઈએ તેને બદલે હણાતું હણાતું આજે મંદ બન્યું છે. કોઈ પણ નવો વિચાર પચાવવાની તાકાત તેનામાં રહી હોય એમ લાગતું નથી. પ્રચારને નામે આજે તેમાં માત્ર પોતાના શ્રાવકોને રોજ વ્યાખ્યાન આપવું - એથી વિશેષ કાંઈ નથી. વિદેશમાંથી મધર થેરેસા જેવી ખ્રીસ્તી સાધ્વી આવી અહીં લોકોપકાર કરી દેશ-વિદેશમાં નામના કાઢે ત્યારે ચાર હજારથી પણ વધારે સંખ્યા ધરાવતો સાધ્વી સંઘ એવી એક પણ સાધ્વી આગળ કરી શકતો નથી જેનું નામ આ ભારતમાં પણ વિખ્યાત હોય, પ્રચારના અને સેવાના જે સાધનો છે તેનો ઉપયોગ કરવાનું વલણ આ સમાજમાં ક્યારે આવશે તે સમજાતું નથી. જૈન સમાજ વિશેની દેશ-વિદેશના વિદ્વાનોની ધારણા કે એ સમાજ તો કીડી-મંકોડીના રક્ષણમાં રસ ધરાવે છે, મનુષ્ય-સેવામાં નહીં- એ ક્યારે બદલાશે? એ તો બદલાય જો નવી દિશામાં પ્રવૃત્તિ શરૂ થાય. પ્રજાને ગરીબીમાં સડવા દો તો એ દીક્ષા તરફ વળશે. આવી માન્યતા ધરાવનારા હજી પણ સમાજમાં જો પ્રતિષ્ઠિત હોય તો તેની પ્રગતિ સંભવે જ નહીં.

હમણા જ જણાવવામાં આવ્યું કે ઉપાધ્યાય શ્રી અમર મુનિએ સ્થા. સંઘમાંથી રાજીનામું આપ્યું તેનું કારણ તેઓ પ્રગતિશીલ વિચારના હોઈ સમાજમાં ગૂંગળામણ અનુભવે છે એ છે. સ્થા. શ્રમણ સંઘની એકતા માટે તેમણે જે પ્રયાસ કર્યો હતો તે તેઓ જ કરી શકે તેમ હતું છતાં પણ આજે તેમને એ જ શ્રમણ સંઘમાંથી રાજીનામું આપવું પડે એ બતાવે છે કે સમાજ પીછેહઠમાં માને છે. કાંઈ પણ નવું વિચારવા કે કરવાની તાકાત ગુમાવી બેઠો છે. વાહનનો ઉપયોગ સકારણ તેમણે કર્યો તેમાં સમાજમાં જે હોહા મચી તે જ બતાવે છે કે આ સમાજમાં વિચારની તાકાત જ રહી નથી. લકીરનો ફકીર છે અને તેમ કહેવરાવવામાં બધી જ તાકાત ખરચાઈ જાય એવો ઘાટ થઈ ગયો છે, એવી પરિસ્થિતિમાં રાજગિર કે વીરાયત્વ બાડનૂની વિશ્વભારતી અને હમણા જ જેનું ઉદ્ઘાટન થયું તે મહાવીર સ્મૃતિમાં બંધાયેલ સુરતની હોસ્પિટલ કાંઈક આશાના કિરણ આપી જાય છે પણ આવી પ્રવૃત્તિનો વિકાસ વધારવામાં આવે તો જ સમાજનું રૂપાંતર થાય અન્યથા નહીં.

ધાર્મિક આરાધનામાં કેટલા ઉપવાસો થયા તેની વિસ્તૃત નોંધ આવે છે પરંતુ માનવહિત કે રાહતના કાર્યો કેટલા થયા તેની કોઈ નોંધ નથી. આ બધું વાંચી ભ. મહાવીર વિશે બુદ્ધે જે આક્ષેપ કર્યો છે તે સાવ નિર્મુળ તો નહીં હોય તેમ જણાય છે. ભગવાન મહાવીરની તપશ્ચર્યામાં ધ્યાનનું મહત્ત્વ ઉપવાસ કરતા પણ વધારે હતું પરંતુ સમાજે તેમના ઉપવાસો વિશે જ વધારે અનુકરણ કર્યું. પરિણામે આજે તપશ્ચર્યાને નામે ઉપવાસની જ વાત મુખ્ય લેખાય છે. આ ત્રુટિ તરફ આચાર્ય તુલસીનું ધ્યાન ગયું છે અને સમાજમાં ઉપવાસ નહીં પણ ધ્યાન વિશે વધારે પ્રચાર થાય તેવો પ્રયત્ન તેમણે આદર્યો છે, આથી વર્ષો વીતતા જશે તેમ ભ. મહાવીરને અપાતું કલંક ક્રમે ધોવાઈ જશે એવો વિશ્વાસ બેસે છે. શ્રાવકો માટે ઉપવાસનું એટલું જ મહત્ત્વ નથી જેટલું સત્કાર્યોનું માટે હોય. પણ ગાડી ઉંધે પાટે ચડી ગઈ છે. સાધુઓની કરણીની નકલ શ્રાવકો કરવા લાગી ગયા છે અને તેથી તેમના પોતાના જે વિશેષ કર્તવ્યો છે તેની ઉપેક્ષા દેખાય છે.

સ્થાનકવાસી અને દહેરાવાસીમાં હજી પણ એ ચર્ચાનો વિષય છે કે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવો કે નહીં. હજારેક માણસો સાંભળવા આવે તે માટે શાનદાર શમિયાણા ઊભાં કરવામાં આવે તો તેમને ગમે છે. પણ લાઉડસ્પીકરનો વિરોધ છે. હજારો માણસો આદરભાવે સાંભળવા આવે અને નિરાશ થઈને જાય એ હિંસા તેમણે કરી તેનો વિચાર આવતો નથી પણ તે જેમાં હિંસા થાય છે કે નહીં એ જ હજુ જ્યાં નિશ્ચિત નથી એવા લાઉડ સ્પીકરનો ઉપયોગ તો ન જ થાય આવું ગાંડપણ ક્યાં સુધી આ સમાજમાં રહેશે? આવી હિંસાનો જ જો ડર હોય તો મોટા શમિયાણા ઊભાં કરી, આડંબર કરી ભાષણો કરવાનો મોહ શા માટે તજવામાં આવતો નથી એ મારી સમજની બહાર છે.

સ્થાનકવાસી અને તેરાપંથી બન્ને મૂર્તિપૂજામાં માનતા નથી. પણ મનુષ્ય પ્રકૃતિ જ કંઈક એવી છે કે તેને આલંબન તો જોઈએ જ, પરિણામે તેરાપંથમાં આચાર્યના ફોટા આચાર્યની સભા સમક્ષ પણ વેચાય તેનો કોઈ વાંધો લેતું નથી. આ તેમનું સમાધાન સમયને અનુસરતું અને વ્યાજબી છે. પણ સ્થાનકવાસીમાં વારંવાર ઠરાવો થાય છે કે કોઈ સાધુફોટા પડાવે નહીં છતાં સ્વયં આચાર્યના ફોટા અને બીજા સાધુઓના ફોટા પ્રચારમાં છે જ તો પછી વારંવાર ફોટા ન પડાવવા એવો જે આગ્રહ થાય છે તે બિનજરૂરી છે. એક સમયે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો તેના જે કારણો હતા તે ફોટામાં ઉપસ્થિત થતા ન હોય તો વિરોધ કરવાનું કશું કારણ નથી. પણ રૂઢિનું અનુસરણ માત્ર કરવા ખાતર એ વિરોધ થાય છે જેનો હવે કશો અર્થ નથી. સ્થાનકવાસી સમાજના આચાર્ય આ બાબત સ્વયં વિચારે અને વિરોધથી દૂર રહે એ ઈષ્ટ જ નહીં પણ સમયને અનુકૂળ છે. અન્યથા તેમના આદેશનું કોઈ પાલન ન કરે એવી જ પરિસ્થિતિ છે અને રહેશે.

હમણાં વાંચવામાં આવ્યું: "પ્રભુ (ઋષભ) દીક્ષિત થયા ને કેવળ જ્ઞાન પ્રગટ થયું ત્યાર બાદ જે મોક્ષમાર્ગ સ્થપાયો ને તેનો ઉપદેશ આપ્યો તેમાં શિલ્પો, કળાઓ વિગેરે આચરવાનો નહીં પરંતુ તે સર્વને હેય તરીકે ઉપદેશ, તે સર્વને છોડવાનો જ ઉપદેશ આપ્યો છે અને તે સર્વને સંસાર વૃદ્ધિનું જ કારણ કહ્યું છે. (સંદેશ' તા૦ ૫-૫-૭૮) આ ઉપદેશ આચાર્ય રામચંદ્રસિહનો છે. આચાર્યશ્રી વ્યવહાર અને નિશ્ચય ધર્મને માનતા જણાતા નથી. અન્યથા સર્વને છોડવાનો જ ઉપદેશ ભગવાન ઋષભનો હતો એમ એકાંતે કહેતા પૂર્વે વિચાર કરત. વળી તે સર્વે સંસાર વૃદ્ધિનું જ કારણ છે એમ પણ કહેતા નહીં, જો વસ્તુસ્થિતિ આમ જ છે તો પછી મંદિરોનું શિલ્પ અને સ્થાપત્ય અને કલ્પસૂત્રની ચિત્રકલા પણ સંસારવૃદ્ધિનું જ કારણ આચાર્યને મતે ગણાય. આવી વાત સ્થાનકવાસી સંપ્રદાયના આચાર્યને મોઢે કદાચ શોભે પણ આચાર્યશ્રી તો મંદિરોની પ્રગતિમાં માને છે, તેમાં ભાગ અને રસ પણ લે છે તો શું તેઓ સંસારવૃદ્ધિ જ કરી રહ્યા છે કે માત્ર પંડિતો જ આધુનિક કાળને અનુરૂપ જૈન ધર્મની વ્યાખ્યા કરે છે તેમને ઉતારી પાડવા માટે જૈન ધર્મની આવી વ્યાખ્યામાં રસ લઈ રહ્યા છે તે વિચારવા જેવું છે.

એક જમાનો એવો હતો કે મુંબઈ જૈન યુવક સંઘ સક્રિય હતો. બાળદીક્ષા કે એવા સમાજને હાનિકર્તા પ્રસંગે તેનો વિરોધ એ સંઘના સભ્યો કરતા. આજે બાળદીક્ષા કે એવા પ્રસંગે વિરોધનો કોઈ ઉચ્ચાર પણ કરતું નથી. એ વિરોધમાંથી બોધપાઠ લઈ તેરાપંથી સંપ્રદાયે પારમાર્થિક સંસ્થા કાયમ કરી. સ્થાનકવાસી સંપ્રદાયે શ્રામણી વિદ્યાપીઠ ઊભી કરી પણ દેરાવાસી સંપ્રદાયમાં મુક્ત મેદાન મળી રહ્યું છે અને બાળદીક્ષાઓ પૂર્વવત્ અપાય છે અને આજે કોઈ વિરોધ કરનાર રહ્યું નથી, તો શું એમ સમજવું કે બાળદીક્ષામાં કશું વિરોધ જેવું છે નહીં. માટે મુંબઈ જૈન યુવક સંઘે એ પ્રવૃત્તિ બંધ કરી છે? કે પછી સંઘ પાસે એ પ્રકારના સભ્યો નથી જેઓ આવી વિરોધ પ્રવૃત્તિ ચલાવે. ગમે તેમ હો પણ આવી પ્રવૃત્તિ બંધ પડી છે એ હકીકત છે અને મુંબઈ જૈન યુવક સંઘના પચાસ વર્ષની ઉજવણી ટાંણે આ વાતનો વિચાર થાય એ જરૂરી છે. 'પ્રબુદ્ધ જૈન' માંથી 'પ્રબુદ્ધ જીવન' થયું પણ સંઘમાંથી તો માત્ર 'યુવક સંઘ' નથી થયો તે 'જૈન યુવક સંઘ' છે જ તો જૈન સમાજના પ્રશ્નો એ ટાળી શકે નહીં.

જૈન સમાજ પોતાના મંતવ્યો વિશે એટલું આળું મન ધરાવે છે એ સાચું પણ આજની માન્યતાથી વિરુદ્ધ હોય તો તે વાંચવા કે સાંભળવા તૈયાર નથી, આ પ્રકારની સમાજને જે કેળવણી મળી છે તેને કારણે જૈન સંશોધનનો માર્ગ અવરુદ્ધ થઈ ગયો છે, હમણા એક દિલ્હીની વિદ્યાર્થિનીએ ph. d. માટેના પોતાના મહાનિબંધમાં માંસ પ્રકરણને યથાર્થ રીતે રજૂ કર્યું તો તેના વિરોધમાં વંટોળ ઊભો થયો. તે ત્યારે જ શમ્યો જ્યારે એમ સમજાયું હશે કે આ બાબતમાં ચોળીને ચીકણું કરવામાં ફાયદો નથી. એક જમાનો એવો હતો કે જ્યારે છેદ સૂત્રોના મુદ્રણનો વિરોધ થતો પણ આજે વિદેશમાં છેદસૂત્રોનો અભ્યાસ બહેનો કરવા લાગી છે તેને રોકી શકે તેમ નથી. જૈન ધર્મના મંતવ્યો લોકલ્યાણકારી હોય પરંતુ તેવા સંશોધનમાં સત્ય બહાર આવે તેમાં વિરોધને શું કારણ હોઈ શકે? આપણને પોતાને જ આપણા સિદ્ધાંન્તોમાં પૂરી શ્રદ્ધા ન હોય તો જ મનમાં ગભરાટ થાય પણ પૂરી આસ્થા હોય તો વિરોધ કરવાપણ રહે ક્યાંથી? એક તરફ માનવું કે અમારા ધર્મમાં તો બધું સારું જ છે પછી સંશોધનથી ડર શા માટે?

પં. શ્રી બેચરદાસજીએ બે માસ પૂર્વે પોતાની સંપૂર્ણ જવાબદારી અને ભ. મહાવીર અને ગણધર શ્રી ગૌતમની પૂરી ભક્તિથી

લેખ લખ્યો પણ તે ૮૯ વર્ષની ઉંમરે તેમને તે માટે માફી માગવી પડી તે માગત નહીં પણ પથારીવશ હોઈ મારે તેમને સલાહ આપવી પડી કે 'કજિયાનું મોં કાળું, માની આ વાતને પતાવી દો, સ્વસ્થ હોત તો લડી લેવાત.' એક સજ્જને તેમને કેસ કરવાની ધમકી આપી હતી.

ભગવાન મહાવીરના નિર્વાણ ઉત્સવ વખતે જે વિરોધનો વંટોળ ઊઠયો હતો તે વિચારપૂત ન હતો એ તો વિરોધીઓ હાઈકોર્ટમાં ગયા અને હાર્યા તો પણ તેમને સમજાયું નહીં હોય એટલે છેવટે શ્રી વૃષભદાસ મહાવીર જયંતીની સભામાં અમદાવાદમાં મારવામાં આવ્યા ત્યારે જ તેમને સંતોષ થયો હશે.

પાલિતાણામાં એસ. ટી.ના સ્ટેન્ડ ઉપર ભ. ઋષભ દેવનું કલા-પૂર્ણ મ્યુરલ મૂકવામાં આવ્યું છે અને હવે તેનો વિરોધ ચાલી રહ્યો છે. આ સમાજ એક તરફ કહે છે કે 'સર્વ જીવ કરૂં શાસનહરી' અને બીજી તરફ આવા કલાપૂર્ણ આકર્ષક કાર્યનો વિરોધ કરે છે આવું દુર્ભાગ્ય તો અન્યત્ર જોવા મળે જ નહીં.

સમાજમાં ચાલી રહેલી આવી દુષ્પ્રવૃત્તિના કેટલાં ઉદાહરણ આપવા? તાત્પર્ય એ જ છે કે ૨૫ લાખની વસતિ ધરાવતો આ સમાજ પૈસે ટકે કાંઈક સુખી છે અને તે ક્યાં કેમ વાપરવો તેની સૂઝ કે સમજ તેમાં એટલી છે એટલે આવા હંગામામાં રસ લે છે અને પૈસા વેડફે, તેનો જ સન્માર્ગે સદુપયોગ ક્યારે વિચારવામાં આવશે તે કહેવું કઠણ છે.

સમાજના નેતાસાધુઓ છે અને તેમને માત્ર પોતાની પ્રતિષ્ઠા યેનકેન પ્રકારેણ થાય તેમાં રસ છે. બધા આવા નથી પણ જેઓ પ્રગતિશીલ વિશ્વાસ ધરાવે છે તેમનો સાવ જ બહિષ્કાર થાય છે. આ પ્રવૃત્તિ નવી નથી અને આજે પણ ચાલી રહી છે. તેમાંથી જ્યાં સુધી સમાજ મુકત નહીં થાય અને પ્રગતિશીલ વિચારો આગળ હિમ્મત ધરી નહીં આવે ત્યાં સુધી સમાજ પોતાના રૂઢ માર્ગે જ જવાનો છે.

મુંબઈ જૈન યુવક સંઘ પોતાના ૫૦ વર્ષની ઉજવણીમાં કેવો માર્ગદર્શક બને છે તે જોવાનું છે.

—દલસુખ માલવણિયા

# 'સમયરંગ'માં સંભળાયા ત્રિકાળ ધબકાર

મને કોઈ પૂછે કે ગુજરાતી સાહિત્યની મહત્ત્વની ઘટનાઓ કઈ કઈ- તો કેટલીક ઘટનાઓની સ્મૃતિઓની વચ્ચે હું એક ઘટનાને સવિશેષ મહત્ત્વ આપું અને એ ઘટના તે ૧૯૪૭ માં - સ્વાતંત્ર્ય-પ્રાપ્તિના વર્ષમાં - ઉમાશંકર જોશીએ પોતાને તંત્રીપદે 'સંસ્કૃતિ' શરૂ કર્યું તે. 'સંસ્કૃતિ' શીર્ષક જ સૂચવે છે કે કેવળ સાહિત્ય કેન્દ્રમાં નથી. એટલે 'સંસ્કૃતિ' નું પ્રગટ થવું તે આપણા પ્રજાજીવનની મહત્ત્વની ઘટના છે. ઉમાશંકરે 'સમયરંગ'ની એક નોંધમાં લખ્યું છે. તેમાં જાગૃત પ્રજાજને - તંત્રીએ શું કરવું જોઈએ તેનો અણસારો છે. "અંગ્રેજીમાં થોડાંક ઉત્કૃષ્ટ સામયિકો હોવાં જોઈશે. પણ હિંદી જીવન સાથે સાચો સંપર્ક સાધવાનો બધો બોજ તો દેશની ભાષાના સામયિકોએ જ ઉપાડવાનો રહેશે અને એમનાં ધોરણ જેટલાં ઉત્કૃષ્ટ હશે તે ઉપરથી જ આપણા જીવનની ઉત્કૃષ્ટતાનો સાચો આંક કાઢી શકાશે." (પૃ. ૧૭).

આમ તો ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ પ્રગટ કરેલો ઉમાશંકર જોશીનો 'સમયરંગ' ગ્રંથ ૪૮૨ થી યે વધુ પાનાંનો છે. એમાં ચિંતક- વિચારક ઉમાશંકર વ્યકિતની ઝલક પાને પાને પ્રગટે છે. સર્જકની સંવેદનશીલતાનો સ્પર્શ પણ અનુભવી શકાય છે. અહીં હું આખા 'સમયરંગ' વિશે નહીં પણ 'સમયરંગ'ના પહેલાં ત્રીસ પાના એટલે કે ઉમાશંકરે જયારે 'સંસ્કૃતિ' પ્રગટ કરવાનો પ્રારંભ કર્યો ત્યારની ૧૯૭૪ ની જે પસંદ કરેલી નોંધ છે એને આધારે કેટલીક વાત કરીશ. કહો કે 'સમયરંગ' નું ટ્રેઈલર છે, પુસ્તકનું સંપૂર્ણ દર્શન નહીં, પણ ઝાંખી છે.

તેઓ ગાંધીજીની નોઆખલીની યાત્રાને 'ધર્મયાત્રા' તરીકે ઓળખાવે છે અને પછી સર્જક - ચિંતકને સૂઝે એવું એક વાકય ઉમેરે છે: ' એમાં વીરતા હોય તો તે એક મહાવીર' ની છે.' (પૃ. ૧)

ઉમાશંકર ગાંધીયુગી પણ વળી કોઈ એકની કંઠી બાંધીને કુંઠિત થાય એવા નહીં. આપણા રામાયણ, મહાભારત કે વેદ, ઉપનિષદ કે ટાગોર, એલિયટ, રિલ્કે, ગોવર્ધનરામ કે રસેલ - આ બધાંને અંતરની આંખથી ઉકેલ્યા પછી પોતાના વિચારબિંદુ પર સ્થિર થયેલી એમની ચેતના છે. એ આગ્રહી છે, પણ ઝનૂની નથી. સ્વત્વ-વાદી છે, પણ અહમ્‌પ્રેમી નથી. એમનો આશય પરિસ્થિતિને પામીને સત્યને શોધવાનો છે અને એટલે જ એ કેવળ ગુજરાતી નથી. માનવતાનાં મૂલ્યોના મિત્ર છે.

'સમયરંગ' એક રીતે કહીએ તો ઉમાશંકરની મનોયાત્રા પણ છે અને એક જાગૃત વ્યકિત તરીકે કેટલાક આત્મપરિક્ષણનો અહેવાલ છે. તત્કાલિન બનાવો વિશે લખે છે, પણ એમાં આવેશ નથી. સ્વસ્થતા છે. કયાંક આકરાપણું છે, પણ એ દંભ ન સંખાય ત્યારે લાલ થયેલી આંખનું.

ઉમાશંકરને કેટલી બધી વસ્તુઓ વિશે કહેવાનું હોય છે. પારિતોષિક હોય, પ્રાદેશિક પુસ્તકાલય હોય? આંતર - એશિયાઈ પરિષદ હોય કે; નવાં સામયિક હોય. નવાં સામયિકોને તો તેઓ 'પંખીઓના કલશોર' તરીકે ઓળખાવે છે.

૧૯૪૭ ની નોંધનો મોટો ભાગ રાજકારણની વાતોએ રોકયો છે. અંગ્રેજો દેખીતી રીતે ગયા, પણ ખરેખર ગયા કે નહીં, એ પ્રશ્નને તેઓ રહી રહીને છેડે છે, છંછેડે છે. ભલે આપણા રાજ-કારણની ચર્ચા કરે પણ એમની નજર આંતરરાષ્ટ્રીય રાજકારણ સુધી પહોંચતી હોય છે. એમણે પોતે જ કહ્યું છે કે, રાજકારણ એ પ્રાણ-વાયુ સમાન છે. જાગૃત નાગરિક રાજકારણથી અસ્પૃશ્ય રહી શકતો નથી પણ હું રાજકારણ કરતાં જાહેર બનાવો ( public affairs ) માં વધુ રસ લઉં છું એમ કહેવાનું હું વધુ પસંદ કરું." (સ્વાતંત્ર્ય પ્રાપ્તિનાં બે પર્વ પૃ. ૮)

ઉમાશંકર ઓછા શબ્દોમાં એટલું બધું કહી શકે છે કે આપણે એમની લાઘવની કલા પર મુગ્ધ થઈ શકીએ. દા.ત. ગાંધીજીના વ્યાપને ઉમાશંકર સિવાય પાંચ વાકયમાં કોણ આંબી શકે? "ગાંધીજીએ હિંદના જાહેર જીવનમાં પગ મૂકયો પછી એક એક મોરચા ઉપર - અહિંસાથી માંડીને જોડણીકોશ સુધીના મોરચા ઉપર - વાવટો રોપી દઈને કોઈ ને કોઈ અપૂર્વ સેવકને ત્યાં ઊભો કરી દીધો. પ્રજાના સર્જક તરીકે એમની શકિત એવી ગંજાવર હતી કે આવી પછાત અને પડેલી જનતામાંથી પણ વીરો પ્રગટાવીને ઠેર ઠેર એમણે ખડા કરી દીધા." (પૃ. ૧૧)

ગાંધીજીનાં ચરણમાં પલાંઠી વાળીને બેઠેલી ઉમાશંકરની કલમ ગવર્નરના પગારોના મોટા આંકડા જોઈને ભડકી ન ઊઠે તો શું થાય? સ્વતંત્ર થયેલી આપણી ગરીબ પ્રજાને આવા ઉડાઉ વૈભવો પોષાય નહીં. ઉમાશંકર આ વાતને આ રીતે વ્યકત કરે છે. "બીજી સપ્ટેમ્બરે દિલ્હીમાં હસ્તગત કરવા નેતાઓ બિરલાના ઘરમાંથી કંકુ લગાવડાવીને નીકળ્યા એ જ શુકન ઠીક ન હતા ... માણસ લોકનેતા થયો એટલે એણે ફરજિયાત ફકીરી જીવન ગાળવું જ જોઈએ એમ કહેવાનો આશય નથી... આપણો નેતા વર્ગ જો પ્રજાની સાથે સમકક્ષાનું જીવન જીવે તો પ્રજા ઉપર જાદુઈ અસર થયા વગર રહે નહિ." (પૃ. ૨૨-૨૩)

શિક્ષણની વાત આવે છે ત્યારે પણ શિક્ષક વર્ગને અન્યાય થાય તે એમનાથી સહન થતું નથી, તે યથાર્થ જ છે. શિક્ષકો પગારની બૂમરાણ ન મચાવે એવો ઉપદેશ અપાય ત્યારે શિક્ષકો વતી કહે છે કે ... 'પાંત્રીસમાં રસોઈઓ નહીં મળે, બહેન માસ્તર મળશે!' એમ શેઠાણીઓને ભાવિ રસોઈઆઓ કહે છે તે સમયમાં, યુદ્ધના ઉછાળાના ગાળામાં, જેઓ શિક્ષકના ધંધાને વળગી રહ્યા, તેમનો કોઈ ત્યાગ નથી એમ ન માનવું એ પણ ખોટું છે." ... આખી આ વાતને છેવટે જે સ્તર પર લઈ જાય છે એ તો મૌલિક અર્થ-ઘટનના માલિક ઉમાશંકર જ કરી શકે છે." સાંદીપની હશે તે મથુ-રાના કેવળણી ખાતામાં નહીં હોય, કૃષ્ણ જ ચાલ્યા ચાલ્યા તેની પાસે જશે. (પૃ. ૧૩)

યુગની એક વટવૃક્ષ તરીકે કલ્પના કરીએ તો એની ડાળીએ ઉમાશંકરની કલમ ખિસકોલીની ગતિએ ઘૂમી વળી છે. કોઈ પણ વૃક્ષની ડાળી પોતાના બાહુ વડે આખા આકાશને ઝીલવાનો પ્રયત્ન કરતી હોય એવું લાગે. ઉમાશંકરનો 'સમયરંગ' સમયની સાથે સાથે પણ છે અને સમયની પાર પણ ગયો છે. નામ ભલે 'સમયરંગ' હોય, એમાં ત્રિકાળનાં ધબકારા સંભળાય છે.

સુરેશ દલાલ

# ☆ વૃદ્ધશુશ્રૂષાની સામાજિક સમશ્યા ☆

Gerontology અને Geriatrics એ શબ્દો કોઈ જૂના અંગ્રેજી શબ્દકોશમાં જવલ્લે જ મળશે, કેમ કે એ વિષય પશ્ચિમના દેશોમાં પણ પ્રમાણમાં નવો છે. ભારતીય ભાષાઓમાં Gerontology નોપર્યાય 'વયોવિજ્ઞાન' અને Geriatrics નો પર્યાય 'વૃદ્ધ શુશ્રૂષા' એવો આપી શકાય. ઝડપી સામાજિક પરિવર્તનોને કારણે માત્ર આપણા દેશમાં જ નહિ, જગતના સર્વ વિકાસશીલ દેશોમાં એનો અભ્યાસ અને સામાજિક ક્ષેત્રે એનો પ્રયોગ અગત્યનો બનતો જાય છે.

મનુષ્ય જ્યારે બર્બર અથવા અર્ધ - બર્બર અવસ્થામાં હતો અને શિકારીનું જીવન જીવતો હતો ત્યારે વૃદ્ધોની ઝાઝી દરકાર કરવામાં આવતી નહોતી, કેમકે વૃદ્ધનું જીવન એનાં સંતાનોને પણ ભારરૂપ હતું. કેટલાક બર્બર સમાજોમાં તો વૃદ્ધોનો માનપૂર્વક અથવા દયાપૂર્વક નિકાલ કરી દેવાની રૂઢિ પણ હતી.

ખેતીના વિકાસ સાથે ગ્રામજીવનનો વિકાસ થયો તેમ પરિસ્થિતિ બદલાતી ગઈ. ખેતીપ્રધાન ગ્રામજીવનમાં આબાલવૃદ્ધનો ઉપયોગ છે; વૃદ્ધોનો અનુભવ અને માર્ગદર્શન એમાં અગત્યનાં બન્યાં. સમાજ વૃદ્ધો પ્રત્યે સામાન્યત: માનની નજરે જોવા લાગ્યો. જગતના બધા ધર્મોએ પણ વડીલો—વિશેષત: માતાપિતા અને ગુરુઓને માન આપવાનું શીખવ્યું. સંયુકત કુટુંબ સંસ્થામાં એ સંસ્થાની બીજી અનેક મર્યાદાઓ છતાં વૃદ્ધોને એકંદરે સન્માન અને સલામતી સાંપડયાં.

પશ્ચિમમાં ઔદ્યોગિક ક્રાન્તિમાંથી ઉદ્‌ભવેલાં ઉદ્યોગીકરણ અને શહેરીકરણને પરિણામે નિષ્પન્ન થયેલાં આર્થિક તથા સામાજિક પરિવર્તનોને કારણે વૃદ્ધોની સ્થિતિમાં એવો કંઈક વિષમ ફેરફાર થયો, જેની હળવી તુલના બર્બર અથવા અર્ધ - બર્બર સમાજોમાં વૃદ્ધોની સ્થિતિ સાથે કરી શકાય. એ સ્થિતિનો શક્ય તે ઈલાજ અને ઉપચાર કરવા માટે 'વયોવિજ્ઞાન' અને 'વૃદ્ધ શુશ્રૂષા' નામે ઓળખાતી ચિકિત્સા—વિજ્ઞાનની શાખાઓનો ઉદય થયો અને વૃદ્ધોની સમસ્યા એ સામાજિક સમસ્યા પણ હોઈ એમની સ્થિતિ સહ્ય અને નિર્વાહ્ય બનાવવા માટે રાજ્ય પણ બનતા પ્રયત્નો કરવા માંડયું.

જે આર્થિક - સામાજિક બળોએ પશ્ચિમમાં પરિવર્તન આણ્યું તે બળો ભારતમાં પ્રવર્તમાન થતાં એનાં સર્વથા નહિ તો પણ કેટલીક રીતે સમાન પરિણામો અહીં પણ આવવાં શરૂ થયાં. સંયુક્ત કુટુંબ મૃતપ્રાય થયું. પશ્ચિમમાં છે એ પ્રકારની વૃદ્ધોની સમસ્યાઓ આપણા દેશમાં પણ ઉપસ્થિત થવા માંડી. સ્પષ્ટ લાગે છે કે એ સમસ્યાઓ ઉત્તરોત્તર ગંભીર બનવાની છે.

વૃદ્ધોની સમસ્યાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો ઉપક્રમ આપણા દેશમાં બૉમ્બે હૉસ્પિટલના મેડિકલ રિસર્ચ સેન્ટર તરફથી થયો છે, એ આનંદની વાત છે. એ સેન્ટરના નિયામક ડૉ. જયશંકર ડી. પાઠકે Our Elders ('આપણા વૃદ્ધજનો') એ નામનું સંશોધન પ્રધાન પુસ્તક આ વિષયને અનુલક્ષીને તાજેતરમાં તૈયાર કર્યું છે. ડૉ. પાઠક શરીર ક્રિયા વિજ્ઞાન Physiology ના અનુભવી પ્રાધ્યાપક અને વડોદરા મેડિકલ કૉલેજના નિવૃત ડીન છે.

ભારતમાં વયોવિજ્ઞાન અને વૃદ્ધ શૂશ્રુષા ક્ષેત્રે તેમના આ ગ્રંથ દ્વારા એક નૂતન અને અગ્રયાયી અધ્યયન રજૂ થાય છે. એનાં પરિણામો અને તારણો તજજ્ઞો અને તબીબી વિજ્ઞાનના અભ્યાસીઓ માટે જેટલાં ઉપયોગી છે એટલાં જ ઉપયોગી સામાન્ય જનતા માટે પણ હોઈ, એક પૃથગ્‌જન તરીકે એનો પરિચય આપવાનો અહીં પ્રયાસ કર્યો છે.

સને ૧૯૨૧ માં ભારતવાસીની સરેરાશ આયુમર્યાદા ૨૬ વર્ષ કરતાં પણ ઓછી હતી. તે પાંચ દાયકા પછી ૧૯૭૧ માં વધીને ૫૨ વર્ષની થઈ છે. ૧૯૨૧ માં દેશની દોઢ ટકા વસ્તીની વય ૬૦ વર્ષ ઉપરની હતી. ૧૯૭૧ માં દેશની છ ટકા વસતી ૬૦ વર્ષ કરતાં મોટી હતી. આજે ભારતમાં સાડા ત્રણ કરોડ વૃદ્ધો છે. વીસમી સદીને અંતે એમની સંખ્યા સાત કરોડ લગભગ હોવાનો સંભવ છે. એમની સુખાકારી, આરોગ્ય અને નિર્વાહના અનેક પ્રશ્નો તેમણે પોતે, કુટુંબે અને રાજ્યે શક્ય તેટલા પ્રમાણમાં હલ કરવાના રહેશે. (वृद्धत्वं जरसा विना) 'જરાજીર્ણતા વિનાનું વાર્ધક્ય' આ મહાકવિ કાલિદાસની ઉક્તિ, થોડાક જુદા સન્દર્ભમાં સાર્થક કરવાનો પ્રયત્ન તો સર્વેએ કરવો જોઈશે. જો કે જગતના સૌથી સમૃદ્ધ દેશોમાં રાજ્ય તરફથી અનેક પ્રકારના લાભ અને આશ્રય મેળવનાર વૃદ્ધોની સ્થિતિનું અવલોકન કરતાં જણાય છે કે કુટુંબના અને સંતતિના સ્નેહથી પ્રાપ્ત થતા આધાર અને બળની તુલના બીજા કશા સાથે થઈ શકે નહિ. ભારત જેવા દેશો જ્યાં ઔદ્યોગિક ક્રાન્તિનાં પરિણામી પરિવર્તનો હજી માંડ પ્રારંભાયાં છે. તેઓ સંભવ છે કે રાજ્યાશ્રય અને કુટુંબાશ્રયની ઈષ્ટ સમતુલા જાળવી શકે. એમ બને તો સારું.

આ પ્રકારનું અધ્યયન સંપૂર્ણ (Exhaustive) નહિ પણ ઉદાહરણાત્મક (Illustrative) હોય. વળી તે અમુક દેશ-કાળ પૂરતું સીમિત હોય. ૧૯૭૩ થી ૧૯૭૬ સુધીના સમયગાળામાં ઉચ્ચ મધ્યમ વર્ગનાં મુંબઈવાસી ૩૫૩ પુરુષો અને ૯૬ સ્રીઓની મુલાકાત લઈ, એક પ્રશ્નાવલિ દ્વારા તેમના ઉત્તરો મેળવી એમાંથી અહીં તારણો કાઢવામાં આવ્યાં છે. આ ૪૪૯ સ્રી પુરુષો સાઠ વર્ષ કરતાં મોટી ઉંમરનાં અને એકંદરે તંદરસ્ત તથા પોતાની કાળજી લઈ શકે એવાં હતાં. નોકરીમાંથી લોકો ૫૮ કે ૬૦ વર્ષે નિવૃત થાય છે; જેઓ જાહેર નોકરી કરતા નથી પણ ખાનગી નોકરીમાં છે અથવા પોતાના ધંધા કે વ્યવસાયમાં—તેઓ મોડા નિવૃત્ત થાય છે અથવા નિવૃત્ત થતા નથી. પરન્તુ શરીર નિર્બળ થાય તેમ તેઓને પણ પોતાના કાર્યનો વેગ ધીરો કરવો પડે છે. અનુકૂલનની વિવિધ સમસ્યાઓ તે પછી ઊભી થાય છે. સક્રિય કામગીરીમાંથી મનુષ્ય ફારેગ થાય એ પછી તેની તંદુરસ્તી કે એનો અભાવ, વયને કારણે આવતી શારીરિક ક્ષીણતા કે મંદતા, વ્યાધિઓ, માનસિક સ્થિતિ, 'મૂડ', આર્થિક સલામતીનો પ્રશ્ન, એકલતાની લાગણી અને સમય પસાર કરવાની મુશ્કેલી, કૌટુંબિક ચિન્તા, પેઢીગત અંતર વગેરે પ્રશ્નો જુદી રીતે ઉપસ્થિત થતા હોય છે. પ્રસ્તુત અધ્યયનમાં વૃદ્ધોની શારીરિક સ્થિતિ, વય અને આરોગ્યની સ્થિતિ અનુસાર તેમને મળવું જોઈતું પોષણ અને ખોરાક, રુધિરાભિસરણ, શ્વાસ-તંત્ર, પાચન અને ઉત્સર્ગ તંત્ર અને જ્ઞાનતંતુની અનિયમિતતાઓ, જાતીય સમસ્યાઓ, ઊંઘ, સ્વપ્નાં, શરીરમાં થતા ફેરફારો અને હાડકાંના રોગો વગેરે વિષે સર્વેક્ષણને આધારે પ્રકાશ પાડવામાં આવ્યો છે. વૃદ્ધાવસ્થામાં મનુષ્યે જીવનસરિણી કેવી રાખવી જોઈએ અને વૃદ્ધોની દેખભાળની વ્યવસ્થા કેવી હોવી જોઈએ એ જણાવી વૃદ્ધશુશ્રૂષાના વિજ્ઞાનની કાર્યમર્યાદા પણ આંકવામાં આવી છે. બાળપણ કે યુવાવસ્થામાં જ કોઈ મનગમતી પ્રવૃત્તિ કે શોખ કેળવી શકાય તો સારું, જે પાછલી વયે કામ આવે. How to Retire and Start Living એ નામનું અંગ્રેજી પુસ્તક કેટલાંક વર્ષ પહેલાં મેં વાંચ્યું હતું એનું અહીં સ્મરણ થાય છે.

યુરોપ અને અમેરિકામાં મેડિકલ કોલેજોમાં વયોવિજ્ઞાન અને વૃદ્ધ શુશ્રૂષાને અલગ અને સ્વતંત્ર અભ્યાસનો દરજ્જો પ્રાપ્ત થયો છે. પણ ભારતમાં એના અભ્યાસનો હજી કેવળ અનૌપચારિક આરંભ થયો હોઈ એ માટે આ ગ્રન્થમાં નીચેના તાલીમ-કાર્યક્રમોની ભલામણ કરવામાં આવી છે.

(૧) મેડિકલ કોલેજોમાં સ્નાતક કક્ષાએ વયોવિજ્ઞાન અને વૃદ્ધ-શુશ્રૂષાના અભ્યાસક્રમને સ્થાન આપવું તથા સ્નાતક કક્ષાની છેલ્લી પરીક્ષા પછીની ઈન્ટર્નશિપની તાલીમમાં પણ એનો સમાવેશ કરવો.

(૨) અનુસ્નાતક ડિપ્લોમા અથવા ડીગ્રીના અભ્યાસમાં પણ આ વિષયની જોગવાઈ રાખવી.

(૩) જનરલ પ્રેકટીશનરો માટે આ વિષે ઓપ - વર્ગો ચલાવવા.

(૪) સામાન્ય જનતાનો આ બાબતમાં રસ અને જાણકારી વધે એવા કાર્યક્રમોનું આયોજન કરવું.

(૫) તબીબો, અર્થશાસ્રીઓ, સામાજિક કાર્યકરો અને બીજાઓના સહકારથી વૃદ્ધજનોને આરોગ્ય, આનંદ વિનોદ, બચત રોકાણ વગેરેમાં ઉપયોગી થાય એવાં માર્ગદર્શન કેન્દ્રોની સ્થાપના કરવી.

આ સૂચનો કેવળ ઉદાહરણરૂપ છે અને પ્રસ્તુત સંશોધનનાં તારણમાંથી ઉદ્‌ભવેલાં છે. પણ આ સર્વેક્ષણ પાશ્ચાત્ય જીવન સરણીથી ઠીકઠીક પ્રભાવિત થયેલા મુંબઈ મહાનગરના ઉપલા

મધ્યમ વર્ગની પ્રતિનિધિ રૂપ વૃદ્ધ જનસંખ્યાનું છે. આવાં અનેક સર્વેક્ષણો વૈદ્યકીય, આર્થિક, સમાજશાસ્ત્રીય એમ વિવિધ દષ્ટિએ તેમ જ વિવિધ શાસ્ત્ર - વિજ્ઞાનોના આંતર સંબંધોને લક્ષમાં રાખીને સમન્વિત દષ્ટિએ માત્ર મુંબઈમાં જ નહિ, પણ દેશના જુદા જુદા વિસ્તારોમાં —મહાનગરોમાં, નાના શહેરોમાં, કસ્બાઓમાં ગ્રામ પ્રદેશોમાં, આદિવાસી વિસ્તારોમાં, આર્થિક સામાજિક દષ્ટિએ સમાજના જુદા જુદા થરોમાં ઔદ્યોગિક વિસ્તારોમાં, નાના મોટા વેપારીઓમાં, નીચલા મધ્યમ વર્ગમાં, સમૃદ્ધ અને ગરીબ ખેડૂતોમાં તથા નિષ્કિંચન ખેત મજૂરોમાં, વિવિધ ધર્મોના અનુયાયી - સમૂહોમાં - એમ શક્ય હોય ત્યાં થવા જોઈએ. બોમ્બે હોસ્પિટલના મેડિકલ રિસર્ચ સેન્ટરે આ ક્ષેત્રે શુભારંભ કર્યો છે. તો એનો આવશ્યક અને ઉચિત સંશોધન - વિસ્તાર પણ એ સંસ્થા કરી શકે. આવાં કેટલાંક નમૂના રૂપ સર્વેક્ષણો થયા પછી, પરિવર્તન પામતા આધુનિક ભારતમાં વૃદ્ધજનોની સમસ્યા યથાયોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવામાં વિશેષ અનુકૂળતા થવાનો સંભવ છે. વયોવિજ્ઞાન અને વૃદ્ધશુશ્રૂષા, એવાં સર્વેક્ષણો વડે, આ દેશની સ્થિતિને અનુરૂપ વધારે નક્કર ભૂમિકા ઉપર મુકાશે તથા અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર પણ એમાં પોતાનું પ્રદાન કરી શકશે. પરન્તુ આધુનિક ભારતમાં કલ્યાણ રાજ્યની સામાજિક અગ્રિમતાઓમાં વૃદ્ધજનોને સ્થાન મળશે ખરું?

**ભોગીલાલ જ. સાંડેસરા**

# અને શ્રદ્ધા છે

નાની હતી ત્યારે ઘણીવાર એવું બનતું કે ક્યાંકથી એકાદ મોરપીંછ મળી જાય તો એના રંગ અને એની સુંવાળપ ધારી ધારીને જોયા કરતી. પછી એ પીંછ કોઈક પુસ્તકમાં મૂકી દઉં. બે પાનાંની વચ્ચે પીંછાનો અને અક્ષરોનો શું સંવાદ થતો હશે એ તો એમને જ ખબર.

હવે ઘણીવાર એવું બને છે કે કાવ્યનું કોઈ પુસ્તક હાથમાં આવ્યું હોય પછી આમતેમ પાનાં ફેરવું, કોઈક કાવ્ય પર નજર ઠેરવું. જીવ લાગે તો ઠીક, સમજ પડે તો આનંદ અને જો એકાદ પંક્તિ મોરપીંછ જેવી મળી જાય તો એને મનમાં ખૂબ જતનપૂર્વક જાળવીને એ પંક્તિને સહારે આખો દિવસ કાઢી નાખું. આ બધું મનની પાછળ થયા કરે. આખા દિવસના કામમાં હાથ રોકાયેલા હોય, મગજ સંડોવાયું હોય અને કાર્યરત મનની પાછળ જે પેલું પકડાય નહીં એવું મન બેઠું છે તે હાથમાં આવેલી પંક્તિને, મા જેમ સોયાથી ઊનને ગૂંથ્યા કરે એમ ગૂંથ્યા કરું.

સિલ્વિયા પ્લાથની એક લાંબી કવિતામાંથી એક નાનકડી પંક્તિ મળી ગઈ. પ્લાથની કવિતામાં નારીહૃદયનું સંવેદન છે. નાની ઉંમરે એણે જ પોતાની જિંદગીનો અંત આણ્યો. આ તો પ્લાથનું નામ આવ્યું એટલે થોડીક એના વિશેની વાત. બાકી મારે તો વાત કરવી છે– આંખને મળી ગયેલી એક પંક્તિની. આ પંક્તિ સાથે જીવ ઘણો હળી ગયો છે. સાવ સાદી છે એ પંક્તિ; "When I walk out I am a great event" કાવ્યના સંદર્ભમાં એનું જુદું સ્થાન હોય, પણ હું આખો દિવસ આ પંક્તિને સોપારીની જેમ ચગળ્યા કરું છું. મને એના અનેક અર્થો દેખાયા કરે છે. આ એક જ પંક્તિમાં બે વાર I (આઈ) છે, તે અહમ્‌ના દર્પણરૂપે નથી. મોટે ભાગે આપણે આપણને ક્યાંક પૂરીને જ બહાર નીકળતા હોઈએ છીએ. કોઈક જ વાર, એકાદ ક્ષણ આપણે પૂર્ણપણે બહાર નીકળીએ છીએ. બાકી તો આપણે આપણી અંદર ટૂંટિયું વાળીને પડેલા હોઈએ છીએ. આપણે આપણી ગ્રંથિઓમાંથી મુક્ત થઈએ છીએ ત્યારે જ આપણે great event બનીએ છીએ. આ આપણા ઉત્સવની - ઓચ્છવની વાત છે. રાગ, દ્વેષ ભય, શંકા - કુશંકા - આ બધામાંથી આપણે Walk out. કર્યો છે ખરો? બાહ્ય ક્રાંતિ તો પછી, આંતરિક ક્રાન્તિ આપણે કેટલી કરી? આ પંક્તિ વાંચી ત્યારે મને એવો અનુભવ થયો કે હું જાણે વર્ષોથી એક અંધારા ઓરડામાં છું અને સિલ્વિયાએ આવીને એક મીણબત્તી સળગાવી. આસપાસ થોડું તેજનું વર્તુળ દોરાયું. પંક્તિમાંથી નવો નવો અર્થ મળ્યા કરે તે નવો જન્મ મળતો હોય એવું લાગે.

આવી પંક્તિઓને આધારે ચાલવાને ટેવાયેલી મારી કલમ જ્યારે એમાંથી પણ Walkout કરશે ત્યારે જ જે અંતિમ મૌનનો મહોત્સવ હશે, તે પણ great event થશે, એની મને શ્રદ્ધા છે.

**– જયા મહેતા**

# જીવંત ધર્મ

જૈન ધર્મ જીવંત ધર્મ છે, પ્રવૃત્તિ, વિકાસ, ચેતના એનાં લક્ષણ છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એનો પ્રત્યક્ષ દાખલો છે. તો આ ચેતનમયતાનું રહસ્ય શું છે?

ઉત્ક્રાંતિનો મૂળ સિદ્ધાંત છે કે જે જીવ બદલાતા સંયોગોને અનુકૂળ થતો રહે એ બચે અને વિકસે; જે સ્થિર રહે તેનો નાશ થાય. વળી અનુકૂળ થવું એટલે પોતાનું તત્ત્વ સાચવીને સ્વરૂપને પ્રવૃતિ બદલવાં, તત્ત્વ એક, ને આવિર્ભાવ જુદા. મૂળ એક ને ડાળ જુદાં. તો ધર્મની બાબતમાં પણ જેમ સમાજમાં નવાં મૂલ્યો ઉત્પન્ન થાય તેમ એનું વિવેચન કરીને સાચાં અપનાવવાં અને પોતાનાં કરવાં એ વિકાસનો સાચો રસ્તો છે.

સમાજમાં હમણાં હમણાં નવાં મૂલ્યો ઠીક પ્રમાણમાં બહાર આવી ગયાં છે. એમાં ક્યાં ખરેખર મૂલ્યો જ છે એ નક્કી કરવા વિવેક ને તત્ત્વદષ્ટિની ખૂબ જરૂર છે. પણ એક વાત તો નિર્વિવાદ છે, એક મૂલ્ય આપણા સમાજમાં નવું અને સાચું જ છે. તે સામાજિક સભાનતા, આર્થિક અસમાનતા માટે જાગૃતિ, સાચી ગરજ હોય ત્યાં મદદ અને સેવા કરવાનો આગ્રહ. એ જવાબદારી આપણને નવા જોશથી સમજાઈ છે અને એ અનુસાર ઠેર ઠેર નવી પ્રવૃતિઓ થઈ છે, નવું નૈતિક વલણ અપનાવવામાં આવ્યું છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની અનેક ઉત્તમ પ્રવૃત્તિઓ હતી એમાં હવે 'પ્રેમળ જ્યોતિ' જેવી જાગૃતિની, સેવાની, પીડિતોના સીધા સંપર્કની સંસ્થા ઉમેરાઈ છે તે આ સભાનતા બતાવે છે. યુવાનોને અત્યારે સમાજ સેવા કરવાની ધગશ લાગી છે. આસપાસનું દુ:ખ જુએ છે, જોઈને કંઈક કરવા માગે છે, કરીને સાચો સંતોષ અનુભવે છે. ને આવી સેવાની પ્રવૃતિમાં એમને ધર્મનો ટેકો મળે અને ધર્મનો આદેશ મળે ત્યારે એના ધાર્મિક સંસ્કારો દૃઢ થાય અને ધર્મ એમના દિલમાં સાચો વિકાસ પામે.

વર્ષો પહેલાં સ્વ. પરમાનંદભાઈએ લખેલો એક પ્રસંગ વાંચ્યાનું યાદ છે. એક યુવાન નિર્જન રસ્તામાંથી પસાર થતો હતો. રસ્તામાં એક સાવ ગરીબ માણસ મરવા પડયો હતો. યુવાનને એને ઊંચકીને ઈસ્પિતાલમાં લઈ જવાનું મન થયું. પણ એકલો તો ન ફાવી શક્યો. એમાં રસ્તામાં એક સાધુ પસાર થયો, એને એ યુવાને અને મદદ કરવાની વિનતિ કરી. સાધુ લાચારી વ્યકત કરીને જતો રહ્યો અને યુવાન ધર્મ છોડીને નાસ્તિક બન્યો.

સ્વ. પરમાનંદભાઈએ સાચો જવાબ આપ્યો કે સાધુએ મદદ કરવી જોઈતી હતી. અને ન કરે તોય યુવાને ધર્મ છોડવો જોઈતો નહોતો. સાધુએ સેવામાં મદદ કરવાની ના પાડી ત્યારે યુવાનની ધર્મશ્રદ્ધા ડગી ગઈ. હવે જો સાધુ મદદ કરે તો ધર્મશ્રદ્ધા દૃઢ થાય. એટલે કે ધર્મને નામે એ યુવાનના દિલમાં રહેલી સેવા–ભાવનાને ટેકો મળે તો એના ધર્મસંસ્કારો દૃઢ બને.

એ જ કામ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ કરી રહ્યો છે અને તેથી એમાં ધર્મસમર્થન છે, ધર્મવિકાસ છે. ને એ ઉત્તમ રીતે અને ઉત્તમ અર્થમાં છે. સમાજમાં નવી જાગૃતિ છે. ગરીબીનો પ્રશ્ન છે. સેવાની ઝુંબેશ છે. એ સેવા ધર્મને નામે કરવામાં ધર્મની ઊંડી સમજ, સાચું સેવન, જીવંત ચેતના છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો પચાસ વર્ષમાં ઘણો વિકાસ થયો છે. એ વિકાસ ફક્ત સંખ્યામાં નથી પણ નવી જાતની પ્રવૃતિઓમાં થયો છે. સંઘની જ્ઞાનની પ્રવૃતિઓ ઉત્તમ છે. 'પ્રબુદ્ધ જીવન' વ્યાખ્યાનમાળાઓ, અભ્યાસ વર્તુળ એ જ્ઞાનયોગની સાથે હવે કર્મયોગની પ્રવૃતિઓ જોડાઈ છે એ સાચો સુમેળ છે. સંઘનો એવો વિવેકમય, ચેતનમય, ધર્મપ્રેરિત, જીવનસંમુખ વિકાસ જોઈને મને અત્યંત આનંદ થાય છે.

**–ફાધર વાલેસ**

# આઈઝાક બાશેવિક સિંગર

૧૯૭૨ માં હું અમેરિકા હતો તે વખતે 'ઈન્ટેલેકચુઅલ ડાઈજેસ્ટ'ના મે. ૧૯૭૨ ના અંકમાં હેરોલ્ડ ફ્લેન્ડરે આઈઝાક બાશેવિક સિંગરની મુલાકાત લઈને તેની સાથે જે પ્રશ્નોત્તરી કરી હતી તે પ્રગટ થઈ હતી. એ પ્રશ્નોત્તરીમાં મને સર્જનના કેટલાક પાયાના પ્રશ્નોનું વિશ્લેષણ થયું લાગ્યું. એટલે તેનું ભાષાંતર કરીને મેં એ પ્રશ્નોત્તરી ભાઈ ઉમાશંકર જોષીને મોકલી. ઉમાશંકરભાઈએ એ ભાષાંતર 'સંસ્કૃતિ' જૂન ૧૯૭૨ના અંકમા પ્રકટ કર્યું.

દસપંદર દિવસ પહેલાં રેડિયો પર સાંભળ્યું કે સિંગરને આ વર્ષનું સાહિત્ય માટેનું નોબેલ પ્રાઈઝ મળ્યું છે ત્યારે મને ફ્લેન્ડર સાથેની તેની પેલી મુલાકાત એકાએક યાદ આવી. ફ્લેન્ડરે પૂછેલા પ્રશ્નોના સિંગરે જે ઉત્તરો આપ્યા છે તેના પરથી તેની વ્યકિત અને ખાસ કરીને લેખક તરીકેની કેટલીક લાક્ષણિકતાઓ તરી આવે છે. તેમાં વાચકોને રસ પડશે એમ ધારીને એ લાક્ષણિકતાઓ અહીં રજૂ કરું છું.

હેરોલ્ડ ફ્લેન્ડર પોતે પણ એક નવલકથાકાર છે. તે કહે છે તે પ્રમાણે આઈઝાક બાલેશિક સિંગર (જન્મ ૧૯૦૪) આજના સૌથી વિશેષ લોકપ્રિય અને સિદ્ધહસ્ત લેખકોમાંના એક છે. એમની નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓના સંગ્રહો જગતની ૧૭ ભાષાઓમાં અનુવાદિત થયા છે. સિંગર ન્યૂ યોર્ક શહેરમાં જૂની ઢબે બંધાયેલા એક વિશાળ મકાનમાં રહે છે. એ મકાનના પાંચેપાંચ વિશાળ અને પુષ્કળ હવાઉજાસવાળા ખંડમાં પુસ્તકો ઉભરાય છે; પણ ટી. વી. સેટ કયાંય દેખાતો નથી.

સિંગરનો બાંધો મધ્યમ છે. તેમની ભૂરી આંખોમાં તોફાન કાયમ ચમકયાં જ કરતું હોય છે. એ અલૌકિકમાં માને છે. એમની દૃષ્ટિએ અલૌકિક એ વસ્તુત: લૌકિકનો જ એક ભાગ છે. એ કહે છે તે પ્રમાણે : "લૌકિક અને અલૌકિક, એવા બે પ્રકારના લોક હોય છે એમ હું માનતો નથી. આપણે જેને ઓળખતાં નથી હોતાં તેને આપણે અલૌકિક કહીએ છીએ એટલું જ. ટેલિપથી, કલેરવૉયન્સ કે પ્રિમોનિશન્સ કેવી રીતે કામ કરી રહ્યાં હોય છે તેની આપણને ખબર નથી હોતી એટલે આપણે તે બધાંને અલૌકિક કહીએ છીએ."

સિંગરની નવલકથાઓમાં નિર્દોષ ને ટીખળી અમાનુષી તત્ત્વો (IMPS) નું આલેખન ઘણી વાર થતું હોય છે. એ તત્ત્વો શાં છે ને કઈ રીતે કામ કરી રહ્યાં છે તે, સિંગર પોતે કહે છે તે પ્રમાણે તે જાણતા નથી. એટલું જ નહિ પણ 'ઈમ્પ' અને 'સ્પ્રાઈટ' કે 'ડેવિલ' અને 'ડેમન' વચ્ચે શો ભેદ છે તે જાણવાની તેમને પરવા પણ નથી. એ ખરેખર માને છે કે આ જગતમાં એવાં સત્ત્વો – ( Entities ) હોય છે, જેનો આપણને અણસારો યે નથી હોતો અને છતાં એ સત્ત્વોનું અસ્તિત્વ છે જ અને તેઓ આપણા લેખન પર જ નહિ, સમગ્ર જીવન પર અસર કરતાં હોય છે.

એ અલૌકિક સત્ત્વોનું અસ્તિત્વ સિંગરની નવલકથાઓમાં પણ વરતાતું હોય છે. ફ્લેન્ડરે સિંગરની આ મુલાકાત લીધી તે વખતે સિંગર 'એનિમીઝ, એ લવ સ્ટોરી' નામની નવલકથા લખી રહ્યા હતા. તે નવલકથા સિંગર કહે છે તે પ્રમાણે, આમ તો વાસ્તવલક્ષી કૃતિ છે. પણ તેમાં પણ કોઈને અલૌકિક તત્ત્વોનું અસ્તિત્વ વરતાય તેવું છે.

એ નવલકથા યુરોપમાં બીજા વિશ્વયુદ્ધને પરિણામે જબરદસ્ત વાવંટોળ ઊભો થયો ત્યારે અમેરિકા આવેલા નિર્વાસિતોને લગતી છે. એનો નાયક છે હર્મન બ્રોડર. યુદ્ધકાળ દરમિયાન એક પોલીસ ખેડૂત સ્ત્રીએ તેને બચાવ્યો છે. યુદ્ધ પુરું થયું ત્યાર બાદ, તે એની પત્ની અને સંતાનો મરી ગયાં છે એમ માનીને એ કેવળ કૃતજ્ઞબુદ્ધિથી પેલી પોલીશ સ્ત્રી સાથે લગ્ન કરે છે. ત્યાર બાદ જર્મનીમાં એ એક બીજી સ્ત્રીના પરિચયમાં આવે છે ને તેના પ્રેમમાં પડે છે. એના જીવનનો એ ગોટાળો જાણે અધૂરો હોય તેમ તેની પહેલી પત્ની ઓચિંતી આવી ચડે છે, જીવતી જાગતી. આમ, નાયક ત્રિકોણની વચ્ચે સપડાય છે. એ ત્રિકોણમાં એક ખૂણે છે પેલી સાલસ નારી, જેની સાથે લગ્ન વિચ્છેદ કરતાં તેનો જીવ ચાલતો નથી. કારણ કે, એ નારીએ તેને જીવતદાન આપ્યું છે. બીજે ખૂણે છે તેની પેલી સ્ત્રીમિત્ર, જેને તે ખરેખર ચાહે છે; ને ત્રીજે ખૂણે છે તેની પહેલી પત્ની, જેને તે મરી ગયેલી માનતો હતો, પણ જેણે રશિયામાં વર્ષો સુધી પારાવાર યાતનાઓ સહન કરી છે ને જે એ સમગ્ર કાળ દરમિયાન તેને વફાદાર રહી છે, ને તેની પાસે પાછી આવી છે. આ સ્ત્રી - નાયકની આગલી પત્ની, જે પાછી આવી છે તે - કહ્યાં જ કરતી હોય છે કે મારાં મરી ગયેલાં સંતાનો મારી પાસે આવે છે ને મારી સાથે વાત કરે છે. સિંગર કહે છે કે, મૃત સંતાનો માતા પાસે આવતાં હોય ને તેની સાથે વાત કરતાં હોય તે અવશ્ય બની શકે: "ખરું કહું તો મેં એના વિશે મારા મનમાં કોઈ પ્રકારની ગાંઠ વાળી લીધી નથી."

સિંગરનું નવકથાઓ અને ટૂંકી વાર્તાઓ, બન્નેનું લેખન સાથોસાથ ચાલતું હોય છે. નવલકથા લખતાં લખતાં એને જ્યારે ટૂંકી વાર્તા સૂઝે ત્યારે તે નવલકથા પર કામ કરવું અટકાવી દે છે ને વાર્તા લખે છે; ને વાર્તા લખી રહ્યા બાદ પાછા નવલકથા તરફ વળી જાય છે.

સિંગર પોતાની નવલકથાઓ નથી સવારે વહેલા ઊઠીને લખતા કે નથી રાત્રે મોડે સુધી જાગીને લખતા. દિવસને વખતે. બે ટેલિફોન કોલની વચમાં જે સમય મળે તે દરમિયાન તે પોતાનું લેખનકાર્ય કરે છે. ટેલિફોનની દખલગીરીથી એ અકળાઈ જતા નથી. ઉલટું એ તો તેને આવકારે છે. એ કહે છે તે પ્રમાણે : "લોકો મને બોલાવે છે એ વિચાર મને ગમે છે. મને લોકોના સંપર્કમાં રહેવું ગમે છે; કારણ કે માનવ વ્યકિતના અવાજનો એકેએક લહેકો, એકેએક શબ્દ કંઈ ને કંઈ અભિવ્યકત કરતો હોય છે. દરેકમાંથી આપણને શીખવાનું મળતું હોય છે."

સિંગર પોતાની બધી વાર્તાઓ અને નવલકથાઓ પહેલાં પોતાની માતૃભાષા યિદ્દિશમાં લખે છે ને ત્યાર બાદ પોતે જ તેનો અંગ્રેજી અનુવાદ કરે છે. અનુવાદ કરતી વેળા તે વાચના કે મુસદ્દામાં ફેરફાર કરતા નથી, પણ પ્રકરણો, વાકયો, શબ્દો વગેરે આખો વખત ફેરવ ફેરવ કર્યા કરે છે. પુસ્તકની હસ્તપ્રત પ્રકાશકને સોંપી દેવાની મુદત થઈ જાય ત્યાં સુધી તેનું અનુવાદને મઠારવાનું કામ ચાલ્યા જ કરતું હોય છે.

સિંગર મૂળ પોલાંડના. પણ એ પોલાંડમાં રહ્યા છે તેના કરતાં વધારે અમેરિકામાં રહ્યા છે. એટલે એ અમેરિકા વિશે વધારે ને વધારે લખે તે સ્વાભાવિક છે. તેમ છતાં તે, અમેરિકામાં જન્મ્યા હોય તેવા લોકો વિશે કદી લખતા નથી. પણ અમેરિકામાં આવીને વસ્યા હોય તેવા વસાહતીઓ વિશે જ લખે છે. કારણ કે એ વધારેમાં વધારે ઓળખતા હોય તો આવા વસાહતીઓને જ ઓળખે છે.

સિંગર 'ધી ન્યૂ યોર્કર', 'પ્લે બોય', 'એસ્કાવાયર' અને 'કોમેન્ટરી' માં લગભગ નિયમિત લખે છે. એમણે (૧૯૭૨ માં આ મુલાકાત લેવાઈ ત્યાં સુધીમાં) એમની ૬૭ વર્ષની ઉંમરમાં દસ જ પુસ્તકો પ્રકટ કર્યાં હતાં. તેઓ ૧૯૩૫ માં પોલાંડ છોડીને અમેરિકા આવ્યા ત્યારે એમના જીવનમાં સાત વર્ષનો એક એવો ગાળો આવ્યો હતો, જે દરમિયાન એ કશું લખી શકયા નહોતા. લખવાનો પ્રયત્ન એ પ્રસંગોપાત કરતા હતા ખરા, પણ એમની સિસૃક્ષા જ જાણે કે ચાલી ગઈ હતી ને પોતે જાણે સાવ એકલા પડી ગયા હોય એમ તેમને લાગતું હતું. એ વર્ષોમાં એમને એમ લાગતું હતું કે પોતે ફરીથી કદી લખી જ નહિ શકે. પણ એમના જ શબ્દોમાં કહીએ તો, 'સદ્‌ભાગ્યે, અલૌકિક તત્ત્વોએ કંઈ જુદું જ ધાર્યું હતું."

સિંગરનું લેખન ચાલતું હોય ત્યારે કેવુંક લખાય છે તે જાણવા માટે એ કોઈને કદી પૂછતા નથી. એમનાં પત્ની એલ્મા યિદ્દિશ વાંચી શકતાં નથી અને કૃતિનો અનુવાદ થઈ રહ્યો હોય ત્યારે પણ સિંગર એને કશું બતાવતા હોતા નથી. એ એલ્માની કે બીજા કોઈની સલાહ માગતા નથી અને એડિટરો (વર્તમાનપત્ર કે સામાયિકના તંત્રી કે સંપાદક નહિ, પણ પ્રકાશક તરફથી પુસ્તકની હસ્તપ્રત વાંચી જઈને તેમાં સુધારા-વધારા કે કાપકૂપ સૂચવનાર ધંધાદારી વ્યકિતઓ) અને અનુવાદકોની સલાહમાં પણ રસ એમને એકાદ વાકય પૂરતો કે એકાદ શબ્દ પૂરતો જ હોય છે; વસ્તુસંવિધાન કે પાત્રના વિકાસ માટેની સલાહમાં નહિ જ.

સિંગરની બધી નવલકથાઓ ભૂતકાળમાં બની ગયેલી ઘટનાઓ વિશે લખાયેલી છે. પણ એમની **'એનિમીઝ, એ લવ સ્ટોરી'** * પ્રમા-

* આ શીર્ષકમાં 'એનિમિઝ' પછી અલ્પવિરામ મૂકવું કે રેખા, એની અવઢવ સિંગરના મનમાં ઘણો સમય ચાલેલી. રેખા તરફ એમનું વલણ પણ થયેલું. અંતે રેખાને બદલે અલ્પવિરામ મૂકવાનું નક્કી થયું.

ણમાં સમકાલીન છે. એ એમની એકમાત્ર અમેરિકન નવલકથા છે. આ નવલકથાની ઘટનાઓ ૧૯૫૦ થી શરૂ થતા દાયકામાં બને છે. સિંગર કહે છે કે "હું જો આ નિર્વાસિતોની વચ્ચે વસ્યો ન હોત ને તેમની રામકહાણી મેં સાંભળી ન હોત તો મેં એ લખ્યો ન હોત. વાવંટોળમાંથી હું જાતે પસાર નથી થયો. પણ નિર્વાસિતો સાથે કોઈ પણ માણસ જેટલું નિકટમાં નિકટ રહી શકે તેટલું હું યુનાઈટેડ સ્ટેટ્સમાં રહ્યો છું.

આ નવલકથા ન્યૂ યોર્કમાં લખાઈ છે અને એનું ઘટનાસ્થળ ન્યૂ યોર્ક છે એટલે એના સંજોગો જુદા છે, પ્રસંગો જુદા છે, વાતાવરણ જુદું છે. એટલે સિંગરની બીજી નવલકથાઓ કરતાં આ નવલકથાનો આકાર જુદો છે. એની ભાષા જુદા પ્રકારની છે. એમાં સંવાદો વધારે છે, ને વાતચીત પુષ્કળ થાય છે. સિંગરના શબ્દોમાં કહીએ તો: "આ લોકો, નિર્વાસિતો, જે રીતે વાતચીત કરે છે તેમાં તેઓ ફરિયાદ કર્યા વિના રહેવાના નહિ - એમને ફરિયાદ કરવા જેવું કંઈ ન હોય તો પણ. કારણ કે એ લોકોને જીવનને ઉતારી પાડવાની, એમની પોતાની જાતને ઉતારી પાડવાની અને વાત વધારી વધારીને કહેવાની ટેવ પડી ગઈ હોય છે. આ તદ્દન જુદી જ પરિસ્થિતિ થઈ."

આ નવલકથાનાં બધાં પાત્રો વાસ્તવિક જીવનમાંથી ઉઠાવવામાં આવ્યાં છે. સિંગર પાસે હમેશાં કોઈ નમૂનો - કોઈ સાચેસાચી વ્યકિત – હોય જ છે. પણ તે કેટલીક વાર એક પાત્રમાં અનેક જુદી જુદી વ્યકિતઓને ભેગી કરે છે ને પાત્રોને એવાં બદલાવી નાખે છે કે એમાંની કોઈ પણ વ્યકિત પોતાને ઓળખી કાઢી શકે નહિ. નવલકથાનો નાયક, અલબત્ત, સિંગર પોતે છે. પણ નાયકને સિંગરે પોતાને ઘાટે ઘડયો નથી, સિંગર જો નાયકની જગ્યાએ હોય, નાયક જે પરિસ્થિતિમાં મુકાયો છે તે પરિસ્થિતિમાં જો પોતે મુકાયા હોય તો પોતે જેવા હોય તેવો આ નવલકથાનો નાયક હર્મન બ્રોડર છે.

સિંગર નવલકથા લખવી શરૂ કરે છે ત્યારે કથાવસ્તુ તેમની પાસે તૈયાર હોય છે પણ એ જેમ જેમ લખતા જાય છે તેમ તેમ તેમાં ફેરફાર કર્યે જ જતા હોય છે. એ એમ માને છે કે નવલકથાકારની સ્વતંત્રતા પહેલા પ્રકરણ પૂરતી જ છે: "તમે એક વાર પહેલું પ્રકરણ લખી લીધું કે તમારી સ્વતંત્રતા પૂરી થઈ! ત્યાર બાદ તમે તમારા મનના માલિક રહેતા જ નથી."

સિંગર માને છે કે લેખકનું કર્તવ્ય, લેખકનું મિશન, વાર્તા કહેવી અને તે સારી રીતે કહેવી તે છે. વાર્તા અંગેની સમજૂતી કે ખુલાસા આપવાનું કામ તેણે વાચકો, વિવેચકો અને પ્રાધ્યાપકો પર છોડી દેવું જોઈએ. અર્વાચીન સાહિત્યની કરુણતા, તેની દૃષ્ટિએ એ છે કે તે ટીકાટિપ્પણ આપવામાં ઘણું વધારે પડતું રાચે છે. અર્વાચીન સાહિત્ય વાર્તા કહેવાને બદલે કૃતિને સમજાવવાને મથે છે. સિંગર કહે છે તે પ્રમાણે: "આ સદીમાં મને એવું કશું નથી સાંપડયું જે મને ફરી ફરીને વાંચવાનું મન થાય. બહુ બહુ તો હું તેને એક વાર વાંચી લઉં છું ને પછી એનો પાર આવે છે, કાયમને માટે."

કેટલાક પ્રકાશકોને એમ લાગે છે કે નવલકથાઓનો જમાનો પૂરો થયો છે. સિંગર એની સાથે સંમત થતા નથી. એમને એમ લાગે છે કે બહુ જ ખરાબ વાર્તા - નવલકથા અને બહુ જ સારી વાર્તા–નવલકથા, એ બે ટકવાનાં. કારણ કે દુનિયામાં એવા ગ્રામ્યરસવૃત્તિવાળા લોકો પૂરતા પ્રમાણમાં રહેવાના જેમને બહુ જ ખરાબ વાર્તા નવલકથા વાંચ્યા વિના ચેન પડવાનું જ નહિ; ને વાચકોની એવી લઘુમતિ પણ રહેવાની જ જેમને બહુ જ સારી વાર્તા નવલકથા જોઈતી હશે. એટલે મધ્યમ કક્ષાની વાર્તાઓ અને નવલકથાઓ કદાચ અદશ્ય થઈ જાય તો પણ બહુ જ ખરાબ અને બહુ જ સારી એ બે કોટિની વાર્તાઓ અને નવલકથાઓ માટે માગ રહેવાની જ. પોતાની નવલકથાઓની ખપત પર આની કાંઈ અસર થશે કે નહિ તે સંબંધમાં તે પોતે જ કહે છે: "હું એની ચિંતા કદી કરતો નથી ને આનાં આર્થિક પરિણામોની વાત કરું તો હું એમ કહું કે તેની પણ ચિંતા કરતો નથી. કારણ કે, ૩૦ વર્ષ પહેલાં જ્યારે હું અઠવાડિયે પાંચ ડોલરની એક જ ઓરડીમાં રહેતો ત્યારે હું જેવી રીતે રહેતો તેવી રીતે રહેવાને હું હમેશાં તૈયાર જ છું. આજે મને અઠવાડિયે પાંચ જ ડોલરના ભાડામાં ઓરડી મળે કે નહિ તેની મને ખબર નથી પણ કોઈ પણ પ્રકારના એશઆરામનું મને વળગણ નથી. હું બીતો નથી."

૨૨-૧૦-૧૯૭૮ – મનસુખલાલ ઝવેરી

# પ્રેમ શકિત

માણસને બધું જ માપી જોવાનો અભરખો હોય છે. સદીઓથી એક આદત એ વિકસાવતો રહ્યો છે. એ આદત છે માપવાની આદત, જીવનમાં કશુંક માપ્યા વગરનું, માપી ન શકાય તેવું અને માપવાથી પર હોઈ શકે છે એવું સમજવામાં આપણને થોડીક તકલીફ થાય. છે.

ગુરુત્વાકર્ષણ માપવા માટે માણસે કાંટાની અને કાટલાંની શોધ કરી. આમ એ કેરીનું, અનાજનું, પોતાની જાતનું અને સોનાના, ટુકડાનું પૃથ્વી તરફનું આકર્ષણ એટલે કે વજન માપતો થયો આ રીતે પહેલી વાર મીઠી કેરી કરતાં વજનદાર કેરીનો, મીઠા તરબૂચ કરતાં વજનદાર તરબૂચનો અને મીઠા પપમ કરતાં મોટા પપમનો મોભો વધી ગયો. ત્રાજવું બે માણસની તકરાર વખતે ન્યાયાધીશ બનવાની ભૂમિકા ભજવવા માંડયું. વખત જતાં ત્રાજવું ન્યાયનું પ્રતીક બની ગયું. યાદ રહે કે ત્રાજવું ગુરુત્વાકર્ષણના ન્યૂટનના નિયમ કરતાંય જૂનું છે!

માપનની વિકાસયાત્રા આગળને આગળ વધતી રહી છે. હવે વાવાઝોડાની ઝડપ માપી શકાય છે, અવાજને ડેસિબલમાં માપી શકાય છે. લોહીનું દબાણ માપી શકાય છે, વિદ્યુતપ્રવાહ અને વિદ્યુતનો જથ્થો માપી શકાય છે, ગરમી માપી શકાય છે. અવાજ તથા પ્રકાશની ઝડપ માપી શકાય છે, પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર પણ માપી શકાય છે અને માણસની બુદ્ધિ પણ માપી શકાય છે. માણસ જમીનને હેક્ટરમાં માપે છે અને દૂધને લીટરમાં માપે છે. વર્ષવર્તુળો દ્વારા એ વૃક્ષની ઉંમર માપે છે અને ખડકનું પૃથક્કરણ કરીને એ પૃથ્વીની ઉંમર માપે છે. નદીમાંથી કેટલું પાણી દરિયામાં વહી ગયું તે માપી શકાય છે અને અમુક તારો કેટલા પ્રકાશ વર્ષ દૂર છે તે માપી શકાય છે. દાકતર કોઈકની આંખનો પણ 'નંબર' કાઢી આપે છે. મનોવિજ્ઞાનથી તો માણસના વ્યકિતત્વને માપવા માટેનાં સાધનો બનાવે છે. માપનની પકડમાંથી કશું જ બચ્યું નથી. કોમ્પ્યુટર આ માપનની ઉત્ક્રાંતિનું જ ફરજંદ છે.

હવે પ્રેમને માપવા માટેનો જ એકમ શોધવાનો બાકી છે. હવે અનેક જાતની બેંકો શરૂ થઈ છે. અત્યાર સુધી પૈસા માટેની બેંકો હતી. હવે બ્લડબેંક છે, ચક્ષુબેંક છે, અનાજબેંક છે. ભવિષ્યમાં હૃદયબેંક, મગજબેંક, કાનબેંક શરૂ નહિ થાય? થોડા વખત પર ત્વચાબેંક શરૂ થયાના સમાચાર હતા.

એક એવી બેંક શરૂ કરવી જોઈએ જેમાં માણસ પોતાની લાગણીઓ જમા કરાવી શકે, લાગણીઓની ફિક્સ્ડ ડીપોઝિટ પર ચક્રવૃદ્ધિ વ્યાજ મળતું રહે એવું ન બને! કોઈ પ્રત્યે દ્વેષ થાય કે તરત જ બેંકમાં જઈને થોડીક લાગણી ઉપાડી લાવવાની, વળી થોડી બચત થાય કે તરત લાગણી જમા કરાવી આવવાની. આવું બેંક-બેલેન્સ સૌ વધારતાં જ રહે. આવી કમાણીને આવકવેરામાંથી મુકિત પણ આપી શકાય.

જાણીતો ફ્રેંચ વિચારક દ. ચાર્દિન કહે છે કે એક દિવસ પવન, મોજાં અને ગુરુત્વાકર્ષણને નાથ્યા પછી માણસ પ્રેમની શકિત જોતરશે અને ફરીથી અગ્નિની શોધ કરશે.

માપી ન શકાય તેવી, માપવામાં મજા નહીં તેવી અને બેંકમાં મૂકી ન શકાય તેવી એક ચીજ છે: પ્રેમ. પ્રેમ એ હોર્સપાવરમાં માપી ન શકાય તેવી એક પરમશકિત છે.

– ડૉ૦ ગુણવંત શાહ

# બેવડી નૈતિકતાનું સંકટ

ધર્મ, નીતિ, આદર્શ વગેરે માણસ માટે છે, માણસ એમના માટે નથી. માનવતા જ ગુમાઈ જાય તો આ બધાનું મૂલ્ય કોડીનું ય ન રહે અને માનવતા નિરંતર વિકાસ તથા ગતિશીલતામાં છે. માણસ જેવો પેદા થાય તેવો જ મરણ પામે ત્યારે આપણે કહીએ છીએ કે તેનું જીવન નિરર્થક નીવડયું, પશુના જીવન અંગે આપણે એમ નથી કહેતા. માણસ અને પશુના જીવન વચ્ચે એજ ફેર છે. માણસ પાસે બુદ્ધિ છે, જે પશુને નથી મળી અને માણસે એ બુદ્ધિના બળે જ આ આખીય સૃષ્ટિનું સર્જન કર્યું છે. અસ્તિત્વ ટકાવી રાખવા પૂરતું જ આ બધું નથી થયું. પેટ ભરવાનું અને પોતાની રક્ષાનું કામ તો જાનવર પણ કરી શકે છે, પણ માણસના જીવનનું ધ્યેય માત્ર એટલા પૂરતું સીમિત નથી. એનું જીવનલક્ષ્ય એથી ઘણું ગહન અને વ્યાપક છે, સતત વિકાસ એ જ એની સાચી વ્યાખ્યા છે. વિકાસ અને તેથી ય વધુ વિકાસ માટે જ એનો આખો જીવનસંઘર્ષ છે અને એ લક્ષ્ય ભણી જ એની અથાક જીવનયાત્રા ચાલે છે. એ યાત્રાનો કોઈ છેડો જ નથી. પણ, એ યાત્રાનું નામ જ જીવન છે. આ યાત્રાનો લય જ્યાં અટક્યો કે જીવનનો અંત. આ યાત્રા અનંત અને અનાદિ છે અને એ જ મનુષ્યના જીવનનું ધ્યેય છે. એટલા માટે તો કહેવાયું છે 'તમસો મા જ્યોતિર્ગમય, અસતોમા સત્ગમય, મૃત્યોર્મા અમૃતગમય' (આપણે સદા અંધકારમાંથી પ્રકાશ ભણી, અસત્‌માંથી સત ભણી અને મૃત્યુથી અમૃતતત્ત્વ ભણી ગતિ કરીએ).

એ યાત્રાના પથ પર માણસે પોતાના વિચાર અને અનુભવના સંયોગથી ઘણા નિયમો ઘડયા, અનેક પરંપરાઓ સ્થાપી, જેને આધારે જીવનના વિકાસનો ક્રમ સતત પ્રગતિશીલ રહે પણ માનવ જીવનના ઈતિહાસમાં વારંવાર એવું જોવા મળ્યું છે, કે આવા વિધિ-નિષેધો તેના વિકાસક્રમમાં ઊલટા અવરોધક બની રહ્યા છે. એવું જયારે જયારે બન્યું છે ત્યારે માણસનું જીવન કંટાળાજનક બન્યું છે, એને એવી અનુભૂતિ થઈ છે કે એની યાત્રા અવળા માર્ગે જઈ રહી છે- સત્યથી અસત્ય અને જીવનથી મૃત્યુ ભણી જઈ રહી છે. આમ થાય ત્યારે માણસે એવું પણ અનુભવ્યું છે કે જીવનના સંઘર્ષમાં વધુ સમૃદ્ધ વધુ શક્તિશાળી લોકો યાત્રાને ઊલટી કરવા માટે જવાબદાર છે. જેઓ માત્ર સ્વાર્થને દૃષ્ટિ સમક્ષ રાખીને ચાલે છે. તેઓ બેવડાં ધોરણ બનાવી દે છે- એક પોતાને એટલે કે સત્તા અને સંપત્તિવાળા માટે અને બીજું કમજોર અને હાથ નીચેના લોકો માટે. વર્ગવાદના મૂળમાં આ જ કહાણી રહેલી છે. માણસ ટોળા અને સમૂહોમાં રહ્યો, જાતિઓ અને સમાજમાં ભળ્યો, ધર્મ અને સંપ્રદાયો દ્વારા વિભાજિત થયો એટલે વર્ગો બન્યા. આ બધાના મૂળમાં એકનું બીજા દ્વારા થતું શોષણ અને સ્વાર્થથી રચાતા ખેલ છે. જીવનને જુઠાણા અને ફરેબથી મુક્ત રાખવા અનાચાર અને અત્યાચારથી બચાવવા જે નિયમોને આગળ કરાયા એ જ નિયમો વારંવાર પોકળ જ સાબિત થયા. ધર્મ અને નીતિના માલિક બનીને કેટલાકો બેસી ગયા, બીજાઓ માત્ર એના પાલક બની રહ્યા. આ સ્થિતિનું આરોપણ માત્ર બહારથી નથી થયું, આંતરિક જડતા સાથે ય એનો સંબંધ છે. સામાન્ય માણસ આ નિયમોનો નિયામક નહીં, એનો ગુલામ-કેદી બની ગયો. સ્વાર્થીજનોની ખટપટોથી જ નહીં, માનસિક જડતા અને કૂપમંડૂકની સ્થિતિમાંથી મુક્ત થવા વૈચારિક ક્રાંતિઓ થતી રહી છે-કદાચ થતી રહેશે.

આપણે આજે એવી જ વૈચારિક ક્રાંતિને આરે આવી ઊભા છીએ. આપણો એ રોજનો અનુભવ છે કે આપણે બોલીએ છીએ એક અને કરીએ છીએ બીજું. આપણા આખાય જીવન પર એક દ્વિત્વ (બેવડાં ધોરણ) છવાયેલું છે. ઈમાનદારી અને નીતિની વાતો કરતાં આપણે થાકતાં નથી, પણ વાસ્તવિકતા એ છે કે આપણે આપણી જાત પ્રત્યે પણ સાચેસાચ ઈમાનદાર નથી. જીવનના સત્યનો આપણે એકવાર નહીં, સેંકડો વાર અનુભવ અને સાક્ષાત્કાર કરી ચૂક્યા છીએ. પણ એ આખી દોટ અસત્યના માર્ગે જ રહી. જીવનને સત્યનો પ્રકાશ અને માર્ગ ચીંધવા ઘડેલી કહેવાતી નક માન્યતાઓ આજે બે વિપરીત અંતિમો પર આવી ઊભી છે. જઈ રહી છે. જેઓ મોટાં છે. સંપત્તિ કે સત્તાધારી છે, શક્તિશાળી છે તેમનો વર્ગ, પોતાનો સ્વાર્થ સાધવા નૈતિક માન્યતાઓ અને મૂલ્યોનો અર્થ સગવડિયો બનાવી દે છે. બીજી બાજુ સાધારણ અને કમજોર વર્ગના લોકો પર એ જ માન્યતાઓ શોષણ ટકાવી રાખવા લાદી દેવાઈ છે. માનસિક ગુલામી સૌથી મોટી અને બૂરી ગુલામી છે અને એથીય વધુ ખરાબ છે એને સહારો આપી રહેલી ધાર્મિક ગુલામી.

આ રીતે બનેલી અને ચાલતી બેવડી નૈતિકતાની સ્થિતિમાં આપણો મધ્યમ વર્ગ સૌથી વધુ પીડિત છે. સ્વતંત્રતા અને સમાનતાના,બધા દાવા અને નારા છતાં મધ્યમ અને સાધારણ વર્ગના લોકો આજે પણ એ જ કહેવાતી નૈતિક માન્યતાઓના નાગપાસમાં બંધાયેલા છે, જે ખોટી અને પોકળ સાબિત થઈ ચૂકી છે. અંદર જે સાચું લાગે છે તેને બહારમાં અસત્યનાં પ્રલોભનો અને ભય પ્રગટ થવા નથી દેતા. આપણું ભીતર આપણા બાહ્ય સાથે મેળ નથી રાખતું એ જ આપણી સૌથી મોટી સમસ્યા છે. માનસિક અને વૈચારિક જડતાના તાળાં લાગેલાં કબાટો, બહારના ચોતરફ પ્રકાશ ફેલાવતા સત્યને પોતાની ભીતર પહોંચવા જ નથી દેતા. વિજ્ઞાનની અભૂતપૂર્વ સંશોધન યાત્રાએ જગત અને જીવનનાં ઘણા નવા તથ્યોને પ્રકાશિત કર્યા છે, બીજી બાજુ સેંકડો, બલ્કે, હજારો વર્ષોથી પ્રચલિત માન્યતાઓ અને રૂઢિઓને ભોં ભેગા કરી દીધાં છે. છતાં સમાજનો બહુ મોટો અંશ આજે પણ એ સત્યનો ખુલ્લા દિલે સ્વીકાર નથી કરતો. એ જ સ્થિતિને જોઈને અણુવિજ્ઞાનના આવિષ્કર્તા (સંશોધક) આઈન્સ્ટાઈને કહેલું, "અણુયુગનો માણસ માત્ર બાહ્યાચારમાં જ અણુયુગનો છે, મનથી તે અણુપ્રેરિત ચિંતન અને વિચારનો સ્વીકાર નથી કરતો." આ કેટલી મોટી આત્મવંચના છે !"તમસો મા જ્યોતિર ગમય"ના આદર્શનું સંવર્ધન કરનારો સમાજ સામે ઊભેલી જ્યોતિનો અસ્વીકાર કરીને અંધારામાં ઊભા રહેવાનું પસંદ કરે છે. એટલું જ નહીં, અંધારાને જ શ્રેય માને છે, અંધકારમાં જ પોતાને સુરક્ષિત સમજે છે. એટલા માટે એ અંધકારનું વિસર્જન કરવા નથી માગતો અને જે રૂઢિઓ તથા માન્યતાઓને કારણે આ અંધકાર કાયમ રહ્યો છે તેનું ખંડન કરવા નથી માગતો. પ્રકાશની સમસ્યાઓના જવાબો અંધકાર પાસેથી ઈચ્છે છે, અણુયુગના પ્રશ્નોનું સમાધાન મનુયુગની સંહિતાઓમાં શોધે છે.

એનું અજ્ઞાન, વિજ્ઞાનનો સ્વીકાર નથી કરી શકતું કે સહી નથી શકતું. વિજ્ઞાનથી મળેલી સાધનસગવડોનો એ લાભ ઉઠાવે છે, ઉઠાવવા માગે છે, પણ વિજ્ઞાનના પ્રકાશમાં પોતાને રાખી કે જોઈ નથી શકતો. આરામ અને ભોગવિલાસની. કઈ વસ્તુ કયાં છે, કયાં બને છે એના પર જ એનું ધ્યાન સતત રહે છે. એ વસ્તુઓને એ વધુ ઊંચા ભાવે, ચોરીછૂપીથી ખરીદવા માગે છે. નફાની શોધમાં રહેનારા વેપારીઓ પણ આવી વસ્તુઓ બનાવવાની અને વેચવાની તજવીજમાં રહે છે, એવું કરવામાં પશ્ચિમના અનુકરણનું સૂળ વચ્ચે નથી આવતું પણ જયાં જીવનના દૃષ્ટિકોણનો પ્રશ્ન છે ત્યાં માણસ જૂનીપુરાણી પ્રણાલિકાઓનો જ આગ્રહ સેવે છે. વેપારી જ શા માટે, મેં એવા વિજ્ઞાનીઓ પણ જોયા છે, જેઓ પ્રયોગશાળા અને વિજ્ઞાનનો સંચાલિત કારખાનાઓમાં જ વિજ્ઞાનની શકિતને ઓળખે છે અને સ્વીકારે છે. અંગત જીવનમાં આગ્રહ-પૂર્વક જૂનાપુરાણા રીતરિવાજો પર લોકોને ચાલવા દે છે એટલું જ નહીં પણ એમ થવા દેવામાં જ ગૌરવ માને છે. એમ લાગે છે કે માણસ ખાય છે વિજ્ઞાનયુગનું, પણ જીવે છે ગોબરયુગમાં. પણ આમ ને આમ કાયમ માટે ચાલી શકે નહીં એટલે એની હાલત ધોબીના કૂતરા જેવી ન અહીંનો ન ત્યાંનો-જેવી બની રહી છે. એ વચ્ચે ઝૂલી રહ્યો છે. વિજ્ઞાનના અસીમિત ક્ષેત્રમાં એ અંદરની પરંપરાઓથી જડાયેલો છે. મુકિત અને બંધનનો સંઘર્ષ એની ભીતર ચાલી રહ્યો છે.

આ બાબતમાં સંક્રાંતિકાળની વાત કરે તો પછી એ જ વાત કર્યે જાય છે. આપણા વિચાર, ચિંતન અને જીવનના દૃષ્ટિકોણમાં પરિવર્તનની ગતિ અત્યંત મંદ છે, અલબત્ત, એટલી બધી ધીમી નહીં જેટલી બાહ્યાચાર અને પ્રણાલિમાં છે. પૃથ્વી, જળ, વાયુ, આકાશ અને અગ્નિ-સૃષ્ટિનાં મૂળ પંચમહાતત્ત્વો છે, એના સંદર્ભમાં એમની આંતર-પરાવલિમ્બત ક્રિયા પ્રતિક્રિયા અને પરિણામને ધ્યાનમાં લઈને વિજ્ઞાને સૃષ્ટિ અને જીવનનાં જે સત્યો તદ્દન ઉઘાડાં કરીને આપણી સામે મૂકી દીધાં છે. એથી જુદી રીતે પણ આપણે આપણા જીવનનાં ક્રિયા-કલાપો નથી બનાવી શકતા, પણ મનથી આપણે આજે ય એ નવીનતાનો ઈનકાર કરતા રહ્યા છીએ. એ

જોતાં એમ લાગે છે કે જેને આજ સુધી આપણે નીતિ અને ધર્મ ગણાવ્યા એમાં નીતિનું નામનિશાન નથી એટલું જ નહીં, પણ સમાજની દષ્ટિએ અનૈતિક અને પ્રતિબંધિત ગણાયેલી બાબત આવશ્યક અને કરવાયોગ્ય જણાઈ છે. જડતા અને પ્રગતિની વચ્ચે ઝૂલતો આજનો મધ્યમ વર્ગ આ યુગમાં જીવવા છતાં ય આ યુગનો નથી રહ્યો. જર્મનીના મહાન કવિ ગેટેની એક વાત યાદ આવે છે, "યુગ કેટલો મહાન અને મોટો છે, માણસ કેટલો વામણો અને સંકુચિત છે." !

આ સ્થિતિ ત્યાં સુધી રહેશે, જ્યાં સુધી આપણે વિચાર અને વર્તનમાં સંપૂર્ણત: એક નહીં થઈએ એટલે કે જીવનમાં નીતિ અને દષ્ટિ દરેક સ્થળે અને સમયે એકસરખી ન હોઈ શકે. વિજ્ઞાને સૌથી મોટું કામ મુક્તિના પ્રચારનું કર્યું છે. મુક્તિની આપણી શોધ હજુ ચાલુ છે. મુક્તિના માર્ગે ચાલતાં કેટલાક દર્ગો અને દ્રીપો (અવરોધો) મળશે, જ્યાં હજુ ય અંધકાર યુગનું પ્રવર્તન છે અને ધર્મ તથા નીતિના કહેવાતા રક્ષકો પોતાનો સ્વાર્થ સાધવા ત્યાં બેઠા છે. વૈચારિક ક્રાંતિ દ્વારા આ અંધકાર-નગરોને ખતમ કરવાની દિશામાં હજુ ઘણું કરવાનું બાકી છે. બર્નાર્ડ શોએ કહ્યું છે: "વિચારોમાંની જડતાને દૂર કરવાનું કાર્ય ઘણું કપરું છે. મશીનોને કાટ લાગતાં કે મશીનો જૂનાં થતાં માણસ તરત તેને બદલે છે પણ જૂના વિચારોને છોડીને નવા વિચારો અપનાવવાનું અને જીવનમાં આચારમાં મૂકવાનું કાર્ય સરળ નથી."

રોજ એવું જોવા મળશે, કે નૈતિક આદર્શોની શિખામણો આપનારા અને એના પાલન માટે સંતાનો પર અને પાબંદીઓ લાદનારા માતાપિતા પોતાના બાળકો સમક્ષ બોલે છે એક અને પોતે જીવે છે બીજું. એમની વાણીમાં તો સંગતિની સંસ્કૃતિ છે. પણ કાર્યોમાં વિસંગતિ અને વિષમતાની વિકૃતિ રહેલી છે. આખો સમાજ અને ખાસ કરીને મધ્યમ વર્ગના લોકો વધુ પ્રમાણમાં આ વિસંગતિ અને વિષમતા વચ્ચે ભાંગી પડેલા, વેરવિખેર બનીને જીવે છે.

હું છોકરીઓની બે કોલેજોમાં મંત્રી છું. એક કલકત્તાની બીજી જયપુરની–એ બંને સ્થળે એકેક હજાર છોકરીઓ ભણે છે. આ છોકરીઓ નવા અને જૂના વચ્ચે થતા સંઘર્ષના ચહેરા જેવી છે, એમાં બેવડા ધોરણ ધરાવતી નીતિનો આખો ઈતિહાસ જોઈ-વાંચી શકાય છે. કેવા અને કેટલા પ્રકારના સંઘર્ષોમાંથી આ છોકરીઓ પસાર થઈ રહી છે. એની કલ્પના કરવી અઘરી નથી. માતાપિતા અને ઘરના અન્ય વડીલો પાસેથી જે કંઈ જોઈ, સાંભળી કે શીખી રહી છે એમાં ક્યાંય કોઈ તાલમેળ નથી. ઘર ભૂતકાળ છે, કોલેજ વર્તમાન કાળ. ઘરથી કોલેજ સુધીનો માર્ગ વીતેલા અને વીતી રહેલા જીવનથી નવીન ચેતના અને નવાં મૂલ્યો ભણીનો પ્રવાસ છે. જીવન તૂટી રહ્યું છે પણ એ ખંડિતતાનો સ્વીકાર નથી કરાતો. ચારે બાજુ નૈતિકતાના નામે જે કંઈ બોલાઈ–સંભળાઈ રહ્યું છે એ નીતિ ક્યાંય હાજર નથી.

જે કંઈ પરિવર્તન થયું છે તે માત્ર બહારનું છે. ભીતરમાં એને અપનાવતાં આપણે ડરીએ કે કતરાઈએ છીએ. સમાજવાદી સમાજવ્યવસ્થાના નારા લગાવતી વખતે આપણે ભીતરથી તો સામંતશાહીના જ કેદી બની રહ્યા છીએ. એવા કેટલા લોકો છે જેમણે અંગત જીવનમાં આપસના વ્યવહારમાં સમાજવાદી નીતિ અપનાવી છે. ઉદ્યોગો-ધંધાના વૈજ્ઞાનિક વિકાસથી જે વૈજ્ઞાનિક દષ્ટિ ઉત્પન્ન થઈ છે એણે જ નફાખોરી પર સામાજિક પ્રતિબંધોની આવશ્યકતા પણ સર્જી છે. આજ સુધી આપણે આર્થિક ક્ષેત્રમાં જેને નીતિ માનીને ચાલતા રહ્યા તે આજે અનીતિ ગણાય છે. જાતીયતા-લગ્ન વગેરે કિસ્સાઓમાં પુરાણો અને નીતિશાસ્ત્રો ખોખલાં સાબિત થયાં છે. જે માન્યતાઓને આધારે એ નિયમો ઘડાયા હશે એ ખોટી સાબિત થઈ છે. ચંદ્રની ભૂમિ પર પહોંચીને પાછો આવેલો માણસ ચાંદા - સૂરજની ધર્મક્રિયાઓ પર હસવાનો જ. જેને એણે જોયો છે, સ્પર્શ કર્યો છે. એને અંગે પુરાણી કપોળકલ્પિત કથાઓ અને એ કથાઓ પર આધારિત નૈતિક અથવા ધાર્મિક માન્યતાઓ નિરર્થક બની રહે છે. એનું પાલન કરવાની વાતો નરી આત્મવંચના છે, એની પાછળ આગ્રહ મૂઢતા (અંધશ્રદ્ધા) છે.

આ સદીમાં આપણને જેટલો પ્રકાશ સાંપડયો છે એટલો આ પૂર્વેની કોઈ સદીઓમાં ક્યારે ય સાંપડયો નથી. એમાં સર્વત્ર, બધી બાબતો, વિષયોમાં અને બધી બાજુએથી મુક્તિના મંત્રનો મહિમા ગવાયો છે. જે સમાજ 'બાંધ' રખાયો હતો, બંધ હતો તે હવે ઊઘડી રહ્યો છે. મુક્તિ અને બંધનનો આ સંઘર્ષ સમાજ આખાને દરેક વ્યક્તિને એક તાણ, ઘૂટન (શ્વાસ ઘૂંટાવો) અને સંત્રસ્ત અવસ્થાનો અનુભવ કરાવી રહ્યો છે. એમાંથી નીકળવાનું કાર્ય અઘરું નથી. મુશ્કેલ હોય તો માત્ર એટલું જ, કે માણસ 'મુક્તિ'નું જોખમ લેવા નથી માગતો.

એ તો ઈતિહાસ–જૂની વાત છે કે ગુલામ બનાવાયેલો માણસ ગુલામ જ રહેવા માગે છે કારણ કે એને સ્વાતંત્ર્યના જોખમો ઉઠાવવા નથી. ગુલામોને તેમાંથી મુક્ત કરાવવા બિન-ગુલામો એટલે કે આઝાદ લોકોએ જ સંઘર્ષ અને ક્રાંતિ કરવા પડયાં છે. અત્યારે તો વૈચારિક ગુલામીનો પ્રશ્ન છે જેને દૂર કરવા માણસે પોતાની જાત સાથે લડવું પડે.

ભારતીય સમાજમાં ધર્મ, સંપ્રદાય જાતિ વગેરેની જે વાડાબંધી છે તે હજારો વર્ષોથી ચાલતી આવી છે એને તે સ્વીકારવા નૈતિક કર્તવ્ય મનાતું હતું તેને કારણે આપણી રાષ્ટ્રીયતાને કેટલું નુકસાન પહોંચ્યું છે આપણી સામાજિકતા કેટલી સંકુચિત અને પાંગળી રહી છે એ આપણે બધા જાણીએ છીએ.

વિજ્ઞાને આપેલા વિચારોની વિકાસમાત્રામાં એ સાબિત થઈ ચૂક્યું છે કે ભેદભાવ તદ્દન નિરાધાર છે, છતાં જાતિભેદ કાયમી છે. સાંપ્રદાયિકતા મોજુદ છે અને ધર્મ એવી કેટલીય બાબતોમાં સત્તાધીશ બની રહ્યો છે જેની સાથે તેને સ્નાનસૂતકનો ય સંબંધ નથી. મનુષ્ય સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં આ જ ભેદભાવોમાં જકડાઈને ચાલે છે - ચાલવા ઈચ્છે છે.

જાતિ અને સંપ્રદાયની કેદમાં કેટલાય પરિણીત યુવક-યુવતીઓનાં જીવન સબડી રહ્યાં છે. કેટલાય યોગ્ય યુવક–યુવતીઓ જાતિ, સંપ્રદાય અને પ્રાંતના ભેદભાવને કારણે પ્રાપ્યથી વંચિત રહી જાય છે. આ કરુણ કહાણી લખી-વણલખી બધે વાંચી-સુણી શકાય છે. લેખકો આ સ્થિતિનું વિશ્લેષણ તો કરે છે, સીધી રીતે અથવા કટાક્ષપૂર્વક આ વાતોનો વિરોધ પણ કરે છે, જે આપણી નીતિના બેવડાં ધોરણ પર પ્રહાર કરે છે, પણ, એમના પોતાના જીવનમાં જ્યારે એવો અવસર આવે છે, સામાજિક કાર્ય કરવાનું હોય છે. લગ્ન, સગાઈ કે બીજો કોઈ પ્રસંગ ઉકેલવાનો આવે છે ત્યારે તેઓ પોતે જેને ખોટા અને અયોગ્ય ગણાવ્યા છે તે જ નિયમોને અનુસરે છે. દેશી-વિદેશી નવલકથાઓ વાંચતાં જેમાં જૂના સડેલા-ગળેલા રૂઢિનિયમોમાં કંટાળીને તેની સામે સંઘર્ષ કરતા પાત્રોનું ચિત્રણ વાંચવામાં આવે, નવા નૈતિક મૂલ્યોની આવશ્યકતા અને ઉપલબ્ધિની વાત ભારપૂર્વક રજૂ થાય ત્યારે તે ગમે છે. આમ જ થશે એમ આપણે માનીએ છીએ. આજકાલ આપણે એવી ફિલ્મો જોઈએ છીએ જેમાં જૂના નવાનો સંઘર્ષ થોડોઘણો દેખાડાયો હોય. પાપ અને ધર્મની જૂની વિવેકહીન માન્યતાઓ પર જોરદાર અને વ્યંગપૂર્ણ આક્રમણ કરાય છે, મુક્ત જીવનનું પુસ્તક ઉઘાડું રાખી દેવાય છે. આવી ફિલ્મોમાં, શ્લીલ અને અશ્લીલના પ્રશ્ને ઘડાયેલી અને બંધાયેલી માન્યતાઓના કિલ્લાને કડડભૂસ થતા જોઈને વાહવાહ કરનારા અને આવી ફિલ્મો વારંવાર જોનારા લોકો પણ ઘર, સમાજ અને પારસ્પરિક સંબંધોમાં એ વાતોનો લાવતાં કતરાય છે, સત્યને સત્ય કહેવાનો ઈનકાર કરે છે.

એક બાજુ અતીતનો મોહ છૂટવાનો એમને ભય છે, બીજી બાજુ વર્તમાનના સત્યને માનવાની હિંમત નથી થતી મોટા ભાગના લોકો બહારથી જૂની નીતિનાં વાઘા ઓઢીને ફરે છે, પણ ભીતરથી બધાં એમ જ કહે છે, કરવા માગે છે, જે નિષિદ્ધ અને પ્રતિબંધિત ગણાવાયું છે-ગણાવાય છે.

સિનેમામાં પ્યારનો સાગર વહે છે, જેને જોવાની ઈચ્છા રહે છે, જોયા વિના રહેવાતું નથી. પણ ઘરે, પાડોશમાં સમાજમાં કોઈ છોકરો છોકરી પ્યાર કરે કે લગ્નની ઈચ્છા વ્યક્ત કરે તો અનીતિને નામે આંગળી ચીંધાય છે, પરંતુ આ જ નીતિના કહેવાતા રક્ષકો વેશ્યાજીવનની મજબૂરીઓ સામે મોં બંધ રાખીને બેઠાં છે. સ્ત્રી-પુરુષોમાં વધી રહેલી સમાનતાથી યૌવન સંબંધો અંગે પણ સામાજિકતા અને નૈતિકતાની વ્યાખ્યા બદલાઈ છે. ગર્ભનિરોધનાં સાધનોના પ્રચાર એ યૌન સંબંધોની બાબતમાં સ્ત્રી અને પુરુષને સમાનતા અને મુક્તિના અધિકારો આપ્યા છે. પરિવાર નિયોજનના વિશ્વવ્યાપી પ્રચારથી પરિવાર, સંતતિ, સ્ત્રી-પુરુષ સંભોગ અંગેની

અનેક વિવશતા, જેને ધર્મ, ઈશ્વર અને પ્રકૃતિને નામે માનવામાં કે પાળવવામાં આવતી હતી, આજે એનું કોઈ મહત્ત્વ નથી રહ્યું. કહેવાતી નીતિની પાબંધીઓ અને પ્રતિબંધો હવે નથી ચાલતા.

જેને જે લાગે તે કરવા તે સ્વતંત્ર છે પણ માણસે બાહ્યાચારની જેમ ભીતરની કમજોરીમાંથી મુક્તિ મેળવવી જોઈએ જેથી તે વિભાજિત અને બેવડા વ્યક્તિત્વનો રોગી ન બની રહે. વિચારમાં હોય તે જ આચારમાં રહે અને અંતે માનવતાનો સ્વસ્થ અને ચેતનમય વિકાસ એમાં જ રહેલો છે. દુર્ભાગ્યવશ હજુ સુધી આપણે એ કહેવાતી નીતિના નાગપાશમાં બંધાયેલાં છીએ, જે જીવનને રુંધે છે અને રુંધી ન શકતાં ભ્રષ્ટ બનાવે છે. આ ખોટી નૈતિકતાને આપણે જીરવી નથી શકતા છતાં એનો દેખાવ કરીએ છીએ. એ આપણી કહેવાતી ધાર્મિકતા છે, નૈતિકતા અને શીલત્વ છે જે સત્ય છે એને અંધારામાં અને જે અસત્ય છે તે, ઉજાશમાં રાખીને મનુષ્ય પવિત્ર અને નૈતિક બની બેસે છે, રહેવા માગે છે. આ બધી નૈતિક (હકીકતમાં અનૈતિક) માન્યતાઓની જાળમાંથી નીકળીને જીવનની સ્પષ્ટ, સ્વચ્છ અને સ્વસ્થ ભૂમિકા પ્રાપ્ત કરવા એક મોટી સામાજિક ક્રાંતિની જરૂર છે.

મધ્યમ વર્ગના યુવાનો આજે એક પ્રકારની વિભાજિત અને બેવડી નૈતિકતાથી બીજા બધાં કરતાં વધુ પીડિત અને પરેશાન છે એ સાચું છે. તેઓ ક્રાંતિ ભણી જઈ રહ્યા છે પણ ગોકળ ગાયની મંદ ગતિએ. એમને એટલું જ કહેવું છે કે દરેક બાબતમાં તક મળતાં જ વિચારોને આચારમાં મૂકે. એ માટે જ્યાં જેટલો સંઘર્ષ કરવો પડે એ માટે તૈયાર રહે. ક્રાંતિની સફળતાનો મૂળમંત્ર એ જ છે.

–ભંવરમલ સિંઘી

# પરિગ્રહ વિરમણ

'પરિગ્રહ' શબ્દ 'પરિ' ઉપસર્ગ સાથે 'ગ્રહ' ધાતુ દ્વારા બનેલ છે. 'પરિ' એટલે ચારે બાજુએથી, 'ગ્રહ' એટલે ગ્રહણ કરવું. પોતાના રક્ષણ માટે પોતાની પ્રતિષ્ઠા માટે, પોતાના યશ, લાભ માટે એમ પોતા માટે ચારે બાજુથી જે ગ્રહણ કરાય તેને તમામ શાસ્ત્રકારોએ 'પરિગ્રહ'નો અર્થ સ્વીકારેલ છે. સમગ્ર સંસારનો ટકાવ 'પરિગ્રહ' ઉપર જ છે. અશાંતિનો જનક પણ પરિગ્રહ જ છે. જે વ્યક્તિ અપરિગ્રહી છે અથવા બિનપરિગ્રહી છે તે કોઈને પણ ભયજનક નથી, પીડાજનક નથી. 'પરિગ્રહ'નો વિરુદ્ધ શબ્દ 'સંતોષ' છે. લોકમાં કહેવત છે કે "સંતોષી નર સદા સુખી." સંતોષી થવું કે બિનપરિગ્રહી થવું સહેલું નથી. સંતોષી થવા માટે મનની પ્રવૃત્તિઓ, વાણીની પ્રવૃત્તિઓ તથા શરીરની પ્રવૃત્તિઓ ઉપર વધારે ને વધારે કાપ મૂકવો જરૂરી છે, એમ કર્યા સિવાય કોઈ પણ વ્યક્તિ અપરિગ્રહી અલ્પપરિગ્રહી કે સંતોષી થઈ શકતી નથી. 'મૂર્છા' એ આંતર-પરિગ્રહનું નામ છે. આંતરપરિગ્રહમાંથી જ બાહ્યપરિગ્રહ જન્મે છે. સર્વ પ્રકારે તો અપરિગ્રહી તે જ થઈ શકે જે શરીરધારી નથી. જે જે શરીરધારી છે તેને જ પરિગ્રહ કરવાની જરૂર પડે છે.

આપણે ત્યાં સર્વ ધર્મોએ 'અહિંસા'ને પરમ ધર્મરૂપે ગણાવેલ છે. આ અહિંસાને સાધવા માટે પણ અપરિગ્રહવૃત્તિ જ કેળવવી પડે છે. જેટલે અંશે અપરિગ્રહનો ભાવ કેળવાય તેટલે અંશે જગતમાં સુખનો અને શાંતિનો અનુભવ થાય છે અને જેટલે અંશે પરિગ્રહનો ત્યાગ ન કેળવાય તેટલે અંશે દુ:ખ વધતું જાય છે. આ માટે એક પ્રસિદ્ધ લૌકિક ઉદાહરણ આ પ્રમાણે આપી શકાય. એક બાવો હતો, તેની પાસે કશો જ બાહ્ય પરિગ્રહ ન હતો. માત્ર તે એક કૌપીનભર રહેતો. કૌપીન એટલે લંગોટી. બાવો જે ઝૂંપડીમાં રહેતો તે ઝૂંપડીમાં ઉંદરોનો ઉપદ્રવ વિશેષ રહેતો. બાવો પોતાની લંગોટીને ધોઈને પાસેના ઝાડ ઉપર સૂકવી દેતો અને બીજી લંગોટી પહેરી લેતો, પણ જ્યાં ઝૂંપડી હતી ત્યાં ઉંદરોનો ભારે ઉપદ્રવ હતો એટલે ઉંદરો આવીને બાવાની લંગોટી તાણી જતા અને પોતાના દરમાં જઈને કાતરી ખાતા. બાવાએ વિચાર્યું કે રોજ રોજ લંગોટી ક્યાંથી લાવવી અને આ ઉંદરોનો ઉપદ્રવ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી મારી લંગોટી સલામત નહીં રહે. ભીક્ષા માટે ગામમાં કાંઈ 'નાગા' તો ન જ જવાય, માટે લંગોટીને સાચવવાની વ્યવસ્થા કરવી જરૂરી છે. ઉંદરો એટલા બધા છે કે તેમને હટાવી પણ શી રીતે શકાય? આ રીતે તો મારા ધ્યાન, ઉપાસના વગેરે અનુષ્ઠાનો નિર્વિઘ્ને શી રીતે ચાલી શકે? આમ બાવો વિચારતો હતો ત્યાં કોઈ ગામડિયો તેનો ભક્ત તેને પગે લાગવા આવ્યો. આવતાં જ તેણે કહ્યું કે, "બાવાજી પાય લાગૂં." પોતાના ભક્તના શબ્દ તો બાવાજીએ સાંભળ્યા પણ તેનું ધ્યાન પોતાની લંગોટીના રક્ષણના વિચારમાં એટલું બધું ડુબ્યું હતું કે બાવાજીને ભક્તને આશીર્વાદ આપવાનું તરત સૂઝ્યું નહીં. ભક્તે જોયું કે આજે બાવાજી ભારે વ્યગ્ર બની ગયા છે અને હું રોજ રોજ તેમના દર્શને આવું છું ત્યારે તો તેઓ તરત જ મને 'સુખી રહો'નો આશીર્વાદ આપે છે પણ આજ તો તેઓ કોઈ વિશેષ ચિંતામાં એવા ડૂબી ગયા છે કે કદાચ, મારા નમસ્કારસૂચક શબ્દો પણ તેમણે નહીં સાંભળ્યા હોય, આમ વિચારીને પેલા ગામડિયા ભક્તે વિશેષ અવાજ કરીને બાવાજીને ફરીવાર સંભળાવ્યું કે "બાવાજી પાય લાગૂં" પોતાના ભક્તનો વિશેષ બળપૂર્વક બોલાયેલો શબ્દ બાવાજીને કાને બરાબર પડયો અને તેમણે ઊંચું જોઈને પોતાના ભક્તને 'સુખી રહો' નો આશીર્વાદ તો આપ્યો પણ જાણે બાવાજી ભારે કંટાળાથી બોલતા હોય તેમ પેલા ભક્તને લાગ્યું એટલે જરા વધારે નજીક જઈને બાવાજીને ભક્તે પૂછ્યું કે 'કેમ બાવાજી! આજે શી ચિંતામાં તમે પડી ગયા છો? પછી સાવધાન થઈને બાવાજી બોલ્યા કે 'ભાઈ! યે મેરી લંગોટીકી બડી ચિંતા હોતી હૈ" રોજ રોજ ઉંદર ઉસે લે જાકર કાટ દેતે હૈ, ઈસસે મેં સોચતા હું કી લંગોટીકે રક્ષણ કે લિયે ક્યા કિયા જાય જીસસે રોજરોજ નઈ લંગોટી નહીં લાની પડે? ગામડિયો તરત બોલ્યો કે "બાવાજી! ચિંતા મત કિજીયે' ઉસકા ઉપાય ઈસ પ્રકાર કિજીયે, એક બિલ્લીકો પાલ લિજીયે ઔર ઈધર આપકી ઝૂંપડીમેં રસ્સીસે બિલ્લીકો બાંધ કર રખીયે ઔર ફિર આપ સુખશાંતિસે રહીએ. બિલ્લી હોને સે એક ભી ઉંદર નહીં આ સકતા ઔર આપકી લંગોટી સદા સુરક્ષિત રહેગી." પોતાના ગામડિયા ભક્તની વાત સાંભળીને બાવજીને ઉપાય મળી ગયો પણ પાળેલ બિલ્લી કાંઇ ભૂખી જીવી શકે નહી? અને બાંધેલ હોવાથી તે પોતાનું ભક્ષ્ય મેળવી શકે નહીં. એટલે વળી બાવાંજીએ એ માટે થોડા વ્યગ્ર થઈ ગયા, પણ આ વખતે તો તેમને તરત જ ઉપાય સૂઝી ગયો કે એક ગાય પાળીએ તો રોજ પોતાને અને આ બિલ્લીને ય ચોખ્ખું દૂધ મળી જાય, આમ વિચારીને બાવાજી જે ગામમાં રોજ ભીક્ષાએ જતા ત્યાંના ઠાકોરને નિવાસે જઈને આ બિલ્લીને પાળવાની તથા તેને માટે દૂધનો બંદોબસ્ત કરવાની વાત ઠાકોરને કરી એટલે ઠાકોરે તો ઘણા ભક્તિભાવથી બાવાજીને પોતાની પાસેની ગાયોમાંથી શોધીને એક દૂઝણી ગાય તરત જ આપી દીધી અને બાવાજીનો ખરા ભાવપૂર્વકનો શુભ આશીર્વાદ મેળવી લીધો. પણ પોતાને મળેલી ગાયથી પોતાનું દૂધનું કામ તો સરી જશે અને બિલ્લીની પણ રક્ષા થશે એ રીતે પોતાની લંગોટીની સલામતીથી બાવાજી ખુશ તો થયા પણ વળી તેને ચિંતા થઈ કે ઠાકોરે આપેલ આ ગાય શું ખાશે? જંગલમાં કાંઈ બારે માસ લીલું ઘાસ મળવાનો સંભવ નથી, એટલે વળી બાવાજી ઘાસની ચિંતામાં પડયા. ફરી પાછા ગામના ઠાકોર પાસે જઈને બાવાજીએ પોતાની મૂંઝવણ ઠાકોરને કહી સંભળાવી એટલે ઝટ દઈને ઠાકોર પોતાના તાબાની જમીનમાંથી એક વીઘો કૂવાવાળી જમીન કાઢી આપી અને સાથે બળદની જોડી તથા હળ ખાંપાળી, દાંતરડુ વગેરે ખેતર ખેડવાની સામગ્રી પણ આપી એટલે બાવાજીના ચિત્તમાં શાંતિ થઈ અને બાવાજી હવે પોતાની બધી ધ્યાનની - ચિંતનની - મનનની તથા લોકોપકારની પ્રવૃત્તિ છોડીને ખેતી કરવા લાગ્યા અને પોતાની લંગોટીની સલામતીથી નિશ્ચિત રહેવા લાગ્યા. એવામાં એકવાર એ બાવાજીનો ગુરૂભાઈ જે બીજા પડખેના જ જંગલમાં રહેતો હતો તે બાવાજીને મળવા આવી ચડયો અને તેણે જોયું કે બાવાજી ખેતરમાં હળ હાંકી રહ્યા છે. આ જોઈને તેને એમ લાગ્યું કે શું હું ભૂલો પડીને બીજે ઠેકાણે આવી ચડયો છું? મારો ગુરૂભાઈ તો મસ્ત હતો અને ધ્યાની હતો તથા સતત ઈશ્વરના ચિંતનમાં જ મગ્ન રહેતો હતો ત્યારે આ છે તો બાવો પણ ખેતી કરતો જણાય છે એટલે એ સ્થાનેથી પાછો વળીને ચાલવા લાગ્યો, પણ આ બાવાજીએ હાંક મારી તેને પાછો બોલાવવા પ્રયાસ કર્યો એટલે હાંક સાંભળીને આવેલ બાવાજી સમજી ગયા કે આ બાવાજી જ મારા ગુરૂભાઈ છે એમ તે તેની હાંકના શબ્દથી તેમને ઓળખ્યા અને પાછો વળીને પોતાના ગુરૂભાઈ અને વર્તમાનમાં ખેડૂત બનેલા આ બાવાજી પાસે પહોંચ્યો અને વંદન–નમન કરીને કુશળ સમાચાર પૂછી તેની પાસે બેઠો. તેણે પૂછ્યું કે ભાઈ! આ બધો શો પ્રપંચ છે? તું તો મારા કરતાં વધારે મસ્ત અને ધ્યાની હતો અને સદા ઈશ્વર પ્રાર્થનામાં જ મસ્ત રહેતો હતો. હવે આ બધી ઉપાધિ શેની વધી ગઈ? આ સાંભળીને આવેલ અતિથિરૂપ બાવાજીને પેલા ખેડૂત બાવાજીએ કહ્યું કે આ લંગોટીની સલામતી માટે આ

બધી ઉપાધિ વધારવી પડી છે પણ તારૂં કેમ ચાલે છે? એ તો કહે, આ સાંભળીને આવેલ અતિથિ બાવાજી બોલ્યો કે ભાઈ! એક લંગોટીની સલામતી માટે તેં પોતે વૈરાગ્યપૂર્વક લીધેલો સંન્યાસ ખોઈ નાખ્યો અને આ બધી પળોજણમાં પાછો જેવો ગૃહસ્થ હતો તેવો બની ગયો. આ તો સાધનાનો રસ્તો નથી પણ અવતારને નિષ્ફળ બનાવવાનો રસ્તો છે મારી પાસે પણ લંગોટી તો છે જ પણ તેને સંભાળવાની ચિંતા મારે ક્યારેય કરવી પડી નથી અને મારી લંગોટીને ક્યારેય ઉંદરે કાતરી જ નથી માટે તું આ પ્રપંચમાંથી બહાર આવ અને તેં લીધેલ સંન્યાસવૃત્તિને ફરી ધારણ કર અને આટલી બધી ફિકર લંગોટીની કરવાની હોતી હશે? આ કથા ઉપરથી જોઈ શકાય છે કે જાણ્યે-અજાણ્યે સલામતીને બહાને આપણો પરિગ્રહ કેવી રીતે વધતો રહે છે અને એને લીધે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્યનાં આપણા મહાવ્રતો તથા અણુવ્રતો કેવી રીતે છિન્નભિન્ન થઈ જાય છે તેની સરત પણ રહેતી નથી. આપણે અહિંસાની, સત્યની, અચૌર્યની બ્રહ્મચર્યની સર્વાંશે કે દેશથી અર્થાત્ અલ્પાંશે પાલના કરવી હોય તો પરિગ્રહનું નિયમન કર્યા સિવાય શક્ય જ નથી. પરિગ્રહની પાછળ હિંસક વૃત્તિ તો રહેલી જ છે. એવી હિંસક વૃત્તિથી કેમ જાણે આપણે ટેવાઈ ગયા હોઈ તે એ હિંસક વૃત્તિ આપણી જેવા અહિંસાધર્મીને કઠતી પણ નથી, એટલું જ નહીં કેટલીકવાર તો ધર્મને નામે પણ પરિગ્રહ ચાલતો રહે છે એની પણ આપણને જાણ થતી નથી. જૈન આગમોમાં જણાવેલ છે કે "ચિત્તમંતં અચિતં વા પરિગ્રહ્ય વા કિસામપિ" અર્થાત્ સજીવ કે નિર્જીવ થોડો પણ પરિગ્રહ કરવાથી ભાવકર્મો છૂટી શકવાતાં નથી. દેહધારી વ્યક્તિ માટે સર્વથા અપરિગ્રહી થવું શક્ય નથી. દેહધારી વ્યક્તિ પરિગ્રહ ઉપર નિયમન તો જરૂર કરી શકે છે અને એ રીતે પરિગ્રહજન્ય હિંસા વગેરે દૂષણોથી જરૂર બચી શકે છે. દાખલા તરીકે આપણી સામે ત્રણ પ્રકારની ચીજો ઉપસ્થિત હોય છે તેમાંથી આપણે આપણા કાર્ય માટે એવી ચીજ પસંદ કરવાની છે જે આપણી તૃષ્ણાને બહેકાવે નહીં, તો જેમની વૃત્તિ અપરિગ્રહપરાયણ છે તેઓ એવી વસ્તુ પસંદ કરશે જે દ્વારા ઓછામાં ઓછો પરિગ્રહ કર્યો કહેવાય. જે લોકો શ્રેયાર્થી હોય છે તેઓ આ રીતે અપરિગ્રહની વૃત્તિ કેળવતા હોય છે. સુખ કે શાંતિની ખરી ઝાંખી કરવી હોય તો 'મૂર્છા વૃત્તિનો ધીરે ધીરે ત્યાગ કરવો જોઈએ આમ ટેવ પાડવાથી—અભ્યાસ કરવાથી—ચિત્ત અપરિગ્રહવૃત્તિથી ટેવાઈ જાય છે. જે ખરા અર્થમાં અપરિગ્રહી હોય છે તે કોઈના પણ દુ:ખનું નિમિત્ત થતો નથી. આ રીતે અપરિગ્રહવૃત્તિ અહિંસાની સાધનામાં સહાયક બને છે તથા અપરિગ્રહીને અસત્યનો આશ્રય લેવાનીજરૂરજપડતી નથી. તેથી અપરિગ્રહવૃત્તિ સત્યની સાધનામાં પણ મદદગાર થાય છે આમ વિચારતાં અપરિગ્રહવૃત્તિ સુખકર નીવડે છે અને દુ:ખના નાશમાં પ્રબળ સહાયક બને છે. અપરિગ્રહ માટે મૂર્છાનો ત્યાગ જ સબળ સાધન છે તે ન ભૂલાય.

**બેચરદાસ દોશી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સુવર્ણ જયંતી મહોત્સવ નિમિત્તે વિશેષાંક બહાર પાડવાનો સંઘની કાર્યવાહક સમિતિએ નિર્ણય કર્યો ત્યારથી વિશેષાંક સમિતિના સભ્યો સર્વશ્રી (૧) ડૉ. રમણલાલ સી. શાહ (૨) શ્રી કાંતિલાલ ડહ્યાભાઈ કોરા (૩) શ્રી ત્ર્યંબકભાઈ મહેતા (૪) પ્રો. તારાબહેન રમણલાલ શાહ એ સતત જહેમત ઊઠાવી છે. એમાં ય શ્રી ત્ર્યંબકભાઈની સૂઝ અને પરિશ્રમ ધ્યાન ખેંચે એવા રહ્યા છે. આ વિશેષાંકમાં 'પ્રબુદ્ધજીવન'ના ધોરણને અનુરૂપ લેખો અને કાવ્યો મોકલવામાં એના સર્જક લેખકો-કવિઓ આ વિશેષાંકનો આત્મા છે. એ સૌનો અને આ કાર્યમાં ઉપયોગી થનાર અન્ય મિત્રોના અમે આભારી છીએ.

**મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

# 'પ્રબુદ્ધ જીવન'નું મહત્ત્વ

ગુજરાતનાં સમાચાર સામયિકોમાં ત્રણ ખાસ ધ્યાન ખેંચે છે. - 'ભૂમિભૂત્ર', 'નિરીક્ષક' અને 'પ્રબુદ્ધ જીવન', એમાં 'પ્રબુદ્ધ જીવન' જૂનામાં જુનું છે. ત્રણેની પ્રતિષ્ઠા ઊંચી છે. જો કે ત્રણેના અભિસન્ધાનમાં ફરક છે. દેશજનનો ઉત્કર્ષ અને રાષ્ટ્રની ઉન્નતિ, એવું કંઈક ધ્યેય ત્રણેનું સમાન છે. સ્વસ્થ, ઉદાર, સ્વતંત્ર વિચારની અભિવ્યક્તિ માટે આ ત્રણેય પીઠિકા થઈ શકે છે. એક રીતે, ત્રણેય પત્રો મનીષી અને વિબુધોનાં અને સંવેદનશીલ વાચકોનાં પત્રો છે. પરંતુ 'પ્રબુદ્ધ જીવન' ની એક વિશિષ્ટતા એના પ્રભવમાંથી ઊતરી આવી છે ને વિકસી છે. જૈન ધર્મ, જૈન સંસ્કાર, જૈન રહેણીકરણી અને જૈન વિદ્યોપાસના ભણી તેના ચર્ચા વિષયોનું ઓછેવત્તે અંશે વલણ છે. પણ 'પ્રબુદ્ધ જીવન' ની નીતિની વિશિષ્ટતા એ છે કે આ ઝોક તેની મર્યાદા બનતો નથી - એક રીતે સર્વ ભારતીય ધર્મ માર્ગની આ ખૂબી છે. અભિપ્રાય દર્શનમાં પણ અહિંસક રહેવું, અન્યના સત્યાંશનો સ્વીકાર કરવો, અન્યની આસ્થાના પ્રતિવાદમાં આકુલન થવું. વિવેક જાળવવો, સમતા રાખવી, એ તો જૈન ચિંતન પરંપરામાં પ્રાણ છે. એ પણ તપ અને સાધનાનું અંગ છે. વળી સકલ ભારતીય ધર્મવિચારની પરંપરામાં સમ્યક્ જ્ઞાનની પ્રતિષ્ઠા છે અને તત્ત્વ શોધનના સર્વ પુરુષાર્થ માટે આદર છે. આને લીધે 'પ્રબુદ્ધ જીવન'નો થોડો ઘણો સાંપ્રદાયિક ઝોક પણ સૌને સચેત કરે છે અને આચાર વિચારની સર્વ પ્રણાલીઓનું શોધન કરવા પ્રેરે છે. અલબત્ત, સત્ય અને શ્રેયની નિષ્ઠાથી કરેલી અને પૂર્ણ સમતાવાળી આલોચના પણ કેટલાક અતિરૂઢ ખ્યાલોની ચિકિત્સા કરે ત્યારે સંબંધ વર્ગને આઘાત થાય છે અને તેવે વખતે પત્રના સંચાલકોની ધીરજની અને સત્યનિષ્ઠાની કસોટી થાય છે. આનો અનુભવ 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રીઓને અવશ્ય થયો હશે. વિચાર, શોધન અને-સમન્વયસાધનાની યાત્રામાં આવી કસોટી અનિવાર્ય છે. પણ આવે પ્રત્યેક પ્રસંગે તંત્રીનું અભિપ્રેત કળવું મુશ્કેલ નથી હોતું અને તે સૂક્ષ્મ રીતે વાચકના હૃદયમાં સીંચાય જ છે.

'પ્રબુદ્ધ જીવન' નો હરકોઈ અંક જોતાં એના વિચાર વિમર્શનો મંચ કેટલો વૈવિધ્યવાળો અને ઉદાર છે તે પરખાશે. એ જ રીતે એની સાથે સંકળાયેલી વ્યાખ્યાનમાળાઓ પણ એ વાતનું સમર્થન કરશે. આ સર્વ પત્રની વ્યાપક સૂક્ષ્મ અને ઉદાર જનસેવાના સંકલ્પનું નિદર્શક છે.

શ્રી ચીમનલાલભાઈના કાર્યની ખાસ નોંધ લેવી ઘટે. 'પ્રબુદ્ધ જીવન' નો પ્રત્યેક વાચક તંત્રીને શું કહેવાનું છે તે જાણવા આતુર હોય છે. શ્રી ચીમનલાલ શાહ, નિખાલસ, દૃઢ, સૌજન્યશીલ, પર્યેપિક છે. તેઓ તત્ત્વવિચારક છે તેટલા જ વ્યવહારવિદ્ છે. પરમ સત્ય કે તથ્ય અને કાર્યાન્વિત થઈ શકે એવી ભાવનાનો તેઓ ભેદ કરી શકે છે. એમની દૃષ્ટિ અસંગતિઓને, વિપરીતતાઓને અતિવાદને અને દંભને ઓળખી કાઢે છે; તેમ જ સાચી વાતને વ્યવહારમાં મૂકવાના માર્ગો પણ શોધતા આવે છે. વળી ચલઅચલ, ઉચ્ચાવચ્ચ મૂલ્યોનો પણ તેમની બુદ્ધિમાં માપદંડ હોય છે. તેથી તેમની તારતમ્યની સૂઝથી આપણે પ્રભાવિત થઈએ છીએ. શ્રી ચીમનભાઈ શાહે પત્રના તંત્રી થતાં પહેલાં વિવિધ લોકસેવા કરી છે પણ મને લાગે છે કે, 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રી તરીકે જે કાર્ય તેઓ કરે છે, જે વિચારો તેઓ પ્રબળ બનાશે છે શુદ્ધ કરે છે. અને વહેતા કરે છે, તે કદાચ તેમની ઉત્તમ જનસેવા હશે. એમની સંસાર સંપત્તિમાં વિદ્વતા સાથે જૈન દૃષ્ટિ, સંયમ સમાનતાની સમ્યક્ દૃષ્ટિ ભળેલી છે. તેથી તેમની વિચારણા દ્વારા આપણી ભદ્રવાંછી જીવન દૃષ્ટિનું પણ શોધન અને સંવર્ધન થાય છે.

'પ્રબુદ્ધ જીવન' માટે ગુજરાત જરૂર અભિમાન લઈ શકે.

સુરત તા. ૨૨-૯-૧૯૭૮ — વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી પ્રસંગે 'પ્રબુદ્ધ જીવન'નો વિશેષાંક અંક ૧૩ અને ૧૪ એમ બે અંકોનો સંયુક્તપણે બહાર પડે છે. એટલે 'પ્રબુદ્ધજીવન'નો તા. ૧૬-૧૧-૧૯૭૮ નો આગામી અંક બંધ રાખવામાં આવ્યો છે, જેની નોંધ લેવા વિનંતિ.

**વ્યવસ્થાપક, પ્રબુદ્ધજીવન**

# સંઘ અને શાંતિલાલ ટી. શેઠ : લોહીની સગાઈ

કાર્યાલય મંત્રી

ભૂગર્ભમાં કે ભૂપૃષ્ઠ પર વહેતા જળરાશિનો એક નિયમ છે : ગમે તેવી નક્કર ભૂમિમાં પણ રસ્તો કરવો ! જળરાશિની આંતરિક તાકાતનો આ ગુણધર્મ છે. માલિક સંસ્થાના પ્રતિભાસંપન્ન, ઉચ્ચકોટિનું વિચારભાથું ધરાવતા, સંસ્કારયુકત વિચારશીલ પરિવારમાં અને વિદ્વદ જગતની વચ્ચે ય પણ પોતાના વ્યકિતત્વને પોતાની આગવી શૈલીથી, મૌલિક શકિતથી, અન્યનું ધ્યાન ખેંચાય એ રીતે વિકસાવવું– વિકસાવ્યું એ શુદ્ધ ખાદીના વસ્ત્રોધારી સંઘના કાર્યાલય મંત્રી શ્રી શાંતિલાલ ઠાકરશી શેઠના વ્યકિતત્વનો મૂળભૂત પાયો છે. જવાહર જાકીટ, અર્ધા કપાળને ઢાંકતી સ્ટાર્ચ વિનાની ગાંધીટોપીનો પોશાક જોઈને દૂરથી પણ કહી શકો કે આવનાર વ્યકિત શ્રી શાંતિલાલ ટી. શેઠ હશે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે એમને લોહીની સગાઈ છે. એટલે ખૂબ જ સહજ ભાવે સંઘનું અવિભાજ્ય અંગ બન્યા છે.

ઈ. સ. ૧૯૪૦ માં ભગવાન ભરોસે મુંબઈ આવ્યા ત્યારે સંઘના વાચનાલયમાં પોતાની જિજ્ઞાસાવૃત્તિને સંતોષે એવા વાંચન માટે આવતા. સંઘના સ્થાપકોમાંના એક શ્રી મણિલાલ મોકમચંદ શાહના સંપર્કમાં આવ્યા અને વાચનાલય માટે જરૂરી એવા કારકૂનીના કામમાં રૂા. ત્રીસના પગારે એમને જોડયા, ત્યારથી આજ સુધી એકસૂત્રે બંધાયા. સ્વ. શ્રી પરમાનંદભાઈ જેવા શિસ્ત અને ચોકસાઈના આગ્રહી ગુરુજને એમના વ્યકિતત્વનું ઘડતર કર્યું. ત્રણ અંગ્રેજી ચોપડીના અભ્યાસની મર્યાદાને પોતાની કાર્યકુશળતા અને સન્નિકાને કારણે અતિક્રમી, ધીમો પણ મક્કમ વિકાસ સાધતા ગયા. લગભગ ચાર દાયકાની દીર્ઘકાલીન કારકિર્દી દરમિયાન અનેક પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો, દાતાઓ, શુભેચ્છકો, વિદ્વદ્‌ગણ અને નેતાઓના સતત સંપર્કમાં આવવાનું સદ્‌ભાગ્ય એમને સાંપડયું અને પરિણામે ઉત્તરોત્તર પરિષ્કૃત થતા ગયા.

એમનો જન્મ : ૨૦ ફેબ્રુઆરી, ૧૯૨૦. એમનું વતન : બોટાદ પાસે હામાપર. પિતા : ઠાકરશી દેવશી શેઠ અને માતા : જીવી બેન. અસાધારણ સામાન્ય સંજોગોમાં અભ્યાસકાળ દરમિયાન ઘરની આર્થિક જવાબદારીમાં સહભાગી થતાં. દરજી સીવે છે તે દોરાના દડા, સૂતરની નાની દડીઓ, નાડાછડી અને બ્રાઉન પેપરની થેલીઓ વગેરે બનાવવાના હસ્તઉદ્યોગમાં એમના નાના હાથનો સાથ કુટુંબને મળતો. સૂતરને રંગ કરવો, બહારથી પાણી ભરી લાવવું, સંચો ચલાવવો, રસોડાનું કામ વગેરે કામ, ઉંમર પ્રમાણે કરતા. જીવનઘડતરના આ તબક્કામાં સંઘર્ષમય જીવને મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો. ગામના ગોંદરે અને ખેતરના ખોળે ઊછરેલાં શ્રી શાંતિભાઈ ચાર ભાઈ બહેનોમાં સૌથી નાના. પિતાશ્રીના અકાળ અવસાનથી શાળાકીય અભ્યાસ પર પૂર્ણવિરામ મુકાયું.

આપણા મિત્રો પૈકી ઘણા ઓછાને ખબર હશે કે શ્રી શાંતિભાઈ સત્યાગ્રહી હતા. ઈ. સ. ૧૯૩૯-૪૦ માં પૂ. મહાત્મા ગાંધીજીની રાહબરી હેઠળ સમગ્ર દેશ આઝાદીની લડત માટે મરી ફીટવાની તમન્ના ધરાવતો હતો ત્યારે રાજકોટમાં સત્યાગ્રહ થયો. લીંબડીથી સત્યાગ્રહીઓની ગયેલી ટુકડીમાં ૧૯-૨૦ વર્ષના શ્રી શાંતિભાઈ પણ હતા. સૌરાષ્ટ્રના અગ્રણી રાજપુરુષ શ્રી ઢેબરભાઈની રાહબરી હેઠળ છ માસ સત્યાગ્રહીનું જીવન જીવ્યા. થોડા સમય બાદ, લીંબડીમાં સત્યાગ્રહ થયો, એમાં જોડાયા, પણ એ નિષ્ફળ નીવડયો અને લોકોએ હીજરત કરી ત્યારે મોતને મુઠ્ઠીમાં લઈને ફરનાર શ્રી શાંતિભાઈએ પણ પ્રાણ સિવાય પોતાનું સર્વસ્વ ગુમાવ્યું અને જોરાવરનગર આવી, અમુક સમયના પટેથી જમીન રાખી ખેતરનો ખોળો ખૂંદ્યો અને એમાં ય નુકસાની થતાં મુંબઈ આવ્યા.

સંપર્કમાં આવનાર પ્રત્યેક વ્યકિત સાથે એમનો સંબંધ પ્રીતિકર અને આદરયુકત રહ્યો છે. વિરોધી વિચારસરણી ધરાવતા મિત્ર કે સભ્ય સાથે પણ સમતા અને વિવેકપૂર્ણ વ્યવહાર કરતાં શ્રી શાંતિલાલ ટી. શેઠ, નામ પ્રમાણે શાંતિનો અને સહિષ્ણુતાનો ગુણ ધરાવે છે. મુરબ્બીઓ સાથે જેવો વિનયી વ્યવહાર તેવો જ સમોવડિયા અને હાથ નીચેના સ્ટાફના ભાઈઓ સાથે સૌમ્યતાપૂર્ણ વ્યવહાર. સ્વભાવની મીઠાશ અને પ્રેમાદરની ભાવનાને કારણે તેઓનો ચાહકવર્ગ ઘણો મોટો છે. ભૂલ બીજાની હોય તો પણ દોષ અને રોષ પણ પોતે વહોરી લે. કોઈની ફરિયાદ નહીં કે કોઈનો વિરોધ નહીં.

સંઘના તેઓ સવેતન કાર્યાલય મંત્રી છે પરંતુ કાર્યાલય અંગેની એમની દૃષ્ટિ મંદિર તરીકેની છે અને પોતે તેના ભાવિક પૂજારી છે. કુશળતા અને નિષ્ઠાપૂર્વક કાર્યભારને વહન કરે છે. એનું



શ્રી શાંતિલાલ ટી. શેઠ

એક જ ઉદાહરણ બસ થઈ પડશે. ઈ. સ. ૧૯૭૫ ના પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રથમ દિવસે આખી રાત સુધી પડેલા ધોધમાર વરસાદના કારણે શહેરમાં અને ઉપનગરોમાં પાણી ભરાયાં. ટ્રેન, બસ અને વાહનવ્યવહારની કોઈ નિયમિતતા રહી નહિ. બધો જ વ્યવહાર લગભગ સ્થગિત હતો. ત્યારે શ્રી શાંતિભાઈ ઘરેથી વહેલા સવારે નીકળીને પગપાળા, બસ કે ટ્રેઈન – જે સાધન મળે તે દ્વારા પાટા પર અર્ધો ફૂટ પાણી ભરાયેલા તેમાં એક ફર્લાંગ ચાલીને ભારતીય વિદ્યાભવનમાં આવી પહોંચ્યા. આ છે એમની નિષ્ઠા અને જવાબદારીની તીવ્ર ભાવના ! ઘણી વખતે કાર્યાલયનું અધૂરું કે વધારાનું કામ ઘેર લઈ જાય. મોડી રાતે પણ પૂરું કરે. કેટલીક વાર પરોઢિયે મલાડથી નીકળી સવારના ૭-૦૦ કલાકે મુંબઈ પહોંચી જાય. પરિશ્રમ અને પ્રામાણિકતા એમના શ્વાસોચ્છ્‌વાસ છે.

'સોબત તેવી અસર' ના ન્યાયે તેઓ એક અચ્છા લેખક પણ છે. અત્યંત કાર્યભાર વચ્ચે પણ એમનો માંહ્યલો સાહિત્ય જીવ એમની પાસે સુંદર વિચારવાળા મનનીય લેખો કવચિત્ લખાવે છે. એમના વિચારોની સ્પષ્ટતા અને પ્રસંગોનું હૃદયસ્પર્શી– સચોટ સંકલન એ એમની વિશિષ્ટતા છે. 'પ્રબુદ્ધ જીવન' અને અન્ય સામયિકોમાં અવારનવાર એમના લેખો પ્રગટ થાય છે.

સામાજિક ક્ષેત્રે પણ એક સેવાભાવી કાર્યકર તરીકે એમણે લોકપ્રિય સ્થાન પ્રાપ્ત કર્યું છે. જૈન સોશ્યલ ગ્રુપ – મલાડની સ્થાપનાથી આજ સુધી મંત્રી તરીકે અવિરત સેવા આપે છે. ઝાલાવાડ સ્થાનકવાસી મિત્ર મંડળ – મલાડના બે વર્ષ મંત્રી રહ્યા. કોઈના પણ દુ:ખમાં, સમય અને વ્યયનો વિચાર કર્યા વિના, સહભાગી થાય એવા એ સંવેદનશીલ છે.

આવા સેવાનિષ્ઠ અને ચારિત્ર્યવાન કાર્યાલય મંત્રી સંઘ માટે થાપણરૂપ છે. સંઘના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે, એમની ૩૮ વર્ષની દીર્ઘકાલીન અનુકરણીય સેવાને અનુલક્ષીને, સંઘ તરફથી તા. ૧૭-૧૧-૧૯૭૮ ના રોજ એમનું સન્માન થાય છે અને થેલી અર્પણ થાય છે એ યોગ્ય અને ગૌરવપૂર્ણ છે. એમનું અભિવાદન કરતાં અમે પણ ગૌરવ અનુભવીએ છીએ.

**ગણપતલાલ મગનલાલ ઝવેરી**
કન્વીનર, સુવર્ણ જયંતી મહોત્સવ

**ચીમનલાલ જે. શાહ**
**કે. પી. શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ,

# સંઘ સાથેની મારી યાત્રા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં હું કેવી રીતે જોડાયો, કેવી રીતે કમિટીમાં આવ્યો. પછી કોષાધ્યક્ષ અને પછી મંત્રી કેવી રીતે થયો આ બધા ઉપર હું વિચાર કરું છું ત્યારે છવ્વીસ-સત્તાવીસ વર્ષનાં એક મોટાં અતીતમાં મારું મન પહોંચી જાય છે અને અનેક મધુર સંસ્મરણો તથા સંવેદનો જાગે છે. છવ્વીસ-સત્તાવીસ વર્ષો પૂર્વે એક સુભગ ઘડીએ પ્રબુદ્ધ જૈનમાં શ્રી પરમાનંદભાઈનો એક લેખ મારા વાંચવામાં આવ્યો અને હું પ્રભાવિત થયો. એમને મેં પત્ર લખ્યો. એમણે મને પારસી ગલીનાં નાનકડાં કાર્યાલયમાં મળવા બોલાવ્યો અને એ પ્રથમ મિલનમાં જ એમની મમતા મને એવી મળી કે હું સંઘમાં સક્રીય રીતે જોડાયો. એ વખતે ૨૦×૨૫ ના કાર્યાલયમાં એક ખૂણામાં કાર્યાલય મંત્રી શ્રી શાંતિલાલ ટી. શેઠનું ટેબલ રહેતું. વચ્ચે વાચનાલયનાં ત્રણ મોટા ટેબલો રહેતાં. જાહેર વાર્તાલાપો કે સભાઓ થતી ત્યારે આ ટેબલો ફોલ્ડ કરવામાં આવતાં અને આખા કાર્યાલયમાં પ્રેક્ષકગણ ૪૦ થી ૫૦નું રહેતું. ત્યારે એ સભાઓના અહેવાલમાં અમે અવારનવાર લખતા કે 'સભાગૃહ' ખીચોખીચ ભરાઈ ગયેલું હતું. આ કાર્યાલયની એક દીવાલ ઉપર પુસ્તકોનાં કબાટ હતાં. એક દીવાલ જ્યાં બારીઓ હતી ત્યાં સામયિકો રહેતા. એક દીવાલ પાસે વર્તમાનપત્રોની ઘોડીઓ રહેતી. પ્રવેશદ્વાર પાસે સૌની આવનજાવનનો સતત ખ્યાલ રહેતો-અને આ સાંકડી જગ્યામાં જ સંઘનાં વિકાસનાં બીજ રોપાયાં. આ જગ્યામાં અનેક વિશિષ્ટ વ્યકિતઓને પરમાનંદભાઈ લઈ આવતા. વાર્તાલાપો, પ્રવચનો અને વિચાર ગોષ્ટિઓ થતી. એ વખતે શેઠ કસ્તુરભાઈ લાલભાઈ અને પરમાનંદભાઈ વિચારોમાં દોન ધ્રુવ જેવા. શેઠ કસ્તુરભાઈને યુવક સંઘમાં આવવાનું પરમાનંદભાઈએ નિમંત્રણ આપ્યું ત્યારે શેઠ કસ્તુરભાઈ નિમંત્રણ સ્વીકારશે જ નહિ એવું કમિટીમાં સૌને લાગતું. પરંતુ દરેક કામમાં પરમાનંદભાઈને પૂરો આત્મવિશ્વાસ રહેતો. તેઓ કદીય નિરાશ થતા નહિ અને એમનાં પરમ પુરુષાર્થે તેઓ શેઠ કસ્તુરભાઈને કાર્યાલયમાં લાવવામાં સફળ થયા હતા.

આ કાર્યાલયમાં કારોબારીની મિટીંગો થતી ત્યારે સંઘના પ્રમુખ શ્રી ખીમજી ભૂજપુરિયા જે છટાથી અને જે ગંભીરતાથી મિટીંગોનું સંચાલન કરતા એ મને હજુ આજે ય યાદ છે. આજે ખીમજી-ભાઈ શારીરિક રીતે અસ્વસ્થ છે પરંતુ સંઘને યાદ કરતાં એમની આંખો ભીની થઈ જાય છે એ હું એમને મળું છું ત્યારે જોઈ શકું છું. સંઘમાં નાનાં મોટાં પર્યટનો થતાં ત્યારે એક કુટુંબના સભ્યોની જેમ એનો આનંદ આવતો. સંઘનાં ઉત્સાહી સભ્ય શ્રી દામજીભાઈએ એકવાર કચ્છનું નિમંત્રણ આપ્યું. અને અમે દશ દિવસનો કચ્છનો પ્રવાસ ગોઠવ્યો. આ પ્રવાસ મારા જીવનનું એક મૂલ્યવાન સંભારણું છે. આ પ્રવાસ દરમિયાન પરમાનંદભાઈએ મને કલમ પકડતો કર્યો અને મેં સારા ય પ્રવાસનું વર્ણન "સૂકી ધરતીના મીઠાં સંસ્મરણો" મથાળા હેઠળ પ્રબુદ્ધજીવનમાં કર્યું. મારી આ લેખમાળામાં પરમાનંદભાઈએ ખૂબ જ રસ લીધો અને મને લખવાની પ્રેરણા મળી. આજે જે કંઈ હું લખી શકું છું એ એમને આભારી છે. સંઘના પર્યટનોમાં પરમાનંદભાઈનો પ્રકૃતિપ્રેમ જોવા મળતો તેમ જ એમનાં સાદા જીવન અને ઉચ્ચ જીવનનું દર્શન થતું.

સંઘ એટલે પરમાનંદભાઈ અને પરમાનંદભાઈ એટલે સંઘ. આમ સંઘની પાયાની વ્યકિતઓમાં પરમાનંદભાઈનું જીવન સમર્પણ અનોખું છે. પરમાનંદભાઈમાં નિર્ભયતા હતી અને સચ્ચાઈ હતી. સત્યને ભોગે સમાધાન એ કરતા નહિ. વ્યાખ્યાનોની વધુ પસંદગીમાં વ્યાખ્યાતાનાં વિષયની જેટલી ચોકસાઈ રાખતા તેથી વધુ ચોકસાઈ તેઓ વ્યાખ્યાતાનાં ચારિત્ર્યની રાખતા. તેઓ થોડીક પ્રવૃત્તિઓમાં માનતા પણ એ પ્રવૃત્તિઓ સંગીનપણે ચાલવી જોઈએ, ટકવી જોઈએ એમ કહેતા. સંઘને શહેરનું સંસ્કાર કેન્દ્ર બનાવવાનું તેઓ સ્વપ્ન સેવતા અને પ્રબુદ્ધ જીવનમાં હમેશાં શુદ્ધ જોડણીનો આગ્રહ રાખતા. એટલું જ નહિ ઘણીવાર શબ્દકોશમાં ન હોય એવાય શબ્દોનું તેઓ ઘડતર પણ કરતા.

એમની અટકમાં કાપડિયામાં જો કોઈ ર્હસ્વ'ડિ'ને બદલે દીર્ઘ 'ડી' કરે તો તેઓ એનું ધ્યાન દોરતા. મને એકવાર કહે તમે જે રીતે 'સોશ્યલ' લખો છો એ ખોટું છે. સાચું 'સોશિયલ' છે. પરમાનંદ-ભાઈ મૌલિક ચિંતક હતા. ધર્મના અને સમાજના ચાલુ રીતરિવાજોથી તેઓ ત્રાસી જતા-અને ગમે તેટલા કોઈ મહાન હોય તો પણ એની "પ્રબુદ્ધ જીવન"માં ઝાટકણી કાઢતા તેઓ અચકાતા નહિ.

સંઘનાં પચ્ચાસ વર્ષના ઈતિહાસ ઘડતરમાં પરમાનંદભાઈ સિવાય ઘણી બધી વ્યકિતઓએ ફાળો આપ્યો છે. શ્રી મણિભાઈ, શ્રી ટી. જી. શાહ, શ્રી દીપચંદભાઈ, શ્રીમતી લીલાવતીબહેન, શ્રીમતી જસુમતી બહેન, શ્રી રમણીકભાઈ વગેરે ઘણાં આજે આપણી વચ્ચે નથી. આ બધાય સંઘનું ગૌરવ હતાં-આજે વિદ્યમાનમાં શ્રી ખીમજીભાઈ ભૂજપુરિયા નાજુક તબિયતે પણ સંઘની પ્રવૃત્તિમાં રસ લે છે અને શ્રી રતિભાઈ કોઠારી વર્ષો સુધી ઉપપ્રમુખ અને સંઘની પાયાની વ્યકિત. તેઓ જયારે એમના સંસ્મરણો કહે છે ત્યારે સંઘ "યુવકસંઘ" સાચા અર્થમાં થઈ જાય છે. સંઘના વિકાસમાં એમનો ય અમૂલ્ય ફાળો છે.

અંતમાં શ્રી પરમાનંદભાઈએ મને અનેકવાર કહેલું એ યાદ આવે છે: "ભાઈ ચીમનલાલ, જો તમારા સ્થાનકવાસી સમાજનાં નેતા શ્રી ચીમનલાલ ચકુભાઈ યુવક સંઘના પ્રમુખ થાય તો તો મને ખૂબ આનંદ અને સંતોષ થાય. હું જાણું છું કે તેઓ થોડાંક સ્થિતિચુસ્ત છે પરંતુ તેઓ જૈન સમાજની શોભા છે-ગૌરવ છે. એમનાં જેવા ચિંતક કોઈ નથી..."

અને પરમાનંદભાઈ જે ધારે એ ન કરે તો પરમાનંદભાઈ નહિ, રોજ સવારના ચીમનભાઈના ઘરે જાય. ચર્ચાઓ કરે અંજવાળી બેનની ખબર પૂછે. અને અંતે સંઘનાં પ્રમુખ માટે શ્રી ચીમનભાઈને તેઓ હા પડાવી શકયા.

પરમાનંદભાઈએ મુરબ્બી ચીમનલાલ ચકુભાઈને પ્રમુખ બનાવી સંઘને યોગ્ય સુકાની આપ્યા-આજે પરમાનંદભાઈ આપણી વચ્ચે નથી; પરંતુ સંઘનું સુકાન મજબૂત હાથમાં છે.

### નવી જગ્યામાં પ્રસ્થાન

જયાં અત્યારે સંઘનું કાર્યાલય છે એ વિશાળ જગ્યાને અદ્યતન સ્વરૂપ આપવામાં શ્રી બાબુભાઈ જી. શાહનો ઘણો મોટો સહયોગ. એમણે સંઘને તન-મન-ધનથી સહકાર આપ્યો-અને સંઘના કાર્યાલયમાં ચાર રૂમો તથા એક હોલ તથા સેનીટેશનના મોટા બ્લોકની બધી કલ્પના શ્રી બાબુભાઈની જ એમ કહેવામાં હું જરાય અતિરેક કરતો નથી. આ ઉપરાંત શ્રી દામજીભાઈએ પણ ખૂબ સહયોગ આપ્યો. એમની સ્વ. પુત્રી રેખાના હાથે આ જગ્યામાં કુંભ મૂકવામાં આવ્યો હતો અને આ કાર્યાલયનું ઉદ્દઘાટન પૂજય કાકાસાહેબના વરદ હસ્તે થયેલું હતું.

આજે સંઘે પચ્ચાસ વર્ષની મંઝીલ પૂરી કરી છે. પ્રવૃત્તિઓને અનેક પાંખો આવી છે. સાથી કાર્યકરો પણ ઉત્સાહી છે. મારા સાથી મંત્રી શ્રી કે. પી. શાહને કોઈ પણ ક્ષેત્રનું કાર્ય સોંપો અને પછી જોઈ લ્યો એમની બેટિંગ-ફીલ્ડિંગમાં પણ એવા જ મજબૂત. આ જયંતી વખતે જે માતબર રકમ ભેગી થઈ છે એમાં શ્રી કે. પી. શાહનો પુરૂષાર્થ ઘણો મોટો રહ્યો છે. આ ઉપરાંત ઉપ-પ્રમુખ શ્રી રસિકભાઈ ઝવેરી તથા ડો. રમણભાઈ તથા 'જયંતી'ના કન્વીનર શ્રી ગણપતભાઈ ઝવેરી, યુવક પરિષદના કન્વીનર શ્રી શ્રી અમરભાઈ ઝવેરી, તથા કોષાધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ, કમિટીનાં બધા જ સભ્યો એમાં ય સવિશેષ શ્રી સુબોધભાઈ, શ્રી મફતભાઈ, શ્રી ટોકરસીભાઈ, શ્રી પ્રવિણચંદ્ર મંગળદાસ, શ્રી ચંપકભાઈ અજમેરા શ્રીમતી નિરૂબેન અને શ્રી પન્નાલાલભાઈ આ બધાનો સહકાર જયંતી ઉજવણીમાં પ્રાપ્ત થયો છે એ માટે હું એમનો આભાર માનું છુ.

આજે મંત્રીપદે વીસ વર્ષ ઉપરનો સમય થયો છે. મારા વિકાસ માટે સંઘનો હું ઋણી છું. મિત્રોનો, સાથીઓનો અને સભ્યોનો મને ખૂબ ખૂબ પ્રેમ મળ્યો છે. કાર્યાલય મંત્રી શ્રી શાંતિલાલે ટી. શેઠ સંઘની શરૂઆતની વ્યકિત છે. આજે પણ એમનામાં ચેતનાના ફુવારા ઊડે છે. સૌની સાથે કેવી રીતે પ્રેમથી કામ કરવું એની કળા હું એમની પાસેથી શીખ્યો છું. આ ઉપરાંત કાર્યાલયનાં મહેતા, રાજુબેન, વગેરે સ્ટાફ મારી પડખે હંમેશ રહે છે એટલે મારા કામનો ઘણો મોટો ફાળો હળવો બની જાય છે.

અંતમાં સંઘની રજત જયંતીથી સુવર્ણ જયંતી સુધીનો હું સાક્ષી રહ્યો છું. મારા જીવનની આ આનંદની ઝલક છે.

**ચીમનલાલ જે. શાહ**

# ☆ શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળા: એક વિહંગાવલોકન ☆

આજથી લગભગ ૪૨ વર્ષ પૂર્વે 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘે' પર્યુષણ પર્વ નિમિત્તે વ્યાખ્યાનમાળા'ની ક્રાન્તિકારી પ્રવૃત્તિનો એક પ્રયોગ રૂપે આરંભ કરેલો જે તત્કાલીન ધાર્મિક અને સામાજિક પરંપરાની એક વિલક્ષણ અને મહત્ત્વપૂર્ણ ઘટના હતી.

જૈનો માટે પર્યુષણ એક ઉપાસના અને તપસ્યાનું મહાપર્વ છે. એ પર્વની ઉજવણીના ભાગ રૂપે આવી જ્ઞાન - વિસ્તરણ પ્રવૃત્તિનો જન્મ એટલે એક નવયુગનું મંડાણ થયું કહેવાય. આવી વૈચારિક પ્રવૃત્તિનું મૂલ્યાંકન એના બાહ્ય હેવાલના આધારે જ કરી ન શકાય. એનાં પરિણામો તો શ્રોતાઓનાં ચિત્તમાં જન્મતા હોય છે. આત્મ તત્ત્વને ઢંઢોળીને જ્ઞાનની નવી દિશાઓ ઉઘાડવાનું તથા ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે ચૈતસિક જાગૃતિ લાવવાનું કામ આ વ્યાખ્યાનમાળાની શ્રેણીએ કર્યું એ નિર્વિવાદ હકીકત છે.

લગભગ ચાર દાયકાઓથી ફરતી રહેલી આ વ્યાખ્યાનમાળાના મણકાઓને એકત્ર રાખનાર 'સૂત્ર' એ જ્ઞાન છે. 'મેર' એ ચિંતન છે. માળાના મણકા દેખાય છે પણ એનો આધાર દેખાતો નથી. આ જ્ઞાનસૂત્ર અતિ મહત્ત્વનું છે તે જ પ્રમાણે વ્યકિતને પોતાના વિષે તથા પોતાની આસપાસની સૃષ્ટિ વિષે વધુ સભાન અને સજ્જ કરે એ દષ્ટિએ ચિંતનની પણ વિશેષતા છે.

આ વ્યાખ્યાન માળાનું પ્રવૃત્તિ તરીકે ઐતિહાસિક મૂલ્ય તો છે જ; પરંતુ એનું પરિણત થતું લક્ષ્ય તો આધ્યાત્મિક અને જીવનચિંતન છે. ધર્મ, સમાજ, રાજકારણ આદિના સંદર્ભમાં માનવજીવન તથા માનવવ્યવહાર જ વધુ મહત્ત્વનો છે, એવો અભિગમ હોવો એ આ પર્વનું પુણ્ય છે. સમાજને સ્પર્શતા વ્યાપક પ્રશ્નોની ચર્ચા, માનવતામૂલક ભાવના અને વિશાળ દષ્ટિકોણ - આ મુદ્દાઓ આ પ્રવૃત્તિની ભૂમિકા રૂપે રહ્યાં છે. જેમ સમય – સંદર્ભ બદલાતો રહ્યો તેમ વિષય અને વકતાની પસંદગીનું સ્તર પણ બદલાતું રહ્યું અને વિકસતું રહ્યું. વ્યકિતને જીવનપાથેય મળી રહે, નવ પ્રકાશનું એકાદ કિરણ પણ પ્રાપ્ત થાય અને પોતાના દૈનિક વ્યવહારમાં આવી વૈચારિક નૂતનતાને એ પ્રયોજી શકે એવું માળખું આ પ્રવૃત્તિએ તૈયાર કર્યું છે.

ધર્મ, અધ્યાત્મ, રાજકારણ, અર્થકારણ, સમાજકારણ, શિક્ષણ, મનોવિજ્ઞાન, ચિકિત્સા, રોગનિવારણ, ઈતિહાસ, સંસ્કૃતિ અને સાહિત્ય ઉપરાંત બદલાતાં અને વિકસતાં પરિબળો - આ બધાં તત્ત્વો વ્યાખ્યાનમાળાની વિષયલક્ષી વિવિધતા અને સભરતા દર્શાવે છે. ભિન્ન ભિન્ન રસ – રુચિ ધરાવતા શ્રોતાજનો અન્ય વિષયો પરત્વે પણ અભિમુખ બને અને સ્વીકારતા થાય એ આની ફળશ્રુતિ છે.

વ્યાખ્યાનમાળાની ભાષાનું માધ્યમ વકતાની માતૃભાષાને સાનુકૂળ રાખવામાં આવતું હોઈ વ્યાખ્યાતા પોતાની રજૂઆત અને અભિવ્યકિતની અસરકારકતા સાધી શકે છે. તદનુસાર, ગુજરાતી ઉપરાંત હિન્દી, મરાઠી, ઉર્દૂ અને અંગ્રેજી ભાષામાં પણ વ્યાખ્યાનો થયાં છે અને શ્રોતાઓએ જિરવ્યાં છે.

અભિવ્યકિત અને વાકછટાના આ પ્રકારના વૈવિધ્ય દ્વારા ભાષાકીય ઐકય તેમ જ ભાવાત્મક એકતા સંધાય છે. શ્રોતાગણમાં સર્વધર્મ પ્રત્યે સમભાવ અને સમાદર જાગે છે તથા ધાર્મિક નિરપેક્ષતા અને સહિષ્ણુતાને પોષણ મળે છે. વિવિધ ધર્મના જ્ઞાતા સાધુ - સાધ્વીજીઓ ધૂરંધર ચિંતકો, ફિલસૂફો, અનુભવસમૃદ્ધ રાજકારણીઓ, સુપ્રસિદ્ધ કેળવણીકારો, ડોકટરો અને સમાજસેવકો વિખ્યાત સંગીતજ્ઞો અને ખ્યાતનામ વ્યાપારીઓ પણ આ સર્વાંગીણ વ્યાખ્યાનમાળામાં પ્રવચનો રૂપી પ્રસાદ આપી ગયા છે અને આદર પામ્યા છે. કલકત્તાથી કર્ણાટક, દિલ્હીથી મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશથી આંધ્રપ્રદેશ એમ ભારતના ચારેય ખૂણેથી શોધ કરીને અધિકારી વકતાઓને આમંત્રણો અપાય છે.

આ વ્યાખ્યાનમાળાએ પોતાનો એક વિશિષ્ટ શ્રોતાવર્ગ પણ ઊભો કર્યો છે. પ્રતિવર્ષ શ્રોતાઓ વ્યાખ્યાનમાળાની પ્રતીક્ષા ચાતકની જેમ કરતા હોય છે. આઠ દિવસ અવિરતપણે વહેતી આ પુનિત જ્ઞાનગંગાના નિર્મળ જળમાં કોઈ ચંચુપાત કરે, કોઈ આચમન કરે તો કોઈ આકંઠ રસપાન કરે. એક જ મંચ ઉપર આઠ – આઠ દિવસ સુધી સોળ સોળ વકતાઓને જુદા જુદા વિષયો ઉપર બોલતા સાંભળવા એ અનન્ય લ્હાવો છે. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન એવી ભિન્ન ધાર્મિક પરંપરાઓની તુલનાત્મક વિચારણા, જીવનને સ્પર્શતા અનેક પાસાંઓનું મૌલિક દર્શન, વિચારોનું દોહન અને સિદ્ધાંતોનું નવનીત પ્રબુદ્ધ વ્યાખ્યાતાઓ દ્વારા પીરસાય છે ને આવી અમૃતવાણીનું જૈનો અને જૈનેતરો વૃદ્ધો અને યુવાનો, સરખી રીતે રસપાન કરતા હોય છે. સિદ્ધિની સાથે સુવાસનું પણ ઘણું મહત્ત્વ છે. આ વ્યાખ્યાન રૂપી વિશાળ મહાસાગરમાં વિહાર કરીએ તો વિચાર મૌકિતકોનો અખૂટ ખજાનો પ્રાપ્ત થાય.

છેક ૧૯૩૭ માં યોજાયેલ પ્રથમ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો.

| તારીખ | વિષય | વ્યાખ્યાતા |
|---|---|---|
| ૨-૯-૧૯૩૭ | પ્રારંભિક પ્રવચન | – પંડિત સુખલાલજી |
| સવારના ૯ થી ૧૧ | આચાર ધર્મ | – મગનલાલ પ્રભુદાસ દેસાઈ |
| ૩-૯-૧૯૩૭ | સોક્રેટિસ | – ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ |
| સવારના ૯ થી ૧૧ | જીવતો અનેકાન્ત કેવો હોય? | – પંડિત દરબારી લાલજી |
| ૪-૯-૧૯૩૭ | આપણી સાધુ સંસ્થા | – ચીમનલાલ ચકુભાઈ શાહ |
| ,, | કર્મસિદ્ધાંત | – મોતીચંદ ગિરધરલાલ કાપડીયા |
| ૫-૯-૧૯૩૭ | નવા યુગની ધર્મભાવના | – ઈન્દુમતિબેન મહેતા |
| રવિવાર ૯ થી ૧૧ | શ્રીમદ્ રાજચંદ્ર | – જગદીશચંદ્ર જૈન |
| બપોરે ૩ વાગે | જૈન આચાર વિચારની – પુનર્ઘટના | – પંડિત દરબારીલાલજી |
| ૬-૯-૧૯૩૭ | જૈનો અને અહિંસા તત્ત્વ | – રમણિકલાલ મ. મોદી |
| સવારે ૯ થી ૧૧ | સંત તુકારામ | – કેદારનાથજી |
| ૭-૯-૧૯૩૭ | ભગવાન પાર્શ્વનાથ | – મોહનલાલ દ. દેસાઈ |
| ૯ થી ૧૧ સવારે | ગીતાધર્મ | – કેદારનાથજી |
| ૮-૮-૧૯૩૭ | ધર્મ અને સદ્‌ધર્મ | – ધર્માનંદ કોસંબી |
| સવારના | પ્રશ્નોત્તર | – કિશોરીલાલ મશરુવાળા |
| બપોરે ૨ વાગે | આપણો વારસો | – કાકાસાહેબ કાલેલકર |
| ૯-૯-૧૯૩૭ | આપણા ધર્મોનું આપણે | – કાકાસાહેબ કાલેલકર |
| સવારના ૯ થી ૧૧ | શું કરીશું ? | |
| ,, | ભગવાન ઋષભદેવ અને તેમનો પરિવાર | – પં. સુખલાલજી |

આજ સુધીમાં આ વ્યાખ્યાનમાળાના અંતસ્તલને પાવન કરનારાં તથા પોતાની ધર્મવાણીનો લાભ આપી જનારાં પૂ. સાધ્વીજીઓ તથા પૂ. સાધુ મહારાજોમાંનાં થોડાંક નામો આ રહ્યાં: મહાસતી ઉજજવળકુમારીજી, સાધ્વી શ્રી પ્રિયદર્શનાજી, મુનિશ્રી, જિનવિજયજી મુનિશ્રી પુણ્યવિજયજી, મુનિ શ્રી નગરાજજી, મુનિશ્રી રૂપચંદજી મુનિશ્રી સંતબાલજી.

વિદુષી મહિલા વ્યાખ્યાતાઓમાંથી કેટલાંક નામો નીચે મુજબ લેખાવી શકાય: હંસાબહેન મહેતા, લીલાવતી મુન્શી, સરલાદેવી સારાભાઈ, ઈન્દુમતીબેન ચીમનલાલ, સૂચેતા કૃપલાણી, નિર્મળાબેન ઠકાર, મધર ટેરેસા, મદીનાબહેન અકબરભાઈ, રુક્ષ્મણીદેવી એરુન્ડેલ, લેડી રામરાવ, તારકેશ્વરીસિંહા, ફાતમાબેન ઈસ્માઈલ, ભગિની આત્માપ્રાણા, ડૉ. ઉષાબેન મહેતા, ડૉ. મધૂરીબેન શાહ, ડૉ. નીરાબેન દેસાઈ, પૂર્ણિમાબેન પકવાસા, ડૉ. હર્ષિદાબેન પંડિત ડૉ. તારાબેન શાહ.

હવે કેટલાંક વિશિષ્ટ પ્રવચનકારોનાં નામો અવલોકીએ (પ્રથમ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓનાં નામો સિવાયનાં)

સર્વશ્રી દાદા ધર્માધિકારી, શંકરરાવ દેવ, ભદન્ત આનંદ-કૌશલ્યાય, શ્રી સુંદરમ્, અશોક મહેતા, જસ્ટિસ એમ. હિદાયતુલ્લા, સ્વામી રંગનાથાનંદ, રામનારાયણ પાઠક શ્રી જયપ્રકાશ નારાયણ, શ્રી મોરારજી દેસાઈ, શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢા, શ્રી ઉછરંગરાય ઢેબર સ્વામી અખંડાનંદ, અપ્પાસાહેબ પટવર્ધન, બળવંતરાય ઠાકોર, કનૈયાલાલ મુન્શી, પરમાણંદ કુંવરજી કાપડિયા, ગણેશ વાસુદેવ માવલંકર, શ્રી શાન્તિલાલ શાહ, ઝવેરચંદ મેઘાણી, કિશનસિંહ ચાવડા, રામપ્રસાદ બક્ષી, દલસુખ માલવણિયા, આચાર્ય રજનીશ, ડૉ. એમ. એમ. ભમગરા, મનુભાઈ પંચોળી, પૂ. રવિશંકર રાવળ, પાર્થસારથી, રે. ફાધર લેસર, પ્રા. રામજોશી, ડૉ. કલ્યાણમલ લોઢા, ગુરુદયાળ, મલ્લિકજી, જસ્ટિસ જી. એન. વૈદ્ય, દસ્તુરજી ખુરશેદ

દાબુ, પાંડુરંગ શાસ્ત્રીજી, સત્યેન્દ્રકુમાર ડે, પ્રા. સી. એન. વકીલ, નિર્મળકુમાર બોઝ, ડૉ. મોતીચંદ્ર વિજયસિંહ નાહર, ગોવિંદરાવ દેશપાંડે, જે. એમ. વિલિયમ્સ, અધ્યાપક માધવાચાર્ય –

પદ્મનાભ જૈન, પ્રિન્સિપાલ દેશનવી, ફાધર વાલેસ, પુરુષોત્તમ માવલંકર, ચંદ્રવદન ચી. મહેતા, સ્નેહ - રશ્મિ, ઈશ્વર પેટલીકર, આ યશવંત શુકલ, આ. જયેન્દ્ર ત્રિવેદી, ગુલાબદાસ બ્રોકર, રામુ પંડિત, વિજય મર્ચન્ટ, ડૉ. સુરેશ દલાલ, હરીન્દ્ર દવે, ડૉ. રમણલાલ શાહ, નારાયણ દેસાઈ, અગરચંદજી નાહટા, ડૉ. શેખરચંદ્ર જૈન, કિરણભાઈ, ડૉ. ગુણવંત શાહ ડૉ. દોલતરાય દેસાઈ, ડૉ. એન. એલ. બોરડિયા, પ્રા. યશવંત ત્રિવેદી.

આટલા બધા વર્ષો દરમિયાન અનેક સમર્થ વ્યાખ્યાતાઓએ જે ભિન્ન ભિન્ન વિષયો પર પોતાનાં પ્રવચનો આપ્યાં તેમાંનાં કેટલાક વિષયોનાં નામો પર પ્રકાશ નાખવાનો હું પ્રયત્ન કરું છું.: –

જહાંગીર અને જૈનો, જીવનકળા, વાલ્મિકી રામાયણ, જૈન દર્શન, ભગવદ્ ગીતા, શ્રી રામકૃષ્ણ પરમહંસ, નવી તાલીમનાં મૂળ તત્ત્વો, શ્રી ગૌતમ સ્વામી, માનવ ધર્મી મહાત્મા ગાંધી અને ભગવાન મહાવીર, બહાઈ ધર્મ, ધર્મને નામે અધર્મ, ઈશુ ખ્રિસ્ત, ધર્મ, ઈસ્લામી દષ્ટિએ પુનર્રચના અને બાળક, સિદ્ધચક્ર, સાચી સાધુતા, ઉપનિષદ, વિચાર, ઉત્તર રામચરિત્ર, વિશ્વશાન્તિ, સર્વોદય મેડમ ક્યુરીનો જ્ઞાનયોગ, અનાસકિત યોગ, નચિકેતા, પંચમયા યજ્ઞ, પુનર્જન્મ, મીરા, શ્રી કૃષ્ણ, ભારતીય કલા વિકાસમાં જૈનોનો ફાળો, અબ્રાહામ લિંકન, મનનો શરીર સ્વાસ્થ્ય સાથે સંબંધ, જોન ઓફ આર્ક, કૈલાસ દર્શન, સોક્રેટિસ, પંચવર્ષીય યોજના, ડૉ. મિસિસ, એનીબેસંટ, શ્રેય - પ્રેય વિવેક, લોકમાન્ય તિલકનું જીવનકાર્ય, વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મ મહા ભારત, સાંવત્સરિક, પ્રતિક્રમણ, સંત તુકારામ, અણુ યુગમાં ધર્મ, રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અહિંસા, આજનાં અનિષ્ટ ચલચિત્રો, શ્રીમદ્ રાજચંદ્ર શાલીભદ્ર, આઝાદ ભારતમાં સ્ત્રી શકિતનો હિસ્સો, કરુણા, સંત જ્ઞાનેશ્વર, સુફીવાદ, ઈશુ અને ગાંધી, ઉપનિષદની કથાઓ, જૈન ધર્મ અને શૈવ ધર્મ, શ્રી અરવિંદનો પૂર્ણ યોગ, દ્રૌપદી, આનંદ ધન, ગુજરાતના આદિવાસીઓ, કુ. હેલન કેલર, રામ અને કૃષ્ણ, એક તુલનાત્મક વિચારણા આચાર્ય હરિ ભદ્ર સૂરિ, સંત ટોલ્સટોય, શ્રી માર્ટીન લ્યુતર કિંગ The Spirit of Indian culture Ram Krishna and the spiritual haritage of humanity. તત્ત્વાર્થ સૂત્ર અને પાંતજલ યોગ સૂત્ર. આલ્બર્ટ સ્વાઈત્ઝર, મૃત્યુની વિભાવના, થોરો અને ગાંધીજી, કેળવણી વિશેના વ્યાપક અસંતોષનું વિશ્લેષણ, ઉપવાસનું વિજ્ઞાન, સ્ત્રી - પુરુષ સંબંધ, સંત કબીર मिच्छामि दुक्कडम आजनो રોગગ્રસ્ત માનવી. જ્ઞાનાવતાર શંકર तेन त्यक्तेन भुंजीथा: શ્રી ખલિલ જિબ્રાનનું જીવન દર્શન, નમસ્કાર મહા મંત્ર, मुक्तिका आनंद ગીતાનો જીવન સંદેશ, શ્રુત ચક્ષુ, સંલેખના, ભકત સૂરદાસ, સંત તુલસીદાસ, નિહનવવાદ, રામાણુય દેશ વિદેશમાં जैन आहार–कितना वैज्ञानिक બાપૂ - મહા કાવ્ય. ભજનો અને લોક કથાઓ, પ્રેમતત્ત્વ, Essential unity of Religions જીવનમાં શ્રદ્ધાનું સ્થાન, યહુદીઓ અને યહુદી ધર્મ, અલ્પજીવનમાંથી મહાજીવન તરફ, માતા આનંદમયી, ગણધારવાદ, ગીત અનોખું એક ગાવું છે, ધર્મ અને સાહીત્યકાર, લગ્ન સંસ્થા અને આધુનિક નીતિ, Bhagwan Mahavir in the twentieth century. જન્મ, જરા, મૃત્યુ, મનોવૈજ્ઞાનિક દષ્ટિએ મૈં ઔર મેરા સ્વરૂપ ફ્રાંસીસ, લેશ્યા, સાંજનું વાળું સૌની સાથે.

કર્ણપ્રિય ભકિત સંગીત દ્વારા વ્યાખ્યાનમાળાના શ્રોતાજનોને જેમણે રસપ્લાવિત કર્યાં છે એવાં સંગીતકારોનાં નામો જોઈએ:

શ્રીમતી શ્રીદેવી મહેતા, શ્રી રોહિત મહેતા, શ્રીમતી સુધા મોટવાણી (મલહોત્રા) માસ્ટર વસંત અમૃત, શ્રી કરસનદાસ માણેક, શ્રી પુરુષોત્તમદાસ જલોટા, પંડીત દેવેન્દ્ર વિજય, શ્રી પ્રતાકુમાર ટોલિયા, શ્રી શાન્તિલાલ શાહ, શ્રીમતી નિરુપમા શેઠ, શ્રી અજીત શેઠ, શ્રી અનુપ જલોટા.

આ વ્યામાળાનું ગૌરવ ભર્યું પ્રમુખસ્થાન ઘણાં વર્ષો સુધી વિદ્વવર્ય પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી સુખલાલજીએ દીપાવેલું. તત્પશ્ચાત્ લગભગ દસ વર્ષ પર્યન્ત, વિદ્યા વાચસ્પતિ શાંત-મૂર્તિ પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલાસાહેબ તેના સુકાની રહ્યા, અને હવે છેલ્લા આઠેક વર્ષથી વિનમ્ર અને સુશ્રૂત ડૉ. રમણલાલ ચી. શાહ અને એક સફળ સંચાલક અને શ્રોતાપ્રિય પ્રમુખ તરીકે આ સ્થાનને શોભાવી રહ્યાં છે. વ્યાખ્યાનમાળાના લગભગ બધા પ્રવચનોની ડૉ. રમણભાઈ દ્વારા થતી સુંદર અને સમુચિત સમીક્ષા તથા સારગર્ભ 'પ્રબુદ્ધ જીવન'ના અંકોમાં ક્રમશ: પ્રકાશિત થતાં રહે છે, જે વ્યવસ્થા પ્રત્યક્ષપણે ન સાંભળી શકનાર જિજ્ઞાસુ વાચકવર્ગ માટે એક આશીર્વાદ સમાન બની છે.

ઉત્તરોત્તર વધતી જતી શ્રોતા સંખ્યાનો સમાવેશ કરવા માટે અનુકૂળતા મુજબ, વ્યાખ્યાનમાળા માટેના સ્થળો બદલવાનું અનિવાર્ય બનેલું. તદ્નુસાર, આ 'જ્ઞાન ગંગોત્રી'ના વહેણોએ, અનેક સ્થળોને – તથા સભાખંડોને, એક પછી એક પાવન કર્યાં છે. દા. ત. મહાવીર જૈન વિદ્યાલય, હીરા બાગ, આનંદ ભવન, બ્લેવેસ્ટકી લોજ, ભાંગવાડી થિયેટર, રોક્ષી થિયેટર, બિરલા ક્રીડા કેન્દ્ર, ભારતીય વિદ્યા ભવન.

ચાલીસથી વધુ વસંતોને મહોરાવી ગયેલી આ વ્યાખ્યાનમાળાના આદ્ય સંસ્થાપકોમાંના શ્રદ્ધેય શ્રી મણિલાલ મોકમચંદ શાહ તથા શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયા મુખ્ય હતા. તે સમયે એમણે રોપેલું સંસ્કાર પર્વનું આ બીજ આજે એક વિરાટ વૃક્ષ રૂપે વિસ્તરશે એની કલ્પના એમને પણ કદાચ નહીં હોય. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત આ વ્યાખ્યાનમાળાની શાખા પ્રશાખાઓ આજે મુંબઈનાં ઉપનગરોમાં જેવાં કે માટુંગા; વિલેપાર્લે, મુલુન્ડ, મલાડ વગેરેમાં ફેલાઈને સ્થિર થઈ છે તેમ જ અમદાવાદ અને દેશના અન્ય શહેરોમાં પણ એનાં પગરણ મજબૂત થયાં છે –આ એક અસાધારણ સિદ્ધિ છે. માન્યવર શ્રી પરમાણંદભાઈ તો આ પ્રવૃત્તિના પ્રાણદાતા હતા. ક્રાન્તિકારી વિચારસરણી અને સતત જાગૃતિને તેઓ વરેલા હતા. એમની દીર્ઘ દ્રષ્ટિ અજોડ હતી. હમેશાં કંઈક નવું કરી બતાવવાની તત્પરતા એમનાં દિલમાં વસેલી હતી. એનું ઉદાહરણ છે સન ૧૯૫૯ ની પર્યુષણ વ્યાખ્યાનમાળા. તે વર્ષે એમણે આઠે આઠ દિવસના વ્યાખ્યાતાઓ તરીકે સોળ જેટલી વિદુષી મહિલાઓને શોધી લાવીને પૂરી વ્યાખ્યાન માળાને દીપાવી દીધી હતી. જૈન સમાજના આ "માર્ટિન લ્યૂથર"ને આ પ્રસંગે હું સ્મરણાંજલિ અર્પું છું ને પ્રણમું છું.

આઠ - નવ દિવસ સુધી ચાલુ રહેતા આ જ્ઞાનસત્રમાં કલાકો સુધી શાંત અને એકાગ્ર ચિત્તે બેસી રહીને, વિવિધ વિષયો પરના વ્યાખ્યાનો શ્રાવણ કરનાર જિજ્ઞાસુ શ્રોતાજનોની ક્ષમતા, શિસ્ત અને ધૈર્યને હૃદયપૂર્વક બિરદાવતાં હું પ્રસન્નતા અનુભવું છું. આવો શિસ્તબદ્ધ શ્રોતાવર્ગ જવલ્લે જ જોવા મળે છે.

સન ૧૯૩૭માં આરંભાયેલ સર્વ પ્રથમ વ્યાખ્યાનમાળાના વકતાઓની નામાવલિ જોતાં મુરબ્બી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું નામ દ્રષ્ટિગોચર થાય છે. જ્યારે છેલ્લી એટલે કે ૧૯૭૮ ની વ્યાખ્યાનમાળામાં પણ એમનું નામ તરી આવે છે. આ કેવો સુભગ સંયોગ છે? આખો જૈન સમાજ ખરેખર સદ્ભાગી છે કે વ્યાખ્યાનમાળાના આદ્ય વકતાઓમાંના એક મહાનુભાવ, ૪૨ વર્ષો પછી પણ આજે ૭૭ વર્ષની વયે પોતાનાં વિશાળ ચિંતન, જ્ઞાન, અનુભવ અને સંસ્કારથી સમૃદ્ધ એવા પ્રવચનોનાં પીયુષ શ્રોતાજનોને નિરંતર પીવડાવી રહ્યાં છે અને શ્રોતાઓ તેમની વાણી સાંભળીને ધન્યતા અનુભવે છે.

તત્કાલીન પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે પ્રોત્સાહક પ્રતિભાવ દર્શાવતો નીચે મુજબનો સંદેશો પૂ. કાકા કાલેલકર સાહેબે પાઠવેલો જે વ્યાખ્યાનમાળાની લગભગ શરૂઆત પછીના વર્ષના પ્રબુદ્ધ જૈનના અંકમાં પ્રસિદ્ધ થયો હતો.

"ઉત્તરોત્તર જૈનેતર શ્રોતાઓની સંખ્યા વધતી જ જાય છે. આ રીતે પર્યુષણ વ્યાખ્યાન માળા એક સાંપ્રદાયિક મેળો મટીને ધીમે ધીમે એક સાર્વજનિક સંસ્કાર પર્વનું સ્વરૂપ પકડતી જાય છે અને આ વખતે કોણ કોણ વ્યાખ્યાતાઓ આવવાના છે અને કયા કયા વિષયો ઉપર બોલવાના છે તે વિષેનું કુતૂહલ આમપ્રજામાં પણ દ્રષ્ટિગોચર થતું જાય છે."

આજથી ૪૦ વર્ષો પૂર્વે એક પ્રખર વિદ્વાન દ્વારા ઉચ્ચારાયેલા શબ્દો આજના સંદર્ભમાં પણ કેટલા વાસ્તવિક લાગે છે?

પ્રસ્તુત લેખમાં લગભગ ચાર દાયકાથી પ્રવર્તેલી વ્યાખ્યાનમાળા વિષે અનેક પાસાંઓને આવરી લેવાનો મારો નમ્ર પ્રયાસ છે. વ્યાખ્યાતાઓ અને વિષયોની અત્રે અપાયેલ યાદી સંપૂર્ણ નથી. વળી કેટલાંક નામોના ઉલ્લેખ કરવાનું રહી ગયું હોય અથવા બીજી ક્ષતિઓ રહેવા પામી હોય તો હું વાચકોનો ક્ષમા પ્રાર્થી છું.

અંતે, ચાલીસથી પણ વધુ વર્ષો પૂર્વે એક "પ્રયોગ" રૂપે આરંભાયેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા સંચાલિત પર્યુષણ વ્યાખ્યાનમાળાએ આજે એક "પૂર્ણ યોગ"નું રૂપ ધારણ કર્યું છે. તેની પ્રતિષ્ઠા અને આકર્ષણ ઉત્તરોત્તર વિકાસ પામી રહ્યાં છે. એની જ્ઞાન - સૌરભ આજે હજારો હૃદયોને સુવાસિત કરી રહી છે. પ્રજા માનસની ચેતનાનું આ દ્યોતક છે; આ એની ફળશ્રુતિ છે.

ગણપતલાલ મ. ઝવેરી

# ☆ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : અર્ધ–શતાબ્દીના આરે ☆

**પાંચ દાયકા પહેલાંનો સમય**

આજથી પાંચ દાયકા પહેલાં ભારતભૂમિ પર અહિંસક સત્યાગ્રહના પ્રયોગવીર વિશ્વવંદનીય પૂ. મહાત્મા ગાંધીના રાષ્ટ્રલક્ષી કર્તવ્યના અને આઝાદીના પગરણ માંડવાની દિશા હજુ ખૂલતી હતી, સમગ્ર રાષ્ટ્રમાં ચેતનાના સંચાર પહેલાંની સ્મશાન શાંતિ હતી. જાગૃતિનું નામનિશાન ન હતું.

જૈન સમાજની પરિસ્થિતિ તો અમાવાસ્યાની મધ્ય રાત્રિના ઘોર અંધકાર જેવી હતી. જ્યારે ધર્મને નામે ધતિંગ ચાલતાં હતાં અને ભારતીય સમાજ રૂઢ રાક્ષસી બળોના પંજામાં સપડાઈ, ધર્મના નામે પીડાઈ રહ્યો હતો ત્યારે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં એક ક્ષત્રિય યુવકે પોતાની ભરજુવાનીમાં જીવન સાધનાનો માર્ગ સ્વીકારી, ક્રાંતિના મોજાં ઉછાળેલા અને ભારતીય સમગ્ર સમાજને હચમચાવી નાખનાર ક્ષત્રિય યુવકના વારસદારો અને એનો અનુગામી ગણાતો સમગ્ર જૈન સમાજ એનો વારસો સાચવી શક્યો ન હતો; વારસામાં મળેલાં નવીન વિચારના અને નવીન આચારના પ્રવાહને એવા ક્લિષ્ટ કરી મૂક્યા હતા કે એ બંધિયાર વલણ પ્રાણઘાતક નીવડે છે તેમ જાણવા- સમજવા છતાં ય તેમાં યુગાનુસારી પરિવર્તન કરવાનું વિચારી શકતા નહિ અને આવી પરિસ્થિતિમાં સમગ્ર જૈન સમાજ નિષ્પ્રાણ અને નિસ્તેજ બનેલો હોય એમાં નવાઈ શી?

ઘોગમ ગાઢ- ઘનઘોર અંધકારમાં અને અમાવાસ્યાની મધ્યરાત્રીમાં પણ ટમટમતા. તારા પથપ્રદર્શક નીવડે છે અને વટેમાર્ગુને એ જ ઉપા તરફ–ચોક્કસ ધ્યેય તરફ દોરી જનારું પ્રેરક બળ બની રહે છે અને એટલે જ શ્રી મનસુખલાલ ઝવેરીએ કહ્યું છે:

> બીજની બંકિમાથી યે પૂર્ણિમાના પ્રસાદને
> મૌગ્ધ્યથી નિરખું તો યે વાંચ્છુ એક અમાસને!

આવી પરિસ્થિતિમાં યુવકો અને તેના સંગઠ્ઠનોએ સંઘર્ષ દ્વારા-ટમટમતા તારાના આછા ઉજાસમાં સૂઝે એવા માર્ગે સંઘર્ષ દ્વારા સ્થિતિચુસ્ત પરંપરાગત જીવનમાં પરિવર્તન લાવવાનો નમ્ર પ્રયાસ કર્યો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના**

આ અરસામાં સાધુશાહીની જડ વલણ, બાળદીક્ષા, જૂનવાણી સામાજિક રીતરિવાજો અને રાષ્ટ્રહિત વિરોધી કોમી માનસ સામે સંગઠિત બનીને કાર્ય કરવાના આશયથી તેમજ જૈન સમાજમાં ઉચ્ચ કેળવણીના પ્રચારનો વિરોધ કરતા સ્થિતિચુસ્ત સાધુ-શ્રાવક સમુદાયમાં પરિવર્તન લાવવાના હેતુથી ઈ. સ. ૧૯૨૮ના આખરમાં અને ઈ. સ. ૧૯૨૯ના શરૂઆતના ગાળામાં બે સમાન લક્ષી મુંબઈ જૈન યુવક સંઘ અથવા જૈન યુથ લીગની સ્થાપના કરવામાં આવી હતી. પ્રથમ સંગઠન તા. ૨૫-૧૧-૧૯૨૮ના રોજ શ્રી હીરાલાલ રામચંદ મલબારી શ્રી અમૃતલાલ વાડીલાલ શાહ, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, શ્રી દલપતભાઈ ભૂખણદાસ ભણશાળી, શ્રી ચીમનલાલ મોહનલાલ શાહ, શ્રી કીર્તિલાલ ભણશાળી અને શ્રી મોહનલાલ દીપચંદ ચોક્સીના પ્રયત્નોથી સ્થાપના થઈ હતી અને તૈયાર થયેલા બંધારણ અનુસાર ઉપપ્રમુખ તરીકે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, (પ્રમુખની જોગવાઈ બંધારણમાં ન હતી.) મંત્રી તરીકે શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, અને ચીમનલાલ મોહનલાલ શાહ તેમ જ કોષાધ્યક્ષ તરીકે શ્રી હિરાલાલ રામચંદ મલબારીએ આગેવાની લીધી હતી.

એ જ રીતે તા. ૩૦-૪-૧૯૨૯ના પરિપત્રથી શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલ, શ્રી ઉત્તમચંદ દોલતચંદ બરોડિયા, શ્રી સી. એન. શાહ, શ્રી ચીમનલાલ મોતીલાલ પરીખ અને ડૉ. નગીનદાસ જે. શાહે જૈન યુવકોની તા. ૩-૫-૧૯૨૯ના રોજ એક સભા બોલાવી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના કરી, જેમાં ડૉ. નગીનદાસ જે. શાહ, શ્રી ઓધવજી ધનજી શાહ અને શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ મંત્રીઓ તરીકે સુકાન સંભાળ્યું.

આ બન્ને સંસ્થાના સ્થાપકોમાં, બંધારણ ઘડવામાં અને અન્ય રીતે આગેવાનીભર્યો ભાગ ભજવવામાં આ ઉપરાંત શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર, શ્રી વલ્લભદાસ ફૂલચંદ મહેતા, શ્રી વીરચંદ કેવળભાઈ શાહ, શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી, વગેરે મુખ્ય હતા.

અનુક્રમે તા. ૨૭-૫-૧૯૨૯ અને તા. ૪-૭-૧૯૨૯ના રોજ બન્ને સંસ્થાઓની મળેલી સામાન્ય સભામાં બન્ને સંસ્થાઓના એકીકરણનો આવકારદાયક નિર્ણય કર્યો, અને મંત્રીઓ તરીકે ડૉ. નગીનદાસ જે. શાહ, શ્રી ઓધવજી ધનજી શાહ, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ સુકાન સંભાળ્યું.

★

**મુખ્ય ઉદ્દેશો**

આ સંસ્થાની સ્થાપના વખતે મુખ્ય ઉદ્દેશો આ પ્રમાણે રાખવામાં આવ્યા હતા:

(અ) મુખ્યત્વે કરીને જૈનોની ધાર્મિક, આર્થિક અને સામાજિક ઉન્નતિના ઉપાયો રાષ્ટ્રહિત સાચવીને યોજવા અને અમલમાં મૂકવા.

(આ) રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં બને તેટલી સહાય આપવી અને જૈન સમાજમાં રાષ્ટ્રીય ભાવના ખીલે તેવાં પગલાં લેવાં.

★

**આત્મનિવેદન:**

આ સંઘમાં જોડાનાર સભ્યે નીચેના નિવેદનને સ્વીકૃતિ આપવી પડતી:-

(૧) વિચારસ્વાતંત્ર્યમાં હું સંપૂર્ણ રીતે માનું છું અને તેટલા જ કારણસર કોઈ પણ વ્યક્તિને "સંઘ બહાર"ની શિક્ષા કરવામાં આવે તેની હું વિરુદ્ધ છું.

(૨) જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ જોતાં આપણા દ્રવ્યનો ઉપયોગ મુખ્યત્વે કરીને સમાજની આર્થિક અને કેળવણી વિષયક ઉન્નતિમાં જ થવો જોઈએ એમ હું માનું છું.

(૩) જૈનોના સર્વ ફિરકાઓના ઐક્યમાં હું માનું છું અને તે ઐક્ય વધે તેવી પ્રવૃત્તિઓને ટેકો આપવો, એ હું મારો ધર્મ સમજું છું.

(૪) સમાજમાં રહેલાં અનેક હાનિકારક રિવાજો અને માન્યતાઓ અને ધર્મના નામે ચાલતો દંભ એ સર્વને દૂર કરવા મારી ફરજ સમજું છું.

(૫) સાધુ વેશમાં ફરતા ચારિત્રભ્રષ્ટ સાધુ સાધ્વીને, સાધુ-સાધ્વી તરીકે હું સ્વીકારતો નથી.

(૬) આત્મશુદ્ધિ, સત્યનિષ્ઠા અને સેવાભાવને હું મારા જીવન-મંત્ર તરીકે સ્વીકારું છું.

આ બધી વિગતો આપવાનો આશય એ છે, કે છેલ્લાં ૫૦ વર્ષના ગાળામાં સમગ્ર સમાજમાં તેમ જ સંસ્થાના બંધારણમાં, રચનામાં તેમ જ કાર્ય પ્રવૃત્તિમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આમ છતાં પણ રાષ્ટ્રહિત સાથે મેળ મેળવીને શક્ય તેટલી જૈન સમાજની સેવા કરવી, રાષ્ટ્રીય પ્રવૃત્તિને બને તેટલો વેગ આપવો, વિચાર-સ્વાતંત્ર્યના ઉગ્ર પક્ષકાર રહેવું, જૈન સમાજના ઐક્યનું સતત પોષણ અને સમર્થન કરવું, દાનની દિશા બદલવા તરફ સમાજનું વારંવાર ધ્યાન ખેંચતાં રહેવું, સામાજિક તેમ જ ધર્મના નામે ચાલતા દંભો અને પાખંડો સામે બંડખોરી ચલાવવી અને જનતાની શક્ય તેટલી સેવા કરવી–આ મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓનો મૂળ સૂર રહ્યો છે.

**સંઘની પ્રવૃત્તિઓના પ્રેરક ખ્યાલો :**

આ સંઘના વિકાસને અને ઉત્તરોત્તર બનેલી ઘટનાઓને યથા સ્વરૂપે સમજવા માટે આજ સુધીની તેની ઉજ્જવળ કારકિર્દીને ત્રણ વિભાગમાં વહેંચવી જોઈએ.

(૧) સંઘની સ્થાપનાથી તા. ૧૦-૯-૧૯૩૮ સુધીનો એક દાયકાનો સમય.

(૨) બંધારણમાં થયેલાં કેટલાંક મૌલિક પરિવર્તનોથી સંઘ માત્ર શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજને બદલે સમગ્ર જૈન સમાજનું

પ્રતિનિધિત્વ કરતો થયો ત્યારથી ઈ. સ. ૧૯૫૩ રજત મહોત્સવ – સુધીનો સમય.

(૩) ઈ. સ. ૧૯૫૩ થી સંઘ જૈન વિચારસરણી પરત્વે આદર ધરાવનારા જૈનેતરો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો ત્યારથી આજ સુધીનો સમય.

**પ્રથમ દાયકાની પ્રવૃત્તિઓ :**

પ્રથમ દાયકામાં મુખ્ય પ્રવૃત્તિઓ આ પ્રમાણે હતી.

(૧) અયોગ્ય દીક્ષા અને તેમાં પણ બાળદીક્ષાની પ્રવૃત્તિ સામે જેહાદ.

(૨) સાધુઓના દંભો, શિથિલતાઓ અને આપખુદીને ખુલ્લી પાડવી.

(૩) જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સને શકય તેટલો સહકાર અને પ્રગતિશીલ વિચારોનો તેના દ્વારા સ્વીકાર.

(૪) યુગવીર આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરિશ્વરજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલ શ્રી મહવીર જૈન વિદ્યાલયને સહકાર,

ઉપરોકત ભૂમિકાને કેન્દ્ર સ્થાને રાખી થયેલી પ્રવૃત્તિઓમાં સંઘ તરફથી અવારનવાર વિવિધ સ્થળોએ સભા ભરવામાં આવતી, જાહેર વ્યાખ્યાનોનું આયોજન થતું, અયોગ્ય દીક્ષા આપતી હોય ત્યાં સત્યાગ્રહનું મંડાણ, પત્રિકાઓનું પ્રકાશન અને વહેંચણી જૂનવાણી વિચારના આચાર્યો સામે જેહાદ, સામાજિક કિસ્સાઓ જેમ કે એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કોઈ કરે તો તેની સામે જેહાદ અને જરૂર પડયે દૂર દૂર સુધી – આબુ સુધી – સંઘના સભ્યોને દોડાવવા, સરકારી અદાલતોમાં કેસો કરવા અને દુષ્ટ માનવીઓના હાથમાં સપડાયેલી બહેનોને બચાવવાની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. સમયે સમયે જૈન યુવક સંમેલનો તેમ જ પરિષદો ભરવામાં આવતી અને રાષ્ટ્રીય હીલચાલમાં સક્રિયપણે ભાગ લેવામાં આવતો અને આઝાદીના આંદોલનનું શકય તેટલું સમર્થન કરવામાં આવતું. ખાદી - હૂંડીઓનું વેચાણ અને જેલવાસી બનતા રાષ્ટ્ર-પ્રેમી વ્યકિતઓ માટે અભિનંદન સભાનું આયોજન થતું. આવી અનેક, ઉદ્યમ–પ્રવૃત્તિઓની વિગતો વાંચતા આપણા રૂંવાડા ખડા થઈ જાય છે. આ રીતે સમાજને જાગૃત કરવાની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવતી હતી.

**ક્રાંતિની લેખમાળા અને મુખપત્ર :**

પ્રારંભના કાળમાં જૈન જાગૃતિ માટે જેમ જાહેર સભાઓ ભરવામાં આવતી તેમ બીજી બાજુ પત્રિકાના પ્રકાશન દ્વારા અને દૈનિક પત્રોમાં – ખાસ કરીને "સાંજ વર્તમાન" માં – લેખો પ્રગટ કરીને સંઘનું કામ જોરશોરથી ચલાવવામાં આવતું. એમાં પણ "સાંજ વર્તમાન" માં શ્રી ચીમનલાલ સંઘવીએ 'ક્રાંતિ'ના ઉપનામથી લખેલ લેખમાળાઓ રૂઢિચુસ્ત જૈનોમાં ભારે ખળભળાટ પેદા કર્યો હતો.

**મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા, તરુણ જૈન અને પૂર્વકાલીન પ્રબુદ્ધ જીવન**

સંઘના ઉદ્‌ભવ સાથે જ સામયિક પ્રવૃત્તિ મોટા ભાગે જોડાયેલી રહી છે. સંઘનો ઉદ્દેશ જ જૈન સમાજમાં વૈચારિક ક્રાન્તિ પેદા કરવાનો હોઈ, આ માટે સાપ્તાહિક યા પાક્ષિક પત્ર સિવાય ચાલે જ નહિ, એ ખ્યાલથી પ્રેરાઈને સંઘની સ્થાપનાના લગભગ એક વર્ષ બાદ શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીના તંત્રીપદે તા. ૩૧-૮-૧૯૨૯ ના રોજ 'મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા' નામે સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું, જે તા. ૧૧-૮-૧૯૩૧ સુધી નિયમિત પ્રગટ થયું.

ત્યાર બાદ અઢી વર્ષના ગાળા બાદ 'પ્રબુદ્ધ જૈન' એ નામથી વળી પાછું સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું, જેના તંત્રી તરીકે શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી હતા, ત્યારે બે વર્ષના નિયમિત પ્રકાશન બાદ "અમર અરવિંદ" ની વાર્તા સામે સરકારશ્રી તરફથી વાંધો લેવામાં આવ્યો અને જામીનગીરીના રૂા. ૬૦૦૦/- ની સરકારે માગણી કરી. સત્યાગ્રહના એ દિવસોમાં અને દેશભકિતના એ જુવાળમાં આ રકમ ભરવાનું યોગ્ય ન લાગતાં "પ્રબુદ્ધ જૈન" નું પ્રકાશન તા. ૯-૯-૧૯૩૩ થી બંધ કરવામાં આવ્યું. આ બે વર્ષના ગાળા દરમિયાન શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડિયા, શ્રી હરિલાલ શિવલાલ શાહ, શ્રી ચંદ્રકાન્ત સુતરિયા, શ્રી કેશવલાલ મંગળદાસ શાહ અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ તંત્રી અગર સહતંત્રી તરીકે સેવા અર્પી હતી. વળી ત્રણ માસ બાદ આ પ્રવૃત્તિએ તા. ૧-૧-૧૯૩૪ થી 'તરુણ જૈન'ના નામથી પાક્ષિક મુખપત્ર રૂપે નવો અવતાર ધારણ કર્યો. રાજકીય કારણોસર, અલબત્ત, આ પ્રવૃત્તિ જૈન યુથ સિંડીકેટ તરફથી પણ વસ્તુત: મુંબઈ જૈન યુવક સંઘની દોરવણી નીચે પ્રગટ થતું હતું, તે જે તા. ૧-૯-૧૯૩૪ સુધી ચાલ્યું. ત્યાર બાદ તા. ૧૯-૫-૧૯૩૫ 'તરુણ જૈન' ના સંપાદન - પ્રકાશનની જવાબદારી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે સ્વીકારી અને તા. ૧-૮-૧૯૩૭ ના રોજ એની સમાપ્તિ થઈ. 'તરુણ જૈન'ના સંપાદનમાં શ્રી ચંદ્રકાન્ત સુતરિયા, શ્રી મણિલાલ મોકમચંદ શાહ અને શ્રી તારાચંદ કોઠારીએ સેવા આપી હતી. આ બધી પત્રિકાઓએ સંઘનો હેતુ પાર પાડવામાં કરોડરજજુની ગરજ સારી છે.

**જૈન યુવક પરિષદ અને જૈન યુવક મહામંડળ :**

ઈ. સ. ૧૯૨૯ થી ૧૯૩૮ ના ગાળા દરમિયાન મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૩૦, ૩૧ ડિસેમ્બર, ૧૯૩૧માં મુંબઈ ખાતે શ્રી મણિલાલ કોઠારીના પ્રમુખસ્થાને ત્રણેય ફિરકાઓના જૈન યુવકોની એક પરિષદ ભરવામાં આવી હતી. સ્વાગત પ્રમુખ તરીકે શ્રી વીરચંદ પાનાચંદ શાહ હતા. તા. ૨, ૩ અને ૪, મે, ૧૯૩૪ માં સુરતનિવાસી ડૉ. અમીચંદ છગનલાલ શાહના પ્રમુખસ્થાને પ્રથમ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન યુવક પરિષદ મુંબઈમાં ભરવામાં આવી હતી. આ પ્રસંગે સ્વાગત પ્રમુખ શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલ હતા અને મંત્રીઓ તરીકે શ્રી મણિલાલ મોકમચંદ શાહ, શ્રી અમીચંદ ખેમચંદ શાહ, શ્રી મનસુખલાલ લાલન અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી હતા. આ પરિષદમાં, દેવદ્રવ્યના સામાજિક ઉપયોગ, વિધવા વિવાહને અનુમોદન, અયોગ્ય દીક્ષાનો સાર્વત્રિક વિરોધ, જૈનોની એકતાનું સમર્થન અને સ્રી - પુરૂષની સમાનતાના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

તા. ૨૬-૬-૧૯૩૪ ના રોજ અમદાવાદ ખાતે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના પ્રમુખસ્થાને બીજી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન યુવક પરિષદ ભરવામાં આવી હતી. એ પરિષદના પ્રમુખસ્થાનેથી અપાયેલા ભાષણથી અમદાવાદમાં સંઘનાયકોમાં ભારે ક્ષોભ પેદા થયો હતો.

તા. ૯-૮-૧૯૩૬ ના રોજ અમદાવાદના સંઘની તોફાની સભાએ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો બહિષ્કાર જાહેર કર્યો પરિણામે જૈન સમાજમાં એક તુમુલ આંદોલન ઊભું થયું. સામાજિક સંક્ષોભ અને ઘર્ષણના એ દિવસો હતા. આ પ્રસંગે અમદાવાદના જૈન યુવકોએ ત્યાંના સંઘના ઠરાવનો અસ્વીકાર કર્યો, અને તા. ૬-૬-૧૯૩૬ ના રોજ અમદાવાદમાં લગભગ ૨૦૦૦ ભાઈ બહેનોનું સ્નેહ સંમેલન શ્રી પરમાનંદ કાપડિયાના માનમાં યોજવામાં આવ્યું અને શ્રી (હાલના વડા પ્રધાન) શ્રી મોરારજીભાઈ દેસાઈના પ્રમુખસ્થાને એક અભિનંદન સભા યોજવામાં આવી. આ સમગ્ર પ્રકરણમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે મુંબઈ તેમ જ અમદાવાદમાં સક્રિય ભાગ ભજવ્યો હતો.

ઈ. સ. ૧૯૩૨ થી ૧૯૩૪ ના ગાળામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉદ્દેશ અનુસાર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૪૦ ઉપરાંત યુવક સંઘો ઊભા થયા હતા અને મુંબઈ જૈન યુવક સંઘના ઠરાવોનો અમલ કરવાતા હતા. આ બધા યુવક સંઘોનું સંગઠન કરવાના હેતુથી મુંબઈ જૈન યુવક સંઘની પ્રેરણાને પરિણામે ઈ. સ. ૧૯૩૪ ના સપ્ટેમ્બર માસમાં વડોદરાના યુવક સંઘ તરફથી શ્રી મણિલાલ બાલાભાઈ નાણાવટીના પ્રમુખસ્થાને વડોદરામાં એક સંમેલન ભરવામાં આવ્યું હતું અને બે દિવસના વિચાર વિમર્શને અંતે 'શ્રી જૈન યુવક મહામંડળ'ની સ્થાપના કરવામાં આવી હતી. આ મહામંડળમાં ૩૦ યુવક સંઘના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આવું જ બીજું સંમેલન સુરતમાં ભરવામાં આવ્યું હતું. ઈ. સ. ૧૯૩૭ માં જૈન યુવક મહામંડળનું વિસર્જન કરવામાં આવ્યું.

**વડોદરાનો બાલદીક્ષા વિરોધી ખરડો :**

આ વર્ષો દરમિયાન એ વખતના વડોદરા રાજ્યે તા. ૧૬-૫-૧૯૩૩ ના રોજ પસાર કરેલ 'સન્યાસ દીક્ષા નિયામક નિબંધ'–બાલ દીક્ષાની અટકાયત કરતો કાયદો – મુંબઈ જૈન યુવક સંઘે વર્ષોથી ઉપાડેલી બાલદીક્ષા સામેની ભારે લડતનું સફળ પરિણામ ગણાવી શકાય. અત્રે એ નોંધવું અપ્રસ્તુત નહિ ગણાય કે સામાન્યત: એ વખતની ઊગતી પ્રજાનું માનસ બાલદીક્ષા વિરોધી હતું. પણ એને સંગઠિત સ્વરૂપમાં જેહાદ સ્વરૂપ આ સંસ્થાએ આપ્યું હતું. એના આ અજોડ પુરુષાર્થને નાકામિયાબ કરવા માટે સ્થિતિચુસ્ત

સમાજના અગ્રણીઓએ ઘણા પ્રયત્નો કર્યા હતા–પરંતુ એવી સમજાવટનો કશો અર્થ નથી એવું આવા વર્ગને સમજાઈ ગયું હતું.

**પર્યુષણ વ્યાખ્યાનમાળા :**

આજની અતિ લોકપ્રિય પર્યુષણ વ્યાખ્યાનમાળાની સૌ પ્રથમ શરૂઆત ઈ. સ. ૧૯૩૨ માં પં. સુખલાલજીની પ્રેરણા અને દોરવણી હેઠળ થઈ. પ્રથમ પર્યુષણ વ્યાખ્યાનમાળા સી. પી. ટૅન્ક પર આવેલાં હિરાબાગમાં યોજવામાં આવી હતી. પરંતુ નિયમિત રીતે આ વ્યાખ્યાન માળા ઈ. સ. ૧૯૩૬ થી આજ સુધી યોજવામાં આવે છે અને જે એકધારી વિકસતી ચાલી રહી છે. આ વ્યાખ્યાનમાળાનું વિહંગાવલોકન કરતો સુવર્ણ જયંતી મહોત્સવના કન્વીનર શ્રી ગણુપતભાઈ ઝવેરીનો લેખ અન્યત્ર આપ્યો છે એટલે એ અંગે અત્રે પુનરાવર્તન કરતા નથી.

**દશાબ્દી મહોત્સવ :**

સંઘના દસમા વર્ષ દરમિયાન સંઘે દશાબ્દી મહોત્સવ મુંબઈ સરકારના એ સમયના નાણાસચિવ શ્રી આણ્ણા બાબાજી લઠ્ઠેના પ્રમુખસ્થાને ઊજવ્યો હતો. આ સમારંભનું ઉદ્ઘાટન શ્રી અચ્યુત પટવર્ધને કર્યું હતું અને તે દિવસે સાંજે સંઘના અગ્રણી સભ્ય શ્રી કકલભાઈ ભુદરદાસ વકીલે સાંતાક્રુઝ ખાતે પોતાના બંગલામાં ઉદ્યાન સંમેલન યોજ્યું હતું અને રાત્રિના શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભાગૃહમાં શ્રી ઝવેરચંદ મેઘાણીના લોકગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

**રજત મહોત્સવ સુધીની કાર્યવાહીનો દ્વિતીય તબક્કો :**

રાષ્ટ્ર ભાવનાના ઉદ્દીપન સાથે અને સમાજના સળગતા પ્રશ્નો અંગે કેળવાયેલાં લોકમાનસનું વલણ રાષ્ટ્રની આઝાદીના પ્રશ્ને કેન્દ્રિત થયું હતું. ગાળામાં પ્રચારાત્મક કે આંદોલનાત્મક પ્રવૃત્તિને બદલે સંસ્કારાત્મક પ્રવૃત્તિની માગ વધી હતી. વળી, જૈન સમાજના એકાદ ફિરકાને વળગીને તેના અમુક પ્રશ્નો પૂરતી ચલાવવામાં આવતી ચળવળ, રાષ્ટ્રના વિશાળ ફલકની સામે અને રાષ્ટ્રની આઝાદીના પ્રશ્નોની સામે મર્યાદામાં પૂરાઈ રહેવા જેવી લાગતી હતી. એટલે સંઘમાં જૈન સમાજના બધા ફિરકા માટે તક આપવા માટે બંધારણને નવો ઓપ આપવો જરૂરી હતો.

દરમિયાનમાં કાઠિયાવાડ જૈન યુવક પરિષદના મુખપત્ર તરીકે પ્રગટ થતાં 'પરિવર્તન' માસિકમાં 'જૈન યુવક પ્રવૃત્તિ વિષે મારી દૃષ્ટિ' એ શીર્ષક હેઠળ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાની લેખમાળા પ્રગટ થઈ. આ લેખમાળામાં રજૂ કરેલી વિચારસરણીને અનુરૂપ બંધારણ તા. ૧૭–૪–૧૯૩૮ ના રોજ મળેલ સામાન્ય સભામાં પસાર કરવામાં આવ્યું. સીમાચિહ્નરૂપ આ બંધારણમાં નીચે મુજબ ઉદ્દેશો નક્કી કરવામાં આવ્યા.

(૧) સમાજની પ્રગતિને રુંધતા અનેક ધાર્મિક તેમ જ સામાજિક વહેમો તથા કુરુઢિઓનો જૈન સમાજમાંથી ઉચ્છેદ કરવો અને ધર્મ અને સમાજના નામે ચાલતા પાખંડો ખુલ્લાં પાડવા.

(૨) આજના પ્રગતિશીલ વિચારો અને ભાવનાઓની દ્રષ્ટિએ આપણી કાળજૂની સમાજ વ્યવસ્થા પરિવર્તન માગે છે તેને લગતી સમજણ અને સાહિત્યનો સમાજમાં વ્યાપક ફેલાવો કરવો.

(૩) સમાજ ઉન્નત્તિ તેમ જ જનસેવાની પ્રવૃત્તિઓ હાથ ધરવી.

(૪) આપણો દેશ સ્વાધીન, સ્વાવલંબી અને સમર્થ બને એ ધ્યેયપૂર્વક દેશભરમાં ચાલી રહેલી રાજકીય તેમ જ સામાજિક પ્રવૃત્તિઓને શક્ય સહકાર આપવો.

ઉપર જણાવેલા વિચારોને કેન્દ્રસ્થાને રાખી યુવક સંઘની નીતિ અને કાર્યપદ્ધતિમાં સભ્યો દ્વારા શિસ્તપાલનનો ખાસ આગ્રહ રાખવામાં આવ્યો. જૈનોની એકતા અને કુરુઢિઓના ઉચ્છેદના વિચારો માન્ય હોય તેઓ જ આ સંઘના સભ્ય થઈ શકે એવું નિયમન કરવામાં આવ્યું. પરિણામે કેટલાય અગ્રણી સભ્યોને સંઘે ગુમાવ્યા અને ભવિષ્યમાં આ ઉદ્દેશોની વિરુદ્ધના વર્તનમાં ભાગ લેવા સંબંધે શિસ્તભંગ લેખી, સંઘના સભ્યોના વિચાર, વાણી અને વર્તનમાં એકરૂપતા લાવવાનો સન્નિષ્ઠ પ્રયાસ કર્યો. એવા વખતે પણ ઉદ્દેશને જ મુખ્યત્વે નજર સમક્ષ રાખીને સભ્યોને ગુમાવવાનું પસંદ કરવામાં આવ્યું. વળી સમગ્ર જૈન સમાજ માટે સભ્યપદ ખુલ્લું મૂકવામાં આવ્યું તેના પરિણામે પણ થોડા સભ્યો ગુમાવ્યા, પણ અન્ય ફિરકાઓમાંથી નવા સભ્યો થયા. માત્ર શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સમાજ પૂરતું યુવક સંઘનું કાર્ય મર્યાદિત ન રાખતાં સમગ્ર જૈન સમાજના વિશાળ ફલક પર સંઘની પ્રવૃત્તિઓ કસોટીએ ચડી. અત્રે એ નોંધવું રસપ્રદ થશે કે બે સમાંતર યુવક સંઘ પૈકી તા. ૩-૫-૧૯૨૯ ના રોજ સ્થપાયેલ મુંબઈ જૈન યુવક સંઘના બંધારણ અનુસાર, ૧૬ વર્ષથી ઉપરના કોઈ પણ જૈનને સભ્યપદનો અધિકાર હતો. એટલે કે સંઘના ઉર્ધ્વીકરણના બીજ પ્રારંભમાં જ પડેલાં હતા. સંયોગવશાત્ આ મર્યાદા એક દાયકા સુધી રહી એ અલગ વાત છે.

**પ્રબુદ્ધ જૈનનું નવસંસ્કરણ : પ્રબુદ્ધ જીવન રૂપે :**

સંઘની નવરચના બાદ સંઘના મુખપત્ર સિવાય સંઘના વિચારોનો પ્રચાર ન જ થઈ શકે એ પાયાની વાતને ધ્યાનમાં લઈને સંઘની કાર્યવાહક સમિતિએ સંઘના મુખપત્ર તરીકે તા. ૧-૫-૧૯૩૯ થી 'પ્રબુદ્ધ જૈન' (પાક્ષિક) પ્રગટ કરવાનો નિર્ણય કર્યો ત્યારથી 'ભારત છોડો' ની ૧૯૪૨ ની ક્રાંતિના સવિનય સત્યાગ્રહ દરમિયાનના ચાર માસ સિવાય આ પત્ર એકધારું પ્રકાશિત થાય છે. તેના તંત્રી તરીકે અમુક કારણોસર શ્રી માણેકલાલ મોકમચંદ શાહનું નામ મૂકવામાં આવ્યું અને વચલા ગાળામાં તા. ૧૫-૧-૧૯૪૯ થી તા. ૧-૫-૧૯૫૦ સુધી શ્રી જટુભાઈ મહેતાએ અને તા. ૧૫-૫-૧૯૫૦ થી તા. ૧૫-૪-૧૯૫૧ સુધી શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહે 'પ્રબુદ્ધ જૈન' ના સંપાદન કાર્યની જવાબદારી સ્વીકારી હતી. વચગાળાના બે વર્ષ સિવાય શરૂઆતથી પોતાના દેહાંત સુધી શ્રી પરમાનંદભાઈએ સંપાદનની જવાબદારી અદા કરી હતી અને તા. ૧-૫-૧૯૫૧ થી તો તંત્રી તરીકે પણ એમનું જ નામ મૂકવામાં આવ્યું હતું. પરમાનંદભાઈના દેહવિલય બાદ સંઘના પ્રમુખ, તત્ત્વચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તંત્રી તરીકેની જવાબદારી વહન કરે છે

પત્રમાં રજૂ થતી લેખનસામગ્રીમાં માનવ જીવનને સ્પર્શતા અનેક નવા અને ગૂઢ વિષયોની તલસ્પર્શી છણાવટ, રાજકારણના વલણો, જૈન સમાજના પ્રશ્નોની ઉચ્ચ સ્તરે વિચારણા, પ્રચાર લક્ષી પત્રને બદલે સત્યલક્ષી દૃષ્ટિથી લખાતા લેખોને સ્થાન આપવામાં આવે છે. આ મુખપત્રને કાકાસાહેબ કાલેલકર, કિશોરીલાલ મશરૂવાળા, પૂ. કેદારનાથજી, પં. સુખલાલજી, સ્વામી આનંદ, પ્રા. ડૉ. દલસુખભાઈ માલવણિયા, પં. બેચરદાસ દોશી આદિ સમાજ હિતચિંતક વિદ્વાનોની લેખિનીનો પ્રસાદ મળ્યો છે.

"પ્રબુદ્ધ જૈન" ના ધોરણ અને એમાં પ્રગટ થતી સામગ્રીને લાભ જૈનેતર સમાજને 'પ્રબુદ્ધ જૈન" ના નામ રહેલાં સાંપ્રદાયિક તત્ત્વથી મળતો નહીં, એટલે તા. ૧-૫-૧૯૫૩ થી "પ્રબુદ્ધ જૈન" નું નવસંસ્કરણ કરવામાં આવ્યું અને 'પ્રબુદ્ધ જૈન' ના બદલે 'પ્રબુદ્ધ જીવન' નામ રાખવામાં આવ્યું અને હાલ પણ એ જ નામે એનું પ્રકાશન થાય છે. કટોકટીના સમય દરમિયાન પણ 'પ્રબુદ્ધ જીવન' એની સ્વતંત્ર વિચારની અભિવ્યકિતને સંપૂર્ણપણે વફાદાર રહ્યું છે અને એનો યશ વર્તમાન તંત્રી અને આપણા સંઘના નાયક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને ઘટે છે.

**શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય - પુસ્તકાલય :**

આ સમય દરમિયાન મહત્ત્વની નવી પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી અને તે સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય શરૂ કરવાનો તા. ૧૦-૩-૧૯૪૦ ના રોજ નિર્ણય લેવામાં આવ્યો. આ વાચનાલય અને પુસ્તકાલયનું ઉદ્ઘાટન મુંબઈ ઈલાકાના માજી વડા પ્રધાન શ્રી બાળા સાહેબ ખેરના વરદ હસ્તે તા. ૧૭-૮-૧૯૪૦ ના રોજ થયું.

સંઘના આત્મા રૂપ શ્રી મણિલાલ મોકમચંદ શાહે સંઘની તેમ જ જૈન સમાજની વર્ષો સુધી કરેલી અનેકવિધ અમૂલ્ય સેવાઓનું સન્માન તા. ૨-૪-૧૯૪૪ ના રોજ માન્યવર શ્રી વૈકુંઠભાઈ એલ. મહેતાના પ્રમુખસ્થાને કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી મણિભાઈના મિત્રો–પ્રશંસકોમાંથી રૂા. ૧૩,૮૩૩/- ની એકઠી થયેલી રકમની તેમને થેલી સમર્પવામાં આવી, તેમાં શ્રી મણિભાઈએ રૂા. ૧૦,૧૬૭/- ઉમેર્યા અને રૂા. ૨૪,૦૦૧/- ની રકમ સંઘના વાંચનાલય અને પુસ્તકાલયના નિભાવ માટે સમર્પણ કરી. આવી ઉદાત્ત અને અસાધારણ ઉદારતાને લક્ષમાં રાખીને આ - વાંચનાલય - પુસ્તકાલય સાથે તેમનું નામ જોડવાનો ઠરાવ તા. ૨૯-૧-૧૯૪૪ ના રોજ મળેલ કાર્યવાહક સમિતિને સર્વાનુમતે પસાર કર્યો અને ત્યારથી વાંચનાલય – પુસ્તકાલય સાથે શ્રી મણિલાલ મોકમચંદ શાહનું નામ જોડવામાં આવ્યું, તેમ જ તેમને સંઘના આજીવન

મંત્રી બનાવવામાં આવ્યા. આ રીતે મળેલ રકમ રૂ. ૨૪,૦૦૧/- નું ટ્રસ્ટ ડીડ કરીને અને તેને લગતું બંધારણ ઘડીને વાચનાલય - પુસ્તકાલયને સંઘની એક સ્વતંત્ર સાર્વજનિક સંસ્થાનું સ્વરૂપ આપવામાં આવ્યું.

આ વાચનાલય વિભાગનો હમેશાં આશરે ૧૫૦ થી ૨૦૦ ભાઈઓ લાભ લે છે અને પુસ્તકાલયમાં હાલ ૧૨૫૦ સભ્યો છે.

પુસ્તકાલયમાં ગુજરાતી, હિંદી, મરાઠી તથા અંગ્રેજી એમ ચારેય ભાષાના કુલ ૧૦૬ સામયિક પત્રો આવે છે, જેમાં દૈનિક ૬, સાપ્તાહિક ૩૦, પાક્ષિક ૧૬, માસિક ૪૫, અને વાર્ષિક ૯ સામયિકોનો સમાવેશ થાય છે. પુસ્તકાલયમાં આજે ૧૧,૦૦૦થી વિશેષ પુસ્તકો છે, જેમાં જૈન ધર્મનાં બધી ભાષાનાં અને ઈતર વિષયોના મુખ્યત્વે ગુજરાતી ભાષાના પુસ્તકોનો સમાવેશ થાય છે.

**રેશન રાહત પ્રવૃત્તિ :**

સંઘ તરફથી ઈ. સ. ૧૯૪૩ ના ઑક્ટોબર માસમાં સખત મોંઘવારીના સમયમાં જૈન કુટુંબોને મદદરૂપ થવાના હેતુથી રેશન રાહતની એક યોજના હાથ ધરવામાં આવી હતી. આ યોજના દ્વારા રાહત યોગ્ય કુટુંબોને રેશન બિલોમાં ૫૦ થી ૭૫ % ની રાહત આપવામાં આવી હતી. ૧૧૫ જૈન કુટુંબોને માસિક રૂા. ૯૦૦/- સુધીની રાહત આ રીતે અપાતાં, કુલ રૂા. ૨૧,૩૦૦/- ની રાહત આપવામાં આવી. ૧૯૪૪ ના ગોદીના ધડાકા બાદ આ રાહતની માગ ઓછી થતી ગઈ અને પરિણામે ૧૯૪૬ ના ડિસેમ્બરમાં આ પ્રવૃત્તિ બંધ કરવામાં આવી.

આ પ્રવૃત્તિમાં રેશન–રાહતની દુકાનો ચલાવતી સંસ્થાઓ (૧) શ્રી ઘોઘારી વીસા શ્રીમાળી જૈન જ્ઞાતિ, મુંબઈ (૨) યુવક સ્ટોર્સ, મુંબઈ (૨) શુદ્ધ સ્વદેશી સ્ટોર્સ, પ્રાર્થના સમાજ, (૪) ગ્રામોદ્યોગ ગાંધી સેવા સેના, નાનાચોક, (૫) શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ, માટુંગા અને (૬) શ્રી ઘાટકોપર સાર્વજનિક સેવા સમાજ, ઘાટકોપરનો સહયોગ સાંપડયો હતો, જેની નોંધ લેતાં આનંદ થાય છે.

**હસ્તઉદ્યોગ પ્રવૃત્તિ :**

રેશન રાહત યોજનાને પૂરક એવી એક સાર્વજનિક હસ્ત ઉદ્યોગ રાહત યોજના મુંબઈની મુખ્ય સ્ત્રી સંસ્થા ભગિની સમાજના સહકારથી, સંઘ તરફથી આ અરસામાં શરૂ કરવામાં આવી. આ યોજનાનુસાર, રાહતનો લાભ લેવા ઈચ્છનાર વ્યકિતએ સૂતર કાંતીને ખાદી ભંડારને આપે અને ખાદી ભંડાર તરફથી મળતી કંતામણની રકમ જેટલી જ રકમ સંઘ આપે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ યોજનાનો લાભ લેનાર બહુ ઓછી વ્યકિતઓ નીકળતાં આ યોજના થોડા સમય બાદ બંધ કરવામાં આવી હતી.

**રેખાબેન દામજી વૈદકીય રાહત પ્રવૃત્તિ :**

રેશન રાહતની યોજના બંધ કરી એ જ અરસામાં સંઘે જૈન સમાજ પૂરતી મર્યાદિત એવી વૈદકીય રાહતની પ્રવૃત્તિ શરૂ કરી હતી જ્યારે શ્રી મણિલાલ મોકમચંદ શાહે રૂ. ૨૪,૦૦૧/- સંઘને સમર્પ્યા ત્યારે તેમણે નર્સિંગ એસોસિયેશનનો ડીપ્લોમા લેવા ઈચ્છતી જૈન બહેનને મદદ કરવા માટે સંઘને રૂ. ૧,૦૦૦/- ની રકમ આપી, સતત જાહેરાત છતાં બે વર્ષ સુધી આવી મદદની જરૂરિયાતવાળી એક પણ જૈન બહેન આગળ ન આવી. પરિણામે આ રકમ શ્રી મણિભાઈની સંમતિથી જૈનો માટેની વૈદકીય રાહત માટે ખર્ચવાનું નક્કી કરવામાં આવ્યું. આ રાહત કાર્ય આજ પર્યંત એકધારું ચાલે છે અને કોઈ પણ જૈનને સંઘ તરફથી દવા યા ઈંજેકશનો અપાવવામાં આવે છે. મકાન ફંડમાં શ્રી દામજીભાઈએ રૂા. ૫,૦૦૦/- મેળવી આપ્યા અને રૂા. ૧૦,૦૦૦ આપવા વચન આપ્યું તેને અનુલક્ષીને તા. ૬-૯-૧૯૬૯ ના રોજ મળેલ વ્યવસ્થાપક સમિતિએ આ રાહત કેન્દ્રને રેખાબેન દામજીભાઈ વૈદકીય રાહત કેન્દ્ર એ પ્રમાણે નામ આપવાનો ઠરાવ કર્યો.

**ડૉ. મેઘાણીનું સ્મારક :**

જેમની દર્દભરી, માનવતાપ્રેરક વાર્તાઓથી ‘પ્રબુદ્ધ જૈન’ લોકપ્રિય બન્યું હતું અને સંઘની નવરચના બાદ જેમણે વર્ષો સુધી સંઘનું મંત્રી તરીકે સુકાન સંભાળ્યું હતું તેવા ડૉ. વૃજલાલ ધરમચંદ મેઘાણીનું અવસાન તા. ૧૦-૧-૧૯૪૭ ના રોજ કોમી સંઘર્ષનો ભોગ બનતા થયું. તેમના સ્મારક માટે સભ્યો તરફથી રૂા. ૨,૩૦૦/- મળતાં, સંઘે રૂા. ૨૦૦/- ઉમેરીને રૂા. ૨,૫૦૦/- ની રકમ સસ્તુ સાહિત્ય મુદ્રણાલયને માનવતા સ્પર્શી વાર્તાઓના પ્રકાશન માટે ઓછામાં ઓછા પાંચ દળદાર પુસ્તકોના પ્રકાશન માટે સોંપવામાં આવી. તદાનુસાર સસ્તુ સાહિત્ય મુદ્રણાલયે (૧) માણસાઈની વાતો અને (૨) ઉચ્ચ જીવનની મંગળ વાતો – એમ બે પુસ્તકોનું પ્રકાશન કર્યું છે.

**ધાર્મિક સામાજિક કાયદાઓનું સમર્થન :**

ધાર્મિક તથા જાહેર સખાવતોનું નિયમન કરવા સંબંધમાં ઈ. સ. ૧૯૪૮ માં જૈન - જૈનેતર સમાજના આગેવાનોની જુબાનીઓ, મુંબઈ સરકાર નિયુકત ટેન્ડુલકર સમિતિએ લીધી હતી. જૈન મંદિરમાં એકઠા થતાં દેવદ્રવ્યનો પ્રશ્ન આ સમિતિ સમક્ષ ઉપસ્થિત થયો હતો. દેવદ્રવ્યનો ઉપયોગ મંદિરના નિર્માણ અને નિભાવ સિવાય અન્ય હેતુ માટે કદાપિ થઈ જ ન શકે એવી જૈનોની પરંપરાગત માન્યતા છે. આ દ્રવ્યનાં સામાજિક ઉપયોગનો સંઘનો પ્રારંભથી જ આગ્રહ રહ્યો છે. ત્યારે સરકાર નિયુકત ટેન્ડુલકર સમિતિ સમક્ષ શ્રી પરમાનંદભાઈએ સંઘના મંતવ્યને સ્પષ્ટ સ્વરૂપે વ્યકત કર્યું હતું.

સામાજિક કાયદાઓ જેવા કે પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ એકટ, મદ્યનિષેધ ધારો, દ્વિપત્ની પ્રતિબંધક ધારો, હરિજન મંદિર પ્રવેશ ધારો, સમાજ બહિષ્કાર પ્રતિબંધક ધારો, લગ્નવિચ્છેદ ધારો –આવા અનેક હાથ ધરાયેલ સામાજિક ખરડાઓનું સંઘે સમર્થન કર્યું હતું, સામાજિક - ધાર્મિક કાયદાઓના સમર્થનથી સ્થિતિચુસ્ત સમુદાયનો સખત રોષ સંઘે વહોરી લીધો હતો.

**સ્વ. મણિભાઈનું સ્મારક :**

સંઘના ઉત્કર્ષની સતત ચિંતા સેવતા સંઘના આજીવન મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહના તા. ૨૬-૭-૧૯૫૨ના રોજ નીપજેલ અવસાનથી સંઘને પડેલી ખોટ વણપૂરાયેલી રહેશે. સંઘને એમનો તન, મન અને ધનથી હંમેશ સુયોગ સાંપડયો હતો. તેમની ધગશ, સેવા અને સંઘને સતત ઉન્નતિના પંથે લઈ જવાની ભાવના અનન્ય હતી. સંઘમાં અનેક કાર્યકર્તાઓ આવ્યા અને ગયા; પરંતુ તેમણે સંઘની જે ચિંતા સેવી છે તે અજોડ હતી અને સમયના તકાદા સામે તેઓ અડીખમ ઊભા રહ્યા હતા અને અઢળક અર્થપૂરવણીથી સંઘની પ્રવૃત્તિઓને જીવંત રાખી હતી.

તા. ૩૧-૭-૧૯૫૨ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભાગૃહમાં સર મણિલાલ બાલાભાઈ નાણાવટીના પ્રમુખસ્થાને એમને શ્રદ્ધાંજલિ અર્પવા મળેલી શોકસભામાં ‘મણિભાઈ સ્મૃતિ ફંડ સમિતિ’ની નિમણૂક કરવામાં આવી અને શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી અને શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહને મંત્રીઓ તરીકે જવાબદારી સોંપવામાં આવી. આ સ્મૃતિ ફંડમાં રૂા. ૨૫,૦૦૦)નો ધનરાશિ સંચય કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. તદનુસાર આ રકમ જૂન, ૧૯૫૪ સુધીમાં એકત્ર થતાં શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને અર્પણ કરવામાં આવી છે.

તેમના એક તૈલચિત્રનો અનવારણવિધિ સંઘના કાર્યાલયમાં તા. ૧-૩-૧૯૫૨ના રોજ શ્રી કાકાસાહેબ કાલેલકરના વરદહસ્તે કરવામાં આવ્યો હતો.

**પુસ્તક પ્રકાશન :**

ઈ. સ. ૧૯૪૪માં શ્રી મણિલાલ મોકમચંદ શાહે સંઘને અર્પેલ રૂા. ૨,૪૦૦૧ ની રકમ ઉપરાંત શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના લેખોનો સંગ્રહ પ્રગટ કરવા તેમ જ ડૉ. વૃજલાલ ધરમચંદ મેઘાણીની વાર્તાઓનો સંગ્રહ પ્રકટ કરવા માટે રૂપિયા એક એક હજાર સંઘને આપ્યા હતા. આ રકમમાંથી સંઘે ઈ. સ. ૧૯૪૫ માં ‘આળાં હૈયાં’ નામના વાર્તા સંગ્રહનું પ્રકાશન કર્યું હતું, જે તુરતમાં જ ખપી જતાં સસ્તુ સાહિત્ય મુદ્રણાલયે એની બીજી આવૃત્તિ પ્રગટ કરી હતી, જ્યારે શ્રી પરમાનંદભાઈના લેખોનો સંગ્રહ ‘સત્યમ્ શિવમ સુંદરમ’ નું પ્રકાશન કરવામાં આવ્યું હતું, જેનું સંપાદન શ્રી યશવંત દોશીએ કર્યું હતું અને કાકાસાહેબ કાલેલકર અને પં. સુખલાલજીએ પ્રવેશકો લખી આપીને પ્રસ્તુત લેખ સંગ્રહને વધારે સમૃદ્ધ બનાવેલ છે.

**સંઘનો રજત મહોત્સવ :**

સંઘની સ્થાપનાના અઢી દાયકાની ઉજવણીનો શુભ પ્રસંગ સંઘના ઇતિહાસમાં યાદગાર બની રહેશે. સંઘના રજત મહોત્સવ

સમારંભનું સમગ્ર આયોજન કરવા માટે એક વગદાર રજત મહોત્સવ સમિતિ નીમવામાં આવી હતી, જેના પ્રમુખ તરીકે શ્રી ખીમજી માંડણ ભુજપુરિયા, ઉપ પ્રમુખ તરીકે શ્રી લીલાવતીબેન દેવીદાસ, મંત્રીઓ તરીકે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા અને શ્રી ટી. જી. શાહ અને કોષાધ્યક્ષ તરીકે શ્રી ચીમનલાલ પી. શાહની વરણી કરવામાં આવી. ઉપરાંત સમાજના ૨૬ અગ્રણીઓને સમિતિના સભ્ય તરીકે જવાબદારી સોંપવામાં આવી.

આ રજત મહોત્સવ સમિતિએ શનિવાર, તા. ૯-૧૦-૧૯૫૪ થી શનિવાર તા. ૧૬-૧૦-૧૯૫૪ સુધીનો પંચરંગી કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડયો હતો. વિગતવાર કાર્યક્રમ આ પ્રમાણે હતો :–

**શનિવાર, તા. ૯-૧૦-૧૯૫૪ :** સાંજના ૬-૩૦ કલાકે ભારતીય વિદ્યાભવનમાં શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચાનાલય-પુસ્તકાલયના લાભાર્થે લીટલ બેલેટ ટ્રુપના "રામાયણ" (કઠપૂતળી નૃત્ય નાટિકા)નો સાંસ્કૃતિક કાર્યક્રમ.

મહોત્સવ પ્રમુખ : શ્રી કાકાસાહેબ કાલેલકર.
અતિથિ વિશેષો : પં. સુખલાલજી, પં. બેચરદાસજી.
ઉદ્‌ઘાટક : શ્રી નારાયણ દેસાઈ

**રવિવાર, તા. ૧૦-૧૦-૧૯૫૪ :** સવારે ૯-૦૦ કલાકે રજત મહોત્સવ સંમેલન ભારતીય વિદ્યા ભવનમાં.

સાંજે ૬-૦૦ કલાકે પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમિંગ બાથમાં સભ્યો તથા શુભેચ્છકોનું સહભોજન.

**સોમવાર, તા. ૧૧-૧૦-૧૯૫૪ :** સાંજે ૬-૩૦ કલાકે સભ્યો માટે મનોરંજન કાર્યક્રમ.

**મંગળવાર, તા. ૧૨-૧૦-૧૯૫૪ :** રાત્રે ૮-૦૦ થી ૧૧-૦૦ નૌકા વિહાર.

**શનિવાર, તા. ૧૬-૧૦-૧૯૫૪ :** સંઘના પ્રમુખ શ્રી ખીમજી માંડણ ભુજપુરિયા તરફથી ન્યુ આરામ રેસ્ટોરન્ટમાં રજત મહોત્સવના કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવામાં મદદરૂપ થયેલા ભાઈ બહેનોનું સ્નેહ સંમેલન.

આ પ્રસંગે 'પ્રબુદ્ધ જીવન'નો ૬૪ પૃષ્ઠનો તા. ૧-૧૧-૧૯૫૪ ના રોજ રજત મહોત્સવ વિશેષાંક બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં સંઘનો વિસ્તૃત પરિચય, રજત મહોત્સવના ઉપરોક્ત કાર્યક્રમની સંપૂર્ણ વિગતો, સંમેલનના પ્રમુખ શ્રી કાકાસાહેબ કાલેલકર, ઉદ્‌ઘાટક શ્રી નારાયણ દેસાઈ, પં. સુખલાલજી, પં. બેચરદાસજી, પં. દલસુખ માલવણિયા, મજૂર ખાતાના પ્રધાન શ્રી શાંતિલાલ શાહ વગેરેના પ્રવચનો અને વિદ્વજ્જનોના લેખો પ્રગટ કરવામાં આવ્યા હતા.

**ત્રીજો તબક્કો : રજત મહોત્સવની આજ સુધી :**

ત્રીજો તબક્કો સંઘના વિકાસનો અને સ્વાવલંબનનો તબક્કો લેખી શકાય. આ સમય દરમિયાન નિયમિતપણે વસંત વ્યાખ્યાનમાળાનો ઈ. સ. ૧૯૬૯ થી પ્રારંભ થયો અને સાહિત્યના ક્ષેત્રે ઈ. સ. ૧૯૭૬ થી વિદ્યા સત્રના પ્રારંભથી નવી ભાત પાડી. જિજ્ઞાસુઓની જિજ્ઞાસા સંતોષવા ઈ. સ. ૧૯૭૭ થી અભ્યાસ વર્તુળની શરૂઆત કરી, તો એ જ વર્ષથી પ્રેમળ જ્યોતિની પ્રવૃત્તિ દ્વારા પીડિતોને માનસિક શાંતિ અને હૂંફ તેમ જ આરોગ્ય વિષયક તેમની જરૂરિયાતો માટે મદદનું કાર્ય નિયમિત શરૂ કર્યું. આ બધાની સાથે આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી થવા આજીવન સભ્યની યોજના કરી અને એ પણ સફળતાપૂર્વક પાર પડી. આમ આ સમગ્ર ગાળો નવી પ્રવૃત્તિઓ હાથ ધરવાનો અને સ્વાવલંબનનો ગાળો ગણી શકાય.

**જૈન-જૈનેતરો સર્વને સભ્યપદનો અધિકાર :**

તા. ૩૧-૭-૧૯૫૪ ના રોજ મળેલ સંઘની સામાન્ય સભાએ સંઘના કાર્યક્ષેત્રને વિસ્તૃત બનાવ્યું અને સંઘના સભ્યપદનો અધિકાર જૈન વિચારસરણી પ્રત્યે આદર ધરાવતા જૈન-જૈનેતર કોઈ પણ વ્યકિતને આપવામાં આવ્યો. અદ્યાપિ પર્યંત સભ્ય થનાર જૈન હોય એ આવશ્યક હતું. આ રીતે સંઘના બંધારણમાં રહેલ સાંપ્રદાયિક તત્ત્વને દૂર કરવામાં આવ્યું અને વિશાળ જનતા માટે દ્વાર ખુલ્લાં મૂકતા જૈન સમાજ કરતાં સત્ય અને અહિંસા જેના પાયામાં છે એવી જૈન વિચારસરણી ઉપર સંઘે વધારે ભાર આપી મૂકયો છે.

**વસંત વ્યાખ્યાનમાળા :**

પર્યુષણ પર્વ દરમિયાન જે રીતે વ્યાખ્યાન માળા યોજાય છે એ રીતે વસંત ઋતુમાં વ્યાખ્યાનમાળા યોજાય એવી વિચારણા ઘણા સમયથી ચાલતી હતી. આ અંગેનો સૌ પ્રથમ વિચાર તા. ૨૩-૯-૧૯૫૮ ના રોજ કાર્યવાહક સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યો હતો, અને તેની જવાબદારી ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા શ્રીમતી તારાબેન રમણલાલ શાહને સોંપવામાં આવી હતી. તદ્‌નુસાર તા. ૯-૩-૧૯૫૯ થી તા. ૧૫-૩-૧૯૫૯ એમ સાત દિવસ માટે બ્લેવાટ્સ્કી લોજમાં વસંત વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી, જેની વિગત આ પ્રમાણે છે :–

| વિષય | વ્યાખ્યાતા |
|---|---|
| પુરાતત્ત્વ અને જૈન આગમો | |
| આદિનો અભ્યાસ | ડૉ. ઉમાકાન્ત પી. શાહ |
| સર્વોદય વિચારણા | પ્રા. ઉષાબેન મહેતા |
| સંસ્કાર અને સ્વતંત્રતા | શ્રી કનૈયાલાલ મા. મુનશી |
| લોકશાહી | શ્રી ગગનવિહારી મહેતા |
| આપણી કેળવણી | પ્રા. ગૌરીશંકર ઝાલા |
| ગ્રામ આયોજનના પાયા | શ્રી નવલભાઈ શાહ |
| દુનિયાની પુનઃ રચના | શ્રી કાકાસાહેબ કાલેલકર |

સંજોગવશાત્ આ પ્રવૃત્તિ પછીના વર્ષમાં ચાલુ ન રહી શકી. પરંતુ એક દાયકા બાદ તા. ૬-૨-૧૯૬૯ના રોજ સંઘના એ વખતના કાર્યવાહક સમિતિના સભ્ય (અને હાલ મંત્રી) શ્રી કે. પી. શાહે વસંત ઋતુ દરમિયાન રાષ્ટ્રીય એકીકરણ ઉપર વ્યાખ્યાનમાળા યોજવા અંગે પત્ર દ્વારા પ્રસ્તાવ મૂકયો. તદ્દાનુસાર એ વર્ષ મહાત્મા ગાંધીજીની જન્મ શતાબ્દીનું વર્ષ હોઈને બે વ્યાખ્યાનો ગાંધીજી વિષે અને બે વ્યાખ્યાનો રાષ્ટ્રીય એકીકરણ વિષે – એમ ચાર વ્યાખ્યાનોની વસંત વ્યાખ્યાનમાળા યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તદ્દાનુસાર વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન થયું હતું, ત્યારથી પ્રતિ વર્ષ નિયમિતપણે આ વ્યાખ્યાનમાળા સંઘના નાયક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખસ્થાને યોજાય છે.

**'પ્રબુદ્ધ જીવન'નો રજત જયંતી સમારોહ :**

ઈ. સ. ૧૯૬૪માં સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન (પહેલાં 'પ્રબુદ્ધ જૈન')ના પ્રકાશનને ૨૫ વર્ષ પૂરાં થયાં. એ પ્રસંગે 'પ્રબુદ્ધ જીવન'નો રજત જયંતી મહોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું અને એ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અને નવેમ્બર, ૧૯૬૪માં થયેલ ઉજવણી દરમિયાન 'પ્રબુદ્ધ જીવન' ને સ્વાવલંબી બનાવવા રૂા. ૨૫૦૦૦/નો નિધિ સંચય કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને સમાજમાંથી જેનો ઉત્સાહપૂર્વક પ્રત્યુત્તર મળ્યો હતો. રજત જયંતી મહોત્સવનો સમગ્ર કાર્યક્રમ નીચે પ્રમાણે હતો :

| દિવસ અને સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| તા. ૧૪-૧૧-૧૯૬૪ શનિવાર, સાંજના ૫–૩૦ કલાકે. | ભારતીય વિદ્યા ભવન | પત્રકારત્વ અંગે જાહેર સંવાદ<br>પ્રમુખ : શ્રી ગગનવિહારી લ. મહેતા |
| તા. ૧૫-૧૧-૧૯૬૪ રવિવાર, સવારના ૯-૦૦ ક. | ભારતીય વિદ્યા ભવન | 'પ્રબુદ્ધ જીવન' રજત જયંતી સમારોહ<br>પ્રમુખ : શ્રી કાકાસાહેબ કાલેલકર<br>અતિથિવિશેષ : પં. સુખલાલજી |
| તા. ૧૫-૧૧-૧૯૬૪ રવિવાર, સાંજના ૬-૦૦ ક. | તારાબાઈ હૉલ | સંગીત તેમ જ નૃત્યનો કાર્યક્રમ |
| તા. ૧૬-૧૧-૧૯૬૪ સોમવાર, સાંજના ૬-૧૫ ક. | પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ પૂલ, કાફેટેરિયા | સ્નેહ સંમેલન<br>પ્રમુખ : શ્રી ભવાનજી અરજણ ખીમજી |

'પ્રબુદ્ધ જીવન' ૨૫ વર્ષ પૂરા કરે ત્યારે યોજાયેલ રજત જયંતી મહોત્સવમાં પત્રકારત્વ અંગે પરિસંવાદ યોજાયો હતો. તેમાં (૧) પત્રકારત્વ : વ્યવસાય કે ધર્મ ? (૨) જાહેર ખબરનું પ્રકાશન

અને નૈતિકતા (૩) યેનકેન પ્રકારણે ગુપ્ત ખબરો મેળવીને પ્રગટ કરવાની નીતિની યોગ્યતા (૪) કોઈ પણ જાહેર સંસ્થા યા વ્યકિતની બદબોઈમાં રાચતું પત્રકારત્વ (Yellow Journalism) (૫) પુરસ્કાર બદલ લખાતાં લખાણો અને લખાણો બદલ અપાતો પુરસ્કાર (૬) કેવળ ધંધાદારી પત્રકારત્વ (Ownership Journalism) (૭) પત્રકારત્વ : પક્ષલક્ષી કે લોકલક્ષી? (૮) દૈનિક પત્રોને લગતું પત્રકારત્વ અને સામયિક પત્રોને લગતું પત્રકારત્વ (૯) લોકશાહીના સંદર્ભમાં પત્રકારત્વનું કર્તવ્ય અને ફાળો વગેરે વિષયોને નજર સમક્ષ રાખવામાં આવ્યા હતા.

**અભ્યાસ વર્તુળ :**

તા. ૧૪-૩-૧૯૫૭ ના રોજ મળેલ કાર્યવાહક સમિતિની સભામાં સંઘની પ્રવૃત્તિઓ વિસ્તારવા અંગે અને એ પ્રવૃત્તિઓથી આનંદવિભોર બનેલો અંતરાત્મા બોલી ઊઠે કે 'આનું નામ યુવક સંઘ' – એ દષ્ટિએ (૧) ફરતી હૉસ્પિટલ, (૨) અભ્યાસ વર્તુળ અને (૩) બેકારી નિવારણ વગેરે અંગે કાર્યવાહી હાથ ધરવા વિચાર વિનિમય થયો હતો. એ પૈકી સામાન્ય જનની જિજ્ઞાસાવૃત્તિને સંતોષે એ માટે વિવિધ વિષયના નિષ્ણાતને એમના ક્ષેત્ર વિષે માહિતી અને છેવટની પ્રગતિથી જિજ્ઞાસુરસિકોને માહિતગાર કરવા સાથે પ્રશ્નોત્તરી જેવો કાર્યક્રમ પ્રતિ માસ અને પાછળથી દર બે માસે હાથ ધરવાની ભાવના, અલબત્ત, ઈ. સ. ૧૯૫૭ માં તો પાર ન પડી. પરંતુ તા. ૧૧-૩-૧૯૭૫ ના રોજ સંઘના નાયક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના ૭૫ મા જન્મદિવસથી આ પ્રવૃત્તિ નિયમિત શરૂ થઈ છે અને તેના સંચાલક તરીકે શ્રી સુબોધભાઈ જવાબદારી સંભાળે છે. સંઘના વિકાસશીલ તબક્કામાં આ રીતે આ પ્રવૃત્તિનો ઉમેરો થયો.

**વિદ્યાસત્ર :**

સંઘ દ્વારા ચાલતી પર્યુષણ અને વસંત વ્યાખ્યાનમાળા ઉપરાંત દર વર્ષે ડિસેમ્બર - જાન્યુઆરીમાં સાહિત્ય, શિક્ષણ વિષેના વ્યાખ્યાનો, પરિસંવાદ વગેરે માટે વિદ્યાસત્રની પ્રવૃત્તિ શરૂ કરવા માટે શ્રી જોરમલ મંગળજી મહેતાએ રૂા. ૨૦,૦૦૦ ની રકમ, આ પ્રવૃત્તિ સાથે એમના પિતાશ્રી સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતાનું નામ જોડવાની ભાવના સાથે ઈ. સ. ૧૯૭૬ માં આપી. ત્યારથી આ પ્રવૃત્તિ નિયમિતપણે હાથ ધરાય છે અને તેના પ્રમુખ સ્થાને ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ બિરાજે છે, એટલું જ નહિ પરંતુ આ પ્રવૃત્તિ પાર પાડવાની સંપૂર્ણ જવાબદારી તેઓશ્રી વહન કરે છે. ઈ. સ. ૧૯૭૬-૭૭નું વર્ષ મહાકવિશ્રી નાનાલાલની જન્મ શતાબ્દીનું વર્ષ હોઈ, કવિ નાનાલાલનું નાટ્ય કલા તત્ત્વ' એ એક જ વિષય ઉપર ત્રણ દિવસના વ્યાખ્યાનો શ્રી ચંદ્રવદન ચી. મહેતાએ ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરના હૉલમાં આપ્યા હતા. ત્યારથી આ પ્રવૃત્તિ નિયમિત ચાલુ છે. ચાલુ વર્ષે તા. ૭, ૮ અને ૯ ડિસેમ્બર, ૧૯૭૮ ના રોજ પ્રા. શ્રી મનસુખલાલ ઝવેરીના વ્યાખ્યાનો (૧) સાહિત્ય શા માટે? (૨) બીજી કળાઓ અને વાઙમય અને (૩) રસાસ્વાદના કેટલાક પ્રશ્નો – એમ ત્રણ વિષયો પર યોજવામાં આવ્યા છે.

**વાંચનાલય–પુસ્તકાલયના લાભાર્થે સાંસ્કૃતિક કાર્યક્રમ**

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય પુસ્તકાલયને વિકસાવવાની અતિ આવશ્યકતા હતી. જિજ્ઞાસુઓને જુદા જુદા વિષયો કે વિભાગવાર છેલ્લામાં છેલ્લા પ્રકાશનો વસાવી શકાય એ માટે ચેરિટી શો દ્વારા માતબર રકમનો નિધિસંચય કરવાનો તા. ૨૨-૧૦-૧૯૭૩ના રોજ મળેલ કાર્યવાહક સમિતિએ નિર્ણય કર્યો. આ અંગે નિમાયેલી ઉપસમિતિના સભ્યો તરીકે શ્રી શાંતિલાલ દેવજી નંદુ (કન્વીનર), શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી સુબોધભાઈ એમ. શાહ, શ્રી અમર જરીવાલા અને શ્રી જયંતિલાલ ફત્તેચંદ શાહ હતા.

તદાનુસાર, તા. ૩-૩-૧૯૭૪ના રોજ આઈ.એન.ટી.નું સર્જન "સંતુ રંગીલી"ના નાટકનો શો સવારના ૯-૩૦ કલાકે ભુલાભાઈ દેસાઈ ઓડિટોરિયમમાં રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મળેલ ભેટ અને સોવેનિયરમાં મળેલ જાહેરખબર દ્વારા રૂા. એક લાખનો નિધિસંચય થયો હતો. દાતાઓનો આ તકે અમે આભાર માનીએ છીએ.

**પ્રેમળ જ્યોતિ**

સંઘ દ્વારા "પ્રેમળ જ્યોતિ"ની નવી પ્રવૃત્તિની શરૂઆત તા. ૨૧-૧૦-૧૯૭૬ના રોજ ધનતેરશના શુભદિને કરવામાં આવી. આ પ્રવૃત્તિના કન્વીનર તરીકે શ્રીમતી નિરુબેન શાહ પ્રવૃત્તિની શરૂઆતથી આજસધી જવાબદારી સરસ રીતે સંભાળે છે. પ્રારંભ ૧૪-૧૫ બહેનોથી કરીને હાલ ૫૦ બહેનો આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે. જન ક્લિનિકથી આ પ્રવૃત્તિની શરૂઆત કરવામાં આવી અને બીજી અનેક સંસ્થાઓની મુલાકાત લેવામાં આવે છે, અને શકિત પ્રમાણે જરૂરિયાતમાં મદદરૂપ થાય છે. આ પ્રવૃત્તિને વેગ આપવા શ્રીમતી વિદ્યાબેન તરફથી તેમના પતિ સ્વ. મહાસુખભાઈ શાહનું નામ આ પ્રવૃત્તિ સાથે જોડવું એવી સમજણથી રૂા. ૨૦,૦૦૦નું દાન સંઘને મળ્યું છે, જેનો સંઘે સહર્ષ સ્વીકાર કર્યો છે.

**શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ**

સંઘના એક વખતના મંત્રી અને અગ્રણી શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહના સુપુત્રી શ્રી તારાબેન રમણલાલ શાહ અને અને ડૉ. રમણલાલ શાહ તરફથી એમના પૂ. પિતાશ્રીની સ્મૃતિમાં જૈન ધર્મના પુસ્તકોના પ્રકાશન માટે રૂા. ૩૦,૦૦૦/નું દાન આપવામાં આવ્યું, જેનો સંઘની કાર્યવાહક સમિતિની તા. ૧૨-૪-૧૯૭૬ના રોજ મળેલ સભાએ સાભાર સ્વીકાર કર્યો. આ પ્રવૃત્તિ અંગે સામાન્ય જનતા પાસેથી દાન મળેલ છે એને અમે આવકારીએ છીએ.

આ યોજનાનુસાર સોલાપુરની કૉલેજના આચાર્ય ડૉ. ભગવાનદાસ તિવારીએ હિન્દીમાં લખાયેલ 'માહાવીરવાણી' પુસ્તકનો અનુવાદ શ્રી ફૂલચંદ હરિચંદ દોશીએ કરી આપ્યો છે, જેનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

**શ્રી ચી. ચ. શાહના પુસ્તક પ્રકાશન અંગે**

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના લેખોના સંગ્રહનું એક પુસ્તક પ્રગટ કરવાનો નિર્ણય કર્યો તેના સંદર્ભમાં શ્રી ટપુલાલ ભગવાનજી મહેતા (કુવૈત) તરફથી રૂા. ૧,૫૦૦ અને મે. ચીમનલાલ પેપર કું. તરફથી રૂા. ૧,૫૦૦ ઈ. સ. ૧૯૭૫-૭૬ દરમિયાન ભેટ મળ્યા હતા. આ નિર્ણય અનુસાર અને મળેલ ભેટ રકમમાંથી શ્રી ચીમનભાઈના લેખોનો સંગ્રહ "અવગાહન"નું પ્રકાશન કરવામાં આવ્યું છે, જેનું સંપાદન ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ અને શ્રી યશવંત દોશીએ કર્યું છે. આ પ્રકાશન અંગે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ ટ્રસ્ટ તરફથી પણ રૂા. ૧૦,૦૦૦ની લોન પ્રકાશનાર્થે મળી છે.

**મકાન ફંડ**

ધનજી સ્ટ્રીટમાં સંઘના આવેલ કાર્યાલયની જગ્યા ટૂંકી પડતાં વિશાળ જગ્યા શોધવાની જરૂર ઊભી થઈ અને એ માટે મકાન ફંડની ટહેલ નાખવામાં આવી. મકાન ફંડની પ્રવૃત્તિમાં બાબુભાઈ જી. શાહ અને દામજીભાઈએ અભૂતપૂર્વ ઉત્સાહ દાખવવા સાથે રૂા. ૫,૦૦૧,ની રકમ બન્નેએ આપી અને મકાન ફંડમાં રૂા. ૭૭,૦૦૦ મળ્યા. આ રીતે આર્થિક જવાબદારી હળવી થતાં, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ પરના ટોપીવાળા મેન્શનમાં બીજા માળની જગ્યા લગભગ ૨,૦૦૦ ચોરસફૂટ લેવામાં આવી, જેમાં ૩૦×૩૦નો સુંદર હૉલ પણ છે, અને વર્તમાન કાર્યાલય પણ ત્યાં જ આવેલું છે, આ રીતે વિશાળ હૉલ સાથે જગ્યાની વ્યવસ્થા થતાં વાંચનાલય–પુસ્તકાલયને અનુકૂળ વાતાવરણ ઊભું થયું અને અભ્યાસ વર્તુળની પ્રવૃત્તિ માટે નાનો સુંદર વ્યાખ્યાન હૉલ પણ મળ્યો.

**બંધારણમાં ફેરફાર અને આજીવન સભ્યો**

આપણા સૌનો એવો સામાન્ય અનુભવ છે કે વાર્ષિક લવાજમ યથાસમય મોકલી શકાતું નથી. એને બદલે આજીવન સભ્યની યોજના અમલમાં મૂકી હોય તો વિશેષ અનુકૂળતા રહે એવો સૂર સંઘના શુભેચ્છકો અને પ્રબુદ્ધજીવનના વિશાળ ચાહક વર્ગનો હતો. આ બાબતને લક્ષમાં રાખી સંઘના બંધારણમાં સંઘના આજીવન સભ્ય થવાની જોગવાઈ ઈ. સ. ૧૯૭૩ માં કરવામાં આવી અને આજીવન સભ્યનું લવાજમ રૂા. ૨૫૧/ રાખવામાં આવ્યું. અમને જણાવતાં આનંદ થાય છે પાંચ વર્ષના ટૂંકા ગાળામાં સંઘના ૧૧૦૦ આજીવન સભ્યો થયા છે અને આ રીતે સંઘને કાયમી સભ્યો મળતાં સંઘની નૈતિક તાકાત વધી છે. આજીવન સભ્ય થનાર દરેક શુભેચ્છકોનો અમે આભાર માનીએ છીએ.

### સ્વ. શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ

સંઘના સ્થાપકો પૈકીના અગ્રણી સભ્ય અને સંઘને વર્ષો સુધી મંત્રી, ઉપપ્રમુખ કે પ્રમુખ તરીકે સેવા અર્પનાર અને 'પ્રબુદ્ધ જીવન'ની ત્રીસ વર્ષથી પણ વધુ સમયના ગાળા સુધી તંત્રી તરીકેની જવાબદારી વહન કરનાર શ્રી પરમાનંદભાઈ કાપડિયાના અવસાનથી સંઘને ન પુરાય એવી ખોટ પડી છે. એમની સ્મૃતિ કાયમ રહે એ હેતુથી શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ સંચિત કરવામાં આવ્યો, જેમાં અત્યાર સુધીમાં રૂ. ૧,૪૩,૭૭૫/- જમા છે. આ સ્મારક નિધિમાંથી 'પ્રબુદ્ધ જીવન'ને પ્રતિ વર્ષ રૂા. ૫૦૦૦/- મળે છે અને શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના ટ્રસ્ટીઓએ રૂા. ૫૦૦૦/- ગુજરાતી સાહિત્ય પરિષદને આપ્યા છે, જે ચોક્કસ પ્રકારના પ્રકાશનને શ્રી પરમાનંદ કાપડિયા પારિતોષિક રૂપે આપવાની શરતે સોંપવામાં આવ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદે તેનો સાભાર સ્વીકાર કરેલ છે.

### શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ

સંઘના નવા કાર્યાલયમાં 30 × 30 ના હૉલની સાથે શ્રી પરમાનંદભાઈનું નામ જોડી "શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ" એવું નામ રાખવામાં આવ્યું છે. અલબત્ત, સંઘે આ નિર્ણય એમની હયાતિ દરમિયાન લીધો છે. આ રીતે પણ એમની યાદગીરી સંસ્થા સાથે કાયમી ધોરણે જળવાઈ રહી છે.

### અન્ય પ્રવૃત્તિઓ

ઉપર જણાવેલી પ્રવૃત્તિઓ ઉપરાંત સંઘે બીજી નાની મોટી ઘણી પ્રવૃત્તિઓ હાથ ધરી છે. પ્રતિ વર્ષ અભ્યાસ વર્તુળની પ્રવૃત્તિ હાથ ધરી એ પહેલાં જુદા જુદા વિદ્વાનો મુંબઈમાં આવે ત્યારે એમની વિદ્વત્તાનો લાભ મળે એ હેતુથી એમના પ્રવચનો ગોઠવવામાં આવ્યા છે. મુંબઈના વિદ્વાનોનો પણ પરસ્પરની અનુકૂળતા મુજબ આ ધોરણે સંઘને લાભ મળ્યો છે.

સંઘના સભ્યોના પર્યટનોનું આયોજન કરવાની શ્રી પરમાનંદભાઈની ચોક્કસ દૃષ્ટિ હતી. કુદરતી સૌન્દર્યનું રસપાન અને નૌકા વિહારનું આયોજન અને એ દ્વારા સંઘના પરિવારના સભ્યો અને કુટુંબીજનો પરસ્પર નિકટ આવે એ હેતુથી અવારનવાર પર્યટનો યોજાયા છે.

સંઘને શરૂઆતથી જ જેમના આશીર્વાદ અને સહકાર મળ્યો છે તે વિદ્વદવર્યો શ્રી કાકાસાહેબ કાલેલકર અને પંડિત ડૉ. સુખલાલજીના સન્માનનો પ્રસંગ પણ સંઘે યોજ્યો હતો. મુંબઈની અન્ય સંસ્થાઓની સાથે શ્રી કાકાસાહેબ કાલેલકર ષષ્ઠિપૂર્તિ સમારંભનું આયોજન કરવામાં સંઘે અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો અને પં. સુખલાલજીનું સન્માન પણ સંઘ તરફથી મુંબઈ યુનિવર્સિટીના કૉન્વોકેશન હૉલમાં, એ વખતના ભારતના ઉપરાષ્ટ્રપતિ સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખસ્થાને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એમને રૂા. એક લાખની થેલી અર્પણ કરવામાં આવી હતી. સંઘના રજત મહોત્સવ પ્રસંગે પણ પં. સુખલાલજી અને પં. બેચરદાસજીનું સન્માન કરવામાં આવ્યું હતું.

'પ્રબુદ્ધ જીવન' ના વિશેષાંકો સમયાનુસાર બહાર પાડવામાં આવે છે. તદનુસાર સંઘના રજત મહોત્સવ પ્રસંગે ઈ. સ. ૧૯૫૪માં અને ઈ. સ. ૧૯૬૪ માં 'પ્રબુદ્ધ જીવન' ની રજત જયંતી પ્રસંગે વિશેષાંક બહાર પાડવામાં આવ્યા હતા. શ્રી પરમાનંદ કાપડિયાના અવસાન બાદ સ્વ. શ્રી પરમાનંદ કાપડિયા સ્મૃતિ અંક અને પં. સુખલાલજીના દેહવિલય બાદ તા. ૧-૫-૧૯૭૮ના રોજ સ્વ. પંડિત સુખલાલજી સ્મૃતિ અંક - બન્ને મહાનુભાવોને યોગ્ય અંજલિ આપતા લેખોના સમાવેશ સાથે પ્રગટ કરવામાં આવ્યા હતા. સંઘના સુવર્ણ જયંતી મહોત્સવ નિમિત્તે પણ વિશેષાંકનું આયોજન કર્યું છે અને તે આજરોજ બહાર પડે છે.

### સંઘનો સુવર્ણ જયંતી મહોત્સવ

સંઘની કાર્યવાહીના ૫૦ વર્ષ પૂરાં થતાં હોઈને સંઘના સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. અર્ધી શતાબ્દીની પૂર્ણાહુતિની ઉજવણી માત્ર આનંદ–પ્રમોદ રૂપે નહિ, પરંતુ આ પ્રસંગને નિમિત્ત બનાવી સંઘને આર્થિક રીતે સંગીન પાયા પર મૂકવાની ભાવનાથી અને ભવિષ્યમાં વધુ ને વધુ પ્રવૃત્તિઓ હાથ ધરવાની ગણતરી સાથે સુવર્ણ મહોત્સવ નિધિ સંચય કરવાનો નિર્ણય કમિટીમાં કરવામાં આવ્યો અને તેનું લક્ષ્યાંક રૂા. ૨,૫૦,૦૦૦ નું રાખવામાં આવ્યું છે. અમને જણાવતાં આનંદ થાય છે કે અમે આપ સૌના પ્રેમાળ અને ઔદાર્યભર્યા સહકારથી આ લક્ષ્યાંક વટાવી ચૂક્યા છીએ.

સુવર્ણ જયંતી મહોત્સવનો કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો છે:

રવિવાર તા. ૧૨-૧૧-૧૯૭૮ સવારના ૯–૦૦ કલાકે સુવર્ણ જયંતિ મહોત્સવનું ઉદ્‌ઘાટન અને પરિસંવાદ, ઉદ્‌ઘાટક: સંસદસભ્ય પ્રા. પુરૂષોત્તમ માવળંકર. વકતા : શ્રી યશવંત શુકલ. શ્રી હરીન્દ્ર દવે અને ડો. સુરેશ દલાલ સ્થળ: ભારતીય વિદ્યાભવન.

ગુરૂવાર તા. ૧૬-૧૧-૧૯૭૮ સાંજના ૬-૩૦ કલાકે 'દૈવી સંકેત' નૃત્ય નાટિકાનો સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્થળ: બિરલા માતુશ્રી સભાગાર.

શુક્રવાર તા. ૧૭-૧૧-૧૯૭૮ સાંજના ૭-૦૦ કલાકે, સંઘના પરિવારનું સહભોજન અને સંઘના કાર્યાલય મંત્રીશ્રી શાંતિલાલ ટી. શેઠનું સન્માન અને રૂા. ૫૧,૦૦૦/ ની થેલી અર્પણ, સ્થળ: બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી.

શનિવાર - રવિવાર અનુક્રમે તા. ૨૩-૧૨-૧૯૭૮ અને તા. ૨૪-૧૨-૧૯૭૮ અખીલ ભારતીય જૈન યુવક પરિષદ : પરિષદનું ઉદ્‌ઘાટન અને ત્રણ બેઠકનો-યુવકોના પ્રશ્નો અંગેનો વિસ્તૃત કાર્યક્રમ.

આપ સૌની હૂંફ અને મમતા, ઔદાર્યભર્યા સહકાર અને ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે સંઘના સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી થાય છે એ પ્રસંગે આપ સૌનું અભિવાદન કરતાં અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

લિ૦ ભવદીય

| | |
|---|---|
| ચીમનલાલ ચકુભાઈ શાહ: પ્રમુખ, | ચીમનલાલ જે. શાહ, |
| રસિકલાલ મોહનલાલ ઝવેરી : ઉપપ્રમુખ, | કે. પી. શાહ. |
| ગણપતલાલ મગનલાલ ઝવેરી | મંત્રીઓ. |
| કન્વીનર, સુવર્ણ જયંતી મહોત્સવ | પ્રવીણચંદ્ર કે. શાહ-કોષાધ્યક્ષ, |

## આમંત્રણ

કોણ આવશે મારે ઘરે ?
કોને આમંત્રણ આપીશ મારી આ નાનકડી ખોલકીમાં
આવવા માટે ?

આ રંગ વિનાની ભીંતો-
પ્રેત જાણે ઊભા વરસોથી શોકગ્રસ્ત !
આ ઊંચીનીચી ફરશ,
ગ્રીષ્મના રૌદ્ર તાપે ચીરાઈ ગયેલી ધરતી !
આ હંમેશ માટે થંભી ગયેલી હવા,
આ હાલતા દાદર, દાદર પર અંધારું
અંધારામાં સૂતેલો બદસૂરત શ્વાન.
નાકે રૂમાલ દઈ પસાર થઈ જતા લોકો...
કોણ અંદર આવશે ?
પ્રભુ કહું તો એ અંદર આવે ખરો ?
કહે છે : પ્રભુને ઊંચ-નીચનો ભેદ નથી હોતો.
પ્રભુને ઘેર સારા-નરસા, ગરીબ તવંગર બધા જ સરખા !
પણ મને વિશ્વાસ નથી બેસતો.
પ્રભુના પયગમ્બરો પણ અહીં ઈમ્પોર્ટેડ ગાડીઓમાં ફરે
તો પછી પ્રભુ તો ક્યાંથી પગ મૂકશે ?
પણ ધારો કે
હું તમને આમંત્રણ આપું મારે ઘરે આવવા.
તો તમે આવો ખરા ?
કે પછી તમે પણ કહેશો
બીજા બધાની જેમ જ.
"આપણે ક્યારેક બહાર મળીએ તો...?"

વિપિન પરીખ

# સંઘની લાડીલી એવી પ્રખર વ્યકિતઓનાં વ્યકિતત્વને લગતાં બે શબ્દચિત્રો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સુવર્ણ જયન્તી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે અને એના અનુસંધાનમાં 'પ્રબુદ્ધ જીવન' નો ખાસ અંક પ્રગટ કરવામાં આવી રહ્યો છે ત્યારે 'સંઘ' ના આત્મા જેવા અને 'પ્રબુદ્ધ જીવન' ના પ્રાણ જેવા તેના ભૂતપૂર્વ તંત્રી સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાનું શબ્દચિત્ર તેમના અવસાન બાદ પ્રગટ થયેલા ખાસ અંકમાં પ્રગટ કરવામાં આવ્યું હતું. તે ટૂંકાવીને, તેમજ હાલના સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રી તત્ત્વચિંતક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ અંગેના શબ્દચિત્રો સંઘના કાર્યાલયમંત્રી શ્રી શાન્તિલાલ ટી. શેઠે લખેલા છે તે આ અંકમાં પ્રગટ કરવાનું ઉચિત લાગવાથી સહર્ષ પ્રગટ કરીએ છીએ.

ચીમનલાલ જે. શાહ ★ કે. પી. શાહ — મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

## સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયા

જેવું નામ તેવા જ ગુણ. દુનિયામાં વસતા માનવમહેરામણમાં આવા અવધૂતો આંગળીને વેઢે ગણી શકાય એટલા જ જોવા જાણવા મળે. પરમાનંદભાઈનો જન્મ ધાર્મિક વૃત્તિવાળા અને ધર્મના સૂક્ષ્મ જાણકાર એવા પિતાને ત્યાં થયો. કુટુંબ પણ ખાનદાન અને ઉચ્ચ સંસ્કારોવાળું એટલે નાનપણથી જ ઉચ્ચ સંસ્કારોનું તેમનામાં સિંચન થયું. મુંબઈમાં રહીને તેમણે ઉચ્ચ અભ્યાસ કર્યો. બી. એ., એલએલ. બી. થયા. એમના સમયમાં આટલો અભ્યાસ કરનારની ખૂબ ઊંચી કિંમત અંકાતી અને આવા ઉચ્ચ શિક્ષણ ભણતા તેમના સહાધ્યાયીઓ પણ તેમને લગભગ એવા જ સ્તરના પ્રાપ્ત થયેલા. એટલે તેમનાં જીવનમાં ઉચ્ચ સંસ્કારો આ રીતે ઉત્તરોત્તર રેડાતાં જ ગયા અને કોઈ પૂર્વજન્મના સંસ્કારના કારણે લક્ષ્મીના દાસ ન બનતા દેવી સરસ્વતીના તેઓ ઉપાસક બન્યા. આ કારણે બી.એ. એલ એલ. બી. ની ડીગ્રી તેમણે પ્રાપ્ત કરી હોવા છતાં એને અનુકૂળ એવી બેરિસ્ટરીના ક્ષેત્રમાં તેમનું મન સ્થિર ન થયું. તેમની વૃત્તિ પ્રથમથી જ સમાજની અને દેશની સેવા કરવા તરફ વળી એટલે ગાંધીજીએ આદરેલી સવિનય કાનૂન ભંગની લડતમાં પણ તેમણે ભાગ લીધો. જૈન ધર્મની અંદર પ્રચલિત વહેમો સામે અને બાળદીક્ષા તેમ જ અયોગ્ય દીક્ષા સામે તેમણે અવાજ ઊઠાવ્યો અને એવી વિચારસરણીવાળા મિત્રોને એકઠા કરીને તેની સામે આંદોલન ઊઠાવ્યું. એ વખતમાં ધર્મ વિરૂદ્ધ વાત કરવી એ મોટો સામાજિક ગુનો ગણાતો હતો. એવા કઠણ કાળમાં તેમણે આવી ખોટી માન્યતાઓ સામે બળવો પોકાર્યો અને રૂઢિચુસ્ત સમાજને તો તેઓ આંખના કણાની માફક ખૂંચવા લાગ્યા. અમદાવાદમાં તો તેમની સામે એવો જબરજસ્ત વિરોધ ઊભો થયો કે તેમને ન્યાત બહાર મૂકવામાં આવ્યા. છતાં તેમની મક્કમતાને આંચ ન આવી અને મુંબઈમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ નામની સંસ્થાની સ્થાપના થયેલી તેમાં તેઓ જોડાયા અને શ્રી મણિલાલ મોકમચંદ શાહ જેવા તેમને સાથી મળ્યા એટલે તેમનામાં વધારે જોશ આવ્યું અને બાળ-દીક્ષા અને અયોગ્ય દીક્ષા તેમ જ મોટા અને ખોટા જમણવારો સામે તેમણે જબરી ઝુંબેશ ઉપાડી અને આ કામમાં તેમને ઘણા મોટા પ્રમાણમાં સંનિષ્ઠ સહકાર્યકરોનો ટેકો પ્રાપ્ત થયો. એ સૌના સહપ્રયાસથી વડોદરા રાજ્યમાં બાળદિક્ષાને અટકાવવાને લગતો કાયદો કરાવવામાં તેઓ સફળ થયા. દરમિયાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પોતાનું એક પાક્ષિક પત્ર 'પ્રબુદ્ધ જૈન' શરૂ કર્યું. જેને પાછળથી 'પ્રબુદ્ધ જીવન' નામ આપવામાં આવ્યું. તેનું સંપાદન કામ પરમાનંદભાઈને સોંપવામાં આવ્યું અને પોતાના વિચારો સચોટ રીતે વ્યકત કરવાનું તેમને આ ભારે મોટું સાધન પ્રાપ્ત થયું. તેમની રાહબરી નીચે આ સંઘ સ્થિર થયો અને તેમની તથા સંઘની પ્રતિષ્ઠામાં પણ વધારો થતો ચાલ્યો અને છેવટે તો એવી પરિસ્થિતિ આવી કે લોકોની માન્યતા એવી થઈ ગઈ કે, "મુંબઈ જૈન યુવક સંઘ એટલે પરમાનંદભાઈ" અને 'પરમાનંદભાઈ એટલે મુંબઈ જૈન યુવક સંઘ." પરમાનંદભાઈના કાર્યમાં અને તેમના મનમાં સંઘની ઉન્નતિનો જ વિચાર ચોવીસે કલાક રમતો હોય. પોતાની પ્રતિષ્ઠાના ભોગે પણ સંઘની પ્રતિષ્ઠા વધારવામાં તેઓ તન્મય રહેતા. એટલે સંઘના કાર્યકરો અને તેમની વચ્ચે અરસપરસ આદર સચવાઈ રહ્યો. તેમના ગુણો વિશે વિચાર કરીએ છીએ ત્યારે ય તેમની સાદાઈ, તેમની સચ્ચાઈ, તેમની સત્યનિષ્ઠા, તેમનો વિવેક, તેમનું સૌજન્ય તેમની માનવતા, તેમની અપરિગ્રહ વૃત્તિ, તેમનો માનવપ્રેમ તેમની વિનોદવૃત્તિ - આ બધાં સદ્‌ગુણો નજરની સામે ચિત્રપટ દર્શનની માફક તરવરે છે. નાનામાં નાના માણસની કાળજી, તેની સાથેનું તેમનું વર્તન - આ જોઈને પણ તેમના પ્રત્યે માનની લાગણી ઊપજે. જૂની અને નવી વિચારસરણી વચ્ચે, સમન્વય સાધવો એવી હંમેશા તેમની વૃતિ રહેતી. જેની સાથે આંખની પણ ઓળખાણ થઈ તેની સાથે કાયમ સંબંધ સાચવતા. એ રીતે મિત્રતા ટકાવી રાખવાની તેમની પાસે આગવી કળા હતી. પોતાના વિચારો સામાને જણાવવા - સમજાવવા અને સામો માણસ મોટો હોય કે નાનો તેની પાસે પણ નવું જાણવું અને તેમાંથી ગ્રહણ કરવા જેવું હોય તે ગ્રહણ કરવું, આ તેમની કાયમી વૃતિ રહેતી. આજના સંપ્રતિપ્રધાન યુગમાં પણ કોઈની પાસેથી કંઈ પણ લાભ લેવાની બિલકુલ વૃતિ નહિ અને કોઈની સાથે વિચારોનો મતભેદ ભલે હોય પણ વ્યકિત સાથે પણ કોઈ અંશમાં મતભેદો નહિ - આ તેમનો મોટામોટાં મોટો ગુણ ગણાય. તેમને ગમે ત્યારે જુઓ તેમના મુખ ઉપર પરમ આનંદ દૃષ્ટિગોચર થાય - એવું સ્ફટિક જેવું ચોકખું તેમનું જીવન હતું. ૭૮ વર્ષની ઉંમરે પણ યુવાનને માટે અનુકરણીય એવી તેમની વિનોદ વૃતિ, અને આ ઉંમરે પણ હરવા ફરવાનો, કુદરતી સૌન્દર્યના દર્શનનો અને પ્રવાસનો અનહદ શોખ - આ રીતે તેઓ એક વિદ્યાર્થીનું જીવન જીવી રહ્યા હતા અને સાચા અર્થમાં તેઓ એક પરિવ્રાજક જેવા હતા. આ રીતે જોતાં જેવું ધન્ય તેમનું જીવન હતું. બરાબર એવું જ ધન્ય તેમનું મૃત્યુ થયું. અંતિમ ક્ષણે પણ એ જ સૌમ્ય હાસ્ય તેમના મુખારવિંદ ઉપર અંકિત થયેલું જોવા મળ્યું. અંતિમ વખતે તેમને જોઈને એમ કહેવાનું મન થયું કે, 'મૃત્યુ જ મરી ગયું.

સંસારી હોવા છતાં જેણે આદિથી તે અંત સુધી આચારે અને વિચારે સાધુ - જીવન ગાળ્યું અને નાના તેમ જ મોટા - દરેકના દિલમાં પોતા વિશે ખૂબ ખૂબ આદર પ્રગટાવીને જેમણે ચિર વિદાય લીધી એવા પરમ આનંદમાં લીન થયેલા પરમાનંદભાઈને મસ્તક નમી પડે છે.

## શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

મોટા સોલિસીટર હોવા છતાં, દેશી ઢબનો જેમનો પહેરવેશ છે, સપ્રમાણ જેમની ઊંચાઈ છે, હંમેશ હસતું જેનું વદન છે, પારદર્શક જેની બુદ્ધિ છે, આખા જૈન સમાજમાં પથરાયેલી જેની તેજસ્વિતા છે. સેવા સંસ્થાઓ માટે અઢળક ધન કેમ પ્રાપ્ત કરવું એના જે કીમિયાગર છે, અદ્‌ભુત જેમની વાક્‌છટા છે, ચિન્તનશીલ જેમનો તર્ક છે, આધ્યાત્મિકતામાં જેમનું ગાઢ ઊંડાણ છે, તલસ્પર્શી જેમની વાણી છે, જેમનું દર્શન અધિકારીનું લાગે એમ છતાં મૃદુ જેમનો સ્વભાવ છે. મુકત હાસ્ય પણ જેમના સ્વભાવનું એક અંગ છે અને આખા સ્થાનકવાસી સમાજના જેઓ એક જ નેતા છે. અનેક બુદ્ધિજીવીઓને, ધનપતિઓને, ધાર્મિક આગેવાનોને તેમ જ સામાજિક કાર્યકર્તાઓને જેઓ સતત દોરવણી આપ્યા કરે છે અથવા તો એમ કહી શકાય કે આ બધી મધમાખીઓનો એ મધપૂડો છે. જૈન કિલનિક પચાસ લાખનું ભંડોળવાળું હોસ્પિટલ જે જૈનોના દ્રવ્યથી ઊભું કરવામાં આવ્યું છે અને જેનું જૈનો દ્વારા જ સંચાલન ચાલે છે અને આમ છતાં જે સાર્વજનિક છે અને એના જેઓ સ્થાપકમાંના એક છે અને સંચાલક છે. ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર કે જે દેશની આપત્તિઓ, જેવી કે દુષ્કાળ, અતિવૃષ્ટિ, ધરતીકંપ વેળાએ લાખો રૂપિયાની આપદ્‌ગ્રસ્ત લોકોને સહાય કરે છે, તેના જેઓ પ્રમુખ છે. ભારત જૈન મહામંડળ, મુંબઈ જૈન યુવક સંઘ અને સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહ જેવી જૈનોની એકતા માટેના પ્રયત્નો કરવાવાળી સંસ્થાઓ છે, એ બધીનાં જેઓ પ્રમુખ છે, જૈન કેળવણી મંડળ સંચાલિત અનેક શૈક્ષણિક સંસ્થાઓના પણ જેઓ અગ્રગણ્ય નેતા છે. પોતે પણ રૂઢિચુસ્તોમાં ગણાય જાય એવા ભયની પરવા કર્યા વિના રૂઢિચુસ્ત માનસને-ઢંઢોળી-પંપાળી - પંપાળીને જેઓ ઉપર લાવી શકયા છે અને જેમનો સુધારકો સાથે સમન્વય જેમણે કરાવ્યો છે, જૈન તેમ જ અન્ય દર્શનોના જેઓ સૂક્ષ્મ જાણકાર છે, નાનપણમાં સાવ ગરીબીમાં જેમનો ઉછેર થયો છે અને આજે એક ધનાઢયમાં પણ જેમને ખપાવી શકાય એટલી જેમણે અર્થપ્રાપ્તિ કરી છે. પોતાની જ માફક સોલિસીટર બનેલ જેમને પુત્ર તેમ જ પ્રપૌત્ર છે. દેશની લોકસભામાં એમ. પી. તરીકે પણ જેમણે પાંચ વર્ષ સેવા આપી છે. યુનાઈટેડ નેશન્સ પરિષદમાં પણ ભારતના પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે જેઓ જઈ આવ્યા છે. સોલિસીટરનો વિશાળ એવો પોતાનો ધંધો સંભાળે, અનેક સામાજિક તેમ જ

ધાર્મિક સંસ્થાઓને માર્ગદર્શન આપતા રહે, એક વૈચારિક એવા પાક્ષિક પત્રનું તંત્રીપદ સંભાળે, પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના પણ ચેરમેન તરીકે કામ કરે, ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોના એક મોટા જૂથના ટ્રસ્ટનું પ્રમુખપદ સંભાળે, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન જેવી વિશાળ સંસ્થાનું અધ્યક્ષપદ સંભાળે અને આ બધી જ પ્રવૃત્તિઓમાં સતત કાર્યરત રહે - એટલી જેમની ૭૬ મે વર્ષે પણ શકિત જળવાઈ રહી છે, આટલી બધી સાનુકૂળતાઓના એક જ વ્યકિતમાં દર્શન થાય એવી વ્યકિતઓ સમાજમાં આંગળીને વેઢે ગણી શકાય એટલી જ જોવા મળે, જૈન સમાજના એ સદ્‌ભાગ્ય છે કે તેની વચ્ચે ૭૬ માં વર્ષમાં પ્રવેશ કરતી આવી એક વ્યકિત છે અને તે છે શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ - તેમને જૈન સમાજ તેમ જ ઈતર સમાજ સારી રીતે પિછાને છે એટલે તેમના વિષે વિશેષ કાંઈ કહેવાનું આવશ્યક નથી લાગતું. આવી સદા કાર્યરત વ્યકિત સમાજનું કામ કરવા વધારે વર્ષો જીવે અને તેની સેવાનો લાભ સમાજને મળ્યા કરે. એમ કરવા માટે તેમની તંદુરસ્તી સારી રહે એવી આપણે સૌ પરમાત્માને ખરા અંત:કરણપૂર્વક પ્રાર્થના કરીએ.

શાન્તિલાલ ટી. શેઠ

# સત્ય પ્રેમના જાગરણની બ્રાહ્મી અવસ્થા પ્રતિ....

વત્થુ સહાવો ધમ્મો - વસ્તુમાત્રનો સ્વભાવ જ ધર્મ છે. હરેક પદાર્થ – હરેક અસ્તિ તેની સદ્દતા (reality) ના કેન્દ્રમાં રહીને પરિવર્તનશીલ છે – જૈન દર્શનશાસ્ત્રનું આ મોટામાં મોટું યોગદાન છે. વધુ મહત્ત્વનું મને આ પ્રતિપાદન લાગે છે કે સત્ય શાસ્ત્રોમાં વસતું નથી, એ તો અનુભવમાં વસે છે. વળી આ દર્શનમાં કે ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં કર્મ પર ભાર આપવામાં આવ્યો છે. આત્માની ઓળખ, આત્મજ્ઞાન અને આત્મલીલામયતા મનુષ્યને મુકિત અપાવે છે; આજ સમ્યકત્વ છે – આ જૈન દર્શનનું મહત્ત્વનું અર્પણ છે. દેશ - કાળથી પર, વસ્તુ - સ્વભાવની આધારશીલા પર આત્માની સત્તા પર જૈન ધર્મે ભાર મૂકીને સમાજના વર્ણો, ભેદો અને વિસપમતાઓનો છેદ ઉડાડયો છે. શ્રીમદ્ રાજચંદ્રે સતદેવ, સત - ધર્મ અને સદ્‌ગુરુ ઉપરની આસ્થા પર ભાર મૂકયો. મહાવીરસ્વામીએ કહ્યું કે સત્ય જ ભગવાન છે. ગાંધીજીએ શ્રાદ્ધાપૂર્વક એમનું જીવન સત્યનારાયણને ચરણે મૂકયું. આમ સદ્‌ની ખોજ પર જૈન દર્શનશાસ્ત્ર (કે કોઈ પણ ધર્મદર્શન) ઊભું છે. આ 'વસ્તુ'ના અનંત (infinite) ગુણોની સમગ્રતામાં (Wholeness) માં દર્શન પામવાનું અઘરું છે. વળી ભાષા તો ખોડંગાતી ચાલે છે.– વિટ્‌જેન્સ્ટિનને પણ આ મુદ્દા પર આ શતાબ્દીની ભાષાકીય વિચારણામાં અને ધર્મ સંબંધી માન્યતાઓ અંગેની વિચારણામાં ભાર મૂકીને કહ્યું છે કે ભાષા જીવનના ઘણા મોટા ખંડ 'મૌન'ને પ્રકટ કરી શકતી નથી– શ્રાદ્ધાળુ અને અંધશ્રાદ્ધાળુ માણસો કઈ ભેદરેખાની ધાર્મિક ભાષાને સમજે છે તેની સંકલતા અને સમસ્યા વિષે પણ વિટજેન્સ્ટિન સભાન હતા – વળી ભાષા - રમતમાં આપણે જેને વિષે કહીએ છીએ તે પદાર્થો વાસ્તવમાં તો ઘણા જુદા હોય છે એ જ મેદ્દો પણ ધ્યાનમાં લેવો પડે છે – એટલે શબ્દોની અર્થપ્રકાટયની મર્યાદાને લીધે ખંડદર્શન થાય છે; વાદ - વિવાદો અને ઝઘડા સર્જાય છે. વળી જગતને આપણે આત્મસંવેદનપરક (Subjective) દ્રષ્ટિએ પણ જોઈએ છીએ એટલે તેમાં અહમને - આત્મરતિને લીધે જીવનદર્શન સીમિત બને છે. એટલે જૈનદર્શનમાં અનેકાન્તવાદનું ઘણું મહત્ત્વ થયું છે. સૌની વાતમાં સત્યાંશો છે એટલે આ દરેક સત્યનો અનુભવ સ્વીકારવો તેમાં મને જૈન દર્શનની મોટી દેણગી લાગી છે. લોકશાહી સમાજ અને ઊંચામાં ઊંચી સમાજવ્યવસ્થાનું – મહાજનો – સંઘોનું – મૂળ આ અનેકાન્તવાદમાં મને દેખાય છે. કવિ માત્ર માટે પણ અનેકાન્તવાદી થવું અનિવાર્ય છે. કવિનું સત્ય અનેક અંતોના કેન્દ્રોએ અનુભૂતિ કરતું સત્ય હોય છે. રવીન્દ્રનાથ આ અર્થમાં અનેકાન્તવાદી કવિ હતા.

સત્ય - સ્વીકાર અને વસ્તુ - સ્વરૂપનું સાચું દર્શન અનેકાન્તને લીધે શક્ય બને છે. અનેકાન્તને – પદાર્થ અને અસ્તિ(being) અંગેની અનેક શકયતાઓને – જે સ્વીકારે છે તે અહિંસાને સ્વીકારે છે એમ કહેવા પાછળ તે વ્યકિત વધુમાં વધુ વિચાર - ઉદારતા કેળવે છે એ ભાવ હોવો જોઈએ. આ ઉદારતા સાથે ગીતાએ ગાયેલો અને ભગવાન બુદ્ધે ઉપદેશેલો 'મૈત્રીભાવ' આવી લાગે છે. 'सर्वं भूतेषु आत्मानि इंव भाव:मैत्री' – સર્વ પ્રાણીઓ સાથે આત્મૈકય. પદાર્થ - વ્યકિત - સમષ્ટિનું એકરૂપત્વ. રવીન્દ્રનાથે એટલે શાંતિ નિકેતનનો મંત્ર રાખ્યો હતો : यत्र विश्वम् भवति एक नीडम्

જૈનદર્શનની બંધુતાની ભાવનાથી લઈને વિશ્વમૈત્રી સુધી આવી પહોંચીએ તો રવીન્દ્રનાથના વિશ્વમાનવવાદ સુધી આવી પહોંચીએ છીએ. એમણે કહ્યું હતું કે જ્યારે આપણું વિશ્વ અનંત પુરુષ સાથે સંવાદી બને છે ત્યારે આપણે તેને સત્ય તરીકે પીછાનીએ છીએ, સૌંદર્ય તરીકે અનુભવીએ છીએ. અનંત પુરુષમાં રહેલી સંપૂર્ણ સંવાદિતાના આદર્શમાં સૌંદર્ય રહેલું છે અને વૈશ્વિક મનની સંપૂર્ણ સૂઝમાં સત્ય રહેલું છે. વળી એમણે કહ્યું છે કે જેને આપણે સત્ય કહીએ છીએ, તે વાસ્તવના આત્મગત અને વસ્તુગત સ્વરૂપો વચ્ચેની બૌદ્ધિક સંવાદિતામાં રહેલું છે – આ બન્ને વ્યકિતથી પર અનંત પુરુષમાં રહેલાં છે. મારો ધર્મ તો વ્યકિતથી પર એવા અનંત પુરુષને એટલે કે વૈશ્વિક માનવીય આત્માને મારી પોતાની વ્યકિતમાં એકરૂપ કરવામાં આવે છે. જૈન દર્શનમાં અને રવીન્દ્રનાથના દર્શનમાં એક ભિન્નતા છે. રવીન્દ્રનાથ ઉપનિષદોની જેમ પરમાત્મામાં માને છે – एष म आत्माऽन्तर्हृदय શંકરાચાર્યજીએ જે અપૌરુષેય (impersonal) અને નિરાકાર (Absolute) ની વાત કહી હતી તેની જગ્યાએ રવીન્દ્રનાથ માનવીના સંદર્ભે અનંત પુરુષની આરાધના કરે છે; જ્યારે જૈનદર્શન માને છે કે આ લોક અનાદિ અનંત છે અને તેનો કર્તા, ધર્તા કે નિર્માતા કોઈ વ્યકિત કે શકિત – વિશેષ નથી. જ્યાં પૉલ સાર્ત્રે પણ જૈનદર્શનની જેમ ઈશ્વરના અસ્તિત્વનો

(૧) સૃષ્ટિના સર્જક તરીકે
(૨) સ્વયં પર્યાપ્ત તત્ત્વ તરીકે અને
(૩) સમગ્ર અસ્તિત્વના સાક્ષી તરીકે
અસ્વીકાર કર્યો છે.

ઈશ્વરમાં માનવાથી કે ન માનવાથી કોઈ મુશ્કેલી નથી. સમસ્યાઓ તો સદ્‌ના સાચા સ્વરૂપને જાણવાનો ઈન્કાર કરવાથી ઊભી થાય છે. અજ્ઞાન, જડતા, અસૂયા, પીડન, દુરિતની – અનિષ્ટની પૂજા આદિથી મનુષ્ય દુ:ખ ભોગવે છે. વળી નર્યા ભૌતિકવાદી તત્ત્વજ્ઞાનનો સ્વીકાર કરવાથી પણ કેટલુંક સંકટ આવે છે. ભૌતિકવાદની માન્યતા પ્રમાણે વચ્ચેનો કોઈ હેતુ નથી. મનુષ્ય તો એક ક્ષુદ્ર અસ્તિત્વ છે. નાસ્તિકવાદની દીનતાને ભૌતિકવાદે નૂતન સ્વરૂપે સ્વીકારી છે. વળી વિજ્ઞાને વિશ્વના કેન્દ્રમાંથી માણસને ચ્યુત કર્યો છે, ગૌરવભંગ કર્યો છે એ વાત માનવીને ક્ષુદ્ર જંતુ ગણવામાં કાફકા જેવા સર્જકોને મહત્ત્વની લાગી હશે. વીસમી સદીના સાહિત્ય પર દષ્ટિપાત કરતાં નીચેના લક્ષણો જણાય છે : આધ્યાત્મિકતાની કટોકટી, સામાજિક ઉકેલો શોધી, શકવાની અસમર્થતા, ઈશ્વરની ગેરહાજરી, ધર્મમાં અશ્રાદ્ધા, આંતરિક શૂન્યાવકાશ, બ્રેતોંએ કથેલી ભૂળને ન પામી શકવાની નિરાશા, અર્થરિકતતાને લીધે પ્રજા સુધી ભાવસંક્રમણ પહોંચાડવાની દહેશત, મૂલ્ય વિનાશ : આ બધું વીસમી સદીના સાહિત્યકારોને મૂંઝવે છે તત્ત્વજ્ઞ નિત્યેના (નિત્શે: Nietzsche) 'Superman' વિષેના ખ્યાલે જર્મન ફાસીવાદને જન્મ આપ્યો. વળી તેના ઈસુ ખ્રિસ્તવિરોધી વલણે આઘાતજનક પરિણામ આણ્યું. (નિત્યેના આ ઈસુવિરોધી વલણની આઁદ્રે જિદે ઝાટકણી કાઢી છે અને કહ્યું છે કે ઈસુની ઈમેજ ભાંગીને નિત્યે પોતાનું મહત્ત્વ વધારવા માગતો હતો. એટલે એ ચાહી કરીને ઈસુને સમજવા જ માગતો નહોતો). એણે કહ્યું કે ઈશ્વર તો મરી ગયો છે. એબ્સર્ડ સ્કૂલના બેકેટે ઈશ્વરને Ex-absentia માં જોયો. પરિણામે ઈશ્વરની ઈચ્છા મુજબ જીવનક્રમ ગોઠવવાના દૈવી આદેશનું અને નિયતિવાદનું આશ્વાસન વીસમી સદીમાં રહ્યું નહિ. આને લીધે વીસમી સદીનું સાહિત્ય તત્ત્વત: એકાકીપણાનું અને હતાશાનું સાહિત્ય છે.

કેટલાંક દુર્ભાગ્યોએ પણ મનુષ્યની પીડામાં વધારો કર્યો છે. માનવજાતિ અતિ પરિગ્રહને લીધે વિશ્વભરમાં સરખી વહેંચણી કરી શકી નથી. આને લીધે વર્ગભેદના સંઘર્ષો તેને સહેવા પડે છે. રંગભેદને લીધે માનવ - માનવ હૃદયો વચ્ચે દ્વેષ ફેલાય છે. રાષ્ટ્રગત સંકુચિતતાને લીધે યુદ્ધોની બિભીષિકાના લોહીલથબથ ભીષણ અનુભવો વચ્ચેથી મનુષ્યજાતિ પસાર થઈ રહી છે.

આ બધાના મૂળમાં—માનવ સ્વભાવના મૂળમાં- રહેલો દ્વિધાભાવ છે. પુણ્ય-પાપ, સુખ-દુ:ખ વગેરે દ્વંદ્વોમાંથી હજી મૂળગત રીતે મનુષ્ય મુકત થયો નથી. વળી દુરિત (evil) ની: દુ:ખ અને પાપની દ્વિવિધ વૃત્તિઓમાં તે સબડે છે. એકાન્તિક દૃષ્ટિએ જોવાથી બોદલેર જેવા કવિને આખું જગત દુરિતનાં પુષ્પો જેવું લાગ્યું છે. અનાત્મીકરણ, એકલતા, જડતા, અમાનવીકરણ, કંટાળો કટુતા, ઘૃણા

ત્રાસ, અવિશ્વાસ, કુત્સા, વિતૃષ્ણા, નિર્વેદ, તુચ્છતા, અરૂચિ, વિવમિષા, વ્યાધિગ્રસ્તતા, કુરૂપતા વગેરેનું દર્શન બોદલેર જેવા સમર્થ કવિને જીવનને આનંદમાં માંગલ્યમાં પામતાં રોકે છે. મોટા ભાગની માનવજાતિ એમને ચાબૂકથી ફટકારવા જેવી લાગે છે: Most of humanity was created for the whip. ગ્યુઈથે જેવા મહાન કવિ નાટયકાર, જેમણે 'પ્રોમીથ્યુસ અનબાઉન્ડ'માં મનુષ્યજાતિ માટે સ્વર્ગમાંથી અગ્નિ અને પ્રકાશ લાવી આપ્યાં હતાં. તેઓ પણ તેમના ઉત્તરાવસ્થામાં લખેલા નાટક 'ફાઉસ્ટ'માં અનિષ્ટની-દુરિતની ગર્તા સુધી તેના નાયકને પહોંચાડે છે. વળી દુરિત પણ સુંદર હોઈ શકે એવી વિભાવનાને લીધે અમંગલની છેલ્લી ખાઈ સુધી માણસને ધકેલી દે છે. ગ્યુઈથે દેવળના ઘંટારવ સાંભળતાં તેમના ફાઉસ્ટને સેતાનના ખોળિયામાંથી પાછો ખેંચે છે. પણ નિયતિનું આ ક્રૂર હાસ્ય છે. સમ - વિષમ ભાતોમાં માનવી સદ્ભાગ્ય અને દુર્ભાગ્ય વચ્ચે અથડાતો -કૂટાતો દુર્ગમપથે ચાલી રહ્યો છે. માર્ક્સ આ દુર્ગમ પથે જ ઉત્ક્રાંતિનું દર્શન જુએ છે અને મનુષ્યજાતિ આ સમવિષમ ભાતોમાંથી (Patterns) જ એક દિવસ રાજ્યની સંડોવણી વગર આદર્શ અવસ્થાને પામશે એવી આશા રાખે છે. સત્યનો -વિકાસનો માર્ગ અતિ દુર્ગમ છે. માતાજીએ સત્યનું એક ભાવચિત્ર ઊંચા ચઢાણનો દુર્ગમપથ દર્શાવીને દોર્યું છે. શ્રી અરવિંદે મનસ-અધિમનસ વિજ્ઞાનમય (Supermental) સચ્ચિદાનંદ (શુદ્ધ આનંદમય ભૂમિકા)ની કક્ષાઓની વાત કહી છે. શ્રી અરવિંદે સચ્ચિદાનંદની ભૂમિકામાંથી -ભૂમાના પ્રદેશમાંથી -કવિતા આવશે એવી વિભાવના રજૂ કરી છે. શ્રી અરવિંદના કાવ્યદર્શનમાં એક વાત સ્પષ્ટ છે કે ભાવિ કવિતામાં માત્ર સૌંદર્ય નહિ પણ સત્યની દીપ્તિ હશે. મનુષ્ય છેક ઋગ્વેદકાળના યજ્ઞોથી દેવતાઓને જે રહસ્યમય પ્રાર્થનાઓ કરી વરદાન માગતો હતો તેવી કોઈ રહસ્યમય નહીં પણ પૂર્ણ જ્ઞાનમય કોષમાંથી હવે પછીની કવિતા આવશે. મનુષ્યજાતિએ આ બ્રાહ્મી અવસ્થા લગી પહોંચવાનું જ છે એવું કાન્ત દર્શન શ્રી અરવિંદે આપ્યું છે.

બર્ટાન્ડ રસેલના 'Impact of Science of Society' પુસ્તકના હમણાં જ પ્રકટ થયેલા (પ્રા. રજની જોષી- અનૂદિત) પુસ્તકમાંથી બર્ટાન્ડ રસેલ જેવા મનીષીએ પ્રકટ કરેલી આકાંક્ષાઅવતારું છું: 'આપણા યુગે કેટલીક બાબતોનો સ્વીકાર કરવો જોઈએ અને કેટલીક બાબતોનો પરિહાર કરવો જોઈએ. કરૂણાર્દ્રતા અને માનવ જાતના સુખની ઈચ્છા એ આ યુગની આવશ્યકતા છે. જ્ઞાનની આકાંક્ષા અને સુખદ ભ્રમોની અવહેલનાની આવશ્યકતા છે. સૌથી વિશેષ તો અડગ શ્રદ્ધા અને સર્જનશીલતાની આવશ્યકતા છે. યુગે પરિહરવા જેવા અને જેણે યુગને વિનાશને આરે લાવી મૂક્યો છે. તે ક્રૂરતા, અસૂયા, લોભ, સ્વાર્થી સ્પર્ધા, વ્યક્તિગત સલામતીની અતાખોજ અને ફ્રોઈડવાદીઓ જેને 'આત્મવિલોપન કહે છે. તેવી મૃત્યુ માટેની કામના આ બધી મુસીબતો દૂર કરવાનું સાધન ઘણું જ સાદું અને પુરાણું છે. એ એટલું બધું સામાન્ય છે કે તેનો ઉલ્લેખ કરતાં પણ મને ક્ષોભ થાય છે. મને ભય છે કે મારા શબ્દોથી કેટલાક ડાહ્યા વક્ર દષ્ટાઓના હોઠના ખૂણા મરડાશે. હું જે સાધનોનો નિર્દેશ કરવા માગું છું તે પ્રેમ; ખ્રિસ્તે વર્ણવેલો પ્રેમ અથવા કરૂણાર્દ્રતા. જો તમે આનો અનુભવ કરી શકતા હો તો તમારું જીવન સાર્થ છે. તમારા કાર્યનું તે પ્રેરણાબળ બનશે. આત્મશ્રદ્ધાનું નિમિત્ત બનશે અને બૌધિક પ્રામાણિકતાની પ્રેરક આવશ્યકતા બની રહેશે. જો તમે આ અનુભવી શકતા હો તો તમે ધાર્મિક છો. તમે કદાચ સુખી ન પણ થાઓ, પરંતુ નિરૂદેશ અને નિર્હેતુક જીવન જીવતાં મનુષ્યોની જેમ તમને ઘેરી હતાશા પણ નહીં સ્પર્શે, કારણ કે અપાર માનવયાતનાને ઘટાડવા માટે તમારી પાસે કંઈક છે.'

યંત્ર ઉદ્યોગવાદની ભીંસ અને યુરીગ્રસ્ત અવસ્થામાંથી ઊઠવાનો આપણી પાસે એક જ માર્ગ છે: પ્રેમ, યંત્ર ઉદ્યોગવાદના હાર્દને સમજવાનો સમય પાકી ગયો છે. એક નવી પુરાણ કથા-Myth ('રામાયણ', 'મહાભારત', 'સાવિત્રી' જેવી જતો!) કદાચ મનુષ્યજાતિને ઉગારી લેશે તો એ મહાકાવ્ય જેટલું જ વિસ્મયપૂર્ણ અને શાશ્વતીની મહેચ્છા જેવું હશે. હું વીસમી સદીના છેલ્લા ચરણને શાશ્વતીના પરમ સત્યના અને પરમ આનંદના શિખર તરફ જવાની મનોકામના કરું છું.

છેલ્લે વધુ કઠીન યાત્રાનો પ્રારંભ થાય છે- 'સ્વ'ના લોપની યાત્રાનો. પહેલાના સમયમાં કંચન અને કામિની માયાના પ્રપંચનાં આચ્છાદનો હતાં. આ વીસમી સદીમાં આત્મરતિ ((libido) ) વધુ પ્રબળ વૃત્તિ તરીકે પ્રકટ થયેલી છે. છાપાં - જાહેરાતો ટી. વી.—રેડીઓ જેવા સામૂહિક માધ્યમો દ્વારા સ્વ.- જાહેરાતનો આ નવો યુગ વધારે દુર્દમ છે. ઉંમર થતાં કે વિરાગ ભાવ જાગતાં કંચન- કામિનીનો- મોહ જવાની- વિતરાગી અવસ્થાની દરેક ધર્મમાં અનેક કથાઓ આખ્યાયિકાઓ મળે છે પણ જે લોકો આત્મરતિના- નાર્સિસસના 'સ્વ'-રૂપ પર મોહે છે એમને પછી સત્યના જાગરણની અવસ્થા પ્રતિ જવાનું ખૂબ મુશ્કેલ થઈ જાય છે. એટલે જ ઈસુ ખ્રિસ્તે આ સંદર્ભે પાયાની વાત કરી છે: પુનર્જન્મની (Resurrectional) ની) જે લોકો ઈસુની વાણી ફરી ફરીને વિસ્મયપૂર્વક, ખંતપૂર્વક વાંચે છે તેનો આત્મા દૈવી પ્રકાશથી ઝળહળી ઊઠે છે. ઈસુએ શાશ્વતી અધુનામાં (Eternal Now) માં પરમ આનંદને પામવાનું કહ્યું છે. કવિ એલિયટ અને તત્ત્વજ્ઞ કૃષ્ણમૂર્તિ પણ વારંવાર આ(Eternal Now) ની વાત કરે છે. દર ક્ષણે આ 'સ્વ'નું મૃત્યુ ન થાય તો માણસનો પુનર્જન્મ ક્યાંથી થાય? ફરી વધુ ચિરંતન જીવન માટે નવા બનવાનું અનિવાર્ય છે. ઈસુ કહે છે: દરેક જણે આ શાશ્વતીમાં જ જીવવું જોઈએ અને તે અત્યારે જ જીવવાનું છે- આ 'શાશ્વતી અધુના' હવે પછી આવશે એવું માનવાનું નથી; એ અત્યારે છે જ. દરેક ક્ષણે જાગરણથી જીવવાનું છે. એણે કહ્યું છે: હું જ માર્ગ છું, હું જ સત્ય છું: હું જ પુનર્જન્મ અને હું જ જીવન છું. આપણે આપણી જ જાતમાં મૃત્યુ પામતાં શીખવું જોઈએ જેથી પેલી શાશ્વતીમાં) (Eternal) પુનર્જન્મ (Resurrection) પામી શકીએ- આ પુનર્જન્મ જ તો પ્રભુના રાજ્યમાં પ્રવેશનું દ્વાર છે. ઈસુ નિકોડેમસ (Nicodemus) ને નિમંત્રણ આપતાં કહે છે: Except a man be born again, he cannot see the kingdom of God. છેલ્લે ઈસુએ જે પૂર્ણ પ્રેમ પર- જીવનના અમૃત પર ભાર આપતાં પેલી સેમેરીઆની કૂવા કાંઠે ઊભેલી સ્ત્રીને કહ્યું હતું તે ટાંકું છું: જે પાણી હું આપું એ જે પીશે તે કદી તૃષાવિહવળ થશે નહીં:

જૈન યુવક સંઘના સુવર્ણ મહોત્સવ પ્રસંગે સત્યના-પ્રેમના આ જાગરણની બ્રાહ્મી અવસ્થા ભણી આપણી યાત્રા હો એવી અભીપ્સા...

**—યશવંત ત્રિવેદી**

# ઉદ્ઘાટન

મોટો ઉદ્ઘાટન સમારંભ રોજ રોજ આપણી બેભાન ચેતનાની સામે ઉજવાય છે, પરંતુ તેના પ્રતિ આપણે જાગ્રત નથી.

નાના નાના ક્ષુલ્લક ઉદ્ઘાટન સમારંભોમાં આપણે સારા વસ્ત્રો અને અલંકાર ધારણ કરીને સજીધજીને જઈએ છીએ, એ સમારંભને માણીએ છીએ અને ઘેર આવીને બધું ભૂલી જઈએ છીએ. તેમાં યાદ રાખવા જેવું હોય પણ શું?

આખા વિશ્વ સમક્ષ રોજ રોજ દિવસનું ઉદ્ઘાટન થાય છે. દિવસ ઊગે ત્યાર પહેલા પ્રભાતની શોભા અને તેની રંગબેરંગી સુંદર રંગોળીઓ આકાશમાં પુરાઈ જાય છે. ઉદ્ઘાટન પહેલાની આવી મહાન પાયા પર તૈયારી થાય છે. ફૂલો ખીલે છે અને પોતાની સુગંધ વાતાવરણમાં વિખેરી મૂકે છે, પંખીઓ ગાન પ્રારંભે છે. અને ઉડાઉડ કરી મૂકે છે. ઝાડ પાન બધા ખુશખુશાલ નજરે પડે છે. આખુંયે વાતાવરણ આલ્હાદક બની જાય છે અને તેમાં સૌ મહાલતા જણાય છે. પરંતુ બેભાન છે માત્ર મનુષ્ય. તેની આનંદહીન બધિર ચેતના સામે આ ઉજવાણું થાય છે, પરંતુ તે બેખબર છે, તેનો સંસ્પર્શ તે માણી શકતો નથી.

રોજ રોજ જે વાત બનતી હોય અને બિનપ્રયત્ને ઉપલબ્ધ હોય તેની આપણાં મનથી કશી કીંમત હોતી નથી. પરંતુ પરમ કૃપાળુ પરમાત્મા તો આપણને એનાં હજાર હાથોએ બધી જ સગવડ સુવિધાઓ, સુંદરતા અને આનંદ કિલ્લોલમાં મહાલવાની તકો આપતો જ રહે છે. આપણે જો ન મહાલી શકીએ તો તેમાં એ શું કરે? પેલા ક્ષુલ્લક સમારંભો તો મર્યાદિત છે અને કોઈક દિવસે હોય છે. મહા ભવ્ય સમારંભ દિવસનું ઉદ્ઘાટન તો રોજ રોજ સંપન્ન થાય છે અને તેમાં આપણે સૌ સદા નિમંત્રિત છીએ.

આવો જ ભવ્ય ઉદ્ઘાટન સમારંભ આપણે ભીતરમાં પણ ઉજવવાનો છે. એ ઉદ્ઘાટન છે આપણી સ્વયં ચેતનાનું. સભાપનણે બરાબર સમજીને આપણે આ ઉદ્ઘાટનનું આયોજન કરવાનું છે. આવા ઉદ્ઘાટનનું આપણે સ્વાગત કરીએ અને તેને પૂર્ણ પ્રસન્નતાપૂર્વક માણીએ. સ્વયં ચેતના તો આ માટે સદા તૈયાર જ બેઠેલી છે, માત્ર તે પ્રતિ આપણે જાગવાનું છે. આ ઉદ્ઘાટન આપણે જાતે જ કરવું પડશે. પ્રત્યેક જીવ આવા ઉદ્ઘાટનનો અધિકારી છે. ત્યાં કોઈ નેતા કે મિનિસ્ટરની જરૂર નથી. સ્વયં પોતે જ ઉદ્ઘાટક છે. પરમાત્મા પાસે કોઈ પક્ષપાત નથી. ભાવના, દઢ સંકલ્પ અને પુરુષાર્થથી સિદ્ધિ હાંસલ થવી શકય છે. **—પૂર્ણિમા પકવાસા**

# જૈન ધર્મનું મહત્ત્વ : સમતા અને વીતરાગતામાં....

**જૈન ધર્મ–શ્રામણ ધર્મ :**

જૈન ધર્મનું ભગવાન મહાવીરના સમયનું એટલે કે, આરંભિક નામ છે. 'શ્રામણ - ધર્મ' બાલ્યકાળથી હું પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં, સાધુ - સાધ્વીઓના મુખેથી પ્રાચીન 'પકખી સૂત્ર' સાંભળતો આવ્યો છું. જેમાં વારંવાર 'શ્રામણ ધર્મ' શબ્દ આવે છે. આ શબ્દ મારા હૃદયપટ પર એવો અંકિત થઈ ગયો છે કે અન્ય આગમોનું અધ્યયન કરતી વખતે મારા મનમાં સતત આ જ શબ્દ ગુંજતો રહ્યો છે. 'કલ્પસૂત્ર'માં પણ પ્રતિવર્ષ ભગવાન મહાવીરનું ચરિત્ર સાંભળતા ભગવાન મહાવીરનું આ વિશેષણ વારંવાર સાંભળવામાં આવ્યું કે 'સમણે ભગવએ મહાવીર" અર્થાત 'શ્રમણ ભગવાન મહાવીર' આમાં એમને સર્વ પ્રથમ શ્રમણ શબ્દથી સંબોધિત કરવામાં આવ્યા છે. ભગવાન મહાવીર કોણ હતા? કે શ્રામણ હતા. ભગવાન શબ્દનો પ્રયોગ 'શ્રમણ' શબ્દ પછી થયો છે, અર્થાત, પહેલા તેઓ શ્રામણ હતા, ભગવાન પછી બન્યા. જૈન સાધુઓ માટે 'શ્રમણ' અને સાધ્વીઓ માટે 'શ્રમણી' તથા શ્રાવકો અને શ્રાવિકાઓ માટે અનુક્રમે 'શ્રમણોપાસક' અને શ્રમણોપાસિકા' શબ્દોનો ઉપયોગ આગમોમાં સર્વત્ર થયેલો છે. આનાથી મારી એ ધારણાને પુષ્ટિ મળે છે કે, તીર્થંકરોનો જે ધર્મ છે એનું પ્રાચીન તથા વાસ્તવિક નામ 'શ્રામણ ધર્મ' જ છે.

**સમતાથી જ શ્રામણ**

હવે પ્રશ્ન એ જાગે છે કે, 'શ્રામણ' કોને કહેવાય તથા એનો મુખ્ય અર્થ અથવા લક્ષણ શું છે? 'ઉતરાધ્યયન સૂત્ર' ની એક પંકિત (૨૫/૩૨) એ મારું પૂર્ણ સમાધાન કર્યું - સમયાએ સમણો હોઈ' અર્થાત સમતાથી જ શ્રામણ થવાય છે. બધાં તીર્થંકરોએ આ સમતાની જ સાધન કરી અને એની પૂર્ણતા વીતરાગતાની પ્રાપ્તિમાં થઈ. આનાથી જ તીર્થંકરોનું મુખ્ય વિશેષણ 'વીયરાય' અર્થાત 'વીતરાગ' મળી રહે છે. પરંતુ વિતરાગ સ્થિતિ એકાએક યા ઝટપટ પ્રાપ્ત નથી થતી, એને માટે કરવી પડતી ક્રમશ: સાધનાનો આરંભ થાય છે - સમતાથી. એટલા માટે જ નિત્ય કરવાના છ આવશ્યક કામોમાં સૌથી પહેલું આવશ્યક કાર્ય છે - સામાયિક. સમભાવમાં રહીને જ બાકીના પાંચ આવશ્યક કરી શકાય છે. પંચ ચારિત્રોમાં સૌથી પહેલા ચારિત્રનું નામ છે. - સામાયિક ચરિત્ર. સાધુ - સાધુવીઓને જ્યારે દીક્ષા આપવામાં આવે છે. ત્યારે સૌથી પહેલા તેમને સામયિક ચરિત્રનું વ્રત આપવામાં આવે છે. કેટલાક દિવસ આ વ્રતની સાધના કર્યા પછી જેમાં પાંચ મહાવ્રતોનું ગ્રહણ કરાવાય છે. એ બીજા ચારિત્રનું વ્રત આપવામાં આવે છે. પહેલાને નાની દીક્ષા અર્થાત પ્રાથમિક ભૂમિકા અને બીજા વ્રત દીક્ષાને 'મોટી દીક્ષા' ની સંજ્ઞા આપવામાં આવે છે. અર્થાત મુખ્યતા સામાયિકને જ આપવામાં આવી છે એના પછી જ વ્રતોનું સ્થાન છે.

**સામાયિકનું મહત્ત્વ :**

શ્રાવકો માટે પણ ૯ મું વ્રત સામાયિકનું છે. શ્વેતાંબર સમાજમાં તો શ્રાવક - શ્રાવિકાઓને 'આજે કેટલી સામાયિક કરી છે?' એવું પૂછવામાં આવે છે. પ્રાત:કાળે ઊઠીને પ્રભુસ્મરણ નવકાર મંત્ર બોલ્યા પછી શરીરને ચિંતામુકત કરીને સૌથી પહેલું કરવા જેવું કાર્ય છે સામાયિક અર્થાત ધર્મક્રિયાનો પ્રારમ્ભ જ સમભાવ સાધનાથી થાય છે. સાધુઓએ તો સામાયિક ચારિત્ર આજીવન ગ્રહણ કરેલું જ હોય છે તે છતાં પણ તેમને બંને પ્રતિક્રમણ કરતાં પહેલા તથા દિવસમાં કેટલીય વાર 'કરેમી ભંતે સામાઈયં' પાઠનું ઉચ્ચારણ કરવું પડે છે. જેથી તેમને પોતાનું કરવા યોગ્ય કાર્ય કર્યું છે એનું ધ્યાન રહે તથા 'હું સામાયિક કરું છું' એ પાઠ કરતી વખતે સમભાવ જ પોતાનું લક્ષ્ય છે એ આદર્શ સામે રહે.

મને લાગે છે કે પાંચે મહાવ્રતોનો સમાવેશ પણ સામાયિક શબ્દમાં જ થઈ ગયો છે, કારણ કે સમતાભાવ ધારણ કરનાર વિષમતા તરફ જશે જ નહીં; અને પાંચે મહાવ્રત વિષમતાથી બચવા માટે તો છે.

**જિન શાસનનો સાર :**

બધાં જીવોને આપણા જેવા જ સમજીને જેવો વ્યવહાર આપણને ન ગમતો હોય તેવો વ્યવહાર બીજા સાથે નહીં કરવો અને બીજાનું દુ:ખ આપણું દુ:ખ છે. એવું અનુભવીને પ્રાણીમાત્રને દુ:ખ નહીં આપવું, હિંસા નહીં કરવી એનું જ નામ અહિંસા છે, જે પહેલું વ્રત છે. જિન શાસન શું છે એ બહુ સંક્ષેપમાં બતાવતા કહેવામાં આવ્યું છે કે -

જં ઈચ્છસિ અપ્પણતો, જં ચ ણ ઈચ્છસિ અપ્પણતો!
તં ઈચ્છ પરસ્સ વિ યા, એતિ યગં જિણસાસણં ॥

અર્થાત જે તમે તમારા માટે ઈચ્છો છો એ જ બીજાને માટે પણ ઈચ્છો, તથા જે તમે તમારા માટે નથી ઈચ્છતા તે બીજા માટે પણ નહિ ઈચ્છો. આ જ જિન શાસન છે - તિર્થંકરોનો ઉપદેશ છે. જૈની હોવાની પહેલી શરત છે.

ધર્મનું સર્વસ્વ અથવા સાર શું છે એ બતાવતા 'મહાભારત'માં પણ આ જ વાત કહેવાઈ છે -

શ્રૂયતામ્ ધર્મ સર્વસ્વં શ્રુત્વાચૈવા ધાર્યતામ્।
આત્માન: પ્રતિકૂલાનિ પરેષામ્ ન સમાચરેત્ ॥

પ્રાણીમાત્રમાં સમાનાનુભૂતિ - આત્મૌપમ્ય - ભાવ જ અહિંસા છે અને સામાયિક પણ આ જ છે -

જો સમો સવ્વ ભૂસેએસુ, તસેસુ થાવરે સુઆ।
તસ્યદ્ સામાઈયં હોજ્જા, ઈયં કેવલી ભાસિયં

**ચારિત્ર જ ધર્મ છે :**

સમભાવ શું છે અને એના પર્યાયવાચી શબ્દ કયા કયા છે એ વિશેની બે ગાથાઓ અવતીર્ણ કરવામાં આવે છે. પહેલી ગાથામાં અત્યંત મહત્ત્વની વાત કરવામાં આવી છે, કે વાસ્તવમાં ચારિત્ર જ ધર્મ છે, પરંતુ એ ધર્મ સમતા અથવા સમત્વ રૂપ કહેવામાં આવ્યા છે. સમતા શું છે? મોહ અને ક્ષોભ રહિત આત્માનું નિર્મળ પરિણામ અર્થાત રાગદ્વેષ રહિત અવસ્થા જ સમતા છે. એના પર્યાયવાચી શબ્દો અથવા નામો છે – માધ્યસ્થ ભાવ, શુદ્ધ ભાવ, વીતરાગતા, ચારિત્રધર્મ અને સ્વભાવ આરાધના મૂળ ગાથાઓ આ પ્રમાણે છે - ગાથા–

ચારિત્તં ખલુ ધમ્મો, ધમ્મો જો સો સમોતિ ણિદ્દિટ્ઠે!
મોહક્ખોહ વિહીણો, પરિણામો અપ્પાણો હુ સમો ॥

સંસ્કૃત છાયા

ચારિત્રં ખલુ ધર્મો ય: સ સમ: ઈતિ નિર્દિષ્ટ;
મોહ ક્ષોભવિહીન: પરિણામ આત્માનો હિસમ: ॥૧૩॥

ગાથા

સમદા તહ મજ્ઝત્થં, સુદ્ધો ભાવો ય વીયરાયતં।
તહ ચારિતં ધમ્મો, સહાવઆરાહણા ભણિયા ॥

સંસ્કૃત છાયા –

સમતા તથા માધ્યસ્થ્યં, શુદ્ધો ભાશ્વ વીતરાગત્વમ્॥
તથા ચારિત્રં ધર્મ; સ્વભાવારાધના ભણિતા ॥૧૪॥

**સમભાવ જ સામાયિક :**

સમભાવ જ સામાજિક છે. માટી અને સોનામાં તથા શત્રુ અને મિત્રમાં સમભાવ રાખવો જોઈએ. કહેવાયું છે કે -
સમભાવો સામઈયં, તણ કંચણ - સત્રુ મિત્ર વિસઓ તિ!

૧૭ મી શતાબ્દીના મહાન જૈન યોગી આનન્દઘનજીએ શાન્તિનાથ ભગવાનના સ્વતવનમાં ભગવાનના મુખેથી શાંતિનો માર્ગ બતાવતા કહ્યું છે કે -

માન અપમાન ચિત્ત સમ ત્રણે, સમગણે, કનક પાષાણરે
વંદક નિંદક સમગણે, એહવો હોય તું જાણરે ॥ શાંતિ ॥૯॥
સર્વ જગ જંતુને સમ ગણે, ગણે તૃણ મણિ ભાવ રે!
મુકિત - સંસાર બહુ સમ ગણે, મુણે ભવજલ નિધિ નાવરે ॥શાંતિ॥ ૧૦॥

શ્રીમદ્ રાજચન્દ્રજીએ એક જ પદ્યમાં સમભાવ શેમાં શેમાં રાખવો જોઈએ એની એકથી એક ચડિયાતી સ્થિતિનું વર્ણન કરતાં લખ્યું છે કે, -

શત્રુ - મિત્ર, માન - અપમાન, જીવન મરણ સંસાર અને મોક્ષમાં પણ સમત્વ રાખવું જોઈએ.

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા!
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો ॥
જીવિત કે મરણે નહીં નૂનાધિકતા।
ભવ - મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો ॥

**માધ્યસ્થભાવ હી સમત્વ :**

આત્માનુભાવી સંત ચિદાનંદજીએ પણ એક ભજનમાં આની સુન્દર રૂપમાં વ્યાખ્યા કરી છે કે આખું જગત જોઈ લીધું: પરંતુ એમાં નિરપક્ષ અર્થાત પક્ષપાત રહિત, રાગદ્વેષ રહિત કોઈ વિરલ વ્યકિત જ હોય છે. આ નિષ્પક્ષતા, માધ્યસ્થ ભાવ જ સમત્વ છે. સમરસી ભાવવાળી વ્યકિત કેવી હોય છે? જુઓ -

અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઈ, અવધૂ॥
સમરસ ભાવ ભલા ચિત્ત જા કે, થાય - ઉથાપ ન હોઈ;
અવિનાશી કે ઘરકી વાતાં જાનેંગે નર સોઈ।।અ૦૧।।
રાય રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ ઉપલ સમ લેખે;
નારી નાગણી કો નહીં પરિચય, તો શિવ મંદિર દેખે।। અ૦૨॥
નિંદા - સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ - શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણ ઠાણે।।અ૦૩।।
ચન્દ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગમ્ભીરા;
અપ્રમત્ત ભારપરે નિત્ય, સુરગિરિસમ શુચિ ધીરા।।અ૦૪।।
પંકજ નામ ધરાય પંકસ્યું, રહત કમલ જિમ ન્યારા;
'ચિદાનન્દ' ઈસ્યા જન ઉત્તમ, સો સાહિબકા પ્યારા।।અ૦૫॥

**મુકિતનો એક માત્ર ઉપાય – સમતા :**

ઉપાધ્યાય યશોવિજયજીએ 'અધ્યાત્મ સાર' નામના કેવળ પોતાના મહત્ત્વ પૂર્ણ ગ્રન્થમાં ૯મો અધિકાર કેવળ સમતા પર જ લખી નાખ્યો છે, જેમાં ૨૯ શ્લોક છે. એના કેટલાંક શ્લોકોમાં સમતાનું માહત્મ્ય બતાવતા લખ્યું છે, કે 'મુકિતનો એકમાત્ર ઉપાય સમતા છે. સમતાને છોડીને જે પણ કષ્ટકારી ક્રિયાઓ કરવામાં આવે છે તે રણભૂમિમાં વાવેલા બીજની જેમ નિષ્ફળ જાય છે. અન્ય લિંગ અર્થાત જૈન સાધકોથી ભિન્ન ભેષવાળા જે પણ સિદ્ધ થયા છે, એમની સાધનાનો આધાર માત્ર સમતા જ રહ્યો છે. જ્ઞાનનું ફળ પણ સમતા જ છે. સમતા જ વાસ્તવિક સુખ છે. સમતા જ મોક્ષ માર્ગની દીપિકા છે. ભરત ચક્રવર્તી વગેરેએ બાહ્યરૂપે તો કોઈ ધાર્મિક ક્રિયા નહોતી કરી પરંતુ સમતા અર્થાત વીતરાગ ભાવ પ્રાપ્ત કરી લીધો તો તેમનો મોક્ષ થઈ ગયો. જો સમભાવ પ્રાપ્ત ન થાય તો દાન અને તપ કરવાથી શું લાભ? યમ - નિયમના પાલનનો પણ શું ફાયદો? સંસાર સમુદ્રને પાર કરવા માટેની એક માત્ર નૌકા સમતા જ છે. સ્વર્ગનું સુખ તો દૂર છે અને મુકિત એથીય દૂર છે. પરંતુ સમભાવનું સુખ તો આપણી સામે જ છે. સમતા રૂપી અમૃતકુંડમાં સ્નાન કરવાથી ક્રોધ વગેરે તાપ તથા કામ-વિષ નષ્ટ થઈ જાય છે. સુખ શાંતિ માટે સમતા અમૃતમય મેઘની વૃષ્ટિ સમાન છે. મમતાનો ત્યાગ થતાં સમતા સ્વત: પ્રગટ થાય છે. પદાર્થોમાં પ્રિયત્વ અને અપ્રિયત્વની ભાવના છોડીને પોતાના સ્વભાવમાં સ્થિર રહેવું એ જ સમતા છે. ઈષ્ટ અને અનિષ્ટ બન્ને વિકલ્પો કલ્પિત છે. આ બન્ને વિકલ્પો નષ્ટ થતાં સમતા પ્રગટ થાય છે.'

હવે પ્રશ્ન એ રહે છે, કે (૧) સમતાને આટલું બધું મહત્ત્વ કેમ આપવમા આવ્યું છે? અને (૨) એની સાધના કેવી રીતે થઈ શકે? આ પ્રશ્નોના સમાધાન માટે જૈન ધર્મના ઊંડાણમાં ડૂબકી લગાવવી પડશે.

**સમત્વ આત્માનો સ્વભાવ :**

પહેલા પ્રશ્નનો ઉત્તર તો એ છે કે સમત્વ આત્માનો સ્વભાવ છે. વિષમતા અને મમતા તો 'પર' – અન્યના સંયોગથી આવે છે જ્યારે સમતા સહજ સ્વભાવ છે. જેને આપણે રાગ અને દ્વેષ કહીએ છીએ તે મમતા અને વિષમતા એ કર્મબંધના બે મુખ્ય કારણો છે. એનાથી મોહ અને ક્ષોભ પેદા થાય છે. રાગ ભાવની પકડ ઘણી જ મજબૂત છે. દ્વેષ તો એને લીધે જ ઉત્પન્ન થાય છે. એટલા માટે જ મોહનીય કાર્યને બધા કર્મોથી બળવાન અને લાંબી સ્થિતિનું માન્યું છે. રાગ અને દ્વેષ બન્નેનો એમાં જ સમાવેશ થઈ જાય છે. એક મોહનીય કર્મનો ક્ષય થતાં જ જ્ઞાનાવરણી, દર્શનાવરણી અને અન્તરાય, ત્રણે ઘાતક કર્મ, પોતાની મેળે જ નાશ પામે છે. મોહ રાજાના બે શકિતશાળી પુત્રો છે: 'હું' અને 'મારું'. 'હું' અહમ્ ભાવ છે અને 'મારું' એ મમતાભાવ છે. મમતાનો નાશ થવો એ જ સમતાનું પ્રાગટ્ય છે. બધા દુ:ખોનું મૂળ અથવા જનક મમ - ભાવ છે અને તમામ સુખોનું મૂળ સમભાવ છે. સ્વભાવમાં સ્થિર રહેવું, લીન યા મગ્ન રહેવું એ જ સમતા છે અને એ જ સંવર તથા નિર્જરા છે. આ બે વગર મોક્ષ પ્રાપ્ત થઈ શકતો જ નથી. નવા કર્મોને રોકવું એ સંવર છે. આ સમ-ભાવપૂર્વક જ થાય છે અને ત્યારે જ જના કર્મોની નિર્જરા થવા લાગે છે, અને મોક્ષ ત્યારે જ મળે છે આટલે સમતાને મહત્ત્વ આપવું યોગ્ય છે.

**સમતાની સાધના :**

બીજા પ્રશ્નનો ઉત્તર એ છે કે સમતાની સાધનાનો અભ્યાસ વધારવા માટે જ સ્વાધ્યાય અને ધ્યાનને મહત્ત્વ આપવામાં આવ્યું છે. સ્વાધ્યાય દ્વારા જ તત્ત્વના સ્વરૂપનો નિર્ણય કરવામાં આવે છે.

સૌથી પહેલા તો 'હું કોણ છું' એ વિશે ગંભીર વિચારણા થવી જોઈએ. આ શરીર તે હું નથી. શરીર મારી સામે છૂટી જાય છે, પડી રહે છે. આત્મા એમાં હોય છે ત્યાં સુધી જ એ સક્રિય હોય છે, એટલે હું આત્મા છું. શરીર અને અન્ય બાહ્ય પદાર્થોનો સંબંધ ચિરસ્થાયી નથી. આત્મા અજર - અમર તથા શુદ્ધ - - બુદ્ધ અને મુકત છે. આ પ્રકારનું ભેદ - વિજ્ઞાન જ સમ્યક્ - દર્શન અથવા આત્મ - દર્શન છે. એટલા માટે જ મોક્ષ માર્ગમાં પહેલું સ્થાન સમ્યક-દર્શનને આપવામાં આવ્યું છે. એના વગર જ્ઞાન કુજ્ઞાન અને અજ્ઞાન છે, ચારિત્ર કુચારિત્ર છે. આવું જ્ઞાન અથવા ચારિત્ર મોક્ષનું સાધન નથી થઈ શકતું. સમ્યક્ - દર્શન થતાં જ કુજ્ઞાન - સમ્યક્ જ્ઞાન અને કુચારિત્ર સમ્યક્ - ચારિત્ર બની જાય છે. મોક્ષ માર્ગ અથવા સમભાવ સાધનાની આ જ પહેલી સીડી છે. કારણ કે વિષમતા અને મમતા, મોહ અને અજ્ઞાનને લીધે જ થાય છે. વિષમતા ભેદબુદ્ધિ છે અને સમતા અભેદ બુદ્ધિ છે. ભેદથી અભેદ તરફ આગળ વધવું એ જ આપણું લક્ષ્ય હોવું જોઈએ!

જ્ઞાતા - દષ્ટા - ભાવ જ સમભાવની સૌથી મોટી ચાવી છે. મારો ધર્મ અથવા સ્વભાવ જ્ઞાન અને દર્શન ગુણ દ્વારા જોવા અથવા જાણવાનો છે. પરંતુ એમાં ઈષ્ટ - અનિષ્ટ, પ્રિય - અપ્રિય, અનુકૂળ પ્રતિકૂળ, સારું - ખરાબ આ બધી કલ્પનાઓ કલ્પિત, આરોપિત અને મોહનીયને કારણે છે. વસ્તુનું જેવું સ્વરૂપ છે તેને તેવા જ રૂપમાં માનવું એ જ સમ્યકદર્શન છે. એમાં ઈષ્ટ - અનિષ્ટ ભાવ નહીં આવવા દેવો એ જ સમતા છે. સમતા આવવાથી મમતા અને વિષમ ભાવ નાશ પામે છે. એમ કહેવું જોઈએ કે મમતા અને વિષમતા ઘટતાં અને નષ્ટ થતાં સમતા ઉત્પન્ન થાય છે.

આવે છે તેને આવવા દો, જાય છે તેને જવા દો અને થાય છે તે થવા દો - આ ત્રણ મહા મંત્રનો જાપ ખૂબ દઢતાપૂર્વક કરતા રહો. આ ત્રણે અવસ્થામાં મારું કંઈ જ સુધરતું કે બગડતું નથી, એમ માનવું જોઈએ. દુ:ખ સાથે સુખ અને જીવન સાથે મરણ જોડાયેલું જ છે. એમાં હર્ષ શું અને શોક શું? આ તો પર્યાયો છે, જે બદલતા જ રહેશે હું હર્ષ શોક કરું એથી પણ આ પરિવર્તનને રોકી નહીં શકું તો હું મારા સ્વભાવમાં જ સ્થિર કેમ નહીં રહું? સમતામાં જ આનંદ છે, સુખ છે, શાંતિ છે. કષ્ટ થાય છે એ શરીરને થાય છે, આત્માને નહીં. આ ભાવનાથી જ મહાપુરષોએ અનેક કષ્ટ સહન કર્યા છતાં સ્વભાવમાં રહ્યા. આપણે પણ સ્વાધ્યાય, ધ્યાન, મૌન મૈત્રી, ક્ષમા આદિ ભાવોથી સમતા તરફ વધતા રહીએ.

આપણે ભૂતકાળ અને ભવિષ્યકાળની વાતો વિશે વધારે પડતું વિચારતા રહીએ છીએ. એનાથી અશાંતિ વધે છે, આને બદલે આપણું ચિંતન તથા પ્રવૃત્તિ વર્તમાનમાં જ સીમિત કરીએ તો શાંતિ અને સદ્ભાવ વધશે અને ટકી શકશે.

અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત જૈન ધર્મના ત્રણ વિશિષ્ટ અને મહત્ત્વનાં સિદ્ધાન્તો મનાય છે અને એમનો વિકાસ પણ સમતાથી જ થયો છે. બધાં પ્રાણીઓ સાથે આત્મોપમ્ય – સમભાવ – જ વ્યાવહારિક અહિંસા છે. રાગ - દ્વેષનો અભાવ આધ્યાત્મિક અહિંસા છે; કારણ કે કર્મબંધથી આત્માના ગુણોની હિંસા થાય છે. આત્માના ગુણો આવૃત્ત થાય છે એ રીતે આત્માના ગુણોની હિંસા થાય છે. વસ્તુ અને મમત્વનો અભાવ એ અપરિગ્રહ છે. પરિગ્રહનો ત્યાગ કરવો અને સીમિત કરવો એ સામાજિક સમતા છે. વિચારોમાં સમન્વય સાધી બીજાના દષ્ટિકોણને સમજી, મહત્ત્વ આપી, વૈચારિક વૈષમ્યને રાગ - દ્વેષનું કારણ ન થવા દેવું એ વૈચારિક સમતા છે. એટલે સમતા જ જૈન ધર્મનો મૂળ સિદ્ધાંત છે અને તીર્થંકરોએ સમતા અથવા વીતરાગની જ સાધના કરી છે અને મોક્ષ-માર્ગ તરીકે બતાવ્યો છે. સમભાવી અને સમદર્શી મહાન આચાર્યની આ ગાથા કેટલી ઉદ્બોધક છે!–

આસમવરોવા સેયમવરોવા, બુદ્ધોત્વા તહય અનોવા।
સમભાવ ભાવિ અપ્પા લદ્ધઈ (મુકખં ન સંદેહો।।

અર્થાત્ દિગમ્બર હોય કે શ્વેતામ્બર, બૌદ્ધ હોય કે બીજા કોઈ ધર્મનો હોય, મોક્ષ ત્યારે જ મળશે જ્યારે આત્મા સમભાવસભર હશે. એટલે કે સમભાવ જ મોક્ષનો હેતુ છે, માર્ગ છે. એને જીવનમાં પ્રગટાવીએ અને એમાં જ રહીએ, તો જ મોક્ષ મળશે. 'નાન્યહપંથા' **અર્થાત્ મોક્ષનો બીજો કોઈ માર્ગ નથી. વ્યવહારિક જીવનમાં પણ સુખ શાન્તિ અને આનંદ પ્રાપ્ત થઈ શકે છે. આથી સમતાને સાધો.**

**–અગરચંદ નાહટા**

# ✻ યોગ—મોક્ષસાધનાનો હેતુ ✻

योजयति इति योग : જે જોડે તે યોગ.

मोक्षण योजनाद् योग : જે પ્રવૃત્તિ આત્માને આધ્યાત્મિકતા તરફ વાળે અથવા તો મોક્ષમાર્ગ તરફ લઈ જાય અથવા તો તેનું મોક્ષ સાથે સંધાણ કે જોડાણ કરી આપે તેને સાચા અર્થમાં યોગ કહેવાય. મોક્ષ મેળવવા માટેના સાચા પ્રયત્નો સાથે જો આત્મનિરીક્ષણ અને આત્મશિસ્ત પણ હોય તો આત્મા જરૂર મુક્તિને પામે.

असंशयं महाबाहो मनोदुर्निग्रहं चलम् ।
अभ्यासेन च कौन्तेय ! वैराग्येण च गृह्यते ॥

-ભગવદ્‌ગીતા ૬-૩૫

શુભ પ્રવૃત્તિ અને મનના સંયમ સહિત, જેમ જેમ મનુષ્ય અપરિગ્રહતા સાથે સંલગ્ન થતો જાય, તેમ તેમ તેનો દુનિયા અને દુનિયાદારી સાથેનો પ્રેમ અને સંબંધ તૂટતો જાય છે.

अनित्य संसारे भवति सकलं यन्नयनगम् ।

નશ્વર જગતમાં જે કાંઈ દશ્યમાન છે તે બધું નાશવંત છે.

બાઈબલમાં (પ્ર. ૪, ૧૭-૧૮) માં કહ્યું છે કે જે દશ્યવંત ચીજો સામે આપણે જોવું જોઈએ નહીં પણ જે દશ્યવંત ચીજો નથી તેનો ખ્યાલ કરવો જોઈએ. કારણ કે જે દશ્યવંત છે તે નાશવંત છે અને અદશ્ય છે તે શાશ્વત છે.

જહોને પણ એક પુસ્તકમાં (પ્ર. ૨, ૧૫-૧૭) લખ્યું છે કે વિશ્વને નહીં ચાહો, તેની અંદરની વસ્તુઓને નહીં ચાહો કારણ કે તે બધા લોહીમાંસના પિંડ અને હૃદયની વાસના છે. જિંદગીનો અહં એ કંઈ પિતાની બક્ષિસ નથી, વિશ્વની છે. જ્યારે જિંદગી ચાલી જાય છે, લોહીમાંસના પિંડનો પણ નાશ થાય છે ત્યારે ઈશ્વરપ્રેરિત જે કંઈ પણ સારું કર્યું હોય તે આત્માની સાથેનું જોડાણ બની રહે છે.

યોગને આધ્યાત્મિકતા કહો કે આત્મસ્વરૂપતા કહો, સ્વનિષ્ઠા કહો કે પરમાર્થનિષ્ઠા કહો, સર્વનો અર્થ એક જ નીકળે. "આધ્યાત્મિક વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા અને આત્માને ઉચ્ચ અને પવિત્ર બનાવે તેવું આચરણ રાખવું."

તત્ત્વજ્ઞાન એ આરામખુરશીમાં બેસીને વાંચવાનો વિષય નથી પણ જીવનની એક નીતિરીતિ છે a way of life શિસ્ત કે જે વૃત્તિઓ પર સંયમ લાવે છે, નૈતિક આચરણ કે જે આધ્યાત્મિકતાનો વિકાસ કરે છે. તત્ત્વજ્ઞાનીઓ કરતાં પણ સામાન્ય માનવી કે જે તત્ત્વજ્ઞાનને અમલમાં મૂકે છે તેની જીવનની નીતિરીતિ ઉચ્ચ કક્ષાની હોય છે.

સાચો યોગી એ કહેવાય કે જે દરેક ખરાબ પ્રલોભન સામે પડકાર કરી શકે. તે દૈવી માનવી ત્યારે બની શકે જ્યારે સઘળી નાશવંત પ્રવૃત્તિનો ત્યાગ કરે. સેન્ટ પોલે જેમ્સના એક પુસ્તકની (પ્ર. ૧-૨૨) ચર્ચા કરતાં આત્મવંચના સામે ચેતવણી આપી છે. ધર્મમાં ગમે તેટલી શ્રદ્ધા હોવા છતાં આચરણ ન હોય તો તે ધર્મ તેને ક્યારેય બચાવી શકતો નથી.

પાણિનિને મતે યોગનો પહેલો સિદ્ધાંત છે, योगश्चित् वृत्ति-निरोध : યોગ એ મનની વૃત્તિઓના સંયમ માટે છે કે જે વૃત્તિઓ સારી અને લાભદાયી પ્રવૃત્તિઓમાં જોડાવાને બદલે અહીંતહીં ભટક્યા કરે છે. માનવીએ પોતાની ભટકતી વૃત્તિઓનો નિરોધ કરીને ધ્યાન પર જ લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ. ઘણીવાર આપણે પોતે જ આપણી વૃત્તિઓના રંગથી અજાણ હોઈએ છીએ. પવિત્રતાનો ને અધ્યાત્મિકતાનો રંગ ઊભો કરવા છતાં તેની અંદર કોઈ અમૂર્ત સૂક્ષ્મ ઈચ્છા કે વાસના કામ કરતી હોય છે જે જરા ધક્કો વાગતાં જાગૃત થઈ જાય છે.

તો શું આધ્યાત્મિક વિકાસ માટે ત્યાગ જરૂરી બની રહે છે? ચોક્કસ. ભૌતિક અપરિગ્રહી બનવા સાથે માનસિક અપરિગ્રહી બનવું પણ એટલું જ જરૂરી છે. તેના ત્રણ મોટા દુશ્મન છે- કામ, કાંચન કામિની. woman, wine, wealth પણ કહી શકાય. તે જુદા જુદા રૂપમાં તાદશ થઈ શકે છે. સેવાનું ઉમદા પાસું પણ કદાચ પૃથક્કરણ કરીએ તો કીર્તિ અને કામનાના અથવા અર્થસાધનાના પરિણામરૂપ જ હોય.

જેને ઉચ્ચાત્મા બનવું છે તેને આવી બધી પ્રવૃત્તિઓની ઉપર ઊઠવું જોઈએ. સંસારમાં રહેવા છતાં આ પ્રવૃત્તિઓ શક્ય અને મદદકર્તા છે. જેમ એકલવ્ય દ્રોણાચાર્યની પરીક્ષામાં પોતાનું લક્ષ્ય સાધવા માટે લક્ષ્યબિંદુ એટલે કે પક્ષીની આંખ અને તેનું સાધન બાણ એ બેના સંધાણ સિવાય કંઈ જોતો ન હતો તેજ રીતે આત્મતત્ત્વનો સાધના કરનાર પરમતત્ત્વ અને યોગની પરિપૂર્ણતા માટે ધ્યાનની સાધના અને એકાગ્રતા સિવાય કંઈ જોતો—જાણતો નથી.

બહિરાત્મામાંથી પરમાત્મા બનવા માટે સાત તબક્કાની મંજિલ કાપવી પડે છે.

૧. જીવ જ્યારે આત્માના વિકાસ અને આધ્યાત્મિકતાનું લક્ષ ચૂકેલો હોય છે અને બહારની દુનિયામાં રમમાણ હોઈને તેમાં રાચીમાચીને રહે છે ત્યારે તે **બહિરાત્મા** કહેવાય છે.

૨. જીવ જ્યારે બહારની દુનિયામાંથી આધ્યાત્મિક દુનિયામાં મન વાળીને જિંદગીને આધ્યાત્મિક અને ધાર્મિક નીતિશાસ્ત્ર પ્રમાણે ગોઠવે છે ત્યારે તે **ભદ્રાત્મા** બને છે.

૩. જ્યારે સમ્યક્‌દષ્ટિ પ્રાપ્ત થઈને તેને અંર્તદષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યારે તે **અંતરાત્મા** બને છે.

૪. પણ આ અંર્તદષ્ટિને યોગ વિના ચાલે નહીં, જ્યારે કાયિક, માનસિક અને વાચિક યોગ એક પરમ સત્ય સાથે જોડાઈ **જાય** છે અને દરેક આચરણ સદાચરણ બની જાય છે ત્યારે તે **સદાત્મા** બની જાય છે.

૫. અને પછી જ્યારે તે માનવી ધર્મનિષ્ઠ બનીને જરા પણ સ્ખલના વગર જન્મજન્માતરમાં પણ તેની ધાર્મિક પ્રવૃત્તિ ચાલુ જ રાખે છે ત્યારે તે **મહાત્મા** બને છે.

૬. યોગસાધનાના આચરણથી તે **યોગાત્મા** બને છે.

૭. જ્યારે દિવ્યચેતના પ્રાપ્ત થાય ત્યારે તે **પરમાત્મા** બને છે.

એ એક હકીકત છે કે સંસારી હોવા છતાં કાંઈ આત્મા સંસારથી અલિપ્ત રહી શકે છે, જ્યારે કોઈ સાધુ હોવા છતાં તેના મનમાં સંસારની વળગણ હોય છે. ઉત્તરાધ્યયનમાં પણ કહ્યું છે; सन्ति एगेहिं भिक्खुहिं गारत्था । જેમણે મન અને વૃત્તિ સાધ્યા છે એવો સંસારી ખરાબ વૃત્તિવાળા ને સાધુતા ખોઈ બેઠેલા અપવિત્ર સાધુ કરતાં પવિત્ર છે.

ઘણીવાર એવા પણ સંજોગો ઊભા થાય છે કે તેમાંથી પસાર થનાર માનવી તેની અસરથી મુક્ત રહી શકતો નથી, જેમ કાદવમાં પગ મૂકનાર કાદવથી ખરડાયા વગર રહી શકતો નથી, છતાં જો એ સંજોગો તેની સામે ન આવે તો તે તેની પાછળ પણ પડતો નથી, રઘવાયો પણ બનતો નથી. ખરી રીતે માનવીએ આવા પ્રલોભનોથી દૂર જ રહેવું જોઈએ. ન રહેગા બાંસ, ન બજેગી બાંસરી. જે ગામ જવું નહીં તેનું નામ ન લેવું.

ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાઓએ આધ્યાત્મિક વાતાવરણ ને તેમાં સુબુદ્ધ માનવીઓના સતત સંપર્કમાં રહેવું જોઈએ. તેમનો સાચો સંપર્ક એ પણ યોગની એક ભૂમિકા જ છે, જેનાથી બાહ્યદષ્ટિ અંર્તદષ્ટિ બને છે અને વાસનાયુક્ત આત્મા વાસનારહિત પવિત્ર અને સંપૂર્ણાત્મા બને છે. જે સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર તરફ વાળે છે.

યોગના અનેક પ્રકાર છે તેમાં ત્રીસ પ્રકાર મુખ્ય છે જેવા કે જ્ઞાનયોગ, ધ્યાનયોગ, આધ્યાત્મયોગ, કર્મયોગ, ક્રિયાયોગ, ભકિતયોગ, તપયોગ, ચારિત્ર્યયોગ, સત્યયોગ, સેવાયોગ, અહિંસાયોગ, બ્રહ્મચર્યયોગ, દાનયોગ, અપરિગ્રહયોગ, મૈત્રીયોગ, કરૂણાયોગ વગેરે.

કોઈ પણ યોગની સાધના એક વખતે એક અથવા એક સાથે અનેક થઈ શકે પણ તેની પાછળ કોઈ ભૌતિક ઈચ્છાની પરિપૂર્તિનો આશય ન હોવો જોઈએ. સાધક સંસારમાં રહેવા છતાં તેનો આશય તો મોક્ષપ્રાપ્તિનો જ હોવો જોઈએ.

યોગ દ્વારા મુકિત મેળવવા માટે આત્માને અમુક ઉચ્ચ ભૂમિકા પર લઈ જવો જરૂરી રહે છે ને તેને માટે સાધકે જરૂરી પ્રયત્નો કરવા રહે છે. જેમ કે યોગ કોઈ પણ ભૌતિક પ્રાપ્તિના પરિણામરૂપે સાધવો ન જોઈએ. યોગ શાસ્ત્રાર્થ પ્રમાણે અને ગુરઆજ્ઞા સાથે કરવો જોઈએ.

એક યોગસાધના બીજી સાધનામાં રૂકાવટ બનવી ન જોઈએ. આ પરમયોગમાં શ્રદ્ધા ને ભકિતનો સમન્વય થવો જોઈએ. જાગૃત સાધક માન, કીર્તિ ને આદરના પ્રલોભનોમાં અટવાઈ ન જતાં ધ્યાનસ્થ થઈને હૃદયના ઊંડાણમાં ઊતરીને અંર્તખોજ કરે કે જે તેને સુખ, શાંતિ ને સમૃદ્ધિ અર્પણ કરે.

સાધક જેટલો ઉચ્ચાત્મા પ્રત્યે આદર રાખે તેટલો જ નાના માનવીઓ સાથે માધ્યસ્થભાવના રાખે. દરેક સાધકને એટલું જ્ઞાન હોવું જરૂરી છે કે દરેક આત્મા પરમાત્મા બની શકે છે, સ્વયં પોતે પણ જો આત્માને પુદ્ગલનો ભેદ સમજીને, કર્મબંધન દૂર કરીને, મોક્ષ તરફ ઝડપી પ્રયાણ કરે તો.

યોગશાસ્ત્રમાં પણ યોગસાધનાની પ્રવૃત્તિની ચાર ભૂમિકાઓ કહેલી છે, જેમ કે, યોગસાધનાની ઉત્કટ ઈચ્છા હોવી જોઈએ. સાથે શ્રદ્ધા અને ઉત્સાહ પણ હોવો જોઈએ. સ્થિર મન સાથે ધીમો પણ સતત વિકાસ હોવો જોઈએ. તેની અસર બીજા પર એવી થવી જોઈએ કે તેને પ્રેરણા મળે.

હરિભદ્રસૂરિ પણ યોગીના છ ગુણ બતાવે છે. યોગીને સાધના માટે ઉત્કટ ઉત્સાહ હોવો જોઈએ. તેની સાથે ઈચ્છાપૂર્તિનો ઉત્કટ નિર્ણય પણ જરૂરી છે. લક્ષસાધના માટે ધીરજ, ક્ષમતા ને મુશ્કેલીઓનો સામનો કરવાની તાકાત કેળવવી જોઈએ. બીજા ગુણો સાથે સંતોષ પણ હોવો જરૂરી. લક્ષપ્રાપ્તિ સાથે ઉત્સાહ વધતો જાય, તેની સાથે જિંદગી શાસ્ત્રને અનુરૂપ થતી જાય ને સંસારનો મોહ ઓછો થતો જાય.

દરેકના પોતાના ચરમાવર્તકાળમાં જ યોગસાધનાનું લક્ષ આત્મદર્શન અને મોક્ષપ્રાપ્તિ બની રહે છે. તે પહેલાં તેનો હેતુ ભૌતિક સુખનો જ હોય છે. શાસ્ત્રોકત રીતે આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો સમય બે હજાર સાગરોપમ વર્ષનો હોય છે. જો તે દરમિયાન તેનો વિકાસ કે ઉત્ક્રાંતિ ન થાય તો વિશ્વક્રમ પ્રમાણે તેને ફરી એકવાર નિગોદમાં જવું પડે છે.

યોગ એક સાથે સક્રિય અને નિષ્ક્રિય બન્ને છે. સારી પ્રવૃત્તિમાં સક્રિય ને ખરાબમાં નિષ્ક્રિય. સાધકની ખરાબ વૃત્તિ અને વાસના જો નબળી પડતી જાય તો તેનો અર્થ એમ કરી શકાય કે તે સાચા રાહ ઉપર છે. તેને હવે ધર્મ, ગુરુ ને ભકિતમાં વધારે રસ રહે નહીં કે દુન્યવી પ્રવૃત્તિઓમાં ગુરુ ત્યારે જ સાધકને આત્મવિદ્યા અને બ્રહ્મવિદ્યા શીખવે જ્યારે તેને વિશ્વાસ આવે કે વિદ્યાનો દુરુપયોગ ભૌતિક સાધનોની પ્રાપ્તિ માટે નહીં થાય.

સામાન્ય સંસારી માટે પૂજા અને ભકિત જેટલી સહેલી છે તેટલી જ યોગસાધના અઘરી છે કારણ કે તે જિંદગી જીવવાની એક કળા છે, નહીં કે થોડો સમય ફાજલ કાઢીને ઈશ્વરને ખુશ કરવાનો પ્રયત્ન.

સ્વામી વિવેકાનંદ કહે છે કે જેની પાસે કંઈ નથી તેના ત્યાગનો કોઈ અર્થ નથી, તે તો ગોચરી માટે સાધુ થવા જેવું છે. ભય, પરાજય કે સંસારત્યાગની વૃત્તિ તો કાયરતા દર્શાવે છે, ત્યાગ માટેની લાયકાત નહીં આત્મલક્ષી મનુષ્યોનો ત્યાગ જ સાચો હોય છે. તેઓ ખરાબ સંસ્કારોથી સંપૂર્ણ વિમુકત નથી હોતા છતાં તેવા પ્રલોભનો સામે ટક્કર ઝીલવાની તેમની શકિત હોય છે.

હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર એક અજોડ વિજ્ઞાન છે કે જે આત્માના અસંખ્ય ગુણોને કેમ પ્રાપ્ત કરવા ને તેના દ્વારા આત્માની ઉન્નતિ કરીને સિદ્ધશિલામાં કેમ સ્થાન પ્રાપ્ત કરવું તે બતાવે છે. યોગ ભૌતિક સુખપ્રાપ્તિની સિદ્ધિ માટે નથી. તે યોગને ચાર વિભાગમાં વહેંચે છે.

દ્રવ્યાનુયોગ કે જે જીવ-અજીવની સૃષ્ટિ ને વિશ્વક્રમ બતાવે છે.

ગણિતાનુયોગ કે જે વિશ્વના ગણિતના સિદ્ધાંત બતાવે છે કે જેમાં ૨+૨=૪ થવાને બદલે કેટલીકવાર ૨+૨=૨૨ પણ થાય છે. તેમાં અનેકાંતવાદ સ્વાદવાદ, સપ્તભંગી નયવાદ વગેરેનો સમાવેશ થાય છે.

ચરણકરણાનુયોગ આત્માના ગુણોને કેમ પ્રાપ્ત કરવા તે બતાવે છે.

કથાનુયોગ કાર્યકારણનો સંબંધ પ્રસ્થાપિત કરવા જુદા જુદા યુગોમાં બનેલી સત્ય ઘટનાઓની કથાઓ તથા કેટલીક રૂપક-કથાઓ કહે છે.

હેમચંદ્રાચાર્યના મત પ્રમાણે યોગ સમ્મક્ જ્ઞાન-દર્શન-ચારિત્રની રત્નત્રયી છે, જ્યારે પતંજલિના મત પ્રમાણે યોગ 'વૃત્તિનિરોધ' છે અને ગીતા પ્રમાણે योग: कर्मसु कौशलम् અને समत्वं योग उच्यते। છે યોગ જિંદગીની એક પદ્ધતિ છે કે જેનાથી મનની સમતોલ ભૂમિકા પ્રાપ્ત થાય છે કે જે સાચી અને સારી પ્રવૃત્તિ તરફ દોરે છે. યોગ ફકત મનને જ શિસ્તબદ્ધ નથી બનાવતું, આત્માને પણ બનાવે છે.

भवाभिनन्दिनो लोकपंक्तया धर्मवियामपि ।
महतोहीनदृष्टयोच्चै दुरन्ताम् तद्वितोविदु: ।। "૮૯" યોગબિંદુ

યોગ તેને માટે છે કે જેને સંસારના બંધન તોડવા હોય, જેને સંસારમાં રસ હોય અને ભવાભિનંદી હોય તેને યોગ કેવી રીતે મદદ કરી શકે? જેનો ધર્મ પ્રદર્શન માટે અથવા જાતના અહં માટે હોય છે તેને સંસારમાં જ રાચીમાચીને રહેવું ગમતું હોય છે.

पुत्र दारादिसंसार : पुंसासंमूढचेतसाम् ।
विदुषांशास्त्रसंसारः मयोगरहितात्मनाम् ।। "૫૦૯" યોગબિંદુ,

જેમ સંસારી લોકોને તેમના કુટુંબ ને સંબંધીનો સંસાર હોય છે તેમ વિદ્વાનોને તેમના શાસ્ત્રોની વિદ્વતાનો અહંરૂપ સંસાર હોય છે. બેઉમાંથી એક પણ મોક્ષપ્રાપ્તિમાં સહાયક બની શકતા નથી.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે જ્ઞાની કે અજ્ઞાની, જો તેની ભકિત અંતરાત્માને સ્પર્શ કર્યા વગરની, દેખાદેખીની જ હોય તો તે આત્માને જન્મ અને પુનર્જન્મ કરાવ્યા કરે છે. અસંખ્યવાર તેણે દુનિયાને સારી કરવાનો પ્રયત્ન કર્યો હોવા છતાં પોતાનું કંઈ જ સારું કર્યું હોતું નથી. પણ એક વાર પણ જો એ સાચો રાહ પકડે તો અસંખ્ય જન્મોનો લાભ એક જ જન્મમાં મેળવી લે છે.

શ્રી દેવચંદ્રજીએ પણ કહ્યું છે કે ભવાભિનંદી બનવું અને સંસારમાં રાચીમાચી રહેવું એ તો પોતાને ધીમું ઝેર આપવા બરાબર છે.

યોગીશ્રી અરવિંદ કહે છે કે જે જિંદગી યોગસાધનાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે મળી છે તે યોગમાં જ ખર્ચી નાખવી જોઈએ નહીં કારણ કે યોગ એ જ જિંદગીનું લક્ષ્ય નથી. જિંદગી જ યોગ બની જવી જોઈએ. સંસારી જ્યારે તેની જિંદગીને યોગ સામે વણી લે છે ત્યારે જ તે એક સાચો આત્મલક્ષી સાધક બને છે.

વિચાર એક શૂન્યતા પેદા કરે છે જે માનવી–માનવી વચ્ચે પ્રેમને બદલે વૈમનસ્ય પેદા કરે છે. જિંદગીને રણાંગણ બનાવી દે છે અને દુ:ખનો જ વધારો કરે છે, જ્યારે 'યોગ અને ધ્યાન' આ શૂન્યતાનો અંત લાવે છે, જે 'અહં અને મમ'માંથી મુકિત અપાવે છે.

ક્રિયાકાંડના આગ્રહી વર્ગને માટે યોગ એ સહજ અને ઉચિત ક્રિયા કે આચરણ નથી કારણ કે ધ્યાન પ્રવૃત્તિની નિવૃત્તિ માગે છે. માનવી યુગોથી જેની શોધ કરી રહ્યો છે તે શાંતિ આ યોગ અને ધ્યાનમાંથી મળી રહે છે નહીં કે મનની વિચારક્રિયામાંથી પેદા થતી શૂન્યતામાંથી.

क्षिणोति योग: पापानि चिरकालार्जितान्यपि ।
प्रचितानि यथैधांसि, क्षणादेवाशुशूक्षणि ::१।। "૭" પ્ર.૧, યોગશાસ્ત્ર

અગ્નિ જેમ લાકડાનો ભારો એક જ ક્ષણમાં ભસ્મીભૂત કરી નાખે છે તેમ જ સાચો યોગ પણ તમામ કાર્મિક અણુઓના સમૂહનો એક જ ક્ષણમાં ખાતમો કરી નાખે છે.

મનયોગ એક નિર્મળ ચેતના લાવે છે જે વિકારોનો નાશ કરે છે જ્યારે કાર્મિક યોગ દુર્વ્યાચાર ને ભાવાચાર લાવે છે, સમ્યક્ કર્મયોગ સાચી ને સારી પ્રવૃત્તિનો સ્વીકાર ને વાસનાયુકત પ્રવૃત્તિનો ત્યાગ કરાવે છે સાચો કર્મયોગ સંપત્તિનો માલિક નથી પણ ટ્રસ્ટી જ છે.

સાચા સાધકે બહારના દુશ્મનને મિત્ર બનાવીને અંતર્શત્રુ સાથેજ લડવું જોઈએ. આમ કરતાં કરતાં તે અજ્ઞાનના અંધકારનો નાશ કરીને મોક્ષ તરફ પ્રયાણ કરે છે અને દૈવી તેજપુંજની છાયામાં સાત્વિક સંતોષ મેળવે છે. આ જ ભૂમિકા છે એવી છે કે જ્યાં યોગી પોતાની જાતનું આત્મા સાથે તાદાત્મ્ય સાધે છે અને પરમાત્મા સાથે સંપર્ક સાધીને તેની સાથે એકરૂપ બનતો જાય છે.

**—સુમનબેન પ્રવીણચંદ્ર શાહ**

# કેળવણી વિશેની દૃષ્ટિ

વિદ્યાવિષયો શીખવા અને સમજવા, પરીક્ષામાં સારા ગુણાંકો મેળવવા અને પછી સારી કારકિર્દી પ્રાપ્ત કરવી એ કેળવણીનો ઉદ્દેશ છે એવી માન્યતા સામાન્યત: પ્રવર્તે છે. આ ઉદ્દેશને લક્ષમાં રાખી કેળવણી અપાય છે અને લેવાય છે એવું બહુધા જોવામાં આવે છે. વિદ્યાર્થીઓનો વિદ્યાભ્યાસ પરીક્ષાકેન્દ્રી દૃષ્ટિથી થાય છે. શિક્ષકોનું શિક્ષણ પણ પરીક્ષાલક્ષી અપાય છે. શિક્ષણનો આવો ઢાંચો ઘણા વખતથી રૂઢ થઈ ગયો છે. કેળવણીનો ઉદ્દેશ આપણી બુદ્ધિશક્તિ ખીલવવી, વિચારશક્તિ કેળવવી અને તેનો વિનિયોગ જીવનવ્યવહારમાં કરી જીવનને માર્ગદર્શક બનવું એવું ભાગ્યે જ જોવામાં આવે છે.

આનો મને પ્રથમ અનુભવ થયો, જ્યારે હું બી.એ.માં ભણતો હતો ત્યારે. બી.એ. માં મારે શેક્સપિયરનું 'મેક્બેથ' નાટક ભણવાનું હતું. હું પાઠ્યપુસ્તક વાંચતો, અંગ્રેજીને સમજવા મહેનત કરતો અને શેક્સપિયરની કલાકૃતિનું સૌન્દર્ય સમજવા અને માણવા પ્રયાસ કરતો. હું હોસ્ટેલમાં રહેતો હતો. મારા બેત્રણ મિત્રોને હું આવો પરિશ્રમ કરતો તે સમજાતું નહીં. એકવાર તેમાંથી એક જણે મને કહ્યું : "આવી નકામી વેઠ શા માટે કરે છે? ગાઈડમાં પરીક્ષાલક્ષી પ્રશ્નો અને ઉત્તરો તૈયાર આપવામાં આવ્યા હોય છે. એ બરાબર વાંચી અને યાદ રાખીએ તો પાસ થવામાં કે સારા ગુણાંકો મેળવવામાં કશી અડચણ પડતી નથી. મને સારા ગુણાંકો મળે જ છે ને ? તે ગાઈડના પ્રતાપે. સાચું કહું તો પાઠ્ય પુસ્તક જ મેં ખરીદ્યું નથી. આપણા મિત્રોમાંથી ભાગ્યે જ કોઈએ પાઠ્ય પુસ્તક ખરીદ્યું છે. આવી માથાફોડી કરીને શા માટે નકામો દુ:ખી થાય છે ?"

ખરું કહું તો એ મનોવૃત્તિ એ મારા મિત્રની જ નહોતી. આ પ્રકારની મનોવૃત્તિ ઘણાખરા વિદ્યાર્થીઓની હતી. હું ભણતો તે વખતે જ નહોતી, અત્યારે પણ પ્રવર્તે છે. હું શિક્ષણકાર્ય કરતો, ત્યારે યે અનેક વિદ્યાર્થીઓ મને પૂછતા : "સાહેબ, પરીક્ષામાં પૂછાય તેવી મહત્ત્વની વસ્તુઓ કહી દોને અથવા લખાવો ને !" ટૂંકમાં, પરીક્ષાલક્ષી દૃષ્ટિકોણ જ વિશેષે કરીને જોવામાં આવે છે, વિદ્યાપ્રાપ્તિનો આનંદ લેતા વિદ્યાર્થીઓ બહુ ઓછા જોવામાં આવશે. જ્યારે મારા મિત્રે મારા પ્રત્યે પ્રેમ દર્શાવી 'મેક્બેથ'નું પાઠ્ય પુસ્તક વાંચવાની વેઠ ન કરવાનું કહ્યું હતું, ત્યારે તેને શો જવાબ આપવો એ સૂઝ્યું નહોતું. પરંતુ મારા મનમાં થતું કે શેક્સપિયરની આવી અમૂલ્ય નાટ્યકૃતિમાં જે જીવનનો ઊંડો મર્મ, કલા - સૌન્દર્ય દ્વારા વ્યક્ત થયો છે, તેમાંથી હું અકથ્ય આનંદ અનુભવું છું, જીવનને અજવાળતો પ્રકાશ પ્રાપ્ત કરું છું અને મારી ગ્રહણશક્તિ અને વિચારશક્તિ ખીલવું છું તે હું તેને કઈ રીતે સમજાવું? અભ્યાસશ્રમ વેઠ નથી, સાધના છે તે તેમને કેમ ગળે ઊતરે? ઈશુ ખ્રિસ્તને વધસ્તંભે ચડાવતી વખતે પ્રાર્થના કરવાનું કહ્યું, ત્યારે તેમણે જે ઉદ્‌ગારો કાઢ્યા હતા તેમાં જરા ફેરફાર કરીને કહેવાનું મન થતું, "હે ઈશ્વર તું તેમને માફ કર. તેઓ શું ગુમાવી રહ્યા છે તેનો તેમને ખ્યાલ નથી " Oh ! God forgive them, for they know not what they lose.

ખરું કહું તો, આવી દૃષ્ટિ માત્ર વિદ્યાર્થીઓની જ નહોતી. શિક્ષકોની પણ એ પ્રકારની જ દૃષ્ટિ હતી, તેઓ પણ પરીક્ષાની દૃષ્ટિએ શું ઉપયોગી છે તે નોંધાવતા અને બિન-ઉપયોગી ભાગને છોડી દેવાનું કહેતા. જે શિક્ષકો નોટ્સ ઉતરાવે અને અમારે વાંચવા વિચારવાની મહેનત ઓછી કરાવે તેઓ વિદ્યાર્થીપ્રિય અને સારા ગણાતા. પરીક્ષાલક્ષી જ દૃષ્ટિ હોય ત્યાં આમ જ બને ને? લોભી ગુરુ અને લાલચુ ચેલા જેવી સ્થિતિ હતી અને અત્યારે પણ નથી એમ નથી. મારી આંખ ઊઘડી, જ્યારે હું કોલેજમાં અધ્યાપક બન્યો ત્યારે. એ પ્રસંગ મારે માટે જેટલો અવિસ્મરણીય બન્યો છે, તેટલો અર્થદ્યોતક પણ છે.

ગોખણપટ્ટી મને ગમતી નથી. વ્યાકરણ મને સમજાતું નહોતું. એટલે બી.એ. પાસ થયો, ત્યાં સુધી અભ્યાસક્રમમાં વ્યાકરણનો ભાગ મને મુદ્દલ સમજાતો નહીં એટલે સારા ગુણાંકો મને મળતા ખરા, પણ વ્યાકરણ સિવાયના અભ્યાસ વિભાગમાંથી. પરીક્ષામાં વ્યાકરણનો પ્રશ્ન છોડી દેતો. મને તેનો રંજ નહોતો. વ્યાકરણમાં મારો ગજ વાગશે નહીં એમ મેં માની લીધું હતું. પણ જ્યારે હું અધ્યાપક બન્યો અને વ્યાકરણ શીખવવાનું કાર્ય મારે કરવાનું આવ્યું, ત્યારે મારી મૂંઝવણનો પાર નહોતો. હું જે ન જાણું, તે વિદ્યાર્થીઓને કેવી રીતે શીખવી શકું ? પરીક્ષામાં વિકલ્પ તરીકે અથવા એમને એમ છોડી દઈએ તો ચાલે. પણ જે મને ન આવડે તે હું વિદ્યાર્થીને ક્યાંથી શીખવું ? શું કરવું એ સૂઝે નહીં. વિદ્યાર્થીઓને શું કહેવું ? મારું શિક્ષકનું અંત:કરણ બોલી ઊઠ્યું: "હવે શીખી લે" મેં જાણકાર મિત્રો પાસે મૂંઝવણ કહી. એક મિત્રે જેસ્પર્સનનું 'Philosophy of Grammar.' (વ્યાકરણનું તત્ત્વજ્ઞાન) પુસ્તક વાંચવાનું સૂચવ્યું.

એ પુસ્તક વાંચ્યું અને ભાષાનું પૃથક્કરણ કરીને વ્યાકરણના નિયમો કેવી રીતે બને છે તેનો સાચો ખ્યાલ આવ્યો. મારામાં વ્યાકરણ શીખવાનો પ્રેરક રસ જાગ્યો. એ નિયમોને આધારે ગુજરાતી વ્યાકરણને સમજવાનો મેં પ્રયાસ કર્યો. સાચે જ, ગુજરાતી વ્યાકરણ મારે માટે સરળ અને રસપ્રદ વિષય બની ગયો. અંધારામાં જાણે એકાએક પ્રકાશ પડ્યો અને ન દેખાતી વસ્તુઓ મને સ્પષ્ટ દેખાવા લાગી. વ્યાકરણ આવો રસભર્યો વિષય છે તેનું મને આનંદાશ્ચર્ય થયું. વિદ્યાર્થીઓને એ રસ હું પીરસી શક્યો. વ્યાકરણ મારા તેમ જ વિદ્યાર્થીઓ માટે આનંદનો વિષય બની ગયો. ઊંડો વિચાર કરતાં લાગ્યું કે શિક્ષણનો ઉદ્દેશ વિદ્યાવિષયમાં રસ ઉત્પન્ન કરવાનો અને એ વિશે આપણને વિચાર કરતા કરવાનો છે. પરીક્ષામાં સારા ગુણાંકો મળે તે તેનું આનુસંગિક ફળ છે. હું સાચો શિક્ષક બની શકું તેનો રસ્તો મળી ગયો. વિદ્યાર્થીઓમાં હું રસ ઉત્પન્ન કરી શક્યો તેનું કારણ પણ મને સમજાયું. મને વ્યાકરણ સમજતાં શી શી મુશ્કેલી નડતી, એ મુશ્કેલીઓ શી રીતે દૂર થઈ તેનો વિચાર કરીને વિદ્યાર્થીઓને પણ એવી જ મુશ્કેલી હશે તેની કલ્પના કરી શીખવવાનું શરૂ કર્યું. પછી રસ પડે એ સ્વાભાવિક છે. શિક્ષકે વિદ્યાર્થીને લક્ષમાં રાખી તેને રસ પડે તેવી રીતે વિદ્યાવિષયમાં વિચાર કરતો કરવો એમાં શિક્ષણકલા રહી છે.

આ બધું તો અનુભવમાંથી હું શીખ્યો હતો. શિક્ષણનું શાસ્ત્ર મેં વાંચ્યું નહોતું. જેમ જેમ હું શિક્ષક તરીકે કામ કરતો ગયો, તેમ તેમ તેના વિશે વિચાર કરવાનું અને અન્ય ચિંતનકારો શું કહે છે તે જાણવાનું મને ખૂબ મન થતું ગયું. બેકન જેવા સમર્થ વિચારકે શિક્ષણ પદ્ધતિ વિશે લખ્યું, ત્યારે મારા છુટાછવાયા વિચારો વ્યવસ્થિત થયા અને મને સુંદર નવપ્રકાશ સાંપડ્યો. બેકને કહ્યું છે : "**શિક્ષણનું મૂલ્ય આપેલા જ્ઞાન ઉપરથી કરવાનું નથી. પણ જ્ઞાની થવાની શક્તિ ઉત્પન્ન કરી હોય તે પરથી** કરવાનું છે" પછી જ્યારે રૂસોએ શિક્ષકના કાર્ય વિશે લખ્યું તે વાંચ્યું, ત્યારે તેનો મર્મ સ્પષ્ટ રીતે હું સમજી શક્યો. રૂસો આ લખ્યું છે :

"શિક્ષકનું કામ શીખવવાનું નહીં, પણ દોરવાનું છે. તેણે સિદ્ધાંતો આપવાના નથી પણ તે શોધતાં વિદ્યાર્થીઓને શીખવવાનું છે. હું ખૂબ કઠણ શિક્ષણકલાની હિમાયત કરું છું. સિદ્ધાંતો આપ્યા વગર માર્ગદર્શન આપવાની અને કશું ન કરીને બધું કરતાં શીખવવાની."

આ ઉપરાંત તેણે માર્મિક રીતે લખ્યું છે : "માણસો કોઈ પણ પુરુષ સંબંધી તે પ્રમાણિક છે કે કેમ એમ પૂછતા નથી, પણ તે હોશિયાર છે કે નહીં એમ પૂછે છે. અને પુસ્તક સંબંધી તે સારું છે કે કેમ એ પૂછવાને બદલે તે સારી રીતે લખાયેલું છે કે નહીં એમ પૂછે છે." આજના સામાજિક કે રાષ્ટ્રીય સંદર્ભમાં આ વસ્તુ વિશેષ લક્ષમાં રાખવા જેવી છે.

કેળવણીનો ઉદ્દેશ માત્ર બૌદ્ધિક વ્યક્તિત્વ ઘડવાનો જ નથી. તેનું સાંસ્કારિક ઘડતર થાય, તેનાં જીવનમૂલ્યો ઉચ્ચતર કોટિનાં બને તે પણ તેમાં મહત્ત્વના સ્થાને હોય. પ્રખ્યાત તત્ત્વજ્ઞાની લોકે વધારે ભારપૂર્વક આ વસ્તુ રજૂ કરી છે: "બધા માણસો કેળવણી વિશે વાત કરતી વખતે બહુધા વિદ્યાનો જ વિચાર કરતાં હોવાથી એમાં વધારે વિચિત્રતા લાગે છે...વાંચન લેખનને હું ઉપયોગી ગણું છું, પણ તેને મુખ્ય ગણતો નથી. હું માનું છું કે જે માણસ સદ્‌ગુણી અને ડાહ્યા માણસને પંડિતના કરતાં ઉચ્ચતર ગણતો નથી તેને તમે પણ મૂર્ખ ગણશો. મારી કહેવાની મતલબ એવી નથી કે જેનું મન સ્વસ્થ હોય તેના ડહાપણ

અને સદ્‌ગુણને વિદ્યાની કશી મદદ મળતી નથી, પણ એટલું કબૂલ કરવું જોઈએ કે મન સુસ્થિત ન હોય તો વિદ્યા માણસને બેવકૂફ અને ખરાબ બનવામાં મદદ કરે છે."

કેળવણીનો ઉદ્દેશ માનવી ચિત્ત અને હૃદયમાં રહેલા ઉચ્ચ અંશોને પ્રકટ કરવાનો છે. તેને પરિણામે જીવનની મધુરતા વધે છે. જીવનમાં આવતી મુશ્કેલીઓ હોય તોપણ તેને યથાર્થ રીતે સમજીને તેને દૂર કરવાની શકિત આપે તો જ શિક્ષણનો ઉદ્દેશ સર્યો કહેવાય. કેળવણીના ક્ષેત્રની સાથે સંકળાયેલા વિદ્યાર્થી અને શિક્ષણનો આ મૂળભૂત ઉદ્દેશને કેન્દ્રમાં રાખે તો કેટલું સારું !

—અમૃતલાલ યાજ્ઞિક

## મનની પ્રસન્નતા

ચિત્તની પ્રસન્નતા મનને એકાગ્ર કર્યા વિના આવી શકતી નથી. મનને એકાગ્ર કરવા માટે બહિરાત્મભાવ ત્યાગવો આવશ્યક છે. બહિરાત્મભાવ જ્યાં સુધી સંસાર તરફ લક્ષ્ય હોય ત્યાં સુધી લાવી શકાતો નથી. સંસાર પ્રત્યે આકર્ષણ છે તે સાંસારિક પદાર્થો માટે કામનાને લીધે છે. એ કામભાવ, રાગભાવ ઓછો થાય તો બહિરાત્મભાવ ટળે અને આત્માભિમુખ બનાય. એટલે જ વીતરાગતા જેમાં દ્વેષત્યાગનો પણ સમાવેશ છે તેના ઉપર સંપૂર્ણ ભાર મૂકવામાં આવ્યો છે. પણ આ જીવન એક તથ્ય હોઈ અનેક કાર્યો અને પ્રવૃત્તિઓ કરવાની હોય છે. ઉપરાંત સંસાર છોડી દેવાથી જ લાભ છે એવું કોઈ ધર્મપ્રવર્તકે કહ્યું નથી. અરણ્યવાસ કરવાથી કે દીક્ષા લેવાથી જ મન શાંત રહે છે એવું નથી. મનની શાંતિ અને ચિત્તની પ્રસન્નતા કારણ છે, કાર્ય નથી. એ આંતરસૂઝથી જ આવે છે. બાહ્ય પરિસ્થિતિથી ભાગતા રહેવાથી એ આવતી નથી. ફલત: એ નિષ્પન્ન થાય છે કે સાંસારિક જીવન ગાળતા છતાં માનસિક સમતા ધારણ કરવી. આવું તો કર્તવ્યનિષ્ઠા અને અનાસક્તિ બન્નેને એક સાથે જ અપનાવાથી બને. એટલા માટે જ વૈરાગ્ય અને અભ્યાસ (મહાવરો) આ બન્નેની સિફારિશ કરવામાં આવી છે. કર્તવ્યનિષ્ઠા ન રાખવામાં-કેળવવામાં ન આવે તો પલાયનવાદનો આક્ષેપ ટાળી શકાશે નહિ અને જીવન એક નક્કર સત્ય છે એ હકીકત છે એટલે પલાયનવાદ તો ઊલટું એક કષ્ટમાંથી ઉગારી બીજામાં નાખશે અને પ્રવૃત્તિનું સંચાલક બળ કર્તવ્યનિષ્ઠા નહિ હોય તો જ્યાં ત્યાં છબરડા વાળવા પડશે. એટલે જ "યોગ: કર્મસુ કૌશલમ્" અર્થાત્ પ્રવૃત્તિનું પ્રાવિણ્ય એટલે યોગ. આમ લખવું અને કરવું એમ આકાશ-પાતાળ જેટલું અંતર છે, કરવું ઘણું કઠણ છે છતાં ગમે ત્યારે એ કરવાનું જ છે એ નક્કી છે. એ વિના કોઈ આરો પણ નથી. "નાન્ય: પન્થા વિદ્યતે અયના" અર્થાત્ બીજો કોઈ રસ્તો જ નથી. આજે, કાલે કે ગમે ત્યારે અને તે પણ આપણે જ, કોઈ બીજું આવીને આપણને એ ભેટ તરીકે આપી જવાનું નથી.

પ્રભુકૃપાનો અર્થ એવો નથી કે પ્રભુકૃપા જ બધું કરશે. પ્રભુકૃપાને પાત્ર હશે એને પ્રભુકૃપા મળશે, બીજાને નહિ અને પ્રભુ કૃપાના પાત્ર બનવા માટે તપ અને તિતિક્ષા, યમ અને નિયમ, નૈતિક મૂલ્યો અને સદાચાર આ બધાને અપનાવવા પડશે જ.

સામાન્યપણે બધા એવું માનતા હોય છે કે એમને સુખ નથી, ચેન નથી, શાંતિ નથી, સંપ્રસાદ નથી. ભૌતિક સમૃદ્ધિ વચ્ચે પણ મનમાં અકળામણ હોય છે. એમ ન હોત તો અમેરિકાદિ ભૌતિક સમૃદ્ધિ પ્રધાન દેશો આકુળ-વ્યાકુળ ન થઈ ગયા હોત. પણ એ થઈ ગયા છે એ તો એમના બૂમ-બરાડાથી આપણે સૌ હવે જાણતા થઈ ગયા છીએ. એ સમૃદ્ધિ-સંપત્તિની નિરર્થકતા સ્વયંસિદ્ધ છે. કોઈ એવી પણ દલીલ,—દલીલ કરવા ખાતર કરે છે કે વિષાદની આ અવસ્થા તો વાર્ધક્યમાં જ શકય છે અને માટે જ યુવક વૃદ્ધ થઈશું ત્યારે કરશું એવું કહીને અત્યારે તો રળી લેવા દો, ભોગવી લેવા દો એવું કહેતો હોય છે પણ ધર્મ એ કંઈ અમુક વખતે જ કરવા જેવી વસ્તુ નથી. એ નિરંતર કરવાની છે. ભવિષ્યની બાંહેધરી આપે પણ કોણ? એ તાકાત કોનામાં છે? નબળાઈને છાવરવાનો એ કીમિયો છે. —Planning — આયોજન-મૂળથી જ કરી લેવું જોઈએ.

આગળ, ચિત્તના સંપ્રસાદની જે વાત થઈ તે સ્વસ્થતા વિના નથી આવતી. એમાં સુખ-દુ:ખનો અનુભવ અને રાગદ્વેષાદિ કારણો છે. આમાં સુખ-દુ:ખના કારણે દશ્ય જગતની ઓલાદ છે. એને થતાં રોકવાનું સમત્વ ભાવ કેળવવાથી બની શકે છે. અપ્રમત્ત બની પ્રયત્નશીલ રહેવાથી એ સિદ્ધ કરી શકાય છે. ઇંદ્રિયાદિજન્ય શબ્દ-સ્પર્શાદિ સુખો છોડવા એટલા અઘરા નથી જેટલા આંતરિક કારણો છે. આ આંતરિક કારણો વાસનાજન્ય છે. માટે જ ભગવાન મહાવીરે કહ્યું "મુચ્છા પરિગ્ગહો વુત્તો"- અર્થાત્ પરિગ્રહ તો પરિગ્રહ માટેની લાલસા જ છે. પરિગ્રહ હોય છતાં લાલસા ન હોય અને પરિગ્રહ ન હોય છતાં લાલસા હોય. આ બીજી સ્થિતિ ભવભ્રમણ કરાવનારી છે. મન અશાંત—વ્યાકુળ હોય ત્યાં સુધી મનની પ્રસન્નતા કયાંથી હોય? એ હોય તો પણ ઉપરછલ્લી જ હોય. અંદર દાવાનળ સળગ્યો હોય અને ઉપરઉપરથી શાંતિ રાખી હોય. પ્રતિષ્ઠા ખાતર કે મહાન યોગી કહેવરાવવા ખાતર- તો એનો કાંઈ અર્થ નથી. એ તો ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થયું. એટલે જ ગીતાકારે કહ્યું કે "અશાંતસ્ય કુત: સુખમ" અશાંત મનવાળાથી (ખરું) સુખ દૂર ભાગે છે. તો પછી શાંતિ મેળવવી કઈ રીતે? મનને વિચાર શૂન્ય અવકાશ રહિત બનાવી દેવાથી એ મળશે? પ્રાણાયામાદિ ક્રિયા દ્વારા એ હાંસલ થશે તો પણ થોડા વખત માટે જ. મનને નિરંતર નિર્વિચાર રાખવું એ જેવી તેવી બાબત નથી. એટલા માટે જ તેરમા ગુણસ્થાનક સુધી એની હયાતિ માનવામાં આવી છે અને એ પણ રફતેરફતે સિદ્ધ થાય છે—એકદમ નહિ. તો પછી વચગાળાની સ્થિતિમાં શું કરવું? હેમચંદ્રાચાર્યે એટલા માટે જ કહ્યું છે કે પહેલાં તો મનને શુભ ભાવનાઓથી ભરી દેવું. આનો જ પડઘો ગીતાકારના ઉદ્‌બોધનમાં મળે છે 'ન ચાલાવયત: શાંતિ:" મનના ભાવોને જેણે કેળવ્યા નથી તેને શાંતિ કેવી? મનના ભાવોની કેળવણી એટલે શું? અહીં પણ હેમચંદ્રાચાર્ય અને ગીતાકાર મદદરૂપ થાય છે. પહેલાં કહે છે કે મૈત્ર્યાદિ શુભ ભાવનાઓનું વારંવાર સ્મરણ - રટણ કરવું અને એ પ્રમાણે વર્તવું. આ બાબતને જ બીજા "ન ચાયુકતસ્ય ભાવના" પદમાં સમાવી દે છે. મનના ખોખાને બરાબર વ્યવસ્થિત કર્યા વિના ભાવના ભાવી શકાશે નહિ. પતંજલિએ પણ યોગસૂત્રમાં સૂત્ર દ્વારા આ બાબતનું સમર્થન કર્યું છે: "મૈત્રી-કરૂણા-મુદિતા-ઉપેક્ષાણં સુખ-દુ:ખ-પુણ્ય-અપુણ્ય વિષયાણાં ભાવનાત: ચિત્ત પ્રસાદનમ" અર્થાત્ સુખ, દુ:ખ પુણ્ય અને અપુણ્ય આ ચાર વિષયો (અને બધા વિષયો આ ચાર પ્રકારમાં જ અંતે વિભક્ત થઈ જાય છે) તે માટે ક્રમશ: મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એવી ચાર વૃત્તિઓની ભાવના કરવાથી ચિત્તનો સંપ્રસાદ પ્રાપ્ત થાય છે. એવું જ પુરસ્કરણ ભગવાન બુદ્ધે પણ કર્યું છે. અને કયા ધર્મનાયકે નથી કહ્યું? ક્રાઈસ્ટ, પયગંબર, ગુરુ નાનક- બધા જ આ બાબતમાં એકમત છે.

ચિત્તના સંપ્રસાદને રાગ-દ્વેષ, કામ-ક્રોધાદિ હચમચાવી નાખે છે. ચિત્તના અજંપાને જન્માવનારાં એ વિકારોને રોકવા જોઈએ. અર્થાત્ એ દુશ્મનોને હાંકી કાઢવા માટે મનને શુભ ભાવનાઓથી ભરી દેવું જોઈએ. જીવનમાં રસ લઈને પણ આ કરી શકાશે. અંતે, સદાચારને કેળવો, વ્યવહારમાં શુદ્ધિ લાવો, ઝીણી બાબતમાં નહિ ઊતરતાં જેવો આવડે એવો માનવધર્મ પાળો, અનાદિનિધન મૂલ્યોને ઉવેખો નહિ, નકારાત્મક નહીં પણ ભાવાત્મક Not Negative but Positive વલણ અપનાવો, અશુભને રોકો, શુભમાં પ્રવૃત્ત થઈ શુદ્ધમાં જાઓ. આજે જ નિર્ણય કરી જેટલો મહાવરો થાય તેટલો કર્યા કરો. બે - પાંચ વર્ષે એવું રૂપાંતર થઈ જશે કે તમને પોતાને જ અવર્ણનીય, અદ્‌ભુત, એવી મનની સંપ્રસાદ પ્રસન્નતા પ્રાપ્ત થશે.

અમૃતલાલ ગોપાણી

## હું જોઉં છું તે હું જ છું

વેગથી દોડી જતી આ ટ્રેન,
વંટોળ શો વીંઝાય આ વરસાદ,
વર્ષાજળે નાહી ચમકતાં પાસના પાટા
વન વીંધતા બાલાર્કના પહેલા કિરણ સમ દોડતા.
પાટા અડીને ખેતરો સસલાં સમાં કૂદે જતાં
- - - - - -
હું ટ્રેનથી ઉંચકાઈને,
આકાશમાં જઈ ઓગળી,
વરસાદ થઈ વીંઝી રહું,
પાટા સમો દોડી રહું, કે
ખેતરોમાં ધાન્ય લચતા છોડવા શો નાચતો,;
હું જોઉં છું તે હું જ છું!

—પ્રદીપ સંઘવી

# મન જીત્યું તેણે જગ જીત્યું

[૪]

આપણી ચેતનાના અનેક સ્તર છે. તેમાં સૌથી સ્થૂળ સ્તર છે ઈન્દ્રિય, તેનાથી સૂક્ષ્મ છે મન. મનથી સૂક્ષ્મ છે બુદ્ધિ અને તેનાથી ય સૂક્ષ્મ છે અધ્યવસાય. ઈન્દ્રિયો ઘણી સ્થૂળ છે તેથી આપણને તે સ્પષ્ટ સમજાય છે. મનની ચેતના સૂક્ષ્મ છે તેથી ઈન્દ્રિયોની અપેક્ષાએ તેને સમજવી અઘરી છે.

આપણે ધ્યાન કરીએ છીએ તેનો સંબંધ મનથી છે. ધ્યાન સાથે ઈન્દ્રિયોનો સીધો સંબંધ નથી, તેમાં પહેલો સંબંધ મનથી જોડાય છે. ધ્યાન એક પ્રકારની માનસિક ક્રિયા છે.

યોગની ભાષામાં મનની ત્રણ અવસ્થાઓ છે. અવધાન, એકાગ્રતા અથવા ધારણા અને ધ્યાન. માનસિક ક્રિયાઓ આ ત્રણ અવસ્થાઓમાંથી પસાર થાય છે. મનની પહેલી અવસ્થા છે. અવધાન-એટેન્શન. અવધાનની અવસ્થામાં આપણે કોઈ વસ્તુમાં મનને લગાડીએ છીએ ભટકતા મનને કોઈ વસ્તુમાં જોડીએ છીએ. વસ્તુમાં મનને વ્યાપૃત કરવું, મનને સચેત કરવું, ચૈતન્યવાન બનાવવું તે મનની અવધાનની અવસ્થા છે. તેમાં પદાર્થ સાથે મનનો સંબંધ જોડાય છે. આપણે કહીએ છીએ, સાવધાન થઈ જાવ. આનો અર્થ એટલો જ છે કે એક કાર્ય પ્રત્યે દત્તચિત્ત બની જાવ. મનને તેમાં લગાડી દો.

અવધાન જેમ બાહ્ય વસ્તુઓ પ્રત્યે થાય છે તેમ જ ક્યારેક ક્યારેક પોતાના મૂળ સ્વરૂપ પ્રત્યે પણ થાય છે. મૌલિક સ્વરૂપ પ્રત્યે અવધાન થાય છે ત્યારે જ એ સ્થિતિમાં પ્રજ્ઞાનો જન્મ થાય છે. પછી બાહ્ય પ્રત્યે અવધાન નથી રહેતું. મનનું અવધાન પછી પોતા પ્રત્યે થઈ જાય છે.

મનની બીજી અવસ્થા છે, એકાગ્રતા કે ધારણા. મનોવિજ્ઞાનની ભાષામાં કોન્સન્ટ્રેશન—અવધાનથી અલગ છે આ અવસ્થા. જેમાં આપણે અવધાન કર્યું. પદાર્થ સાથે મનનો સંબંધ જોડયો તેમાં કેન્દ્રિત થઈ જવું. ચારેકોર ભટકતા મનને. અનેક વસ્તુઓ પર ઊડાઊડ કરતા મનને, એ બધી વસ્તુઓથી દૂર કરીને એક વસ્તુમાં કેન્દ્રિત કરી દેવું તે છે. એકાગ્રતા કે ધારણા, મનની આ ધારણાવસ્થા છે. ધ્યાન પહેલાં ધારણા કરવાની છે. શરીરના કોઈ પણ ભાગમાં કે કોઈ વસ્તુમાં મનને સ્થાપિત કરી દેવું, મનને આરોપિત કરવું તે ધારણા છે.

મનની ત્રીજી અવસ્થા છે, ધ્યાન—મેડિટેશન. અવધાન પછી ધારણા અને ધારણા પછી ધ્યાન. કેન્દ્રીકૃત મનની જે સઘન અવસ્થા છે તે છે ધ્યાન. ત્યાં આ અવસ્થામાં મન સ્થિર થઈ જાય છે. જામી જાય છે. લાંબા સમય સુધી મનનું સ્થિર રહેવું— મનનું જામી જવું તે છે ધ્યાનાવસ્થા. એ છે ધ્યાન-મેડિટેશન.

સૌથી પ્રથમ અવધાનનો અભ્યાસ કરવો પડશે. મનની એ સ્થિતિ પેદા કરવી પડશે કે જે અવધાન કરી શકે. મન ઘણું જ ગતિશીલ તત્ત્વ છે. મનનું કામ જ ગતિને ચાલુ રાખવાનું છે. પણ આ તેનો સ્વભાવ નથી. આપણે તદ્દન ઊલટી દિશામાં જઈ રહ્યા છીએ. પ્રવાહની સાથે, ચાલુ પ્રવાહની સાથે ચાલવું ખૂબ જ સ્વાભાવિક છે. પ્રવાહની પ્રતિકૂળ-પ્રવાહની સામે ચાલવું એ ઘણું જ અઘરું છે. જે તેમ-પ્રવાહની પ્રતિકૂળ ચાલી શકે છે તે સાધક છે. તેમ ચાલવું એ સાધના છે.

ભગવાન મહાવીરે કહ્યું છે: 'અણુસોઓ સંસારો, પડિસોઓ તસ્સ ઉત્તારો.' અનુસ્રોત અર્થાત ? પ્રવાહની પાછળ ચાલવું એનું નામ છે સંસાર. પ્રવાહની પાછળ ચાલવું એ છે ચંચળતા. પ્રવાહની સાથે ચાલવું એ છે અશાંતિ, દુ:ખ. પ્રવાહની સામે ચાલવું એ છે શાંતિ, સ્થિરતા અને ઉત્તારો અર્થાત પેલે પાર જે પ્રવાહની સામે ચાલવાની ક્ષમતા રાખે છે તે ખરેખર પાર પામી જાય છે, પેલે પાર ચાલ્યો જાય છે.

ધ્યાનની ક્રિયા સામા પ્રવાહની ક્રિયા છે. મન ચંચળ અને ગતિશીલ છે તેને કેન્દ્રિત કરવું, સ્થિર કરવું તે વિપરીત—સામા પ્રવાહની ક્રિયા છે. અર્થાત મનનો જે સ્વભાવ નથી તે સ્વભાવમાં તેને લઈ જવું અને સ્થિર કરવું. આથી સમજાય છે કે ધ્યાનની ક્રિયા કેટલી કઠોર છે. તેને સરળ અને સુગમ માનવાનો ભ્રમ ન રાખશો. આપણે ધ્યાન કરીએ છીએ મૂર્છા તોડવા માટે. આપણે ધ્યાન કરીએ છીએ પ્રમાદને તદ્દન ખંખેરી નાખવા માટે. ધ્યાન દ્વારા જો નવી મૂર્છા પેદા થાય, નવો ભ્રમ ઊભો થાય તો એ જરાય ઈષ્ટ નથી. આથી ખૂબ જ યથાર્થવાદી અને વસ્તુવાદી બનીને, વાસ્તવિકતાને સમજીને, આપણે ધ્યાનમાં પ્રવેશ કરવાનો છે. એ માનીને જ આગળ વધવાનું છે કે ધ્યાન એક લાંબી સાધના છે. તે જલદી સિદ્ધ થઈ જાય તે માટે ઉતાવળા નથી બનવાનું. તેને સિદ્ધ કરવા માટે પૂરી તૈયારી કરવી અનિવાર્ય છે. તૈયારી વિના કોઈ કામ નથી થઈ શકતું. ધ્યાન માટે પણ પૂર્વ તૈયારી જરૂરી છે. આ માટે શરીરને સાધવાની જરૂર છે. [શરીર-સાધનાની ચર્ચા ગતાંકમાં થઈ ગઈ છે.] એ જ પ્રમાણે મનને સાધવાની પણ જરૂર છે. મનને સાધવા માટે સૌથી પહેલાં અવધાનનો અભ્યાસ જરૂરી છે. આથી જ ધ્યાનની ચર્ચા કરતાં પહેલાં, આ વિષયની ચર્ચા કરી રહ્યો છું કે આપણે મનને પટુ બનાવીએ, મનને કુશળ બનાવીએ, મનને પ્રશિક્ષિત કરીએ. તેને એવી રીતે પ્રશિક્ષિત કરીએ કે તેની ક્ષમતા વિકસે અને ધ્યાનની સ્થિતિ સુધી પહોંચવાની યોગ્યતા પ્રાપ્ત થઈ જાય. અવધાન યોગ્યતાનું સંપાદન છે. મનને પટુ બનાવ્યા વિના આપણે ધ્યાનની ભૂમિકા સુધી પહોંચી નથી શકતા. આથી મનને પટુ બનાવવું ખૂબ જ જરૂરી છે. શરીર—સાધના માટે જેમ વિવિધ આસનો જરૂરી છે તેમ જ માનસિક સાધના માટે અવધાનના વિવિધ પ્રયોગો કરવા જરૂરી છે.

મનના પ્રશિક્ષણનો એક ક્રમ છે. 'નન્દી સૂત્ર'માં આ ક્રમ ખૂબ જ સુંદર ઢબે પ્રતિપાદિત છે. પ્રથમ ક્રમ-યુગલ છે: અલ્પગ્રાહી, બહુગ્રાહી, આ બંને ચરણ છે. આપણે મનને એક કાર્યમાં લગાડીએ જેથી તે એક બિન્દુને પકડી શકે થોડાંને પકડી શકે, અથવા થોડોક સમય સુધી કોઈ વસ્તુને પકડી શકે. આ છે અલ્પગ્રાહી. ક્રમ બહુગ્રાહી એટલે ઘણાંને પકડવું, મોટી વસ્તુને પકડવી, લાંબા સમય સુધી પકડી રાખવી.

આપણે પ્રેક્ષા કરીએ છીએ. [પ્રેક્ષા એટલે જોવું]. શરીરની પ્રેક્ષા કરીએ છીએ. શ્વાસની પ્રેક્ષા કરીએ છીએ. કહેવામાં આવે છે કે નાસાગ્ર પર આવતા-જતા શ્વાસને જુઓ. શ્વાસને અંદર જતો જુઓ. શ્વાસને બહાર નીકળતો જુઓ. નાસાગ્ર પર માત્ર શ્વાસને જ જુઓ. મનને નાસાગ્ર પર કેન્દ્રિત કરો. મનના અવધાનને નાસાગ્ર પર મૂકો અને આવતા-જતા જતા શ્વાસને જુઓ. એક ગુરખાની કે સંત્રીની જેમ શ્વાસની આવન- જાવન પર ધ્યાન રાખો. આ છે અલ્પની પ્રેક્ષા, અલ્પનું અવધાન, અલ્પગ્રહી-ક્રમ છે આ.

બહુગ્રાહી એટલે ઘણાંની પ્રેક્ષા. કહેવામાં આવે છે કે શ્વાસની સાથોસાથ મનને પણ ભીતર લઈ જાવ. ઉચ્છ્વાસની સાથે સાથે મનને પણ બહાર લઈ આવો. આ ઘણાંનું અવધાન છે. બહુગ્રાહી-ક્રમ છે. અલ્પગ્રાહી ક્રમમાં આપણો પંથ નાનો-ટૂંકો હતો. હવે આપણો પંથ લાંબો છે, અલ્પગ્રાહીમાં મનને માત્ર નાસાગ્ર પર ટકાવ્યું હતું. હવે તે શ્વાસ ઉચ્છવાસનાં પૂરા માર્ગનું અવગાહન કરે છે. નાભિની આસપાસથી શ્વાસ ઊઠે છે, ત્યાંથી મનને તેની સાથે જોડી દો અને તેને શ્વાસની સાથોસાથ જ ભીતર લઈ જાવ, કે જ્યાં શ્વાસયંત્ર પૂરું થઈ જાય છે અને તે ફેફસામાં પ્રવેશે છે, ત્યાં સુધી મનને લઈ જાવ. ડાયાફ્રૉમ સુધી મનને લઈ જાવ. આ શ્વાસની સીમા છે. તો અભ્યાસના આ બે ક્રમ થયા:

૧: અલ્પનું ગ્રહણ-થોડાંને જોવાનો અભ્યાસ.

૨: ઘણાંનું ગ્રહણ-ઘણું જોવાનો અભ્યાસ.

અભ્યાસનું બીજું ક્રમ યુગલ છે: ૧: એકવિધગ્રાહી (૨) બહુવિધગ્રાહી.

એક પ્રકારની વસ્તુને જોવી કે ઘણાં પ્રકારની વસ્તુઓ જોવી. કહેવામાં આવે છે કે નાસાગ્ર પર થતાં પ્રકંપનોને જુઓ અથવા નાસાગ્ર પર શ્વાસના સ્પર્શનો અનુભવ કરો. આ એક પ્રકારનું અનેકવિધગ્રાહી અવધાન છે.

બહુવિધગ્રાહીનો અર્થ છે, એકસાથે અનેક વસ્તુઓને જોવી. તેથી મનની પટુતા ઘણી વધી જાય છે. એક સાથે અનેક વસ્તુઓને જોવાની જ નથી, તેને ગ્રહણ પણ કરવાની છે.

ઉપાધ્યાય યશોવિજયજી મૂર્ધન્ય અવધાનકાર હતા. તે ઘણા મોટા પ્રતિભાશાળી તાર્કિક વિદ્વાન હતા. તેમણે અવધાન કર્યા. તેમની સામે પિત્તળના સો પવાલાં રખાયાં. એક એ વ્યક્તિ એક એક કરીને તે પવાલાંને વગાડતી ગઈ. દરેક પવાલાંના ધ્વનિનું અવધાન-

કારક અવધારણ કરતા રહ્યા. તેમનું મન ધ્વનિની સૂક્ષ્મતામાં અવહિત થઈ ગયું. સોએ પવાલાંનો ધ્વનિ તેમણે ગ્રહણ કરી લીધો. પરીક્ષાનો સમય આવ્યો. સભામાંથી એક વ્યક્તિએ એક પવાલું વગાડી અને તે પવાલાંની સંખ્યા પૂછી. અવધાન કારે કહી દીધું કે આ ધ્વનિ અમુક નંબરના પવાલાંની છે. આ પ્રમાણે ઘણાંએ પૂછયું. અવધાનકાર સંપૂર્ણ સફળ થયા.

એક સાથે અનેક વિષયોને ગ્રહણ કરવા અને તેને યથાવત્ બતાવવા બહુવિધગ્રાહીનું ઉદાહરણ છે. અવધાનની આ કુશળતાથી એક સાથે અનેક વસ્તુઓને પકડવાની ક્ષમતા આવે છે.

અવધાનની શકિતને જાદુ કે ચમત્કાર ન માનશો. દરેક વ્યકિતમાં એ બધી શકિતઓ છે. અંતર માત્ર આટલું જ છે કે કેટલીક વ્યકિત-ઓએ એ ગોપિત શકિતઓનો અભ્યાસ કર્યો, મનને પટુ બનાવી તેને વિકસિત કર્યું, જયારે બીજાઓએ તેવો પ્રયત્ન નથી કર્યો, તેમનું મન વિકસિત નથી થયું. અંતર છે અભ્યાસ અને પ્રયત્નનું. આપણે પણ પ્રયત્ન કરીએ તો એ પટુતા આપણે પણ પ્રાપ્ત કરી શકીએ છીએ.

ત્રીજું ક્રમ-યુગલ છે: ક્ષિપ્રગ્રાહી અને ચિરગ્રાહી.

મનને અભ્યાસ કરાવવામાં આવે છે કે તે બાહ્ય પદાર્થને તત્કાળ ગ્રહણ કરે. મતલબ કે એક નજર કરી અને બધું જ ગ્રહણ કરી લીધું. રૂમને એક ક્ષણમાં જોઈ. આંખો બંધ કરી. અને તે બધું જ કહી દેશે કે ભીંત સફેદ રંગની છે. સામે કાળા રંગનું બોર્ડ છે. આટલા દરવાજા છે. ટેબલ પર આ-આ ચીજો મૂકેલી છે. બધી જ વિગતોનું વર્ણન કરશે. આ છે ક્ષિપ્ર ગ્રહણ-તત્કાળ ગ્રહણ કરવું. એક જ નજરમાં બધું જ પકડી લેવું.

બીજો ક્રમ છે ચિરગ્રાહી. આ એ ક્ષમતા છે કે જે તત્કાળ પકડી નથી શકાતી પરંતુ ધીમે ધીમે લાંબા સમયે પકડે છે.

ચોથું ક્રમ-યુગલ છે: અનિ: સૃતગ્રાહી-નિ:સૃતગ્રાહી, આ અનિ:સૃતગ્રાહી એક વિચિત્ર ક્ષમતા છે. તેને એક દૃષ્ટાંતથી સમજીએ:

એક મહાન ચિત્રકાર રાજાની સભામાં આવ્યો. અનાયાસ તેણે રાણીના પગનો અંગૂઠો જોઈ લીધો. પ્રાચીન સમયમાં રાણીઓ 'અસૂર્ય-પશ્યા' હતી. ચિત્રકારે એ પગના અંગૂઠા પરથી રાણીનું આદમકદ ચિત્ર તૈયાર કરીને રાજાને આપ્યું.

રાજાએ એ ચિત્ર જોઈને આશ્ચર્ય સ્તબ્ધ બની ગયો! ચિત્રમાં તેણે જોયું કે રાણીના શરીરનાં જે જે ભાગ પર તલ, મસા વગેરે હતા તે જ પ્રમાણે ચિત્રમાં પણ તે બતાવાયા હતા. રાણીનું નખશિખ સ્પષ્ટ ચિત્ર જોઈને રાજાને શંકા થઈ, જરૂર આ ચિત્રકારને રાણી સાથે ખાનગી સંબંધ છે, નહિ તો રાણીનાં કપડાં નીચે ઢંકાયેલ ગુપ્ત તલ અને મસાની તેને કયાંથી ખબર પડે. અને તેણે રાણી અને ચિત્રકારને દેહાંત દંડની સજા ફરમાવી.

મંત્રીએ વિચાર્યું: દેશનો સૌથી મોટો ચિત્રકાર હમણાં માર્યો જશે. આવો ચિત્રકાર દેશ અને રાષ્ટ્રને ભાગ્યથી જ મળે છે. નાહક તે માર્યો જશે. ઘણો મોટો અનર્થ થઈ જશે. રાજાને તેણે કહ્યું: 'મહારાજા આપ શું કરી રહ્યા છો? આવા મહાન ચિત્રકારની હત્યા? તેને મૃત્યુદંડ?'

રાજાએ કહ્યું: તમને ખબર નથી. એ દુષ્ટ અને દુશ્ચરિત્ર છે અને પોતાના મનની શંકા જણાવી. વી. મંત્રીએ કહ્યું: મહારાજ! આ ચિત્રકાર પાસે અદભૂત શકિત છે. શરીરનું કોઈપણ 'અવયવ' જોઈને તે વ્યકિતનું પૂરેપૂરું તેવું ને તેવું જ ચિત્ર બનાવી શકે છે!

રાજાએ તેની પરીક્ષા લીધી. ચિત્રકાર સફળ થયો અને મૃત્યુ-દંડમાંથી મુકિત આપી તેને પુરસ્કૃત કર્યો.

તો આ છે અનિ:સૃતગ્રાહી. થોડી અમસ્તી વસ્તુના આધારે સમગ્ર ચીજનું વિશ્લેષણ કરી દેવું.

અવધાનના આ બધા પ્રયોગથી સમજાય છે કે મનની ક્ષમતાનો અભ્યાસથી - સાધનાથી વિકાસ કરી શકાય છે, તેને પટુ બનાવી શકાય છે. આ બધું અવધાનનું વિવરણ છે, ધ્યાનનું નહિ. આથી આપણે સૌ પ્રથમ અવધાનનો અભ્યાસ કરીએ. મનને કયાં અને કેવી રીતે નિયોજીત કરવું છે તે બરાબર સમજી લઈએ જેથી આપણી ચેતનામાં ધ્યાન કરવાની યોગ્યતા અને ક્ષમતા પેદા થઈ શકે. અવધાન બાદ સંકેન્દ્રણ, મનની ધારણાની વાત સમજીએ. આ બંને વાતો બરાબર સમજાશે ત્યારે ત્રીજા ચરણમાં ધ્યાન કરવાની ક્ષમતા આપણી ચેતનામાં જાગ્રત થશે.

**હિન્દીમાં પ્રવકતા: મુનિશ્રી નથમલજી**
**સંકલન: ગુણવંત એ. શાહ**

# ☆ વિચાર–પ્રક્રિયા ☆

જેટલી આસાની અને સરળતાથી આપણે સડેલી વસ્તુ ફેંકી દઈ શકીએ છીએ તેટલી જ સરળતાથી અન્યના વિચારો ગ્રહણ કરી લઈએ છીએ.

આવા ઉછીના લીધેલા વિચારોથી એક દેખીતો ફાયદો થાય છે. આપણે ચિંતન અને મંથનમાંથી બચી જઈએ છીએ. ઉછીના વિચારો, ઉછીની વ્યાખ્યાઓ અને પરંપરાગત ચાલ્યા આવતાં સિદ્ધાંતો આપણે નિ:સંકોચ સ્વીકારી લઈએ છીએ અને મગજ કસવાની મહેનતમાંથી છટકી જઈએ છીએ. સૃષ્ટિનાં બધાં દારિદ્રય કરતાં વિચારોનું દારિદ્રય સૌથી વધારે નુકસાનકારક હોય છે. મનની પ્રચ્છન્ન તથા અપ્રચ્છન્ન બેઉ શકિતઓની આ ઘોર હાંસી છે. માનવીય ગૌરવનો હ્રાસ છે. તરંગોની જેમ તરેહ તરેહનાં વિચારવમળો ચિત્તમાં લહેરાઈ વિલીન થઈ જતાં હોય છે. આપણે એને પકડી શકતા નથી. એ પકડાતાં નથી. પકડવાનું સામર્થ્ય હોવા છતાં પણ વિચારણા કરી મૂકે એવી ઘટનાઓ પણ આપણે મૂઢની જેમ સહી લઈએ છીએ. વિચારોનું માળખું આપણે બાંધી શકતા નથી. શિસ્તબદ્ધ, તર્કબદ્ધ અને નિયમબદ્ધ વિચારવાની પ્રક્રિયાનો આપણને અભ્યાસ નથી. એવા અભ્યાસ માટે આપણે કોઈ સન્નિષ્ઠ પ્રયાસ પણ કરતા નથી. લાગણી, ભાવના, ઉર્મિ, તર્ક બધાનો અંગત અને અસંબદ્ધ રીતે સેળભેળ કરી નાખીએ છીએ. મનમાં ધૂંધળું વાતાવરણ જામેલું હોય છે. મનનું સાફપણું (Clarity of Mind) નથી હોતું. કોઈ પણ વસ્તુ પર મન દઈને વિચારવાની આપણને ફુરસદ નથી. જિજ્ઞાસા નથી. કોઈ પણ ક્રિયા પાછળ કાર્ય–કારણની કોઈ ખોજ નથી. (Application of Mind) વિવેકબુદ્ધિની કસોટીએ કશું પારખવાની વૃત્તિ નથી.

દરેક વૃત્તિ, વિચાર, ભાવ, પ્રતિભાવ, પડઘા, આપણા મન પર સૂક્ષ્મ છાપ મૂકી જાય છે. નિર્દોષ અને નજીવી દેખાતી વૃત્તિઓ ચિત્તમાં ઘૂમરાયા કરે છે. આપણે એને નગણ્ય સમજી લક્ષમાં લેતાં નથી. જે જતે દહાડે એવી ચિનગારી સાબિત થાય છે, જેમાંથી ભડકો થઈ ઊઠે.

આપણે ઘણી વખત કુત્સિત અને હીનમાં હીન વિચારો કરીએ છીએ, પરંતુ આપણાં મનમાં જ હોય છે. બીજા કોઈને એની ખબર પણ પડતી નથી. એટલે આપણે આપણી જાતને સલા-મત માનીએ છીએ. નૈતિક ગણાવી શકીએ છીએ. સદ્‌ગુણીમાં ખપી જઈએ છીએ. આપણે આપણા છૂપામાં છૂપા વિચારો નિયમિત તપાસતાં રહેવું જોઈએ. એમને સ્વચ્છ અને પવિત્ર રાખવાં જોઈએ. કારણ કે તેઓમાં અદ્‌ભુત સામર્થ્ય રહેલું છે. દરેક પળે આપણે આપણાં વિચારો વડે જ તન તથા મનને લાભ અથવા નુકસાન કરીએ છીએ.

વૈજ્ઞાનિક પ્રયોગોથી એક ચમત્કારિક લાગે અવી વાત સાબિત થઈ છે. આપણાં લોહીમાં લાલ કણો ઉપરાંત સફેદ કણો હોય છે. (White Blood Cells) આ સફેદ કણો થકી રોગોની સામે ટકવાની, એનો સામનો કરવાની શકિત આપણા શરીરને મળે છે. સફેદ રકતકણોની સંખ્યા પણ આ પ્રતિરોધ શકિત પર અવલંબે છે. વેર, દ્વેષ, ઈર્ષ્યા, બદલો લેવાની ભાવના, વગેરે જેવી પ્રવૃત્તિઓમાં રાચવાથી અને એવાં જ વિચારો સેવવાથી સફેદ કણોમાં ગણનાપાત્ર ઘટાડો થઈ જાય છે અને રોગોના સામનાની પ્રતિકાર શકિત નબળી પડી જાય છે. એથી વિપરીત જો આપણે શુભ વિચારો સેવીએ, સૌનું ઈષ્ટ અને શ્રેય ઈચ્છીએ, સદ્‌ભાવના કેળવીએ, અનુકંપા વિક-સાવીએ, વિચારોમાં પવિત્રતા જાળવીએ. તો માનસિક રીતે, તો સ્વસ્થ રહીએ જ છીએ. પણ લોહીમાં સફેદ રકતકણોમાં ત્રીસથી ચાલીસ ટકાનો વધારો થાય છે અને રોગોનાં હુમલા પ્રત્યેની પ્રતિ-કાર શકિતમાં વધારો થાય છે. અને શારીરિક રીતે પણ સ્વસ્થ રહી શકીએ છીએ. આ ઘટના વૈજ્ઞાનિક પ્રયોગોથી પુરવાર થયેલી છે. મનનો શરીર પર ચમત્કારિક પ્રભાવ હોય છે. (Mind works Miracles over Body) એ દાકતરી વિજ્ઞા-નમાં પણ સર્વમાન્ય સ્વીકાર્ય સિદ્ધાંત છે. જેનાં સંખ્યાબંધ દૃષ્ટાંતો નોંધાયેલા છે અને માનસિક કારણોથી ઉદ્‌ભાવતા શારીરિક દર્દોને Pyschosomatic નામ આપવામાં આવ્યું છે. અલ્સરો, અસ્થમાં મોટા મોટા ભાગનાં ચામડીનાં દર્દો વગેરે માનસિક નીપજ છે.

સ્વસ્થ અને નિરોગી રહેવા માટે પણ વિચારપરીક્ષણ આવશ્યક બની રહે છે. પરંતુ તે પહેલાં વિચારવાની આદત પાડવી જોઈએ. વિચારમૂઢતામાંથી બહાર આવવું જોઈએ.

આમાં એક રસ્તો છે: કાગળ અને પેન્સિલ લઈ જે વિચારો ઊઠે તો તે કાગળ પર ઉતારતાં જાવ. ગુણ, દોષ તાર્કિક પ્રક્રિયા, અનુમાન, નિષ્કર્ષ, નિર્ણય વગેરે ક્રમબદ્ધ કાગળ પર મૂકતા, જાવ. ધીરે ધીરે વિચારો સુગઠિત થતા જશે. વિચારધારામાં નિયમબદ્ધતા આવતી જશે. સાફ-પણું અને પારદર્શકતા આવતી જશે. કોઈ પણ વિષય, સિદ્ધાંત કે ઘટના લઈ બને તેટલી છણાવટ કરી લખતા જાવ. બને તેટલું નિરીક્ષણ (Observation ) કરો. આંખ અને કાન ખૂલ્લાં રાખો. લખવાનો મહાવરો પાડવાથી અભિવ્યકિત (Expressiveness) સુધરશે. ઉચિત શબ્દોનો ઉપયોગ થતો જશે. વિચારો વધુ સચોટ, અસરકારક અને અર્થપૂર્ણ બનતાં જશે. ક્રમે ક્રમે એમાં પ્રગલ્લભતા, પરિપકવતા અને સંતુલન આવતું જશે. આ તાલીમ આપણા ચિત્તને સુવ્યવસ્થિત અને સુનિયંત્રિત કરી શકશે. વિચારધારાને લયબદ્ધ કરી શકશે. વિશ્લેષણ કરવાની ક્ષમતા વધશે. નવું વિચારવાનાં નવાં આયામ ખુલ્લાં થશે. દષ્ટિ (Outlook) બદલાશે. મન શિસ્તબદ્ધ થશે અને વિચારો, અજ્ઞાં-કિત વિવેકબુદ્ધિ ખીલશે અને ઉત્તરોત્તર પૃથક્કરણ, સમીકરણ અને કેન્દ્રીકરણની ક્ષમતા વધતી જશે. આ એક એવી અભિનવ પ્રક્રિયા છે કે જે માનવીનાં મનનાં અગાધ શકિતસ્રોતની ધોધધારાને સંયમ-બદ્ધ વહેવડાવી શકે અને એમાંથી વીજળીની જેમ ઊર્જા પેદા થઈ શકે.

આપણે એકાંતમાં આપણી પોતાની સાથે જે વાર્તાલાપ કરીએ છીએ, જે ચિતવીએ છીએ, તેથી જ આપણું જીવન ઘડાય છે અને આવિષ્કાર પામે છે. પરંતુ આપણે નિરર્થક વિચારવિલાસમાં જ સમય વેડફી નાખીએ છીએ. આપણે પોતે શું છીએ, તેનો અણસાર પણ આપણને મળતો નથી. વર્ષોનાં વર્ષો આપણે જાત સાથે કશો પરિચય કેળવ્યા વગર અજાણ રીતે જીવી જઈએ. સમાપ્ત થઈ જઈએ, એના જેવી શૂન્યતા, કરુણતા બીજી શી હોઈ શકે?

જીવન પોતે જ એક રહસ્યમય ઘટના છે. (Life is not a straight line, but a curved line.) જીવન જટિલ છે. એ કંઈ ભૂમિતિની સીધી લીટી નથી કે જેના પર પરપેન્ડીક્યુલરની સીધી લીટી દોરી સરખા અંશના કાટખૂણા બનાવી શકાય. જીવનની ગતિ પણ એકસરખી નથી. તેમ જ પ્રશ્નો પણ એકસરખા બધો સમય નથી રહેતાં. કયા માણસના જીવનમાં કયે વખતે કયા પ્રશ્નો ઊભા થશે, તેની ત્રિરાશી કોઈ માંડી શક્યું નથી અને એવું ગણિત કામમાં આવતું નથી. એવા દાખલા ગણનારાઓને કદી સાચો જવાબ સાંપડયો નથી. જીવન જીવવાની કોઈ સનાતન ફોર્મ્યુલા કે કોઈક હજી શોધાયું નથી. જીવનના મૂલ્યોમાં શ્રદ્ધા, નાગરિકતા જાગરુકતા, વિવેક-પૂર્ણ ક્ષમતા, વિચારોની સ્વતંત્રતા અને પરિપક્વતા વગેરે જીવનનાં દરેક તબકકે ફૂટી નીકળકતાં પ્રશ્નોનો સમાધાનપૂર્વકનો ઉકેલ મેળ-વવામાં સહાયભૂત થાય છે. માનવજીવન એક વિકાસની પ્રક્રિયા છે. અહીં વિરામ નથી. માનવીનો વિકાસ, એ માનસનો વિકાસ, વિચારોનું પોષણ અને સુષુપ્ત શકિતઓના ઉત્થાનની પ્રક્રિયા છે. સામર્થ્યનાં ક્ષિતિજ વિસ્તારવાનો ઉપાય છે, વિચારોનું નિયંત્રણ શિસ્ત, દઢતા અને મુકિત.

– નેમચંદ ગાલા

# રૂઢિગત ગાંઠો છોડી, પરિવર્તન આવકારીએ

આજે આપણે રોકેટ યુગમાં જીવી રહ્યા છીએ. - ગાડા યુગથી રોકેટ યુગની પ્રક્રિયા થઈ, આમ છતાં આપણા રીત - રિવાજો - ધાર્મિક રિવાજો, ધાર્મિક માન્યતાઓ - ચમત્કારો અને વહેમો વિશેની માન્ય-તાઓ - દીકરી - દીકરાના લગ્નો સમયે વરવિક્રય અને કન્યાવિક્રયના રિવાજો. આ બધામાં જે આમૂલાગ્ર પરિવર્તન આવવું જોઈએ તે આવ્યું નથી. જે કાંઈક થોડું પરિવર્તન આવી રહ્યું છે તે કીડી વેગે આવી રહ્યું છે. આટલી ધીમી ગતિના પરિવર્તનને ચલાવી લેવાય તો આપણે દરેક બાબતમાં ખૂબ જ પછાત રહી જઈશું. એવી ભીતી લાગે છે. માટે સમાજના અગ્રણીઓ - રાજકારણીઓ દરેક ધર્મના વડાઓએ શાન્તિપૂર્વક વિચારવાની જરૂર છે કે આજના રોકેટ યુગના જમાનામાં જે ઝડપી પરિવર્તન આવી રહ્યું છે તેમાં જોડાવા માટે અથવા તેની સાથે ચાલવા માટે આપણે પણ થોડી ઝડપ વધારવાની જરૂર છે. ભારતના ચિન્તકો અને લેખકો માટે આજે કોઈ પણ મહત્ત્વનું કામ હોય તો તે એ છે કે આ બાબત પર પોતાના ચોક્કસ વિચારો દર્શાવીને અંગૂલિનિર્દેશ કરવો.

આદિવાસી વિભાગોમાં અને પછાત જાતિઓમાં હજુ પણ બાળલગ્નો થાય છે - વિધુર થયેલો પુરુષ એકથી વધારે વખત પુનર્લગ્ન કરી શકે છે; પરંતુ વિધવા થયેલી બહેન પૂનર્લગ્ન કરે તે આ યુગમાં પણ સમાજને માન્ય નથી.

લગ્ન એટલે શું અને સંસાર એટલે શું એનાથી સાવ અજાણ એવી કુમળી વયની બાળા લગ્ન બાદ તરત જ વિધવા બને છે, એમ છતાં તેણે વૈધવ્ય પાળવું જોઈએ - આવા ક્રૂર વિચારને - આજે પણ આપણો સમાજ તિલાંજલી આપવા તૈયાર નથી થતો. જ્યાં લાખો ભારતવાસીઓ હજુ એક જ ટંક ભોજન લઈ શકે છે એટલી ગરીબી આપણે ત્યાં છે આમ છતાં મંદિરોમાં લાખો અને કરોડોના પડેલા ભંડોળોમાંથી આવા અસહાય માનવીઓ માટે સુવિધાઓ ઊભી કરવાનો વિચાર પણ નથી કરવામાં આવતો અને આજના આ રોકેટ યુગમાં પણ આપણે જૈનો - દેવદ્રવ્યમાં લાખો રૂપિયાનું દાન કરીએ છીએ અને તેના ભંડોળમાં કરોડો રૂપિયા જમા પડયા હોવા છતાં, અસહ્ય યાતના વેઠી રહેલા શ્રાવકો માટે તેમાંથી એક પૈસો પણ ન વાપરી શકાય એવી જૂની માન્યતામાંથી એક તસુભાર પણ વૈચારિક રીતે ખસવા આપણે માગતા નથી. જો આ બધું આમ જ ચાલશે અને તેમાં આપણે ઝડપી સુધારો નહિ કરીએ તો તેનાં માઠાં પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે. એવું ક્ષિતિજ પર લખાયેલું વંચાય છે.

આપણે બે ટંક ઘેર જમવા સિવાય બહારનું કોઈ દિવસ ખાતા નહોતા. ઊંચ વર્ણના લોકો, નીચ વર્ણનો સ્પર્શ થયેલ રંધેલું અનાજ ખાતા નહોતા. ધોળ સિવાય લગ્ન કરતા નહોતા. બહારનું તૈયાર રાંધેલું અનાજ ઘેર લાવીને ખાતા નહોતા. સૂર્યાસ્ત પછી પણ ભોજન લેતા નહોતા. ચૂસ્ત ગણાતા લોકો પરદેશની મુસાફરી કરવામાં પણ પાપ માનતા હતા. - આ બધા નિયમોમાં આપણને અનુકૂળ હતા એવા ફેરફાર આપણે સ્વીકારી લીધા અને આજે દરેક વર્ગ હોટેલમાં અને લોજોમાં જમતો થઈ ગયો. લગ્નાદિમાં પણ હવે કોઈ પણ જાતનો જ્ઞાતિનો કે ધોળનો પ્રતિબંધ રહેતો નથી. પાર્ટીઓ અને મેળાવડાઓ અંગ્રેજી ઢબથી કરીએ છીએ. જન્મ દિવસે ઈંડાના રસ મિશ્રિત કેક કાપીએ છીએ અને એ રીતે હેપી બર્થ ડે ઉજવીએ છીએ. આપણા પોષાકમાં પણ આપણે જબ્બર પરિવર્તન કર્યું છે અને આ બધું આપણા વડીલ વર્ગ કે રૂઢિચૂસ્ત વર્ગે પણ સ્વીકાર્યું છે અથવા આજના જમાનાની એ માગ છે એટલે તે સ્વીકારવું પડયું છે. તો મારો **પ્રશ્ન એ છે** કે આ બધું જો સ્વીકારવામાં આવ્યું છે તો વ્યવહારિક તેમ જ ધાર્મિક બાબતોમાં પણ જમાનાને અનુકૂળ થઈને મોટા પરિવર્તનો આપણે કેમ નથી કરી શકતા! જેમ ઉપરની બાબતોમાં બધું સ્વીકારવું પડયુ છે. તેમ જો ઉપર જેનો અંગુલિનિર્દેશ કર્યો છે એવી બાબતોમાં પણ પરિવર્તન નહિ કરીએ તો એ પણ ફરજિયાત સ્વીકારવાનો સમય આવશે અને ત્યારે આપણને એમ લાગશે કે ધર્મ રસાતાળ રહ્યો જઈ છે. માટે આજથી જ સમજીને વ્યવહારિક તેમ જ ધાર્મિક બાબતોમાં સમાજચિંતકો તેમ જ ધર્મના વડાઓ અને સાધુસંતો મૌલિક સુધારાઓને માન્ય કરે—તેના માટે આચારસંહિતા ઘડે અને આજના જમાનાને અનુરૂપ પરિવર્તન લાવવામાં સહભાગી બને.

ખાસ કરીને ધાર્મિક ક્ષેત્રે ગતાનુગતિક રીતે જે ચાલી રહ્યું છે તેમાં જો પરિવર્તન લાવવામાં નહિ આવે તો હવે પછીની પેઢીને ધર્મ પ્રત્યે કોઈ આસ્થા નહિ રહે એટલે આજની યુવા પેઢીને આકર્ષી શકે એવા ફેરફારો ધાર્મિક ક્ષેત્રે કરવાની અતિ આવશ્યકતા ભાસે છે.

આજની યુવા પેઢી નાસ્તિક છે એમ કહીને તેમની ઉપેક્ષા કરવામાં આવશે તો ધર્મ પ્રત્યે તેમની કુણી લાગણી નહિ રહે. પરતુ તેઓ પણ ધર્મની ઉપેક્ષા જ કરતા થઈ જશે. - માટે ધર્મ પ્રત્યે તેમને રાગ જાગે, ધર્મની નજીક આવવા માટે તેમનામાં આકર્ષણ ઊભું થાય એવું કાંઈક વિચારીને તેનો તુરત જ અમલ કરવો જરૂરી છે. - જો આપણે આપણા ધર્મને ટકાવવા માગતા હોઈએ તો !

—આપણે ક્રિશ્ચિયનોનો દાખલો લઈએ તો જણાશે કે સમગ્ર ક્રિશ્ચિયન વર્ગ - નાના - મોટા અબાલ - વૃદ્ધ - પ્યૂનથી માંડીને ઊંચે આસને બેસવાવાળા નિયમિત રીતે દેવળમાં હાજરી આપતા હોય છે. આપણે ત્યાં દરેક જૈનના મનમાં આવી ભાવના છે ખરી? એકે એક જૈનમાં આવી ભાવના ઉદ્‌ભવે એ માટે આપણે ગંભીર રીતે વિચારીને નીતિ નિયમોમાં મોટું પરિવર્તન કરવું આવશ્યક લાગે છે.

જો આમ કરવામાં આવે તો યુવા પેઢી તેમ જ સુધારક વર્ગનું પણ ધર્મ તરફ આકર્ષણ વધે અને જૈનધર્મની સમૃદ્ધિમાં વધારો થાય.

તો સમગ્ર જનતા તેમ જ સમગ્ર જૈન સમાજ આ પ્રશ્ન ઉપર ગંભીર રીતે વિચાર કરે અને તેને પરિણામલક્ષી બનાવે એવી મારા હૃદયની ભાવના વ્યક્ત કરું છું.

**—શાન્તિલાલ ટી. શેઠ**
કાર્યાલયમંત્રી

# બુદ્ધિપૂર્વક નિર્ણય લેવાય છે?

આ પ્રશ્ન જો કોઈ આપણને પૂછે તો તુરત જવાબ આપીશું કે હા, અમે દરેક નિર્ણય બુદ્ધિપૂર્વક જ લઈએ છીએ, વિચાર કરીને જ લઈએ છીએ, પરન્તુ વિચારશો તો આ જવાબ ખરો નથી જ.

ઈશ્વરે તો આપણને મન આપ્યું છે, બુદ્ધિ આપી છે, વિચાર કરવાની શકિત આપી છે પરન્તુ એ શકિતનો પુરો ઉપયોગ આપણે કરતા હોઈએ એવું આજે તો લાગતું નથી.

ઈતિહાસ પર નજર કરતાં દેખાશે કે જે દેશોમાં ખૂબ જ આબાદી વધી છે, જ્યાં બધા જ પ્રકારના સુખ-સાધનો, આનંદપ્રમોદના સાધનો ભરપુર છે અને જ્યાં મટીરીઆલીસ્ટીક પ્રોગ્રેસ છે તેવા વાતાવરણમાં એક જ સંઘાડે ઉતારેલા માનવીનાં ટોળાં દેખાશે. ત્યાં યુવાનો-યુવતીઓ ભણે છે, ડીગ્રી મેળવે છે પરન્તુ વિચારશકિત ખીલી હોય તેવું દેખાતું નથી. કારણ કે એ ખરું ભણતર ભણતા નથી, ગોખી મારે છે અને ગોખી જનારના Mind immature રહે છે, અને જ્યાં એવું છે ત્યાં બુદ્ધિ પરિપકવ થતી નથી અને તેથી જ સ્વતંત્ર રીતે વિચાર કરવાની શકિત પણ એમનામાં આવતી નથી. એ સ્વતંત્ર વ્યકિત મટી જઈને, ટોળાંમાંની જ એક વ્યકિત બની જાય છે.

આવા વાતાવરણમાં પણ કોઈ વિચારશીલ દીર્ઘદ્રષ્ટિવાળા માનવીઓ આપણી વચ્ચે આવે છે જે જનતાને સાચો રાહ ચીંધવા પ્રયત્ન કરે છે, જે સત્તાને પણ શાણપણ શીખવવા પ્રયત્ન કરે છે તેવા માનવીને સત્તા સાંખી શકતી નથી, જનતા સમજી શકતી નથી અને કદાચ જનતા સમજી શકે તેવું લાગે, તો સત્તા ચેતી જાય છે અને જનતા જાગે તે પહેલાં જ પેલાને કેદ કરી લે છે અગર તો સદાને માટે એની હસ્તી ભૂંસી નાખે છે. ઈતિહાસે દેખાડયું છે કે ભૌતિક સુખ સાધનોનો ભાર વધતાં વિચારશકિત કુંઠિત બનતી જાય છે, જનતાનું નૈતિક ધોરણ ઊતરતું જાય છે અને એ હલકા પ્રકારના આનંદપ્રમોદમાં ડુબી જાય છે. રોમન સામ્રાજ્ય જેવા મહાન સામ્રાજ્યની પડતીના કારણો જોતાં દેખાશે કે અઢળક ધનદોલત, જીતનો નશો, આનંદ પ્રમોદના પારાવાર સાધનો, શરાબ, સુંદરીઓ, મહેફીલો, જુગારના અડ્ડા ઘાતકી રમતોના અખાડા—એ બધાએ મળીને એ બહાદુર પ્રજાને પણ થોડા જ સમયમાં માયકાંગલી બનાવી દીધી અને પરિણામે જે થવાનું હતું તે જ થયું.

અનહદ ધનલાલસા, એની પ્રાપ્તિ માટે ગમે તેવા ઉપાયો અને એ પ્રાપ્ત થતાં જ એની સાથે જ પ્રવેશતાં દુષણો, અનિષ્ટો જે પ્રજાને અને અંતે દેશને પતનને માર્ગે જ લઈ જાય છે.

ઈતિહાસે બતાવ્યું છે અને આજે પણ એ જ થઈ રહ્યું છે અને તે એ કે સત્તાધારીઓએ પોતાની સત્તા ટકાવી રાખવી હોય તો પ્રજામાં કોઈ વિચારશીલ માનવી ન રહે તેની ખાસ તકેદારી રાખે છે. કારણ કે વિચારશીલ યોગ્યાયોગ્યનો વિચાર કરી શકે છે. તે અયોગ્ય દેખાતા વિરોધનો સૂર કાઢવનો જ અને સત્તાને એ પોષાય નહિ. એટલે એવાને વીણી વીણીને દૂર કરવાની જ અને બાકીનાને અનેક જાતના આનંદ–પ્રમોદના નશામાં ડુબાડી રાખવાની જેથી એ મૃતપ્રાય સમી જ રહે, કદી સત્તા સામે ઊંહકારો પણ ન કરી શકે.

જાપાને જ્યારે ચીનનો અમુક ભાગ જીતી લીધો ત્યારે પહેલું ધ્યાન અફીણના ધંધા પર દીધું. એનું ઉત્પાદન વધારીને જીતેલા દેશની પ્રજાને અફીણી બનાવી દીધી જેથી એની બુદ્ધિ–વિચારશકિત હણાઈ જાય અને એ એવા ઘેનમાં પડી રહે કે કદી સત્તા સામે માથું ઊંચકવાનો વિચાર સુદ્ધાં ન કરી શકે.

જર્મન લોકોએ પોલેન્ડ પર જીત મેળવી ત્યારે એણે પોલેન્ડની પ્રજાને દારૂના નશામાં જ ડુબાડી દીધી હતી, ક્યુબામાં જ્યારે સરમુખત્યાર હતો ત્યારે ત્યાંની પ્રજામાં તે જરા જેટલી પણ ચેતના કે જાગૃતિ જોતો કે દરેકે દરેક થીયેટરમાં કામવાસના ઉત્તેજે તેવા નાટકો પીક્ચરો મુકાવતો, ગંદી ફિલ્મો બતાવતો. એ જાણતો કે અફીણ–ગાંજો ચરસ શરાબ જેટલાં જ ગંદા ચિત્રો પણ માનવીને નશામાં નાખી દે છે, એના મનને મારી દે છે અને ધીરે ધીરે એ માનવી મટીને પશુ સમો બની જાય છે અગર ઈડીયટ કે ગાડરડું બનીને જ રહી જાય છે.

એટલા ભૂતકાળમાં ન જવું હોય તો હીટલરના સમય પર જ નજર નાખીએ. એ પણ પ્રજાના મનને કન્ડીશન કરતો. ગાંજા–ચરસ શરાબથીયે ભયાનક એ રીત હતી અને એની સામે એ વખતે આપણે એટલે કે ભારતીઓએ ઉહાપોહ કર્યો હતો. કારણ કે એ વખતે આપણી વિચારશકિત જાગૃત હતી, પરન્તુ આજે? જવાબ આપતાં વિચાર કરવો પડશે.

જાપાને જીતેલા દેશને એકલું અફીણ જ આપ્યું, જર્મનીએ પોલેન્ડની પ્રજાને શરાબમાં ડુબાડી દીધી, ક્યુબામાં સરમુખત્યારે એકલા નગ્ન ચિત્રો ને ગંદા નાટકો જ આપ્યાં ત્યારે આજે ભારતમાં આપણા માટે બધા જ દ્વાર ખુલ્લાં મુકાયાં છે, શેતાન સોળે કળાએ પ્રવેશ્યો છે, શરાબ સુંદરીઓ, મુજરા મહેફીલો, ડીસકોપેઈક, નૃત્ય શીખવતી કલબો, એના ઓઠા નીચે ચાલતો વ્યભિચાર, બ્લુ ફિલ્મો, હલકા મનોરંજન, નગ્ન નૃત્યો અને ઉપરાંત ત્રીજો ચરસ, શરાબ મારીજુઆના બધું જ અને એક જ બદી પ્રજાની બુદ્ધિ હણી લેવા ને વિચારશકિત કુંઠીત કરી દેવા સમર્થ હોય તો આટલો સામટો હલ્લો થાય ત્યારે પ્રજાની શી દશા થાય તે કલ્પવું અઘરું નથી જ ને?

ન ગમતી વાત પણ ગમવા લાગે છે સતત પરિચયે. તે વિષે સેઈન્ટ ઓગસ્ટાઈને સરસ દાખલો આપ્યો છે. એ કહે છે કે, "રોમન થિયેટરમાં એક માણસ ગયો, ગ્લેડીયેટર્સની વીંઝાતી તલવારો જોઈ, લોહીલુહાણ થતાં માનવીઓ જોયાં, ન સંખાયું. આંખો બંધ કરી દીધી અને જ્યારે જીતનારની તલવાર હારેલાના શરીરમાં ભોંકાણી ને લોહીનો ફુવારો ઉડયો ત્યારે લોકોએ આનંદની કીકિયારી કરી મૂકી...પરન્તુ એ તો ચીસ પાડીને ભાગ્યો. પછી બીજી વાર ગયો. ત્રીજી ચોથી પાંચમી અને છઠ્ઠી પછી શું થયું, એને એ ગમવા લાગ્યું. ન તો આંખ બંધ કરીને ભાગ્યો–ઉડતો લોહીનો ફુવારો જોઈને બીજા સાથે એણે પણ આનંદની કીકિયારી કરી મુકી."

આ વાત રોમની એક વ્યકિત પુરતી જ નથી. આપણે સૌને પણ એ એટલી જ સ્પર્શે છે. એક જમાનામાં સ્હેજ ગંદી વાત પણ ન સાંખી શકનારા આપણે આજે ગંદા મનોરંજન માણીએ છીએ. અમુક દશ્યો જોતાં આંખ-કાન બંધ કરી દેનારાં આપણને આજે એવો ગંદવાડ ને ગંદી વાતો ગમવા લાગ્યાં છે અને તેથી જ પીરસનારા એ છડેચોક છાતી કાઢીને પીરસી રહ્યા છે અને આપણે એ આરોગી રહ્યા છીએ, આજે આપણે પણ પેલા યુવાન જેમ જે બીજા સાથે એવું જોઈને–સાંભળીને ત્યાંથી ભાગી ન જતાં આનંદની કીકિયારી કરવા લાગ્યા છીએ. કયાંથી કયાં આવી પડયા છીએ એ પાછા ફરીને કોઈને જોવાની પણ નવરાશ નથી. આ રીતે વ્યકિતત્વનો ધ્વંસ અને થતું પતન આપણે સાંખી લેવું જોઈએ નહિ. ખોરાકમાં થતાં ભેળસેળ, પાણીમાં આવતો બગાડો ને હવાના પ્રદૂષણો સામે પોકાર કરીએ છીએ. પરન્તુ એનાથીયે વધુ ભયાનક આપણા મન–બુદ્ધિ, વિચારશકિતને હણી લેનાર આ પ્રદૂષણો સામે અવાજ પણ ઉઠાવતા નથી, એટલી હદે આપણે નશામાં ડુબી ગયા છીએ કે શું?

આ જાતના નશા માનવીને કઈ કોટીએ મુકી દે છે તેનો એક દાખલો હમણાં જ વાંચ્યો, વાત પરદેશની છે. પરન્તુ આપણને પણ એટલી જ લાગુ પડે છે.

એક યુદ્ધ દરમિયાન સૈનિકોને પગાર મળ્યો નહોતો તેના કારણે તેમનામાં અસંતોષ જાગ્યો, બળવો થવાની દહેશત લાગી ત્યારે જનરલે ઉપાય કર્યો અને શાન્તિ સ્થપાણી. એ ઉપાયની જાણ કરતાં સત્તાને લખ્યું કે, "દેશની આર્થિક હાલત ખરાબ છે તે જાણું છું, તેથી એ પગાર ન માગે તેવો ઉપાય મેં કર્યો છે.

"મેં એમને જુગાર રમતા કર્યા છે, જુગારમાંથી કમાતા શીખવ્યું છે, કમાય તો શું પણ નશો ચડે છે, જુગાર સાથે શરાબ ને સુંદરીઓ તો છે જ અને અહીંની સ્રીઓ ભારે ભલી છે, સૈનિકોનું વગર પૈસે મનોરંજન કરે છે એમની ઉચ્ચ ભાવનાને દેશદાઝનું નામ આપીને મેં બીરદાવી છે, આ રીતે સૈનિકો તો નશામાં ડુબ્યા છે તેથી હમણાં પગાર નહીં આપો તો ચાલશે, પણ અહીં જે ઘોડા વગેરે જનાવરો છે તેને તો હું એવા કોઈ નશામાં ડુબાડી શકતો નથીને? માટે ઘાસચારાની વ્યવસ્થા કરવા વિનતિ."

આ વાત આપણને જગાડી દેવા માટે પુરતી નથી?

રંભાબેન ગાંધી.

# વાલ્મીકિ–રામાયણના ત્રણ પ્રસંગો

[૧]

રાજા દશરથે મુનિ વસિષ્ઠને પૂછીને પોતાના જ્યેષ્ઠ પુત્ર રામચંદ્રના રાજ્યાભિષેકની જાહેરાત દરબારીઓને કરી ન કરી ત્યાં તો વાયુવેગે આ સમાચાર આખા નગરમાં પહોંચી ગયા. રામ રાજા બને તેનો આનંદ કોને ન હોય? પણ એક વ્યકિત એવી હતી જેને આ સમાચારથી આનંદ ન થયો. આ વ્યકિત તે રાજા દશરથની વહાલી રાણી કૈકેયીની દાસી મંથરા.

રાજા દશરથ સભાના કામકાજમાંથી પરવારી સીધા રાણી કૈકેયીના આવાસે આવ્યા. રામના રાજ્યાભિષેકના સમાચાર સૌથી પહેલાં પોતાના મુખે કૈકેયીને કહેવા તેઓ આતુર હતા. પણ તેઓ કૈકેયીના આવાસે આવી પહોંચે તે પહેલાં તો મંથરાએ રાણીના કાન ભંભેરી દીધા હતા. રામના રાજ્યાભિષેકના સમાચાર સાંભળીને કૈકયીએ આનંદ પ્રગટ કર્યો અને ખુશાલીમાં મંથરાને કીંમતી ભેટસોગાદો આપી. પણ મંથરાથી આ સહન ન થયું. એણે કૈકેયીને કહ્યું કે, જો રામ, કૌશલ્યાનો પુત્ર રામ રાજા થશે તો રાજમાતા કૌશલ્યા બનશે અને કૈકેયીનાં માન–આદર ઓછાં થશે.

રાજા દશરથને કૈકેયી ખૂબ વહાલી હતી એટલે તે રાજા પાસેથી ધાર્યુ કામ કરાવી શકશે એ શકયતા પણ મંથરાની નજર બહાર નહિ હોય, એટલે કૈકેયીને રાજા દશરથે પૂર્વે આપેલાં બે વચનો આ ઘડીએ માગી લેવાનું મંથરાએ સૂચવ્યું. આ બે વચનો તે આ: રામને બદલે ભરતનો રાજ્યાભિષેક થાય અને રામ ચૌદ વર્ષ વનવાસ ભોગવે. રામને ચૌદ વર્ષ વનમાં કાઢવા પાછળ મંથરાની ગણતરી એવી હશે કે, ભરત નિષ્કંટક રાજ્ય ભોગવે અને રામના પાછા આવતાં સુધીમાં તો એણે પોતાનો પગદંડો બરાબર જમાવી લીધો હશે.

મંથરાના કહેવાથી કૈકયીનો રાજમાતા બનવાનો મોહ પોષાયો. ઉગ્ર બન્યો ને અયોધ્યા પર કાળરાત્રિ ઊતરી. દશરથે વચનભંગ ન કર્યો. રામ લક્ષ્મણ - સીતા વનમાં સીધાવ્યાં. પુત્રવિયોગથી રાજા દશરથે પ્રાણ છોડયા. મોસાળથી પાછા આવેલા ભરતે રાજ્ય ન સ્વીકાર્યું. કૈકેયીને કઠોર વચનો કહ્યાં અને રામની પાદુકા લઈ એ નંદિગ્રામમાં રહ્યા. એમણે ય વનવાસ વેઠયો - બીજી રીતે. આ આખી ય ઘટનામાં પ્રશ્ન એ છે કે મંથરાને આવું કરવાનું કેમ સૂઝયું? કેટલીક વ્યકિતઓ સ્વભાવે જ એવી હોય છે જે હવનમાં હાડકું નાખે જ. કશું સીધુંસૂતરું પાર ઊતરતું હોય તો એમને ચેન ન પડે. પણ મંથરાના આ વર્તન પાછળ માત્ર એનો સ્વભાવ જ જવાબદાર નહોતો, એનો વ્યકિતગત સ્વાર્થ પણ જવાબદાર હતો. રાજા દશરથની પ્રિયતમા રાણી કૈકેયીની તે મુખ્ય દાસી હતી. ભરત જો રાજા બને તો પોતે રાજમાતાની મુખ્ય દાસી બને અને જો એમ થાય તો એનો દોરદમામ અન્ય નોકર વર્ગ પર વધે. મંથરાના આ સ્વાર્થે કૈકેયીના પણ વ્યકિતગત સ્વાર્થને ઉશ્કેરી મૂકયો અને એણે ન માગવાનું માગ્યું.

ન માગવાનું એટલા માટે કે રઘુકુળની એ પરિપાટી હતી કે જ્યેષ્ઠ પુત્ર જ રાજ્યાભિષેકનો અધિકારી ગણાય. એ પરિપાટી સ્વાર્થમાં અંધ થયેલી કૈકેયીએ તોડી. કૈકેયીની મુખ્ય ભૂલ એ હતી કે, એણે દાસી મંથરાનું કહ્યું માન્યું. સમસ્ત પ્રજાજીવન પર જેની અસરો પડવાની હોય એવા રાજકીય નિર્ણયો મુનિ વસિષ્ઠ જેવાને પૂછીને લેવાતા, મંથરાઓને પૂછીને નહીં. એક દાસી જોઈ જોઈને કેટલે દૂર જોઈ શકે? એણે જોયો માત્ર પોતાનો સ્વાર્થ અને તે પોષવા ઉશ્કેર્યો કૈકેયીનો સ્વાર્થ.

કૈકેયીને પોતાની ભૂલ પાછળથી સમજાઈ પણ ત્યારે તો જે થવાનું હતું તે બધું થઈ ગયું હતું. માત્ર સ્વાર્થથી પ્રેરાઈને એણે નિર્ણય કર્યો તો પોતાના પતિને એણે ગુમાવ્યા, પોતાના પુત્ર ભરતનાં કઠોર વચનો સાંભળવાં પડયાં અને રાજમાતા થવા નીકળેલી કૈકેયી કદી પ્રજાના હૃદયસિંહાસને બેસી ન શકી. વ્યકિત પોતાનો નિર્ણય સમય જતાં બદલી શકે છે, પણ એકવાર જે ઈતિહાસ ઘડાયો તે પછીથી બદલી શકાતો નથી.

સમસ્ત પ્રજાજીવન પર અસર કરનાર નિર્ણયો વસિષ્ઠ જેવા દીર્ઘદષ્ટિવાળા મનીષીઓને પૂછીને જ લેવાય, બે બદામની મંથરાઓના કહેવાથી ન લેવાય એ મહાસત્ય આ પ્રસંગ દ્વારા વાલ્મીકિએ વહેતું કર્યું છે.

[૨]

ગુરુ વિશ્વામિત્ર, રામ અને લક્ષ્મણ મિથિલા જવા નીકળ્યા ત્યાં એમણે એક ઊજડી ગયેલો આશ્રમ જોયો. ભૂમિ જ કહી આપતી હતી કે ત્યાં વર્ષો પહેલાં એક ભવ્ય સુંદર ઋષિ-આશ્રમ હશે. હા, આ મહર્ષિ ગૌતમનો આશ્રમ હતો અને પર્ણકુટિથી થોડે છેટે વૃક્ષોવેલીઓની વચ્ચે કઠોર તપ તપતાં અહલ્યા સિવાય ત્યાં કોઈ નહોતું.

અહલ્યા ઉગ્ર તપશ્ચર્યામાં શલ્યા સરખાં બની રહ્યાં હતાં. વાલ્મિકીએ અહલ્યાને શલ્યા નથી બનાવ્યાં. વાલ્મિકી-રામાયણમાં રામની ચરણરજ અડતાં શલ્યામાંથી અહલ્યા નથી થતાં; ઊલટું, અહલ્યાને જોઈ રામ તેમના પગમાં પડે છે. વાલ્મિકી-રામાયણમાં આવતાં કેટલાંક હૃદયસ્પર્શી દ્રશ્યોમાંનું આ એક દશ્ય છે.

અહલ્યા તો પતિતા હતાં અને રામ તેમના પગે પડે? શલ્યાને રામચંદ્રની ચરણરજ અડતાં અહલ્યા થયાં એવો ફેરફાર કરી લેનાર લોકકલ્પનાને આ પ્રશ્ન મૂંઝવી ગયો હશે. રામની દૃષ્ટિ નરવી છે. માનવી માત્ર ભૂલને પાત્ર છે, એનો એમાં સ્વીકાર છે. ભૂલ કર્યા પછી જે માનવી પસ્તાવો ન કરે તે માનવી કદાચ ક્ષમાનો-આદરનો અધિકારી નથી. પણ જે એકવાર ભૂલ થઈ ગયા પછી પશ્ચાતાપ કરીને ફરીથી એવી ભૂલ ન કરવા કટિબદ્ધ બને છે તે માનવી ક્ષમાનો અને આદરનો અધિકારી છે. અહલ્યાએ ભૂલ કરી હતી. ઈન્દ્રનો વૈભવ અને એનું રૂપ જોઈ એ આકર્ષાયાં હતાં.

ઋષિ ગૌતમ અને અહલ્યા વચ્ચે આમ જોઈએ તો ઘણું મોટું અંતર હતું. ઉંમરનું જ નહિ, વિચારો, આદર્શો અને જીવનદૃષ્ટિનું. પત્ની અહલ્યાને સાધના તપમાં પોતાની સાથે રાખવાનું જાણે કે ગૌતમ ભૂલી જ ગયા હતા. પત્નીની શકિતઓને વિકસાવી એને પોતાની સાથે ચલાવવાનો, એને સાચા અર્થમાં સહધર્મચારિણી બનાવવાનો ગૃહસ્થ ધર્મ ઋષિ ગૌતમ જાણે કે પોતાની તપશ્ચર્યા આડે વિસરી ગયા હતા. સ્થૂલમાંથી સૂક્ષ્મ તરફ જવાની દૃષ્ટિ પણ જો અહલ્યાની થઈ હોત તો ઈન્દ્ર એને પ્રલોભનમાં પાડી શકત નહીં.

જેને પતિ તરછોડે તેને સમાજ તરછોડે એમ આપણામાં કહેવત છે. અહલ્યાને છોડીને ગૌતમ ગયા ત્યારે અહલ્યાના જીવનમાં નરી એકલતા હતી. પણ રામ તેમનો આંતર વૈભવ ઓળખે છે. એ અહલ્યાને તરછોડતા નથી. ભૂલ કરવી એ પાપ નથી. જાણી જોઈને ભૂલ કરવી એ ગુનો કહેવાય, પાપ કહેવાય. પશ્ચાત્તાપથી માનવી સુધરી શકે છે અને એ સૌના આદરનું પાત્ર બની શકે છે. એ જીવન સત્ય રામના અહલ્યાના ચરણસ્પર્શના આચરણમાં આકારિત થયું છે.

[૩]

પંચવટીમાં રામ-સીતા- લક્ષ્મણ જંગલમાં મંગલ કરીને દિવસો પસાર કરે છે. તપોધન ઋષિમુનિઓની યજ્ઞયાગની ક્રિયાઓ હવે નિર્વિઘ્ન બની છે. ખર-દૂષણ જેવા ભયંકર રાક્ષસો અને એમની રાક્ષસસેનાનો રામચંદ્રે નાશ કર્યો છે. શૂર્પણખા આ સંહાર જોઈને, ડરીને, છળીને ભાગી ગઈ છે. જનસ્થાનમાં આમ દેખીતી શાંતિ છે. દેખીતી શાંતિ એટલા માટે કે લક્ષ્મણના મનમાં શંકા છે કે શાંતિ કદાચ વધારે ભયંકર ઘટનાને પોતાનામાં છુપાવી રહી હોય અને એમની શંકા સાચી પડે છે.

એક સવારે પંચવટીમાં સીતાએ એક અતિ સુંદર, અસાધારણ, મૃગ જોયો. જેવો મૃગ સુંદર એવું જ એનું નર્તન સુંદર, ઘડીમાં નજીક આવે ને ઘડીમાં છલાંગ મારતો દૂર જાય. સોનેરી એનો રંગ; કાળી ચળકતી શીંગડીઓ. સીતાનું મન લોભાયું રામચંદ્રને એમણે કહ્યું કે આ મૃગને જીવતો પકડી લાવો; જો જીવતો ન જ પકડાય તો મારીને પણ લાવો. મૃગ જો જીવતો હાથમાં આવશે તો એને હું પાળીશ; અને એક વર્ષ પછી આપણે અયોધ્યા જઈશું ત્યારે એને સાથે રાખીશું. રાજા થયેલા રામચંદ્ર રાજ્ય કારભારમાં ગુંથાશે. ત્યારે આ મૃગ સાથે રમત રમતાં હું સમય પસાર કરીશ. જો જીવતો હાથમાં નહિ આવે તો એના મૃગચર્મ પર બેસીશ અને આ વનવાસના દિવસોને યાદ કરીશ.

સીતાની ઈચ્છાને રામ પૂરી ન કરે એવું બને ખરું? રામ ધનુષબાણ લઈને મૃગની પાછળ જાય છે ત્યારે લક્ષ્મણ ચેતવે છે કે આવો અસાધારણ સુંદર મૃગ આપણે કદી જોયો નથી; આ કદાચ કોઈ રાક્ષસની માયા પણ હોય. મારીચ જ કાં તો મૃગનું રૂપ લઈને આવ્યો હશે ને આપણને છળશે. લક્ષ્મણની સમયસરની ચેતવણી હોવા છતાં સીતા ન માન્યાં. એમના ચિત્ત પર મોહ છવાઈ ગયો હતો. લક્ષ્મણની વાતે રામને વિચારતા તો કર્યા, પણ સીતાનો આગ્રહ તે ઉથાપી શકે તેમ નહોતા. લક્ષ્મણને સીતાની સંભાળ રાખવાનું કહીને

આમ, મૃગની પાછળ ગયા. કેટલોક સમય વીતતાં 'હે લક્ષ્મણ હે સીતે' એવી બૂમ સંભળાઈ. લક્ષ્મણની શંકા વધુ દ્રઢ બની-નક્કી રાક્ષસી માયાનું જ આ કારસ્તાન! લક્ષ્મણ સીતાને એકલાં મૂકીને જવા તૈયાર થતા નથી. પણ સીતા કેમ માને? મોહમાં તેઓ સાચી પરિસ્થિતિને પામી જ શકતાં નથી અને લક્ષ્મણને ન કહેવાનાં વચનો કહી રામની સહાય અર્થે મોકલે છે.

પોતાને જે ગમ્યું તે કોઈ પણ ભોગે મેળવવું જ -આ મોહ. સુંદર મૃગને જોવા માત્રથી સીતાને સંતોષ નથી થતો. એને પોતાનો કરવાનો હઠાગ્રહ ન રાખ્યો હોત તો રાવણના હાથમાં પડવાના દિવસો ન આવત! જેનું ચિત્ત મોહને વશ થયું તે ચેતવણીને પણ ન સાંભળે અને વિવેકહીન બને. સીતાની મોહવશતાનું દુઃખ લક્ષ્મણને જેવું તેવું નથી. સૌંદર્ય પોતે ખરાબ નથી; કોઈ પણ ચીજને પોતાની કરવાની વૃત્તિ ખરાબ છે.

અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ

# અંતઃકરણની શુભેચ્છા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, પોતાની સુવર્ણ જયન્તી મહોત્સવરૂપે તા. ૧૨ રવિ તથા ૧૬-૧૭ ગુરૂ શુક્રના ઊજવી રહ્યો છે એ સમાચાર તા. ૧૬-૧૦-૭૮ના 'પ્રબુદ્ધજીવન' પરથી અને ભાઈશ્રી શાંતિલાલ ટી. શેઠના તા. ૨૦-૧૦-૭૮ના ગઈ કાલે જ (૨૪-૧૦ ૭૮) મળેલા (ટપાલમાંના) કવરપત્રથી જાણી મને અતિશય ખુશી ઉપજી છે.

### અતિશય ખુશીનું કારણ

અતિશય ખુશીનું મુખ્ય કારણ સંઘના મુખ્ય સ્થાપક એવા સદ્‌ગત ભાઈશ્રી પરમાનંદ કાપડિયાનું જીવન અને સંઘની પોતાની આગવી કાર્યવાહી છે અને આજના એ સંઘના પ્રમુખશ્રી તથા પ્રમુખશ્રીના સાથી હોદ્દેદારો અને સભ્ય-સભ્યોનો અદમ્ય ઉત્સાહ જોતાં હજુ પણ દિનેદિને એ આગેકૂચ કરતો રહેશે એવી આશા ઊપજે છે. આ અખિલ જૈન સમાજ માટે પણ સુભગ અને સુખદ્ ચિહ્‌ન લેખું છે.

### ભાઈશ્રી પરમાનંદ કાપડિયા એટલે ?

ભાઈશ્રી પરમાનંદ કાપડિયા આમ તો કુંવરજી આણંદજી જેવા પ્રખર જૈનસત્રાભ્યાસીના સુપુત્ર, એટલે એમનામાં નિષ્ઠાવાન સુશ્રાવકના ગુણસાકાર હોવા બહુ સ્વાભાવિક છે. એમના નજીકના કુટુંબીજન મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (જેમણે આનંદઘન યોગીશ્વરનાં પદો અને જૈન દૃષ્ટિએ યોગ ઉપર પોતાની પ્રેરક કલમ ચલાવી છે તેઓ) એમ છતાં બાળદીક્ષાનો વિરોધ તથા સંકીર્ણ મનોદશાનો વિરોધ એ બે કારણે ભાઈ શ્રી પરમાનંદ ભાઈ કાપડિયાને જાણે તેઓ જૈન સાધુસાધ્વીઓના વિરોધી હોય, એવી પરિસ્થિતિમાં મૂકી દીધા હતા. સદ્‌ભાગ્યે ગાંધી યુગને પ્રતાપે અને ગાંધીસંપર્કને પરિણામે 'જૈનધર્મ તો ગુણપ્રધાન વિશ્વધર્મ છે' તેવી માન્યતામાં સારી પેઠે પલોટાયેલા પંડિત શ્રી સુખલાલજી, શ્રી મહામના જિન વિજયજી તથા ઉદાત્ત પં. બેચરદાસજી જેવા સાથીઓ અને વડીલો ભેટી ગયા. તેથી ભાઈશ્રી પરમાનંદભાઈની ધર્મક્રાન્તિપ્રિયતાની શકિતઓ ઠીકઠીક દીપી ઊઠી. અધૂરામાં પૂરું એમને અંગત કુટુંબનો પણ અપ્રતિમ કહી શકાય તેવો સાથ સહકાર મળી ગયો. પ્રથમ એમણે જૈનયુવકોનું નેતૃત્વ સંભાળ્યું અને ખીલવ્યું. પછી જૈનયુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓને વેગ આપ્યો એમાંથી જ પંડિત સુખલાલજીની પ્રેરણા સાથે પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળાઓ મુંબઈ અને પછી બીજાં મોટાં મોટાં શહેરોમાં શરૂ થઈ, વિકસી અને વિકસતી ચાલીજ રહી છે. આમ ભાઈશ્રી પરમાનંદભાઈ કાપડિયા એટલે જૈન સમાજમાં ઊભી રહેલી ધર્મક્રાંતિની દિશાનું એક નોંધપાત્ર અને જોરદાર કદમ. આથી જ સદ્‌ગત ભાઈશ્રી પરમાનંદ કાપડિયા જેમ એક બાજુ રૂઢિચુસ્તતાના કટ્ટર વિરોધી રહ્યા તેમ પોતાનો વિરોધ નકામો કે અતિશયોક્તિવાળો હતો ! તો તેઓ એટલી જ ખેલદિલીથી એ બદલ મોકળા મને માફી માગતા કદી જરાય ખચકાયા નહોતા !

### એમના અવસાન બાદની આગેકૂચ

ટૂંકમાં 'પ્રબુદ્ધ જૈન' ને 'પ્રબુદ્ધજીવન' રૂપ આપવામાં તેઓ અદ્‌ભૂત રીતે સફળ થયા. એનું જવલંતપ્રમાણ એ કે એમની હયાતી કરતાં ય એમની બિનહયાતી પછી એમની મૂળ પ્રવૃત્તિઓ તો પ્રગતિની સાથોસાથ ચાલુ રહી જ છે, ઉપરાંત એમાં જૈન ધર્મક્રાન્તિની દિશામાં આગેકૂચ કરનારી વધુ પ્રવૃત્તિઓનો પણ વિકાસ થતો જ જાય છે.

### વિશિષ્ટ સદ્‌ભાગ્યે

વિશિષ્ટ સદ્‌ભાગ્યે ભારત જૈન મહામંડળ સાથે પણ અવિનાભાવી એવો ગાઢ સંબંધ બાંધનાર એવા ચિંતનપ્રધાન સુશ્રાવક ભાઈશ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના એમનાં બધાં કાર્યોને સક્રિય રચનાત્મક અંજલિ સાંપડી ગઈ છે. એટલું જ નહીં ભાઈશ્રી પરમાનંદ કાપડિયાની ધર્મક્રાન્તિની દિશા એમને સમયસર રૂડી પ્રોત્સાહન દાયક બની ગઈ છે !

### આજે જયારે

આજે જયારે મહાત્મા ગાંધીજીનું નામ દેશમાં અને દુનિયામાં જામતું ગયું છે ત્યારે અહિંસા અને સત્યના નિત્યવિકાસશીલ એવા જૈન ધર્મને વિશ્વવ્યાપી બનવાની ઉત્તમ તક મળી ગઈ છે.

### આવે જ મંગલ પ્રસંગે

આવે જ મંગલ પ્રસંગે જયારે જૈન યુવક સંઘ સ્થાપનાને પાંચ પાંચ દાયકા જેવો વિશાળ ગાળો વીતે છે તે ખરેખર સાચા જ અર્થમાં સુવર્ણ જયંતી મહોત્સવને પરાણે યોજી દે છે.

હું આ મંગલ ટાંકણે મારા અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવતાં આનંદ અનુભવી રહ્યો છે. કારણ કે અમારા સદ્‌ગત ગુરૂદેવ કવિવર્ય પં. નાનચંદ્રજી મહારાજશ્રીના કૃપાપસાયે ભાઈશ્રી પરમાનંદ કાપડિયાનું મિલન થયેલું અને તે સાંગોપાંગ ટકી રહેલું. મતલબ કે જૈન ધર્મની ધર્મક્રાન્તિની દિશાને ગાંધી વિચારથી પુષ્ટિ જ મળે છે. ગાંધી વિચાર જૈન ધર્મનાં સત્ય અહિંસાને સુસંગત વિચાર છે. મને આશા ઉપરાંત ખાતરી પણ છે કે આ સુવર્ણ જયંતીની મહોત્સવ ઉજવણી સાર્થક થશે અને જૈનધર્મની સર્વધર્મ સમન્વયી ક્રાન્તિને સમુચિત વેગ આપશે.'

'સંતબાલ'.

# સદ્ સાથે સદ્‌ભાવ !!!

પાપ અને પારો કદી પચાવી શકાતાં નથી. ગમે ત્યારે પણ એ બહાર આવે જ છે ને ત્યારે જ એ જંપે છે. પાપ કદી છુપાવી શકાતું નથી.

ભાઈને છેતર્યો હશે, ભાઈ સાથે કપટ કર્યું હશે. તો આજે નહિ ને આવતી કાલે—બે વર્ષે પણ તે પ્રગટ થશે થશે ને થશે જ. એ વખતે તમારી અવદશાનો પાર નહિ હોય, માટે જ... ભાઈમાં પણ ભગવાન જુઓ ને એની સાથે —અને દરેકની સાથે પૂરા પ્રેમથી વર્તો.

ઘરના દરેકે દરેક જીવમાં જે ભગવાનનો વાસ રાખે છે. એ એ જ, ઘરમાં રહીને પણ ભકિત કરી શકે છે. તમારા ઘરમાં જેટલા જીવ છે એ બધાં ભગવાનનાં સ્વરૂપો છે—એવો ભાવ રાખી કોઈનો જરાયે તિરસ્કાર કરશો નહિ...કોઈ જીવ સાથે જરાયે કપટ કરશો નહિ... સર્વે સાથે પૂરા પ્રેમ અને સદ્‌ભાવથી જ વર્તજો.

સંગ્રાહક : શાંતિલાલ ટી. શેઠ

## રણ-છોડ-રાય

બુદ્ધ,
જેણે સંસારના દુઃખો જોયા ન્હોતા, માણ્યા ન્હોતા !
કમ્મરથી બેવડ વળી ગયેલા વૃદ્ધને જોઈને
કે મૃતદેહ ને કુષ્ઠ યોગીની દશાથી વ્યથિત થઈને
એણે મહાભિનિષ્ક્રમણ કર્યું !
ગેલ્ના કેટલાંય દૃશ્યો
કોઠે પડી ગયા છે મને
અને
દુઃખના ડુંગરોનો તો હું
પળે પળે સામનો કરું છું !
છતાં ય
ઈતિહાસના પાને એની નોંધ લેવાશે નહીં
કારણ ?
હું રણ - છોડ - રાય નથી !!


—પન્નાલાલ રસિકલાલ શાહ

સંઘના નવા કાર્યાલયમાં




કુંભ સ્થાપન વિધિ કુ. રેખાબેન દામજીભાઈ શાહના વરદ્ હસ્તે

સંઘના કાર્યાલયમાં



જયપ્રકાશ નારાયણ તેમના ધર્મ પત્ની સાથે


# શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આદ્ય સ્થાપકો ☆



સ્વ. મણિલાલ મોકમચંદ શાહ ▷



સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયા



શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી ▷

માલિક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ટે. નં. ૩૫૦૨૯૬.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૪૦૦ ૦૦૧